નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ધાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(Gujarati Edition)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

SHRI BHAGAVATI SUTRA

PART : 10

શ્રી ભગવતી સૂત્ર : ભાગ– ૧૦

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-

विरचितया प्रमेयचन्द्रिकाख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्

॥ श्री-भगवतीसूत्रम् ॥

(दशमो भागः)

नियोजक :

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

राजकोटनिवासी-श्रेष्ठिश्री शामजीभाई-वेलजीभाई वीराणी

तथा कडवीबाई-वीराणी स्मारकट्रस्टप्रदत्त-द्रव्यसाहाय्येन

अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः

श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

प्रथमा-आवृत्तिः	वीर संवत्	विक्रम-संवत्	ईसवीसन्
प्रति १२००	२४९४	२०२४	१९६७

मूल्यम्-रू० २५-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયા કૂવા રોડ,
રાજકોટ, (સૌરાષ્ટ્ર).

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurashtra), W. Ry, India.

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

हरिगीतच्छन्दः

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुलपृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્યઃ ૩. ૨૫=૦૦

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૨૦૦
વીર સંવત્ ૨૪૯૪
વિક્રમ સંવત્ ૨૦૨૪
ઇસવીસન્ ૧૯૬૭

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર (છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રુધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रात:काल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

विषयानुक्रमणिका

अनु.	विषय	पाना नं.
	बारहवें शतक का चौथा उद्देशा	
१	*चौथे उद्देशक का संक्षिप्त विषय विवरण*	१
२	*परमाणुपुद्गलों का निरूपण*	२
३	*संहनन के भेद से पुद्गल परिवर्तन का निरूपण*	२५
४	*औदारिक पुद्गल परिवर्तो की निवर्त्तना काल का निरूपण*	३७
५	*पुद्गल परावर्त के अल्प बहुत्व का निरूपण*	४१
	पांचवा उद्देशा	
६	*पांचवे उद्देशे का संक्षिप्त विषय विवरण*	४२
७	*कर्मपुद्गलों के स्वरूप का निरूपण*	४३
८	*प्राणातिपातादि विभरण का निरूपण*	४९
९	*जीव परिणाम का निरूपण*	५७
१०	*जीव के चारित्र परिणाम हेतु का निरूपण*	५८
	छठ्ठे उद्देशे का प्रारंभ	
११	*छठ्ठे उद्देशे का संक्षिप्त विषय विवरण*	५९
१२	*राहु के स्वरूप का निरूपण*	६०
१३	*चंद्र के* **सश्री** *नाम के अर्थ का निरूपण*	६६
१४	*सूर्य के* **आदित्य** *नाम के अर्थ का निरूपण*	६६
१५	*चंद्र-सूर्य की अग्रमहिषियों आदि का निरूपण*	६७
	सातवें उद्देशे का प्रारंभ	
१६	*सातवें उद्देशे का संक्षिप्त विषय विवरण*	७०
१७	*लोक के विस्तार का निरूपण*	७१
१८	*जीवों की उत्पती का निरूपण*	७४

આઠવેં ઉદ્દેશે કા પ્રારંભ

૧૯	આઠવેં ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ	૮૨
૨૦	પ્રકારાન્તર સે જીવોં કી ઉત્પત્તિ કા નિરૂપણ	૮૩
૨૧	તિર્યગ્યોનિ વિશેષ કા નિરૂપણ	૮૫

નવવાં ઉદ્દેશા

૨૨	નવવેં ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ	૮૭
૨૩	દેવોં કે પ્રકાર કા નિરૂપણ	૮૮
૨૪	દેવોં કી ઉત્પત્તિ કા નિરૂપણ	૯૧
૨૫	ભવ્ય દેવાદિ કી સ્થિતિ કા નિરૂપણ	૯૫
૨૬	ભવ્યદ્રવ્ય દેવાદિ વિકુર્વણા કા નિરૂપણ	૯૭
૨૭	ભવ્યદ્રવ્યદેવાદિ કી ઉદ્વર્તના કા નિરૂપણ	૯૮
૨૮	ભાવદેવ વિશેષ કે અલ્પબહુત્વ કા નિરૂપણ	૧૦૪

દશવેં ઉદ્દેશે કા પ્રારંભ

૨૯	દશવેં ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ	૧૦૬
૩૦	આત્મસ્વરૂપ કા નિરૂપણ	૧૦૬
૩૧	રત્નપ્રભાદિ પૃથ્વિસંબંધી વિશેષ નિરૂપણ	૧૧૮

તેરહવેં શતક કે પહેલા ઉદ્દેશા

૩૨	તેરહવેં શતક કે પહલે ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ	૧૩૩
૩૩	તેરહવેં શતક કે ઉદ્દેશાર્થ સંગ્રહ	૧૩૪
૩૪	પૃથિવ્યાદિ કા નિરૂપણ	૧૩૪
૩૫	રત્નપ્રભા આદિ પૃથ્વીયોં કે નરકાવાસોં કા નિરૂપણ	૧૪૧
૩૬	રત્નપ્રભા આદિ પૃથ્વીયોં કે નૈરયિકોં કે ઉત્પાત આદિ કા નિરૂપણ	૧૪૩
૩૭	શર્કરાપ્રભા આદિ પૃથ્વીયોં કે નરકાવાસ આદિ કા નિરૂપણ	૧૪૫
૩૮	રત્નપ્રભા પૃથ્વીમેં નૈરયિકોં કે ઉત્પાત આદિ કા કથન	૧૪૮
૩૯	નારકોં કી લેશ્યાઓં કા નિરૂપણ	૧૫૧

દૂસરા ઉદ્દેશા

૪૦	તેરહવેં શતક કે દૂસરે ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ	૧૫૩
૪૧	દેવ વિશેષ કા નિરૂપણ	૧૫૩

तीसरा उद्देशा

४२	तीसरे उद्देशे का संक्षिप्त विषय विवरण	१६६
४३	परियारणा का कथन	१६६

चौथा उद्देशा

४४	चौथे उद्देशे का संक्षिप्त विषय विवरण	१६७
४५	चौथे उद्देशे की संग्रहार्थ गाथा	१६८
४६	नारक पृथ्वी संबंधी कथन	१६८
४७	स्पर्शद्वार का कथन (नरकों में बादर अप्कायिक स्पर्श भी देवकृत ही समझना चाहिये)	१७३
४८	रत्नप्रभादिप्रणिधि (अपेक्षा) द्वार का निरूपणा	१७४
४९	निरयान्त द्वार का निरूपणा	१७५
५०	लोक मध्यद्वार का निरूपणा	१७६
५१	दिग् विदिक् प्रवहद्वार का निरूपणा	१७७
५२	परिवर्तनद्वार का निरूपणाम्	१८०
५३	स्पर्शनाद्वार का निरूपणा	१८२
५४	द्विपदेशादि पुद्गलास्तिकाय स्पर्शना द्वार का निरूपणा	१८८
५५	अवगाहना द्वार का निरूपणा	२००
५६	जीवावगाहदद्वार का निरूपणा	२०९
५७	अस्तिकाय प्रदेश निषदनद्वार का निरूपणा	२११
५८	बहुसमद्वार का निरूपणा	२१२
५९	लोक संस्थान द्वार का निरूपणा	२१३

पांचवा उद्देशा

६०	नैरयिकों के आहार का निरूपणा	२१५

॥ समाप्त ॥

બારમા શતકના ચોથા ઉદ્દેશાનો પ્રારંભ

આ ચોથા ઉદ્દેશકમાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે–

બે પરમાણુઓના સંયોગથી જે બે અણુવાળો સ્કન્ધ બને છે તેના આકારની પ્રરૂપણા–એજ પ્રમાણે ત્રણ પરમાણુઓના સંયોગથી બનતા ત્રિઅણુક સ્કન્ધના, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુઓના પરસ્પરના સંયોગથી બનતા ચાર અણુવાળાથી લઇને અનંત પર્યન્તના અણુવાળા સ્કન્ધોના આકારોની પ્રરૂપણા–અનન્તાનન્ત પુદ્ગલ પરાવર્તનનું પ્રરૂપણ–પુદ્ગલ પરાવર્તના પ્રકારોનું નિરૂપણ–નૈરયિકોના પુદ્ગલપરાવર્તનું નિરૂપણ–અસુરકુમારના ઔદારિક પુદ્ગલપરાવર્તનું નિરૂપણ–એક નૈરયિકના વૈક્રિયપુદ્ગલપરાવર્તની પ્રરૂપણા–નૈરયિકોના પુદ્ગલપરાવર્તની પ્રરૂપણા–એક નૈરયિકમાં નૈરયિકત્વાવસ્થામાં ઔદારિક પુદ્ગલ પરાવર્તની પ્રરૂપણા–એક નૈરયિકના પૃથ્વીકાયિકત્વની અવસ્થામાં ઔદારિક પુદ્ગલપરાવર્તની પ્રરૂપણા–એક અસુરકુમારના ભૂતભાવિ નૈરયિકત્વાવસ્થામાં ઔદારિક પુદ્ગલપરાવર્તની પ્રરૂપણા–એક નૈરયિકના નૈરયિકત્વ અવસ્થામાં વૈક્રિયપુદ્ગલ પરાવર્તની પ્રરૂપણા–એક નૈરયિકના પૃથ્વીકાયિકત્વ અવસ્થામાં વૈક્રિયપુદ્ગલ પરાવર્તની પ્રરૂપણા–નૈરયિકોને નૈરયિકત્વાવસ્થામાં કેટલા ઔદારિક પુદ્ગલ પરાવર્ત વ્યતીત થઇ ચુકયા છે ? આ પ્રશ્નનો ઉત્તર નૈરયિકોના પૃથ્વીકાયિકની અવસ્થામાં ઔદારિક પુદ્ગલપરાવર્તની પ્રરૂપણા–ઔદારિક પુદ્ગલપરાવર્તના હેતુના સ્વરૂપનું નિરૂપણ–ઔદારિક પુદ્ગલપરાવર્તની નિષ્પત્તિના કાળનું નિરૂપણ–ઔદારિક પુદ્ગલપરાવર્તકાળના અલ્પબહુત્વ આદિનું કથન–પુદ્ગલપરાવર્તના અલ્પબહુત્વ આદિની પ્રરૂપણા.

—પુદ્ગલવક્તવ્યતા—

" रायगिहे जाव एवं वयासी " ઇત્યાદિ—

ટીકાર્થ–ત્રીજા ઉદ્દેશામાં રત્નપ્રભા આદિ પૃથ્વીઓની પ્રરૂપણા કરવામાં આવી છે. તે પૃથ્વીઓ પુદ્ગલાત્મક હોય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર પુદ્ગલોની પ્રરૂપણા કરે છે–

" रायगिहे जाव एवं वयासी " રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા તેમને વંદણાનમસ્કાર કરવાને માટે જનસમૂહ નીકળી પડયો વંદણાનમસ્કાર કરીને તથા ધર્મકથા સાંભળીને પરિષદ્ વિસર્જિત થઇ ત્યાર બાદ ધર્મતત્વને શ્રવણ કરવાની અભિલાષાવાળા ગૌતમ સ્વામીએ વિનયપૂર્વક બન્ને હાથ જોડીને શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો–" दो भंते! परमाणुपोग्गला एगयओ साहन्नंति एगयओ साहण्णित्ता किं भवइ ? " હે ભગવન્! જ્યારે બે પુદ્ગલપરમાણુઓનો એક બીજાની સાથે સંયોગ થાય છે ત્યારે શું થાય છે–એટલે કે તેમના સંયોગથી કઇ ચીજ ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ! " दुण्हपएसिए खंधे भवइ " બે પુદ્ગલપરમાણુઓના પરસ્પરના સંયોગને લીધે દ્વિપ્રદેશી (બે પ્રદેશવાળો અથવા બે અવયવવાળો) એક સ્કંધ ઉત્પન્ન થઇ જાય છે " से भिज्जमाणे दुहा कज्जइ, एगयओ परमाणुपोग्गले एगयओ परमाणुपोग्गले भवइ " જ્યારે તે દ્વિપ્રદેશી સ્કંધના બે ભાગ પાડવામાં આવે છે ત્યારે એક ભાગ એક પરમાણુ રૂપ હોય છે અને બીજો ભાગ પણ એક પરમાણુ રૂપ જ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तिन्नि भंते! परमाणुपोग्गला एगयओ साहन्नंति, एगयओ साहण्णित्ता किं भवइ ? " હે ભગવન્! જ્યારે ત્રણ પુદ્ગલપરમાણુઓ એક બીજા સાથે એકત્રિત થઈ જાય છે, ત્યારે તે ત્રણ પુદ્ગલપરમાણુઓના સંયોગથી કઈ વસ્તુ ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ! " तिण्हपएसिए खंधे भवइ " એકત્ર થયેલા તે ત્રણ પુદ્ગલપરમાણુઓ વડે એક ત્રિપ્રદેશિક સ્કંધ ઉત્પન્ન થાય છે " ते भिज्जमाणे दुहावि तिहावि कज्जइ " જ્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધના વિભાગ પાડવામાં આવે છે, ત્યારે બે વિભાગ પણ પડે છે અને ત્રણ વિભાગ પણ પડે છે. " दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ

दुप्पएसिए खंधे भवइ" જ્યારે તેના બે વિભાગ થાય છે, ત્યારે એક વિભાગ એક પરમાણુપુદ્ગલ રૂપ અને બીજો વિભાગ દ્વિપ્રદેશિક સ્કંધરૂપ બને છે. "तिहा कज्जमाणे तिण्णि परमाणुपोग्गला भवंति" જ્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધને ત્રણ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલ-પરમાણુ રૂપ ત્રણ વિભાગોમાં તે વિભક્ત થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"चत्तारि भंते ! परमाणुपोग्गला एगयओ साहण्णंति, जाव पुच्छा" હે ભગવન્! જ્યારે પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે એકત્રિત થાય છે, ત્યારે તેમના સંયોગથી શું ઉત્પન્ન થાય છે? એટલે ચાર પુદ્ગલપરમાણુઓ એકત્ર થવાથી જે સ્કંધ ઉત્પન્ન થાય છે તેનું નામ શું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! चउप्पएसिए खंधे भवइ" હે ગૌતમ! જ્યારે ચાર પરમાણુ પુદ્ગલો અરસપરસની સાથે સંયોગ પામે છે, ત્યારે તેમના સંયોગથી એક ચાર પ્રદેશિક સ્કંધ ઉત્પન્ન થાય છે.

એટલે કે ચાર પુદ્ગલપરમાણુઓના સંયોગથી જે સ્કંધ બને છે તેનું નામ ચતુષ્પ્રદેશિક સ્કંધ થાય છે. "से भिज्जमाणे दुहा वि, तिहा वि, चउहा वि कज्जइ" જ્યારે આ ચતુષ્પ્રદેશિક સ્કંધ પોતાની આ અવસ્થાનો ત્યાગ કરીને વિભક્ત થઇ જાય છે, ત્યારે તેના બે વિભાગ પણ પડી શકે છે, ત્રણ વિભાગ પણ પડી શકે છે અને ચાર વિભાગ પણ પડી શકે છે. "दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ तिप्पएसिए खंधे भवइ" જ્યારે તેના બે વિભાગ થાય છે, ત્યારે તેના એક ભાગમાં એક પરમાણુપુદ્ગલ હોય છે અને બીજા ભાગમાં એક ત્રિપ્રદેશિક સ્કંધ હોય છે. "अहवा–दोपएसिया खंधा भवंति" અથવા દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બે વિભાગ પણ પડી શકે છે. એટલે કે એક વિભાગ દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ અને બીજો વિભાગ પણ દ્વિપ્રદેશિક સ્કંધરૂપ જ હોય છે.

"तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ" જ્યારે ચતુષ્પ્રદેશિક સ્કંધને ત્રણ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા બે ભાગો અને દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો ભાગ થાય છે. "चउहा कज्जमाणे चत्तारि परमाणुपोग्गला भवंति" ચતુષ્પ્રદેશિક સ્કંધને જ્યારે ચાર વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલરૂપ ચાર ભાગો થઇ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"पंच भंते ! परमाणुपोग्गला पुच्छा" હે ભગવાન્! જ્યારે પાંચ પરમાણુ પુદ્ગલો એકત્રિત થઈ જાય છે ત્યારે તેમના સયોગથી શું બને છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! पंचपएसिए खंधे भवइ" હે ગૌતમ! જ્યારે પાંચ પરમાણુઓનો પરસ્પરની સાથે સંયોગ થાય છે, ત્યારે તેમના સંયોગને લીધે પંચ પ્રદેશિક સ્કંધ ઉત્પન્ન થાય છે. "से भिज्जमाणे दुहा वि, तिहा वि, चउहा वि, पंचहा वि कज्जइ" જ્યારે આ પંચપ્રદેશિક સ્કંધના

વિભાગ કરવામાં આવે છે ત્યારે તેના બે વિભાગ પણ થઈ શકે છે, ત્રણ વિભાગ પણ થઈ શકે છે. "दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ चउप्पएसिए खंधे भवइ" જ્યારે પંચપ્રદેશિક સ્કંધને બે વિભાગમાં વિભક્ત કરવામાં આવે છે. ત્યારે એક વિભાગ એક પરમાણુ પુદ્ગલરૂપ અને બીજો વિભાગ ચતુષ્પ્રદેશિક સ્કંધરૂપ બને છે. "अहवा-एगयओ दुप्पएसिए खंधे भवइ, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા-દ્વિપ્રદેશિક સ્કંધરૂપ એક ભાગ અને ત્રિપ્રદેશિક સ્કંધરૂપ બીજો ભાગ નિષ્પન્ન થાય છે. "तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे भवइ' જ્યારે આ પંચ પ્રદેશિક સ્કંધને ત્રણ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે તેના બે વિભાગો એક એક પરમાણુ પુદ્ગલ રૂપ હોય છે અને ત્રીજો વિભાગ ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ હોય છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दो दुप्पएसिया खंधा भवंति" અથવા-આ પ્રમાણે પણ તેના ત્રણ વિભાગ પડે છે-એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે. અને બીજો અને ત્રીજો વિભાગ દ્વિપ્રદેશિક બે સ્કંધો રૂપ હોય છે. "चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ" જ્યારે પંચ પ્રદેશિક સ્કંધને ચાર વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુપુદ્ગલવાળા ત્રણ વિભાગ થાય છે અને દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "पंचहा कज्जमाणे पंच परमाणुपोग्गला भवंति" જ્યારે પાંચપ્રદેશિક સ્કંધના પાંચ વિભાગ પાડવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા પાંચ વિભાગોમાં તે વિભક્ત થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"छण्हंते! परमाणुपोग्गला पुच्छा" હે ભગવન્! જ્યારે છ પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે એકત્રિત થાય છે, ત્યારે તેમના સંયોગથી કઈ વસ્તુ ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा!" હે ગૌતમ! "छप्पएसिए खंधे भवइ" જ્યારે છ પુદ્ગલપરમાણુઓ એક બીજા સાથે સંયોગ પામે છે, ત્યારે તેમના સંયોગને લીધે છ પ્રદેશિક એક સ્કંધ ઉત્પન્ન થાય છે. "से भिज्जमाणे दुहा वि, तिहा वि जाव छव्विहा वि कज्जइ" જ્યારે આ છ પ્રદેશિક સ્કંધ વિભક્ત થઈ જાય છે, ત્યારે તેના બે, ત્રણ, ચાર, પાંચ, અથવા છ વિભાગો થઈ શકે છે. "दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ पंचपएसिए खंधे भवइ" જ્યારે તેના બે વિભાગ થઈ જાય છે, ત્યારે એક વિભાગ એક પુદ્ગલ પરમાણુ રૂપ અને બીજો વિભાગ પાંચ પ્રદેશિક એક સ્કંધ રૂપ સંભવી શકે છે. 'अहवा' અથવા "एगयओ दुप्पएसिए खंधे, एग-

યઓ ચઉપ્પએસિએ ખંધે ભવઇ" બે પ્રદેશિક સ્કંધ રૂપ એક ભાગ અને ચાર પ્રદેશિક સ્કંધરૂપ બીજો ભાગ પણ સંભવી શકે છે. અહવા–દો તિપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા–ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક ભાગ બને છે અને બીજો ભાગ પણ ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ જ બને છે.

"તિહા કજ્જમાણે એગયઓ દો પરમાણુપોગ્ગલા, એગયઓ ચઉપ્પએસિએ ખંધે ભવઇ" જ્યારે આ છ પ્રદેશિક સ્કંધને ત્રણ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક પુદ્ગલપરમાણુ રૂપ એક વિભાગ, એક પુદ્ગલ-પરમાણુ રૂપ બીજો વિભાગ અને ચારપ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ થઈ જાય છે. "અહવા–એગયઓ પરમાણુપોગ્ગલે, એગયઓ દુપ્પએસિએ ખંધે, એગયઓ તિપ્પએસિએ ખંધે ભવઇ" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપએક ભાગ, દ્વિપ્ર-દેશિક સ્કંધ રૂપ બીજો ભાગ અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો ભાગ, આ પ્રકારના ત્રણ વિભાગોમાં તે છ પ્રદેશિક સ્કંધ વિભક્ત થઈ જાય છે. "અહવા–તિન્નિ દુપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધો રૂપે પણ તે વિભક્ત થઈ જાય છે "ચઉહા કજ્જમાણે એગયઓ તિન્નિ પરમાણુ પોગ્ગલા, એગયઓ તિપ્પએસિએ ખંધે ભવઇ" છ પ્રદેશિક સ્કંધના જ્યારે ચાર વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલપરમાણુ રૂપ ત્રણ વિભાગો અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગમાં તે વિભક્ત થઈ જાય છે. "અહવા–એગયઓ દો પરમાણુ પોગ્ગલા ભવંતિ, એગયઓ દુપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા એક એક પુદ્ગલપરમાણુ રૂપ બે વિભાગ થાય છે અને દ્વિપ્રદેશિક બે સ્કંધો રૂપ બીજા બે વિભાગ થાય છે. આ પ્રકારના ચાર વિભાગો પણ સંભવી શકે છે. "પંચહા કજ્જમાણે એગયઓ ચત્તારિ પરમાણુપોગ્ગલા, એગ-યઓ દુપ્પએસિએ ખંધે ભવઇ" છ પ્રદેશિક સ્કંધને જ્યારે પાંચ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલ પરમાણુ રૂપ ચાર વિભાગો અને દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થઈ જાય છે. "છહા કજ્જમાણે છ પરમાણુપોગ્ગલા ભવંતિ" જ્યારે છ પ્રદેશિક સ્કંધને છ વિભા-ગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલપરમાણુવાળા છ વિભાગો થઈ જાય છે

ગૌતમ સ્વામીનો પ્રશ્ન (सत्त भंते! परमाणुपोग्गला पुच्छा) હે ભગ-વન્! જ્યારે સાત પરમાણુ પુદ્ગલો એક બીજાની સાથે મળી જાય છે, ત્યારે તેમના સંયોગથી કઈ વસ્તુ ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा!" હે ગૌતમ! "सत्तप्पएसिए खंधे भवइ" તેમના સંયોગથી એક સાત પ્રદેશિક સ્કંધ બને છે. 'से भिज्जमाणे दुहा वि, जाव सत्तहा वि कज्जइ" આ સાત પ્રદેશિક સ્કંધના જ્યારે વિભાગો કરવામાં આવે છે ત્યારે તેના બે, ત્રણ, ચાર, પાંચ છ અથવા

સાત વિભાગ થઈ શકે છે. "दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ छप्पएसिए खंधे भवइ" જ્યારે તેના બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક વિભાગમાં એક પરમાણુપુદ્ગલ હોય છે અને બીજા વિભાગમાં છ પ્રદેશિક સ્કંધ હોય છે. "अहवा-एगयओ दुप्पएसिए खंधे भवइ, एगयओ पंच पएसिए खंधे भवइ" અથવા એક વિભાગમાં દ્વિપ્રદેશિક સ્કંધ હોય છે અને બીજા વિભાગમાં પંચપ્રદેશિક સ્કંધ હોય છે "अहवा-एगयओ तिप्पएसिए, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા એક વિભાગમાં ત્રિપ્રદેશિક સ્કંધ હોય છે અને બીજા વિભાગમાં ચાર પ્રદેશિક સ્કંધ હોય છે.

"तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ पंच पएसिए खंधे भवइ" જ્યારે સપ્તપ્રદેશિક સ્કંધના ત્રણ વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક પરમાણુપુદ્ગલ રૂપ એક વિભાગ, એક પરમાણુ પુદ્ગલ રૂપ બીજો વિભાગ અને પંચપ્રદેશિક સ્કંધરૂપ ત્રીજો વિભાગ થાય છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए खंधे, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ, અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ, આ પ્રકારના ત્રણ વિભાગોમાં તે વિભક્ત થઈ જાય છે. "अहवा-एगयओ प माणुपोग्गले, एगयओ दो तिप्पएसिया खंधा भवंति" અથવા એક વિભાગમાં પરમાણુ પુદ્ગલ અને બાકીના બન્ને વિભાગોમાં ત્રિપ્રદેશિક બે સ્કંધો હોય છે. "अहवा-एगयओ दो दुप्पएसिया खंधा भवंति, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બે વિભાગ અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ, આ પ્રકારના ત્રણ વિભાગોમાં તે વિભક્ત થઈ જાય છે. "चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ चउप्पएसिए खंधे भवइ" જ્યારે તે સપ્તપ્રદેશિક સ્કંધને ચાર વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુપુદ્ગલ રૂપ ત્રણ ભાગો અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક ભાગમાં તે વિભક્ત થઈ જાય છે. "अहवा-एगयओ दो परमाणु पोग्गला, एगयओ दुप्पएसिए खंधे, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુપુદ્ગલવાળા બે વિભાગો, બે પ્રદેશવાળો એક સ્કંધ અને ત્રિપ્રદેશિક સ્કંધ, આ પ્રકારના ચાર વિભાગો પડે છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ तिन्नि दुप्पएसिया, खंधा भवंति" અથવા એક પરમાણુ પુદ્ગલવાળો એક વિભાગ અને દ્વિપ્રદેશિક ત્રણ સ્કંધ રૂપ ત્રણ વિભાગોમાં તે વિભક્ત થઈ જાય છે.

"पंचहा कज्जमाणे एगयओ चत्तारि परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे भवइ" સપ્તપ્રદેશિક સ્કંધને જ્યારે પાંચ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગ અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ, આ પ્રકારના ચાર વિભાગો થઈ જાય છે. "अहवा-एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ दो दुप्पएसिया

खंधा भवति" अथवा એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગ અને દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો મળીને કુલ પાંચ વિભાગોમાં તે વિભક્ત થઇ જાય છે. "छहा कज्जमाणे एगयओ पंच परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ" જ્યારે સપ્તપ્રદેશિક સ્કંધ છ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા પાંચ વિભાગો અને દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ, આ પ્રકારે છ વિભાગો થઇ જાય છે. "सत्तहा कज्जमाणे सत्त परमाणु पोग्गला भवंति" જ્યારે સપ્તપ્રદેશિક સ્કંધને સાત વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા સાત વિભાગોમાં તે સ્કંધ વિભક્ત થઈ જાય છે.

ગૌતમસ્વામીનો પ્રશ્ન–"अट्ठ भंते! परमाणुपोग्गला पुच्छा" હે ભગવન્! આઠ પરમાણુ પુદ્ગલોનો જ્યારે પરસ્પરની સાથે સંયોગ થાય છે, ત્યારે તેમના સંયોગથી કઇ વસ્તુ ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "अट्ठपएसिए खंधे भवइ" આઠ પરમાણુ પુદ્ગલોનો એક બીજા સાથે સંયોગ થવાથી આઠ પ્રદેશિક એક સ્કંધ બને છે. "जाव दुहा कज्जमाणे परमाणुपोग्गले, एगयओ सत्त पएसिए खंधे भवइ" જ્યારે આ અષ્ટપ્રદેશિક સ્કંધના વિભાગ કરવામાં આવે છે, ત્યારે તે બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત અથવા આઠ વિભાગમાં વિભક્ત થઈ જાય છે. જ્યારે તેના બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે અને બીજો વિભાગ સપ્તપ્રદેશિક સ્કંધ રૂપ હોય છે. "अहवा–एगयओ दुप्पएसिए खंधे, एगएओ छप्पएसिए खंधे भवइ" અથવા એક ભાગ દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ હોય છે અને બીજો ભાગ છ પ્રદેશિક સ્કંધરૂપ હોય છે. "अहवा एगयओ तिप्पएसिए खंधे, एगयओ पंचपएसिए खंधे भवइ" અથવા એક ભાગ ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ હોય છે અને બીજો ભાગ પાંચ પ્રદેશિક સ્કંધ રૂપ હોય છે. "अहवा दो चउप्पएसिए खंधा भवंति" અથવા ચાર ચાર પ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો પણ સંભવી શકે છે. "तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ छप्पएसिए खंधे भवइ" જ્યારે અષ્ટપ્રદેશિક સ્કંધને ત્રણ વિભાગોમાં વિભક્ત કરવામાં આવે છે, ત્યારે તેના ત્રણ વિભાગો આ પ્રકારના સંભવી શકે છે–એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો અને છ પ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ "अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए खंधे, एगयओ पंच पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુપુદ્ગલ રૂપ એક વિભાગ, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ અને પંચ પ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ પણ સંભવી શકે છે. "अहवा एगयओ परमाणुपोग्गले, एगयओ तिप्पएसिए खंधे, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા–એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ અને ચાર

પ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ પણ સંભવી શકે છે "अहवा–एगयओ दो दुप्पएसिया खंधा, एगयओ चउप्पएसिए खंधे" અથવા બે દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બે વિભાગો અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ પણ સંભવી શકે છે. "अहवा–एगयओ दुप्पएसिए खंधे एगयओ दो तिप्पएसिया खंधा भवंति" અથવા એક વિભાગમાં દ્વિપ્રદેશિક એક સ્કંધ અને બાકીના બે વિભાગમાં ત્રિપ્રદેશિક બે સ્કંધ પણ સંભવી શકે છે. "चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ पंचपएसिए खंधे, भवइ" જ્યારે અષ્ટપ્રદેશિક સ્કંધના ચાર વિભાગો કરવામાં આવે છે, ત્યારે તે ચાર વિભાગો આ પ્રકારના સંભવી શકે છે–એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો અને પંચપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ સંભવી શકે છે. "अहवा" અથવા–"एगयओ दोन्नि परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे एगयओ चउप्पएसिए खंधे भवइ" એક એક પરમાણુ પુદ્ગલ રૂપ બે વિભાગો, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ પણ સંભવી શકે છે. "अहवा" અથવા "एगयओ दो परमाणुपोग्गला, एगयओ दो तिप्पएसिया खंधा भवंति" એક એક પરમાણુ પુદ્ગલ રૂપ બે વિભાગો અને ત્રિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો પણ સંભવી શકે છે. "अहवा–परमाणुपोग्गले, एगयओ दो दुप्पएसिया खंधा, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુ પુદ્ગલવાળો એક વિભાગ, દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો અને ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ, આ પ્રકારના ચાર વિભાગો પણ સંભવી શકે છે. "अहवा चत्तारि दुप्पएसिया खंधा भवंति" અથવા દ્વિપ્રદેશિક ચાર સ્કંધ રૂપ ચાર વિભાગો પણ સંભવી શકે છે.

"पंचहा कज्जमाणे, एगयओ चत्तारि परमाणुपोग्गला, एगयओ चउप्पएसिए खंधे भवइ" તે અષ્ટપ્રદેશિક સ્કંધના જ્યારે પાંચ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગો અને ચાર પ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ, આ પ્રકારે પાંચ વિભાગ થાય છે. "अहवा–एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો, એક દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ, આ પ્રકારે પાંચ વિભાગો થાય છે. "अहवा–एगयओ दो परमाणुपोग्गला, एगयओ तिन्नि दुप्पएसिया खंधा भवंति" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો અને ત્રણ ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ ત્રણ વિભાગો થાય છે. "छहा कज्जमाणे एगयओ पंच परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे भवइ" તે અષ્ટપ્રદેશિક સ્કંધના જ્યારે છ વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલ પરમાણુવાળા પાંચ વિભાગો અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा एगयओ चत्तारि परमाणुपोग्गला, एग-

यओ दो दुपएसिया खंधा भवंति" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગો અને દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બીજા બે વિભાગો થાય છે. "सत्तहा कज्जमाणे एगयओ छ परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ" જ્યારે તે અષ્ટપ્રદેશિક સ્કંધના સાત વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા છ વિભાગો અને દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अट्ठहा कज्जमाणे अट्ठ परमाणुपोग्गला भवंति" જ્યારે તે અષ્ટપ્રદેશિક સ્કંધના આઠ વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા આઠ વિભાગોમાં તે સ્કંધ વિભક્ત થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नव भंते! परमाणुपोग्गला पुच्छा" હે ભગવન્! નવ પરમાણુ પુદ્ગલો જ્યારે એક બીજાની સાથે મળી જાય છે, ત્યારે તેમના સંયોગથી કઈ વસ્તુ ઉત્પન્ન થાય છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "जाव नवविहा कज्जंति" નવ પરમાણુ પુદ્ગલો જ્યારે એકરૂપ થાય છે, ત્યારે નવ પ્રદેશિક સ્કંધ ઉત્પન્ન થાય છે. તે નવ પ્રદેશિક સ્કંધ જ્યારે વિભક્ત થાય છે, ત્યારે તેના બે, ત્રણ, ચાર, પાંચ છ, સાત, આઠ અથવા નવ વિભાગો થઈ જાય છે. "दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ अट्ठप्पएसिए खंधे भवइ" જ્યારે આ અષ્ટપ્રદેશિક સ્કંધના બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે અને બીજા વિભાગમાં એક અષ્ટપ્રદેશિક સ્કંધ હોય છે. "एवं एक्केक्कं संचारेतेहिं जाव अहवा–एगयओ चउप्पएसिए खंधे, एगयओ पंचपएसिए खंधे भवइ" આ પ્રકારના અભિલાપ ક્રમ અનુસાર એક એક પ્રદેશની વૃદ્ધિ કરીને નીચેના વિકલ્પ પર્યન્તના બધા વિકલ્પોનું કથન થવું જોઈએ–"અથવા એક વિભાગમાં ચાર પ્રદેશિક એક સ્કંધ અને બીજા વિભાગમાં એક પાંચ પ્રદેશિક સ્કંધ હોય છે. "तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ सत्तपएसिए खंधे भवइ" આ નવ પ્રદેશિક સ્કંધના જ્યારે ત્રણ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો અને સપ્તપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए, एगयओ छप्पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને છ પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ तिप्पएसिए खंधे, एगयओ पंच पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુ પુદ્ગલવાળો એક વિભાગ, ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ અને પાંચ પ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ થાય છે. "अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ दो चउप्पएसिया

खंधा भवंति" अथवा એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, અને ચાર ચાર પ્રદેશોવાળા બે સ્કંધો રૂપ બે વિભાગો થાય છે. "अहवा-एगयओ दुप्पएसिए खंधे, एगयओ तिप्पएसिए खंधे, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ, ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ બીજો વિભાગ અને ચાર પ્રદેશિક એક સ્કંધ ત્રીજો વિભાગ થાય છે. "अहवा-तिन्नि तिप्पएसिया खंधा भवंति" અથવા ત્રણ ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ ત્રણ વિભાગ થાય છે. "चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ छप्पएसिए खंधे भवइ" જ્યારે તે નવ પ્રદેશિક સ્કંધના ચાર વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો અને છપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे एगयओ पंचपएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને પાંચ પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા એક એક પુદ્ગલ પરમાણુવાળા બે વિભાગો, એક ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दो दुप्पएसिया खंधा, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો, અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए खंधे, एगयओ दो तिप्पएसिया खंधा भवंति" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, એક દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ત્રિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો થાય છે. "अहवा-एगयओ तिन्नि दुप्पएसिया खंधा, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા દ્વિપ્રદેશિક ત્રણ સ્કંધ રૂપ ત્રણ વિભાગો અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "पंचहा कज्जमाणे एगयओ चत्तारि परमाणुपोग्गला, एगयओ पंच पएसिए खंधे भवइ" તે નવપ્રદેશિક સ્કંધના જ્યારે પાંચ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલપરમાણુવાળા ચાર વિભાગો અને પાંચપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો, એક દ્વિપ્રદેશિક સ્કંધ અને એક ચાર પ્રદેશિક સ્કંધ થાય છે. "अहवा-एग-

यओ तिन्नि परमाणुपोग्गला, एगयओ दो तिप्पएसिया खंधा भवंति" अथवा એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો અને ત્રિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો થાય છે. "अहवा एगयओ दो परमाणुपोग्गला, एगयओ दो दुप्पएसिया खंधा, एगयओ तिप्पएसिए खंधे" અથવા એક એક પરમાણુ પુદ્ગલ રૂપ બે વિભાગો, દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો અને ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ चत्तारि दुप्पएसिया खंधा भवंति" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ અને દ્વિપ્રદેશિક ચાર સ્કંધ રૂપ ચાર વિભાગો થાય છે. 'छहा कज्जमाणे एगयओ पंचपरमाणु पोग्गला, एगयओ चउप्पएसिए खंधे भवइ" તે નવ પ્રદેશિક સ્કંધના જ્યારે છ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા પાંચ વિભાગો અને એક ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ चत्तारि परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे, एगयओ तिप्पएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગો, દ્વિપ્રદેશિક એક સ્કંધરૂપ એક વિભાગ અને ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ तिन्नि दुप्पएसिया खंधा भवंति" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો અને દ્વિપ્રદેશિક ત્રણ સ્કંધ રૂપ ત્રણ વિભાગો થાય છે. "सत्तहा कज्जमाणे एगयओ छ परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे भवइ" તે નવ પ્રદેશિક સ્કંધના જ્યારે સાત વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા છ વિભાગો અને ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ पंच परमाणुपोग्गला, एगयओ दो दुप्पएसिया खंधा भवंति" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા પાંચ વિભાગો અને દ્વિપ્રદેશિક બે સ્કંધરૂપ બે વિભાગો થાય છે. "अट्ठहा कज्जमाणे एगयओ सत्त परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ" તે નવ પ્રદેશિક સ્કંધના જ્યારે આઠ વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા સાત વિભાગો અને દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "नवहा कज्जमाणे नव परमाणुपोग्गला हवंति" તે નવ પ્રદેશિક સ્કંધના જ્યારે નવ વિભાગો કરાય છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા નવવિભાગોમાં તે સ્કંધ વિભક્ત થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"दस भंते ! परमाणुपोग्गला पुच्छा" હે ભગવન્! જ્યારે દસ પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે મળી જાય છે, ત્યારે કઇ વસ્તુ ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" जाव दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ नवपएसिए खंधे भवइ " હે ગૌતમ ! જ્યારે દસ પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે મળી જાય છે, ત્યારે તેમના સંયોગથી એક દસપ્રદેશિક સ્કંધ ઉત્પન્ન થાય છે. જ્યારે તેના વિભાગો કરવામાં આવે છે. ત્યારે બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અથવા દસ વિભાગો થઈ શકે છે. જ્યારે તેના બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે તેના એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે અને બીજા વિભાગમાં નવ પ્રદેશોવાળો એક સ્કંધ હોય છે. " अहवा-एगयओ दुप्पएसिए खंधे, एगयओ अट्ठ पएसिए खंधे भवइ" અથવા એક ભાગ દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ હોય છે અને બીજો ભાગ અષ્ટપ્રદેશિક સ્કંધરૂપ હોય છે. " एवं एक्केक्कं संचारेयव्वंति जाव अहवा दो पंच पएसिया खंधा भवंति " આ ક્રમે પૂર્વોક્ત પદ્ધતિ પ્રમાણે એક એક પ્રદેશની વૃદ્ધિ કરીને બાકીના ત્રણ વિકલ્પો પણ બનાવી લેવા જોઈએ છેલ્લો વિકલ્પ આ પ્રમાણે બનશે-" અથવા પાંચપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગોમાં તે દસપ્રદેશિક સ્કંધ વિભક્ત થાય છે. " तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ अट्ठपएसिए खंधे, भवइ " તે દસ પ્રદેશિક સ્કંધના જ્યારે ત્રણ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલ પરમાણુવાળા બે વિભાગો અને એક અષ્ટપ્રદેશિક સ્કંધરૂપ એક વિભાગ થાય છે. " अहवा-एगयओ परमाणुपोग्गले एगयओ दुप्पएसिए खंधे एगयओ सत्तप्पएसिए खंधे भवइ " અથવા એક પરમાણુ પુદ્ગલવાળો એક વિભાગ, દ્વિપ્રદેશિક એક સ્કંધરૂપ બીજો વિભાગ અને સપ્તપ્રદેશિક એક સ્કંધરૂપ ત્રીજો વિભાગ થાય છે. अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ तिप्पएसिए खंधे भवइ, एगयओ छप्पएसिए खंधे भवइ " અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ અને છપ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ થાય છે. " अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ चउप्पएसिए, एगयओ पंच पएसिए खंधे भवइ " અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ વિભાગ, ચાર પ્રદેશિક સ્કંધરૂપ બે વિભાગ અને પાંચ પ્રદેશિક સ્કંધરૂપ ત્રીજો વિભાગ બને છે. "अहवा-एगयओ दुप्पएसिए खंधे भवइ, एगयओ दो चउप्पएसिया, खंधा भवंति " અથવા દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ચાર પ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગ થાય છે. " अहवा-एगयओ दो तिप्पएसिया खंधा भवंति, एगयओ चउप्पएसिए खंधे भवइ " અથવા બે ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ બે વિભાગો અને ચાર પ્રદેશિક એક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ થાય છે. " चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ सत्तपएसिए खंधे भवइ " જ્યારે તે

દસ પ્રદેશિક સ્કંધના ચાર વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો અને સપ્તપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. " अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे, एगयओ छप्पएसिए खंधे भवइ " અથવા એક એક પરમાણુ પુદ્ગલ રૂપ બે વિભાગો, દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ અને છપ્રદેશિક સ્કંધ રૂપ ચોથો વિભાગ થાય છે. " अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे, एगयओ पंचपएसिए खंधे, भवइ " અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, ત્રિપ્રદેશક સ્કંધ રૂપ એક વિભાગ અને પાંચ પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે, " अहवा एगयओ दो परमाणुपोग्गला, एगयओ दो चउप्पएसिया खंधा भवंति " અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, અને ચાર પ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો થાય છે. "अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए, एगयओ तिप्पएसिए, एगयओ चउप्पएसिए खंधे भवइ" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ, ત્રિપ્રદેશિક સ્કંધરૂપ ત્રીજો વિભાગ અને ચાર પ્રદેશિક સ્કંધરૂપ ચોથો વિભાગ થાય છે. " अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ तिन्नि तिप्पएसिया खंधा भवंति " અથવા એક પરમાણુ પુદ્ગલવાળો એક વિભાગ અને ત્રણ ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ ત્રણ વિભાગ થાય છે. " अहवा-एगयओ तिन्नि दुप्पएसिया खंधा, एगयओ चउप्पएसिए खंधे भवइ " અથવા દ્વિપ્રદેશિક ત્રણ સ્કંધરૂપ ત્રણ વિભાગો અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે.

" अहवा-एगयओ दो दुप्पएसिया खंधा, एगयओ दो तिप्पएसिया खंधा भवंति " અથવા દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો અને ત્રિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો થાય છે. " पंचहा कज्जमाणे एगयओ चत्तारि परमाणुपोग्गला, एगयओ छप्पएसिए खंधे भवइ " તે દશ પ્રદેશિક સ્કંધના જ્યારે પાંચ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગો અને છ પ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. " अहवा-एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ, एगयओ पंच पएसिए खंधे भवइ " અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને પાંચ પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ બને છે. " अहवा-एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए, एगयओ चउप्पएसिए खंधे भवइ " અથવા એક એક પુદ્ગલ પરમાણુવાળા ત્રણ વિભાગો, ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ચાર પ્રદેશિક સ્કંધરૂપ

એક વિભાગ થાય છે. "અહવા–એગયઓ દો પરમાણુપોગ્ગલા, એગયઓ દુપ્પએસિએ ખંધે ભવઇ, એગયઓ દો તિપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ત્રિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો પડી જાય છે. "અહવા–એગયઓ પરમાણુપોગ્ગલે એગયઓ તિન્નિ દુપ્પએસિયા ખંધા, એગયઓ તિપ્પએસિએ ખંધે ભવઇ" અથવા એક પરમાણુ પુદ્ગલરૂપ એક વિભાગ, ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ ત્રણ વિભાગ અને ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "અહવા–પંચ દુપ્પએસિયા ખંધા, ભવંતિ" અથવા દ્વિપ્રદેશિક પાંચ સ્કંધ રૂપ પાંચ વિભાગો થાય છે. "છહા કજ્જમાણે એગયઓ પંચ પરમાણુપોગ્ગલા, એગયઓ પંચ પએસિએ ખંધે ભવઇ" દસ પ્રદેશિક સ્કંધના જ્યારે છ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા પાંચ વિભાગો અને પાંચ પ્રદેશિક એક સ્કંધ રૂપ છઠ્ઠો વિભાગ થાય છે. "અહવા–એગયઓ ચત્તારિ પરમાણુપોગ્ગલા, એગયઓ દુપ્પએસિએ ખંધે, એગયઓ ચઉપ્પએસિએ ખંધે ભવઇ" અથવા એક એક પરમાણુ પુદ્ગલ રૂપ ચાર વિભાગો, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "અહવા–એગયઓ ચત્તારિ પરમાણુપોગ્ગલા, એગયઓ દો તિપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગો અને ત્રિપ્રદેશિક બે સ્કંધ રૂપ બે વિભાગો થાય છે. "અહવા–એગયઓ તિન્નિ પરમાણુપોગ્ગલા, એગયઓ દુપ્પએસિયા ખંધા, એગયઓ તિપ્પએસિએ ખંધે" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો, બે દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બે વિભાગો અને એક ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "અહવા–એગયઓ દો પરમાણુપોગ્ગલા, એગયઓ ચત્તારિ દુપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો અને દ્વિપ્રદેશિક ચાર સ્કંધ રૂપ ચાર વિભાગો થાય છે. "સત્તહા કજ્જમાણે એગયઓ છ પરમાણુપોગ્ગલા, એગયઓ ચઉપ્પએસિએ ખંધે ભવઇ" દસ પ્રદેશિક સ્કંધના જ્યારે સાત વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા છ વિભાગો અને એક ચાર પ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "અહવા–એગયઓ પંચ પરમાણુપોગ્ગલા, એગયઓ દુપ્પએસિએ, એગયઓ તિપ્પએસિએ ખંધે ભવઇ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા પાંચ વિભાગો, દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "અહવા–એગયઓ ચત્તારિ પરમાણુપોગ્ગલા, એગયઓ તિન્નિ દુપ્પએસિયા ખંધા ભવંતિ" અથવા એક

એક પરમાણુ પુદ્ગલવાળા ચાર વિભાગો અને દ્વિપ્રદેશિક ત્રણ સ્કંધ રૂપ ત્રણ વિભાગો થાય છે. 'अट्ठहा कज्जमाणे एगयओ सत्त परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे भवइ" તે દસ પ્રદેશિક સ્કંધના જ્યારે આઠ વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા સાત વિભાગો અને ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा–एगयओ छ परमाणुपोग्गला, एगयओ दो दुप्पएसिया खंधा भवंति" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા ૬ ભાગો અને દ્વિપ્રદેશિક બે સ્કંધ રૂપ બીજા બે વિભાગો થાય છે. "नवहा कज्जमाणे एगयओ अट्ठ परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे भवइ" તે દસ પ્રદેશિક સ્કંધના જ્યારે નવ વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક એક પુદ્ગલ પરમાણુવાળા આઠ વિભાગો અને દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "दसहा कज्जमाणे दस परमाणुपोग्गला भवंति" જ્યારે તે દસ પ્રદેશિક સ્કંધના દસ વિભાગો કરવામાં આવે છે ત્યારે દસે વિભાગમાં એક એક પરમાણુ પુદ્ગલ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"संखेज्जा भंते ! परमाणुपोग्गला एगयओ साहण्णंति, एगयओ साहण्णित्ता किं भवइ?" હે ભગવન્ ! સંખ્યાત પરમાણુ પુદ્ગલો જ્યારે એક બીજા સાથે મળી જાય છે, ત્યારે તેમના સંયોગથી શું ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! संखेज्जपएसिए खंधे भवइ" હે ગૌતમ ! જ્યારે સંખ્યાત પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે મળી જાય છે, ત્યારે તેમના સંયોગથી સંખ્યાત પ્રદેશી એક સ્કંધ ઉત્પન્ન થાય છે. "से भिज्जमाणे दुहा वि जाव दसहा वि संखेज्जहा वि कज्जइ" આ સંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે વિભાગો કરવામાં આવે છે, ત્યારે બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ અથવા સંખ્યાત વિભાગોમાં તે વિભક્ત થઈ જાય છે. "दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" જ્યારે તે સંખ્યાત પ્રદેશી સ્કંધના બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક ભાગમાં એક પરમાણુપુદ્ગલ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી એક સ્કંધ હોય છે. "अहवा–एगयओ दुप्पएसिए खंधे, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" અથવા દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ બીજો વિભાગ થાય છે. "एवं अहवा एगयओ तिप्पएसिए, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" અથવા ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ બીજો વિભાગ થાય છે. "एवं जाव अहवा–एगयओ दस पएसिए खंधे भवइ, एगयओ संखेज्जपएसिए खंधे भवइ', આ પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર પહેલા વિભાગમાં એક એક પ્રદે-

શની વૃદ્ધિ કરતાં બાકીના વિકલ્પો આ પ્રમાણે બનશે–અથવા એક ભાગમાં ચાર પ્રદેશિક સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં પાંચ પ્રદેશી સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં છ પ્રદેશી સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે અથવા એક ભાગમાં સાત પ્રદેશી સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે અથવા એક ભાગમાં આઠ પ્રદેશિક સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં નવ પ્રદેશિક સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં દસ પ્રદેશિક સ્કંધ અને બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " अहवा दो संखेज्जपएसिया खंधा भवंति " અથવા બે સંખ્યાત પ્રદેશી સ્કંધો રૂપે પણ તે સ્કંધ વિભક્ત થઈ જાય છે.

" तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ संखेज्जपएसिए खंधे भवइ " તે સંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે ત્રણ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ ત્રીજો વિભાગ થાય છે. " अहवा एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए खंधे, एगयओ संखेज्जपएसिए खंधे भवइ " અથવા એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં દ્વિપ્રદેશિક સ્કંધ અને ત્રીજા વિભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ तिप्पएसिए खंधे, एगयओ संखेज्जपएसिए खंधे, અથવા એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં ત્રિપ્રદેશિક સ્કંધ અને ત્રીજા વિભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " एवं जाव-अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दसपएसिए खंधे भवइ, एगयओ संखेज्जपएसिए खंधे भवइ " એજ પ્રમાણે બીજા વિભાગમાં એક એક પ્રદેશની વૃદ્ધિ કરવાથી બાકીના વિકલ્પો આ પ્રમાણે બનશે–અથવા એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં ચાર પ્રદેશિક સ્કંધ અને ત્રીજા વિભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા–એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં પાંચ પ્રદેશિક અને ત્રીજા વિભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા–એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં છ પ્રદેશિક સ્કંધ અને ત્રીજા વિભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા ભાગમાં સાત પ્રદેશિક સ્કંધ અને ત્રીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા–એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા ભાગમાં આઠ પ્રદેશિક સ્કંધ અને ત્રીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા ભાગમાં નવ પ્રદેશિક સ્કંધ અને ત્રીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજામાં દસ પ્રદેશિક સ્કંધ અને ત્રીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " अहवा–एगयओ

परमाणुपोग्गले, एगयओ दो संखेज्जपएसिया खंधा भवंति" अथवा એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે અને બાકીના બે ભાગમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. "अहवा-एगयओ दुप्पएसिए खंधे, एगयओ दो संखेज्जपएसिया खंधा भवंति" અથવા દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ અને સંખ્યાત પ્રદેશી બે સ્કંધ રૂપ બે વિભાગ પડે છે. "एवं जाव अहवा-एगयओ दसपएसिए खंधे, एगयओ दो संखेज्जपएसिया खंधा भवंति" આ પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર પહેલા વિભાગમાં એક એક પ્રદેશની વૃદ્ધિ કરવાથી બાકીના વિકલ્પો આ પ્રમાણે બને છે-અથવા એકભાગમાં ત્રિપ્રદેશિક સ્કંધ અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં ચાર પ્રદેશિક સ્કંધ અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં પાંચ પ્રદેશી એક સ્કંધ અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં છ પ્રદેશિક એક સ્કંધ અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. અથવા-એક ભાગમાં સાત પ્રદેશિક એક સ્કંધ અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે અથવા એક ભાગમાં અષ્ટપ્રદેશિક એક સ્કંધ અને બીજા બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં નવ પ્રદેશિક એક સ્કંધ અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં દસ પ્રદેશિક એક સ્કંધ હોય છે અને બાકીના બે ભાગોમાં સંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. "अहवा तिन्नि संखेज्जपएसिया खंधा भवंति" અથવા ત્રણે વિભાગો ત્રણ સંખ્યાત પ્રદેશી સ્કંધો રૂપ હોય છે.

"चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" તે સંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે ચાર વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા ત્રણ વિભાગો અને સંખ્યાત પ્રદેશી એક સ્કંધ રૂપ ચોથો વિભાગ થાય છે. "अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ दुप्पएसिए खंधे, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, દ્વિપ્રદેશિક એક સ્કંધ અને સંખ્યાત પ્રદેશી એક સ્કંધ, આ પ્રકારના ચાર વિભાગો થાય છે. "अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ तिप्पएसिए खंधे, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, ત્રિપ્રદેશિક એક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ ચોથો વિભાગ થાય છે. "एवं जाव अहवा-एगयओ दो परमाणुपोग्गला, एगयओ दसपएसिए, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" આ પૂર્વોકત પદ્ધતિ અનુસાર ત્રીજા વિભાગમાં એક એક પ્રદેશની વૃદ્ધિ કરવી અને બાકીના વિભાગો પહેલાના વિભાગ પ્રમાણે જ સમજી લેવા આ રીતે બીજા સાત વિકલ્પો બનશે જેમ કે-અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, ચાર, પાંચ, છ, સાત આઠ અથવા નવ પ્રદેશવાળા એક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ ચોથો વિભાગ થાય છે.

અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો, દસ પ્રદેશિક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ ચોથો વિભાગ થાય છે. "अहवा एगयओ दो परमाणुपोग्गला, एगयओ दो संखेज्जपएसिया खंधा भवंति" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો અને સંખ્યાત પ્રદેશી બે સ્કંધરૂપ બીજા બે વિભાગો થાય છે, "अहवा एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए, एगयओ दो संखेज्जपएसिया खंधा भवंति" અથવા એક પરમાણુપુદ્ગલવાળો પહેલો વિભાગ, દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ બીજો વિભાગ અને સંખ્યાતપ્રદેશી સ્કંધરૂપ ત્રીજો અને ચોથો વિભાગ બને છે, "जाव अहवा एगयओ परमाणुपोग्गले, एगयओ दसपएसिए खंधे, एगयओ दो संखेज्ज पएसिया खंधा भवंति" અથવા–એક ભાગમાં એક પરમાણુપુદ્ગલ, બીજા ભાગમાં ત્રિપ્રદેશિક અથવા ચાર પ્રદેશિક, અથવા પાંચ પ્રદેશિક, અથવા છ પ્રદેશિક, અથવા સાત પ્રદેશિક, અથવા આઠ પ્રદેશિક અથવા નવ પ્રદેશિક સ્કંધ, અને ત્રીજા અને ચોથા વિભાગમાં બે સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે, અથવા એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં દસ પ્રદેશિક એક સ્કંધ અને બાકીના બે વિભાગોમાં સંખ્યાત પ્રદેથી બે સ્કંધ હોય છે, "अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ तिन्नि संखेज्जपएसिया खंधा भवंति" અથવા એક પરમાણુ પુદ્ગલ રૂપ એક વિભાગ અને ત્રણ સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ ત્રણ વિભાગો થાય છે, "अहवा–एगयओ दुप्पएसिए खंधे एगयओ तिन्नि संखेज्जपएसिया खंधा भवंति" અથવા એક ભાગમાં દ્વિપ્રદેશિક એક સ્કંધ હોય છે અને બાકીના ત્રણ ભાગો ત્રણ સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ હોય છે, "जाव अहवा–एगयओ दसपएसिए, एगयओ तिन्नि संखेज्जपएसिया खंधा भवंति" અથવા–એક ભાગમાં એક ત્રિપ્રદેશિક, ચાર પ્રદેશિક, પાંચ પ્રદેશિક, છ પ્રદેશિક, સાત પ્રદેશિક, આઠ પ્રદેશિક કે નવ પ્રદેશિક સ્કંધ હોય છે અને બાકીના ત્રણ વિભાગો ત્રણ સંખ્યાત પ્રદેશી સ્કંધો રૂપ હોય છે. અથવા એક ભાગમાં દસ પ્રદેશિક સ્કંધ હોય છે અને બાકીના ત્રણ ભાગોમાં સંખ્યાત પ્રદેશી ત્રણ સ્કંધો રૂપ હોય છે, "अहवा–चत्तारि संखेज्जपएसिया खंधा भवंति" અથવા ચારે વિભાગો સંખ્યાત પ્રદેશી ચાર સ્કંધો રૂપ પણ હોય છે. "एवं एएणं कमेणं पंचगसंजोगो वि भाणियव्वो जाव नवगसंजोगो" આ પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર સંખ્યાત પ્રદેશી સ્કંધના પાંચ વિભાગો, છ વિભાગો, સાત વિભાગો, આઠ વિભાગો અને નવ વિભાગો પાડવામાં આવે ત્યારે જે વિકલ્પો બને છે, તેમનું કથન પણ થવું જોઇએ.

"दसहा कज्जमाणे एगयओ नव परमाणुपोग्गला, एगयओ संखेज्जपएसिए खंधे भवइ" તે સંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે દસ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા નવ વિભાગો અને સંખ્યાત પ્રદેશી

એક સ્કંધ રૂપ દસમો વિભાગ થાય છે. "અહવા એગયઓ અટ્ઠ પરમાણુપોગ્ગલા, એગયઓ દુપ્પએસિએ, એગયઓ સંખેજ્જપએસિએ ખંધે ભવઇ" અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા આઠ વિભાગો, દ્વિપ્રદેશિક એક સ્કંધ રૂપ એક વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "એવં કમેણં એક્કેકો પૂરેયવ્વો જાવ" આ ક્રમે બાકીના વિકલ્પો પણ બનાવી શકાય છે. દરેક વિકલ્પના નવમાં વિભાગમાં એક એક પ્રદેશની વૃદ્ધિ કરીને બાકીના વિકલ્પો બનાવી શકાય છે. જેમ કે...અથવા એક એક પરમાણુ પુદ્ગલવાળા આઠ વિભાગો, ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ અથવા નવ પ્રદેશોવાળા સ્કંધ રૂપ નવમો વિભાગ અને સંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ દસમો વિભાગ થાય છે. "અહવા-એગયઓ દસપએસિએ ખંધે, એગયઓ નવ સંખેજ્જપએસિયા ખંધા ભવંતિ" અથવા દસપ્રદેશિક સ્કંધ રૂપ એક વિભાગ થાય છે અને સંખ્યાત પ્રદેશી નવ સ્કંધો રૂપ નવ વિભાગો થાય છે. "અહવા- દસ સંખેજ્જપએસિયા ખંધા ભવંતિ" અથવા સંખ્યાત પ્રદેશોવાળા દસ સ્કંધ રૂપ દસ વિભાગો પણ થઈ શકે છે. "સંખેજ્જહા કજ્જમાણે સંખેજ્જા પરમાણુપોગ્ગલા ભવંતિ" તે સંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે સંખ્યાત વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા સંખ્યાત વિભાગોમાં તે સ્કંધ વિભક્ત થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"અસંખેજ્જા ભંતે! પરમાણુપોગ્ગલા એગયઓ સાહણ્ણંતિ, એગયઓ સાહણ્ણિત્તા કિં ભવઇ?" હે ભગવન્! અસંખ્યાત પરમાણુ પુદ્ગલો જ્યારે એક બીજા સાથે એકત્ર થાય છે, ત્યારે શું ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"ગોયમા! અસંખેજ્જપએસિએ ખંધે ભવઇ" હે ગૌતમ! અસંખ્યાત પરમાણુ પુદ્ગલો જ્યારે એક બીજા સાથે એકત્રિત થાય છે, ત્યારે તેમના સંયોગથી અસંખ્યાત પ્રદેશી એક સ્કંધ ઉત્પન્ન થાય છે. "સે ભિજ્જમાણે દુહા વિ, જાવ દસહા વિ, સંખેજ્જહા વિ, અસંખેજ્જહા વિ કજ્જઇ" જ્યારે તે અસંખ્યાત પ્રદેશી સ્કંધને વિભક્ત કરવામાં આવે છે, ત્યારે તેના બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, સંખ્યાત અથવા અસંખ્યાત વિભાગો થઈ શકે છે. "દુહા કજ્જમાણે એગયઓ પરમાણુપોગ્ગલે, એગયઓ અસંખેજ્જપએસિએ ખંધે ભવઇ" જ્યારે તે અસંખ્યાત પ્રદેશી સ્કંધના બે વિભાગો કરવામાં આવે છે, ત્યારે એકપરમાણુપુદ્ગલ રૂપ એક વિભાગ અને અસંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ બીજા વિભાગમાં તે સ્કંધ વિભક્ત થઈ જાય છે. "જાવ અહવા એગયઓ દસપએસિએ ખંધે, એગયઓ અસંખેજ્જપએસિએ ખંધે ભવઇ" અથવા એક ભાગમાં બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અથવા દસ પ્રદેશોવાળો સ્કંધ હોય છે અને બીજા ભાગમાં

અસંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " अहवा-एगयओ संखेज्जपएसिए खंधे, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ " અથવા એક વિભાગમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે અને બીજા વિભાગમાં અસંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " अहवा-दो असंखेज्जपएसिए खंधा भवंति " અથવા બે અસંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ બે વિભાગો થાય છે. " तिहा कज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ " જ્યારે તે અસંખ્યાત પ્રદેશી સ્કંધના ત્રણ વિભાગો કરવામાં આવે છે, ત્યારે બે વિભાગોમાં એક એક પરમાણુ પુદ્ગલ હોય છે અને એક વિભાગમાં અસંખ્યાત પ્રદેશી એક સ્કંધ હોય છે " अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ " અથવા એક પરમાણુ પુદ્ગલવાળો પહેલો વિભાગ, દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ બીજો વિભાગ અને અસંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ ત્રીજો વિભાગ બને છે. " जाव अहवा-एगयओ परमाणुपोग्गले, एगयओ दसपएसिए खंधे, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ " અથવા-એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે, બીજા ભાગમાં ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અથવા દસ પ્રદેશોવાળો સ્કંધ હોય છે, અને ત્રીજા ભાગમાં અસંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે.

" अहवा-एगे परमाणुपोग्गले, एगे संखेज्जपएसिए एगे दो असंखेज्जपएसिए खंधे भवइ " અથવા એક ભાગમાં એક પરમાણુપુદ્ગલ બીજા ભાગમાં સંખ્યાત પ્રદેશી એક સ્કંધ અને ત્રીજા ભાગમાં અસંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે. " अहवा एगयओ एगे परमाणुपोग्गले, एगयओ दो संखेज्जपएसिया खंधा भवंति" અથવા એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે અને બાકીના બે વિભાગોમાં અસંખ્યાત પ્રદેશી બે સ્કંધો હોય છે " अहवा-एगयओ एगे दुप्पएसिए, एगयओ दो असंखेज्जपएसिया खंधा भवंति " અથવા એક વિભાગમાં દ્વિપ્રદેશિક એક સ્કંધ હોય છે અને બાકીના બન્ને વિભાગો અસંખ્યાત પ્રદેશી બે સ્કંધ રૂપ હોય છે. " एवं जाव-अहवा एगे संखेज्जपएसिए खंधे भवइ, एगयओ दो असंखेज्जपएसिया खंधा भवंति " આ પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર પહેલા વિભાગમાં એક એક પ્રદેશની વૃદ્ધિ થતી જાય છે, અને આ પ્રકારના વિકલ્પો બને છે-અથવા એક વિભાગમાં ત્રિપ્રદેશી, અથવા ચાર પ્રદેશી, અથવા પાંચ પ્રદેશી, અથવા છ પ્રદેશી, અથવા સાત પ્રદેશી, અથવા આઠ પ્રદેશી, અથવા નવ પ્રદેશી અથવા દસ પ્રદેશી એક સ્કંધ હોય છે, અને બાકીના બન્ને વિભાગમાં અસંખ્યાત પ્રદેશી બે સ્કંધો હોય છે. અથવા-એક વિભાગમાં સંખ્યાત પ્રદેશી એક સ્કંધ હોય છે અને બાકીના બન્ને વિભાગોમાં અસંખ્યાત પ્રદેશી બે સ્કંધ હોય છે. " अहवा-तिन्नि

असंखेज्जपएसिया खंधा भवंति" अथवा असंख्यात प्रदेशी त्रण स्कंध રૂપ त्रण विभागोमां पण ते विभक्त थई शके छे.

"चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गला, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ" ज्यारे ते असंख्यात प्रदेशी स्कंधना चार विभागो करवामां आवे छे, त्यारे એક એક परमाणु पुद्गलवाळा त्रण विभागो थाय छे अने चोथो विभाग असंख्यात प्रदेशी એક स्कंध રૂપ होय छे. "एवं चउक्कसंजोगो जाव दसगसंजोगो" એજ पूर्वोक्त पद्धति अनुसार चतुष्कसंयोग, पंचकसंयोग, षट्कसंयोग, सप्तकसंयोग, अष्टकसंयोग, नवकसंयोग अने दशकसंयोगनुं कथन करवुं जोईએ. "एए जहेव संखेज्जपएसियस्स, नवरं असंखेज्जगं एगं अहिगं भाणियव्वं जाव अहवा दस असंखेज्जपएसिया खंधा भवंति" संख्यात प्रदेशी स्कंधना विभागो विषे जेवा विकल्पो आगळ बताववामां आव्या छे, એવાં જ વિકલ્પો असंख्यात प्रदेशी स्कंधना दस पर्यन्तना विभागो विषे पण समजवा पूर्वोक्त आलापको (विकल्पो) करतां असंख्यात प्रदेशी स्कंधना विभागो विषेना विकल्पोमां मात्र એટલી જ विशेषता छे के आ विकल्पोमां 'संख्यात' ने બદલે 'असंख्यात' पदनो प्रयोग करवो जोईએ असंख्यात प्रदेशी स्कंधना १० विभागोविषयक छेल्लो विकल्प आ प्रमाणे બનशे–"अथवा ते असंख्यात प्रदेशी स्कंधना असंख्यात प्रदेशोवाळा दस स्कंध રૂપ दस विभागो थई जाय छे."

"संखेज्जहा कज्जमाणे एगयओ संखेज्जा परमाणुपोग्गला, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ" ते असंख्यात प्रदेशी स्कंधना ज्यारे संख्यात विभागो करवामां आवे छे, त्यारे એક એક परमाणु पुद्गलवाळा संख्यात विभागो थाय छे अने असंख्यात प्रदेशी એક स्कंध રૂપ એક विभाग थाय छे.

अहवा-एगयओ संखेज्जा दुपएसिया खंधा, एगयओ असंखेज्जपएसिए खंधे भवइ" अथवा એક એક द्विप्रदेशीक स्कंध રૂપ संख्यात विभागो थाय छे अने असंख्यात प्रदेशी એક स्कंध રૂપ એક विभाग थाय छे, "एवं जाव–अहवा एगयओ संखेज्जा दसपएसिया खंधा, एगयओ असंखेज्जपएसिए खंधे भवंति" એજ प्रमाणे त्रण, चार, पांच, छ, सात, आठ अथवा नव प्रदेशोवाळा संख्यातस्कंधो होय छे अने असंख्यात प्रदेशोवाळो એક स्कंध होय छे. अथवा दसप्रदेशिक संख्यात स्कंधो अने असंख्यात प्रदेशी એક स्कंध होय छे. "अहवा–एगयओ संखिज्जा संखिज्जपएसिया खंधा, एगयओ असंखिज्जपएसिए खंधे भवइ" अथवा संख्यात प्रदेशोवाळा संख्यात स्कंधो अने असंख्यात प्रदेशी એક स्कंध होय छे. "अहवा-संखेज्जा असंखेज्जपएसिया खंधा भवंति" अथवा ते असंख्यात प्रदेशी स्कंध असंख्यात प्रदेशोवाळा संख्यात स्कंधोमां विभक्त थई जाय छे. "असंखिज्जहा कज्जमाणे असंखेज्जा परमाणुपोग्गला भवंति" ज्यारे ते असंख्यात प्रदेशी स्कंधना असंख्यात विभागो करवामां आवे छे, त्यारे એક એક परमाणु पुद्गलवाळा असंख्यात विभागोमां ते स्कंध विभक्त थई जाय छे.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अणंताणं भंते ! परमाणुपोग्गला, जाव किं भवइ" હે ભગવન્! જ્યારે અનંત પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે મળી જાય છે, ત્યારે તેમના સંયોગથી શું ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! अणंतपएसिए खंधे भवइ " હે ગૌતમ! અનંત પરમાણુ પુદ્ગલો એક બીજા સાથે એકત્રિત થાય ત્યારે તેમના સંયોગથી અનંત પ્રદેશી એક સ્કંધ ઉત્પન્ન થાય છે. " से भिज्जमाणे दुहा वि, जाव दसहा वि, संखिज्जहा वि, असंखिज्जहा वि, अणंतहा वि कज्जइ " જ્યારે તે અનંત પ્રદેશી સ્કંધના વિભાગો કરવામાં આવે છે, ત્યારે બે અથવા ત્રણ અથવા ચાર અથવા પાંચ અથવા છ અથવા સાત અથવા આઠ અથવા નવ અથવા દસ અથવા સંખ્યાત અથવા અસંખ્યાત અથવા અનંત વિભાગો થઈ શકે છે. " दुहा कज्जमाणे एगयओ परमाणुपोग्गले, एगयओ अणंतपएसिए खंधे जाव अहवा दो अणंतपएसिए खंधे भवंति " તે અનંત પ્રદેશી સ્કંધના જ્યારે બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ અને બીજા વિભાગમાં અનંત પ્રદેશી એક સ્કંધ હોય છે અહીં પૂર્વોકત કથન અનુસાર બીજા વિકલ્પો પણ સમજવા–એટલે કે એક વિભાગમાં દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક આદિ અસંખ્યાત પ્રદેશી પર્યન્તનો કોઈ પણ એક સ્કંધ હોય છે અને બીજા વિભાગમાં અનંત પ્રદેશી એક સ્કંધ હોય છે. અથવા– " અનંત પ્રદેશી બે સ્કંધ રૂપ બે વિભાગોમાં પણ તે અનંત પ્રદેશી સ્કંધ વિભકત થાય છે. " આ દ્વિકસંયોગી છેલ્લો વિકલ્પ છે. " तिहाकज्जमाणे एगयओ दो परमाणुपोग्गला, एगयओ अणंतपएसिए खंधे भवइ " જ્યારે તે અનંત પ્રદેશી સ્કંધના ત્રણ વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા બે વિભાગો થાય છે અને અનંત પ્રદેશી એક સ્કંધ રૂપ ત્રીજો વિભાગ થાય છે. " अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ दुप्पएसिए, एगयओ अणंतपएसिए खंधे भवइ " અથવા–એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ, બીજા વિભાગમાં દ્વિપ્રદેશિક એક સ્કંધ અને ત્રીજા વિભાગમાં અનંત પ્રદેશી એક સ્કંધ હોય છે. " जाव अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ असंखेज्जपएसिए, एगयओ अणंतपएसिए खंधे भवइ " અથવા એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે, બીજા ભાગમાં ત્રણપ્રદેશી, ચારપ્રદેશી, પાંચપ્રદેશી, છ પ્રદેશી, સાત પ્રદેશી, આઠ પ્રદેશી, નવ પ્રદેશી, દસ પ્રદેશી અથવા સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે અને ત્રીજા વિભાગમાં અનંત પ્રદેશી એક સ્કંધ હોય છે. અથવા એક ભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે, બીજા ભાગમાં અસંખ્યાત પ્રદેશી એક સ્કંધ હોય છે અને ત્રીજા ભાગમાં અનંત પ્રદેશી એક સ્કંધ હોય છે. " अहवा–एगयओ परमाणुपोग्गले, एगयओ दो अणंतपएसिया खंधा भवंति " અથવા–એક વિભાગમાં એક પરમાણુ પુદ્ગલ હોય છે અને બાકીના બે વિભાગમાં અનંત પ્રદેશી બે એક સ્કંધ હોય છે. " अहवा–एगयओ दुप्पएसिए, एगयओ दो अणंतपएसिया खंधा भवंति " અથવા એક

ભાગમાં દ્વિપ્રદેશિક એક સ્કંધ હોય છે અને બાકીના બે વિભાગોમાં અનંત-પ્રદેશી એક એક સ્કંધ હોય છે. "एवं जाव अहवा एगयओ दस पएसिए, एगयओ दो अणंतपएसिया खंधा भवंति" એજ પ્રમાણે પૂર્વોકત પદ્ધતિ અનુસાર એક ભાગમાં ત્રણપ્રદેશી, ચારપ્રદેશી, પાંચ પ્રદેશી, છ પ્રદેશી, સાત પ્રદેશી, આઠ પ્રદેશી, નવ પ્રદેશી અથવા દસ પ્રદેશી સ્કંધ હોય છે અને બાકીના બે ભાગોમાં અનંતપ્રદેશી એક એક સ્કંધ હોય છે. "अहवा-एगयओ संखेज्जपएसिए खंधे, एगयओ दो अणंतपएसिया खंधा भवंति" અથવા એક ભાગમાં એક સંખ્યાત પ્રદેશી સ્કંધ હોય છે અને બાકીના બે વિભાગોમાં એક એક અનંતપ્રદેશી સ્કંધ હોય છે. 'अहवा-एगयओ असंखेज्जपएसिए खंधे, एगयओ दो अणंतपएसिया खंधा भवंति" અથવા અસંખ્યાત પ્રદેશી સ્કંધ રૂપ એક વિભાગ થાય છે અને અનંત પ્રદેશી એક એક સ્કંધરૂપ બે વિભાગો થાય છે. "अहवा-तिन्नि अणंतपएसिया खंधा भवंति" અથવા અનંત પ્રદેશી ત્રણ સ્કંધ રૂપ ત્રણ ભાગો પણ થઈ શકે છે. "चउहा कज्जमाणे एगयओ तिन्नि परमाणुपोग्गले, एगयओ अणंतपएसिए खंधे भवइ" તે અનંત પ્રદેશી સ્કંધના જ્યારે ચાર વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલ-વાળા ત્રણ વિભાગો થાય છે અને અનંત પ્રદેશી સ્કંધ રૂપ ચોથો વિભાગ થાય છે. "एवं चउक्कसंजोगो जाव असंखेज्जगसंजोगो" ત્યાર બાદના ચતુષ્ક-સંયોગી, પંચકસંયોગી, ષટ્કસંયોગી, સપ્તકસંયોગી, અષ્ટકસંયોગી, નવકસંયોગી, દશકસંયોગી, સંખ્યેયકસંયોગી અને અસંખ્યેકસંયોગી વિકલ્પોનું કથન પૂર્વોકત પદ્ધતિ અનુસાર કરવું જોઇએ. "एए सव्वे जहेव असंखेज्जाणं भणिया तहेव अणंताणा वि भाणियव्वा" અસંખ્યાત પ્રદેશી સ્કંધના સંબંધમાં જેવા વિકલ્પો પ્રકટ કરવામાં આવ્યા છે, એવાં જ વિકલ્પો અનંત પ્રદેશી સ્કંધના ઉપર્યુકત વિભાગો વિષે પણ સમજવા જોઇએ. "नवरं एक्कं अणंतगं अब्भ-हियं जाव" પરન્તુ અસંખ્યાત પ્રદેશી સ્કંધના આલાપકો કરતા અનંત પ્રદેશી સ્કંધના આલાપકોમાં એટલી જ વિશેષતા છે કે તે આલાપકોમાં જ્યાં 'असंख्यात' પદ આવે છે, ત્યાં આ આલાપકોમાં "अनंत" પદ મૂકવું જોઇએ. "अहवा एगयओ संखेज्जा संखिज्जपएसिया खंधा, एगयओ अणंतपए सिया खंधा भवंति" અથવા સંખ્યાત પ્રદેશોવાળા સંખ્યાત સ્કંધો રૂપ સંખ્યાત વિભાગો થાય છે અને અનંત પ્રદેશી સ્કંધો રૂપ અન્ય વિભાગો હોય છે. "अहवा-एगयओ संखेज्जा असंखेज्जपएसिया खंधा, एगयओ अणंत-पएसिए खंधे भवइ" અથવા અસંખ્યાત પ્રદેશોવાળા સંખ્યાત સ્કંધો અને અનંત પ્રદેશોવાળો એક સ્કંધ બને છે. "अहवा-संखिज्जा अणंतपएसिया खंधा भवंति" અથવા અનંત પ્રદેશોવાળા સંખ્યાત સ્કંધો બને છે. असंखेज्जहा कज्जमाणे एगयओ असंखेज्जा परमाणुपोग्गला, एगयओ अणंतपएसिए खंधे भवइ"

જ્યારે તે અનંત પ્રદેશી સ્કંધના અસંખ્યાત વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગલવાળા અસંખ્યાત વિભાગો અને અનંત પ્રદેશોવાળા એક સ્કંધમાં તે અનંત પ્રદેશી સ્કંધ વિભક્ત થઈ જાય છે. "अहवा-एगयओ असंखिज्जा दुप्पएसिया खंधा, एगयओ अणंतपएसिए खंधे भवइ" અથવા દ્વિપ્રદેશિક સ્કંધ રૂપ અસંખ્યાત વિભાગો થાય છે અને અનંત પ્રદેશી સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "जाव अहवा एगयओ असंखेज्जा संखिज्जपएसिया, एगयओ अणंतपएसिए खंधे भवइ" અથવા ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અથવા દસ પ્રદેશોવાળા સ્કંધોરૂપ અસંખ્યાત વિભાગો થાય છે અને અનંત પ્રદેશી સ્કંધ રૂપ એક વિભાગ થાય છે અથવા સંખ્યાત પ્રદેશોવાળા સ્કંધો રૂપ અસંખ્યાત વિભાગો થાય છે અને અનંતપ્રદેશી સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-एगयओ असंखिज्जा असंखिज्जपएसिया खंधा, एगयओ अणंतपएसिए खंधे भवइ" અથવા અસંખ્યાત પ્રદેશોવાળા સ્કંધો રૂપ અસંખ્યાત વિભાગો થાય છે અને અનંત પ્રદેશી સ્કંધ રૂપ એક વિભાગ થાય છે. "अहवा-असंखेज्जा अणंतपएसिया खंधा भवंति" અથવા અસંખ્યાત અનંત પ્રદેશિક સ્કંધો રૂપે પણ તે અનંત પ્રદેશી સ્કંધ વિભક્ત થઈ શકે છે. "अणंतहा कज्जमाणे अणंता परमाणुपोग्गला भवंति" જ્યારે તે અનંત પ્રદેશી સ્કંધના અનંત વિભાગો કરવામાં આવે છે, ત્યારે એક એક પરમાણુ પુદ્ગવાળા અનંત વિભાગોમાં તે સ્કંધ વિભક્ત થઈ જાય છે.

હવે દ્વિપ્રદેશિકથી લઇને અનંતપ્રદેશી પર્યન્તના પ્રત્યેક સ્કંધના જ્યારે વિભાગો કરવામાં આવે છે, ત્યારે કેટલા વિકલ્પો બને છે, તે પ્રકટ કરવામાં આવે છે—

દ્વિપ્રદેશી સ્કંધના વિભાગમાં એક વિકલ્પ, ત્રિપ્રદેશી સ્કંધના વિભાગમાં બે વિકલ્પ, ચાર પ્રદેશી સ્કંધના વિભાગમાં ચાર વિકલ્પ, પાંચ પ્રદેશી સ્કંધના વિભાગમાં છ વિકલ્પ, છ પ્રદેશી સ્કંધના વિભાગમાં ૧૦ વિકલ્પ, સાત પ્રદેશી સ્કંધના વિભાગમાં ૧૪ વિકલ્પ, આઠ પ્રદેશી સ્કંધના વિભાગમાં ૨૧ વિકલ્પ, નવપ્રદેશી સ્કંધના વિભાગમાં ૨૮ વિકલ્પ, અને દસ પ્રદેશી સ્કંધના વિભાગોમાં ૪૦ વિકલ્પ થાય છે. સંખ્યાત પ્રદેશી સ્કંધના બે વિભાગ કરવામાં આવે ત્યારે ૧૧ વિકલ્પ, ત્રણ વિભાગ કરવામાં આવે ત્યારે ૨૧ વિકલ્પ, ચારથી લઇને દસ પર્યન્તના વિભાગ કરવામાં આવે ત્યારે અનુક્રમે ૩૧, ૪૧, ૫૧, ૬૧, ૭૧, ૮૧, અને ૯૧ વિકલ્પ અને સંખ્યાત વિભાગો કરવામાં આવે ત્યારે માત્ર એક જ વિકલ્પ બને છે. એજ વાત નીચેના સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે-"संखेज्जहा कज्जमाणे संखेज्जा परमाणुपोग्गला भवंति त्ति" અસંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે બે વિભાગ કરવામાં આવે છે, ત્યારે ૧૨ વિકલ્પો અને ત્રણથી લઇને ૧૦ પર્યન્તના વિભાગો કરવામાં આવે ત્યારે અનુક્રમે ૨૩, ૩૪, ૪૫, ૫૬, ૬૭, ૭૮, ૮૯ અને

૧૦૦ વિકલ્પો બને છે. અસંખ્યાત પ્રદેશી સ્કંધના જ્યારે સંખ્યાત વિભાગો કરવામાં આવે છે ત્યારે ૧૨ અને અસંખ્યાત વિભાગો કરવામાં આવે ત્યારે એક જ વિકલ્પ બને છે. એજ વાત "असंखेज्जा परमाणुपोग्गला भवंति" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. અનંત પ્રદેશિક સ્કંધના બે વિભાગો કરવામાં આવે ત્યારે ૧૩ વિકલ્પો, ત્રણથી લઈને અસંખ્યાત પર્યન્તના વિભાગો કરવામાં આવે ત્યારે અનુક્રમે ૨૫, ૩૭, ૪૯, ૬૧, ૭૩, ૮૫, ૯૭, ૧૦૯, ૧૨ અને ૧૩ વિકલ્પો બને છે. અને જ્યારે તેના અનંત વિભાગો કરવામાં આવે છે ત્યારે એક જ વિકલ્પ બને છે. એજ વાત "अणंतहा कज्जमाणे अणंता परमाणुपोग्गला भवंति" त्ति" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે. ॥સૂ૦૧॥

संहनन के भेद से पुद्गल परिवर्तन का निरूपण

—पुद्गलपरिवर्त्तवक्तव्यता—

"एएसिणं भंते! परमाणुपोग्गलाणं" इत्यादि—

टीकार्थ–આગલા સૂત્રમાં પુદ્ગલોના સંયોગ આદિનું કથન કરવામાં આવ્યું છે, એજ વાતનું સૂત્રકાર હવે અન્ય પ્રકારે પ્રતિપાદન કરે છે–एएसिणं भंते! परमाणुपोग्गलाणं संहणणा भेयाणुवाएणं पोग्गल परियट्टा समणुगंतव्वा भवंतीति मक्खाया" સંહનન એટલે સંઘાત અને ભેદ એટલે વિયોગ અથવા અલગ થવું તે જેટલાં પુદ્ગલ દ્રવ્યો છે, તેમની સાથે પરમાણુઓનો જે સંયોગ–એકી ભાવરૂપ સંબંધ–અને વિયોગ થતો રહે છે, તેનું જ નામ 'સંહનન-ભેદાનુપાત' છે. આ સંહનન અને ભેદની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો એક પુદ્ગલપરમાણુ પણ બે અણુવાળાથી લઈને અનંત પર્યંતના અણુ-ઓવાળાં દ્રવ્યોની સાથે સંયુકત થવા રૂપ અનંત પરાવર્તો પ્રાપ્ત કરતું રહે છે. પુદ્ગલપરમાણુ પોતે જ અનંત છે, અને તેઓ પ્રત્યેક દ્રવ્યની સાથે મળતાં રહે છે, અને તે દ્રવ્યોમાંથી અલગ થતાં રહે છે, એજ તેમનો પરિવર્તભાવ છે. પ્રત્યેક પરમાણુની સાથે એવો પરિવર્તભાવ થતો રહે છે. આ રીતે પ્રત્યેક પરમાણુનો પરિવર્તભાવ અનંત હોય છે. એજ કારણે તે પરિવર્તભાવને અહીં અનંતાનંત કહેવામાં આવ્યો છે. અનંતના અનંતગણાં કરવાથી અનંતાનંત આવે છે. અહીં એજ વાતને અનુલક્ષીને ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછયો છે કે....હે ભગવન્! પુદ્ગલદ્રવ્યોની સાથે પરમાણુઓના સંયોગ આદિ રૂપ જે અનંતાનંત પુદ્ગલપરિવર્ત થતાં રહે છે, તે શું જાણવા લાયક હોવાને કારણે તેમનું અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! एएसिंणं परमाणुपोग्गलाणं साहणणा जाव मक्खाया " હા, ગૌતમ ! આ પૂર્વોક્ત પરમાણુ પુદ્ગલોના સંયોગવિયોગરૂપ સંહનનભેદાનુપાતથી જાયમાન (જનિત) અનંતાનંત પુદ્ગલપરાવર્ત થતા રહે છે, આ વિષય જાણવા જેવો છે. તે કારણે જ અહીં તેની પ્રરૂપણા કરવામાં આવી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" कइविहेणं भंते ! पोग्गलपरियट्टे पण्णत्ते " હે ભગવાન્ ! પુદ્ગલપરાવર્તના કેટલા પ્રકારો કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " सत्तविहा पोग्गलपरियट्टा पण्णत्ता " પુદ્ગલપરાવર્તના સાત પ્રકારો કહ્યા છે. " तंजहा " તે પ્રકારો નીચે પ્રમાણે છે–" ओरालियपोग्गलपरियट्टे " ઔદારિકપુદ્ગલપરાવર્ત, " वेउव्वियपोग्गलपरियट्टे " વૈક્રિયપુદ્ગલપરાવર્ત, " तेयापोग्गलपरियट्टे " તૈજસપુદ્ગલપરિવર્ત "कम्मपोग्गलपयरियट्टे" કાર્મણપુદ્ગલપરાવર્ત, "मणपोग्गपरियट्टे" મનઃપુદ્ગલપરિવર્ત, " वइपोग्गलपरियट्टे " વચ પુદ્ગલપરિવર્ત, અને " आणापाणुपोग्गलपरियट्टे " આનપ્રાણ પુદ્ગલપરિવર્ત ઔદારિક શરીરમાં રહેલા જીવ દ્વારા જે ઔદારિક શરીરને યોગ્ય દ્રવ્યોને ઔદારિક શરીરરૂપે સંપૂર્ણરૂપે ગ્રહણ કરવામાં આવે છે, તેનું નામ ઔદારિક પુદ્ગલપરિવર્ત છે. એજ પ્રમાણે વૈક્રિયપુદ્ગલપરિવર્ત આદિ વિષે પણ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" नेरइयाणं भंते ! कइविहे पोग्गलपरियट्टे पण्णत्ते?" હે ભગવન્ ! નારકોમાં કેટલા પ્રકારના પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરનારા નારકોમાં " सत्तविहे पोग्गलपरियट्टे पण्णत्ते " સાત પ્રકારના પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ કહ્યો છે. " तंजहा " તે સાત પ્રકારો નીચે પ્રમાણે છે–"ओरालियपोग्गलपरियट्टे, वेउव्वियपोग्गलपरियट्टे, तेयापोग्गलपरियट्टे, कम्मापोग्गलपारयट्टे, मणपोग्गलपरियट्टे, वइपोग्गलपरियट्टे आणापाणुपोग्गलपरियट्टे " (૧) ઔદારિકપુદ્ગલપરિવર્ત, (૨) વૈક્રિયપુદ્ગલપરિવર્ત, (૩) તૈજસપુદ્ગલપરિવર્ત, (૪) કાર્મણપુદ્ગલપરિવર્ત, (૫) મનઃપુદ્ગલપરિવર્ત, (૬) વચનપુદ્ગલપરિવર્ત, અને (૭) આનપ્રાણપુદ્ગલપરિવર્ત આનપ્રાણપુદ્ગલપરિવર્તનું બીજું નામ શ્વાસોચ્છ્વાસ પુદ્ગલપરિવર્ત પણ છે. વૈમાનિક દેવ પર્યન્તના જીવોના પુદ્ગલપરિવર્ત વિષે નારકોના પુદ્ગલપરિવર્તના જેવું જ કથન સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एगमेगस्स णं भंते ! नेरइयस्स केवइया ओरालियपोग्गलपरियट्टा " હે ભગવન્ ! એક એક નારકના કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત થઈ ચુકયા છે ? એટલે કે એક એક નારકે કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત કર્યાં છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंता" હે ગૌતમ ! એક એક નારકમાં અનંત પુદ્ગલપરિવર્ત થઈ ચુકયા છે, કારણ કે અતીતકાળ અનાદિ છે, અને જીવ પણ અનાદિ છે તથા જીવની સંસારદશામાં અપરાપર પુદ્ગલ ગ્રહણ કરવાની સ્વરૂપતા (સંભવિતતા) છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–केवइया पुरेक्खडा ?" હે ભગવન્ ! એક એક નારકના ભવિષ્યકાળભાવી કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"कस्सइ अत्थि, कस्सइ नत्थि" હે ગૌતમ ! દૂરભવિક અને અભવ્ય હોવાને કારણે કોઈ નારક જીવમાં ભવિષ્યકાળભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે, અને કોઇ નારક જીવમાં ભવિષ્યકાળભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી, કારણ કે જે જીવ નરકાદિમાંથી નીકળીને મનુષ્ય ભવમાં ઉત્પન્ન થઇને સિદ્ધિ પ્રાપ્ત કરશે તેમનામાં તથા સંખ્યાત અથવા અસંખ્યાત ભવો કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે તેમનામાં પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી કારણ કે આ ઔદારિક પુદ્ગલપરિવર્ત અનંતકાળમાં પૂરણીય હોય છે. "जस्सत्थि जहण्णेणं-एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा वा, अणंतावा" જે નારક જીવમાં ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે, તેમને તે ઓછામાં ઓછા એક અથવા બે અથવા ત્રણ થશે અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત થશે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एगमेगस्स णं भंते ! असुरकुमारस्स केवइया ओरालियपोग्गलपरियट्टा अईया ?" હે ભગવન્ ! એક એક અસુરકુમારના કેટલા પુદ્ગલપરિવર્ત થઇ ચુકયા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव एवं जाव वेमाणियस्स" હે ગૌતમ ! આ વિષયને અનુલક્ષીને એક નારક જીવના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ સમજવું. એટલે કે એક એક અસુરકુમારના ભૂતકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્ત અનંત થઈ ચુકયા છે. એજ પ્રમાણે એક એક વૈમાનિક પર્યન્તના દેવના પણ ભૂતકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્ત અનંત થઈ ચુકયા છે. ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્ત વિષે પણ નારકોના ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તના જેવું જ કથન સમજવું એટલે કે કોઈ ભવનપતિમાં ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી અને કોઇમાં ભાવી ઔદારિક ભાવી પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે. વૈમાનિક દેવો પર્યન્તના જીવો વિષે પણ આ પ્રકારનું જ કથન ગ્રહણ કરવું જોઇએ. જે જીવમાં ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે, તે જીવમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણનો અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હશે, એમ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एगमेगस्स णं भंते ! नेरइयस्स केवइया वेउव्विय पोग्गलपरियट्टा अईया ?" હે ભગવન્ ! એક એક નારકે ભૂતકાળમાં કેટલા વૈક્રિય પુદ્ગલપરિવર્ત કર્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अणंता, एवं जहेव ओरालियपोग्गलपरियट्टा तहेव वेउव्वियपोग्गलपरियट्टा वि भाणियव्वा " હે ગૌતમ ! એક એક નારક ભૂતકાળમાં અનંત વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરી ચુકયો છે. પહેલાં ઔદારિક પુદ્ગલપરિવર્તના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં વૈક્રિયપુદ્ગલપરિવર્ત વિષે પણ ગ્રહણ કરવાનું છે. " एवं जाव वेमाणियस्स एवं जाव आणापाणु पोग्गलपरियट्टा, एए एगत्तिया सत्त दंडगा भवंति " આ પૂર્વોક્ત રીત અનુસાર વૈમાનિક પર્યન્તના એક જીવના ભૂતકાલિક વૈક્રિયપુદ્ગલપરિવર્ત અનંત થઇ ચુકયા છે, તથા ભાવી વૈક્રિયપુદ્ગલપરિવર્ત જઘન્ય (ઓછામાંઓછા) એક, બે અથવા ત્રણ થશે અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત થશે–પૂર્વોકત ઔદારિક અને વૈક્રિયપુદ્ગલપરિવર્તની જેમ જ ભૂતકાલીન તૈજસપુદ્ગલપરિવર્ત, કાર્મણપુદ્ગલપરિવર્ત, મનઃપુદ્ગલપરિવર્ત, વચઃપુદ્ગલપરિવર્ત અને આનપ્રાણપુદ્ગલપરિવર્ત પણ એક એક નારકથી લઇને વૈમાનિક પર્યન્તના જીવ દ્વારા અનંત થઇ ચુકયા છે, તથા આનપ્રાણપુદ્ગલપરિવર્ત પર્યન્તના જે સાતે ભાવી પરિવર્તો છે, તે જઘન્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો એક, બે, અથવા ત્રણ થશે અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ વિચારવામાં આવે તો સંખ્યાત અસંખ્યાત અથવા અનંત થશે આ રીતે પૂર્વોકિત નારક આદિ વૈમાનિક પર્યન્તના ૨૪ દંડકના જીવોને વિષે સાત પ્રકારના પુદ્ગલપરિવર્તને અનુલક્ષીને સાત–સાત પ્રશ્નોત્તરો સમજવા જોઇએ આ પ્રકારે એક એક નારકાદિ વિષે સાત દંડક સમજવાના છે.

હવે ગૌતમ સ્વામી બહુવચનનો આધાર લઇને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" नेरइयाणं भंते ! केवइया ओरालियपोग्गलपरियट्टा ? " હે ભગવન્ ! નારક જીવોના ભૂતકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્ત કેટલા થઇ ચુકયા છે ? ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " अणंता " નારક જીવોએ ભૂતકાળમાં અનંત ઔદારિકપુદ્ગલપરિવર્ત કર્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" હે ભગવન્ ! નારક જીવોના ભાવી ઔદારિકપુદ્ગલ પરિવર્ત કેટલા થશે ? ઉત્તર–" अणंता " હે ગૌતમ ! નારક જીવો ભવિષ્યમાં અનંત ઔદારિક પુદ્ગલપરિવર્ત કરશે વૈમાનિક પર્યન્તના જીવોના ભૂત અને ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તના વિષયમાં પણ નારકોના ભૂત અને ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તના જેવું જ કથન ગ્રહણ કરવું જોઇએ.

" एवं वेउव्वियपोग्गलपरियट्टा वि, एवं जाव आणापाणुपोग्गलपरियट्टा वेमाणियाणं " એજ પ્રમાણે નારકોથી લઇને વૈમાનિકો પર્યન્તના જીવોના ભૂતકાલીન અને ભવિષ્યકાલીન વૈક્રિયપુદ્ગલપરિવર્તો પણ અનંત જ સમજવા એજ પ્રમાણે તેમના આણુપ્રાણુપુદ્ગલપરિવર્ત પર્યંતના પરિવર્તો પણ અનંત જ સમજવા. " एवं एए पोहत्तिया सत्त चउव्वीसइदंडगा " આ પ્રકારે નારકોથી

લઈને વૈમાનિકો પર્યન્તના ૨૪ દંડકના જીવોમાંના પ્રત્યેક દંડકના જીવો વિષે બહુવચન વિષયક સાત સાત આલાપકો થાય છે આ એકત્વ અને બહુત્વ દંડકોમાં એટલો જ તફાવત છે કે-"એકત્વ દંડકોમાં કોઈ જીવના ભાવી પુદ્ગલપરિવર્તનો અભાવ બતાવવામાં આવ્યો છે પરન્તુ બહુત્વ દંડકમાં તો સઘળા જીવોમાં ભાવી પુદ્ગલપરાવર્તનો સદ્ભાવ અવશ્ય હોય જ છે, એમ કહેવામાં આવ્યું છે, કારણ કે ત્યાં સમુચ્ચય રૂપે જીવોની વાત કરવામાં આવી છે."

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"एगमेगस्स णं भंते ! नेरइयस्स नेरइत्ते केवइया ओरालियपोग्गलपरियट्टा अईया ?" હે ભગવન્ ! એક એક નારકને નારકાવસ્થામાં ભૂતકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્ત કેટલા થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"नत्थि एक्को वि" એક એક નારકને નારકાવસ્થામાં ભૂતકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્ત એક પણ સંભવી શકતો નથી, કારણ કે નારક અવસ્થામાં રહેલા જીવમાં (નારક જીવમાં) ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરવાનો જ અભાવ રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"केवइया पुरेक्खडा ?" હે ભગવન્ ! નારક અવસ્થામાં રહેલા એવા એક એક નારકના ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્ત કેટલા કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"नत्थि एक्को वि" હે ગૌતમ ! નારક અવસ્થામાં રહેલા એક એક નારક જીવમાં ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્ત એક પણ સંભવી શકતા નથી કારણ કે એવો જીવ ઔદારિક પુદ્ગલોને જ ગ્રહણ કરતો નથી તેથી ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરવાનો જ જ્યાં અભાવ હોય ત્યાં ભવિષ્યમાં તેમના પરિવર્તની વાત જ કેવી રીતે સંભવી શકે ! એટલે કે ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો ત્યાં અભાવ જ રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"एगमेगस्स णं भंते ! नेरइयस्स असुरकुमारत्ते केवइया ओरालियपोग्गलपरियट्टा ?" હે ભગવન્ ! એક એક નારકને વર્તમાનકાલિક નારકભવને યોગ્ય જીવને-અતીતઅનાગત કાળસંબંધી અસુરકુમારાવસ્થામાં અતીતકાલિક કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત થાય છે ? તથા કેટલા ભાવી ઔદારિક પરિવર્ત થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"एवं चेव, एवं जाव थणियकुमारत्ते, जहा असुरकुमारत्ते" હે ગૌતમ ! નારકભવયોગ્ય એક એક નારકમાં અતીત અનાગત કાળસંબંધી અસુરકુમારાવસ્થામાં ભૂતકાલિક અને ભવિષ્યકાલિક એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી તેનું કારણ નારકસૂત્રમાં કહ્યા પ્રમાણે જ સમજવાનું છે વર્તમાનકાલિક એક એક નારકને અતીત અનાગતકાળસંબંધી સ્તનિતકુમાર પર્યન્તની અવસ્થામાં પણ અસુરકુમારાવસ્થાની જેમ ભૂતકાલિક એક પણ ઔદારિક પરિવર્તનો અને ભવિષ્યકાલિક એક પણ ઔદારિક પરિવર્તનો પણ અભાવ જ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"एगमेगस्स णं भंते ! नेरइयस्स पुढविकाइयत्ते

केवइया ओरालियपोग्गलपरियट्टा अईया? " હે ભગવન્ ! વર્તમાનકાલિક એક એક નારકને અતીત અનાગત કાળસંબંધી પૃથ્વીકાયિક અવસ્થામાં ભૂતકાલિક કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अणंता " હે ગૌતમ ! વર્તમાનકાલિક એક એક નારકને અતીત અનાગત કાળસંબંધી પૃથ્વીકાયિક અવસ્થામાં ભૂતકાલિક ઔદારિક પરિવર્ત અનંત થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइया पुरेक्खडा?" હે ભગવન્ ! એક એક નારકને અતીત અનાગત કાળસંબંધી પૃથ્વીકાયિક અવસ્થામાં ભવિષ્યકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્ત કેટલા થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" कस्सइ अत्थि, कस्सइ नत्थि " હે ગૌતમ ! કોઈ એક નારકને પૃથ્વીકાયિક અવસ્થામાં ભાવી ઔદારિક પુદ્ગલ પરિવર્ત થાય છે, તથા કોઈ એક નારકને ભાવી ઔદારિક પુદ્ગલ પરિવર્ત થતા નથી, " जस्स अत्थि, तस्स जहण्णेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा वा, अणंता वा, एवं जाव मणुस्सत्ते " જે નારકને પૃથ્વીકાયિક અવસ્થામાં ભાવી ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે, ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણનો સદ્ભાવ હોય છે અને વધારેમાં વધારે સંખ્યાત અથવા અસંખ્યાત અથવા અનંત ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ રહે છે. આ પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર એક એક નારકના અતીત અનાગત કાળ-ભાવી અપ્કાયિક અવસ્થામાં, તૈજસ્કાયિક અવસ્થામાં, વાયુકાયિક અવસ્થામાં, વનસ્પતિકાયિક અવસ્થામાં, વિકલેન્દ્રિય અવસ્થામાં, પંચેન્દ્રિય તિર્યંગ્યોનિક અવસ્થામાં અને મનુષ્ય અવસ્થામાં ભૂતકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્ત અનંત થાય છે, તથા ભવિષ્યકાળભાવી ઔદારિક પુદ્ગલ પરિવર્તનો કોઈ જીવમાં સદ્ભાવ હોય છે, અને કોઈ જીવમાં અભાવ હોય છે. " वाणमंतरजोइसिय-वेमाणियत्ते जहा जहा असुरकुमारत्ते " નારક અવસ્થામાં વર્તમાન એવા એક નારક જીવના અતીત અને અનાગત કાળસંબંધી વાનવ્યંતર અવસ્થામાં, જ્યોતિષિક અવસ્થામાં અને વૈમાનિક અવસ્થામાં અતીતકાળસંબંધી અસુર-કુમારાવસ્થાની જેમ ભૂતકાળસંબંધી એક પણ ઔદારિક પુદ્ગલ પરિવર્તનો સદ્ભાવ હોતો નથી, અને ભવિષ્યકાળસંબંધી અસુરકુમારાવસ્થાની જેમ ભવિષ્ય-કાલિક એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો પણ સદ્ભાવ હોતો નથી.

ગૌતમ સ્વામી પ્રશ્ન–" एगमेगस्स णं भंते ! असुरकुमारस्स नेरइयत्ते केव-इया अईया ओरालियपोग्गलपरियट्टा? " હે ભગવન્ ! પ્રત્યેક અસુરકુમાર કે જે અસુરકુમારાવસ્થામાં રહેલો છે, તેણે અતીતકાળ અને અનાગતકાળ સંબંધી નૈરયિક અવસ્થામાં, ભૂતકાલિક કેટલા ઔદારિક પુદ્ગલ પરિવર્ત કર્યાં છે? અને ભવિષ્યકાલિક કેટલા ઔદારિક પુદ્ગલ પરિવર્ત કરશે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहा नेरइयस्स वत्तव्वया भणिया, तहा असुरकुमारस्स वि भाणियव्वा जाव वेमाणियत्ते " હે ગૌતમ ! વર્તમાન નારકાવસ્થાવાળા જીવની ભૂત અને ભવિષ્યકાલીન અસુરકુમારાવસ્થાને અનુલક્ષીને જેવું કથન પહેલાં કરવામાં આવ્યું છે, એવું જ કથન અસુરકુમારની પણ ભૂત અને ભવિષ્યકાળ સંબંધી નારકાવસ્થા વિષે પણ કરવું જોઈએ જેમ કે પ્રત્યેક નારકને ભૂત અને ભવિષ્ય કાલિક અસુરકુમારાવસ્થામાં એક પણ અતીતકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્તનો પણ સદ્ભાવ હોતો નથી અને ભવિષ્યકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્તનો પણ સદ્ભાવ હોતો નથી, એજ પ્રમાણે પ્રત્યેક અસુરકુમારમાં પણ ભૂતકાલિક નારકાવસ્થામાં એક પણ અતીત પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી અને ભવિષ્યકાલિક એક પણ પુદ્ગલપરિવર્તનો પણ સદ્ભાવ હોતો નથી એજ પ્રમાણે પ્રત્યેક અસુરકુમારની અતીત અને અનાગત કાળસંબંધી વાનવ્યંતર અવસ્થામાં જ્યોતિષ્ક અવસ્થામાં અને વૈમાનિક અવસ્થામાં એક પણ અતીત ઔદારિક પુદ્ગલ પરિવર્તનો અભાવ હોય છે અને અનાગતકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્તનો પણ અભાવ જ હોય છે, કારણ કે વાનવ્યંતર આદિ અવસ્થાઓમાં ઔદારિક પુદ્ગલોના ગ્રહણનો અભાવ હોય છે. તેના ગ્રહણનો અભાવ હોવાથી તેના પરિવર્તનો પણ અભાવ જ હોય છે ભૂત અને ભવિષ્યકાળ સંબંધી પૃથ્વીકાયિક આદિ અવસ્થામાં, વિકલેન્દ્રિય અવસ્થામાં, પંચેન્દ્રિય તિર્યંગ્યોનિક અવસ્થામાં અને મનુષ્ય અવસ્થામાં પ્રત્યેક અસુરકુમારના અતીત (ભૂતકાલીન) ઔદારિક પુદ્ગલ પરિવર્ત અનંત કહ્યા છે, પરન્તુ ભવિષ્યકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્તનો કોઇ એક અસુરકુમારમાં સદ્ભાવ હોય છે અને કોઈ એકમાં અભાવ હોય છે. જે અસુરકુમારમાં તેનો સદ્ભાવ હોય છે, તે અસુરકુમારમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણનો સદ્ભાવ હોય છે અને વધારેમાં વધારે સંખ્યાત અથવા અસંખ્યાત અથવા અનંતનો સદ્ભાવ હોય છે. " एवं जाव थणियकुमारस्स " અસુરકુમારોના જેવું જ કથન પ્રત્યેક સ્તનિતકુમાર પર્યન્તના ભવનપતિ દેવો વિષે સમજવું જોઈએ પ્રત્યેક સ્તનિતકુમારની ભૂત અને ભવિષ્યકાળ સંબંધી નારકથી લઈને વૈમાનિક પર્યન્તની અવસ્થામાં ભૂતકાલિક એક પણ ઔદારિક પુદ્ગલ પરિવર્તનો અને ભવિષ્યકાલીન એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો અભાવ જ સમજવાનો છે. વિકલેન્દ્રિય અવસ્થામાં, તિર્યંગ્યોનિક પંચેન્દ્રિય અવસ્થામાં, અને મનુષ્ય અવસ્થામાં તો પ્રત્યેક સ્તનિતકુમારમાં ભૂતકાલીન અનંત ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ રહે છે, તથા ભવિષ્યકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્તનો કોઈ સ્તનિતકુમારમાં સદ્ભાવ હોય છે અને કોઇમાં અભાવ હોય છે. જે સ્તનિતકુમારોમાં તેનો સદ્ભાવ હોય છે તે સ્તનિતકુમારમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણનો અને વધારેમાં વધારે સંખ્યાત. અસંખ્યાત અથવા અનંતનો સદ્ભાવ હોય છે. " एवं पुढविकायस्स वि, एवं जाव वेमाणियस्स सव्वेसिं एक्कोगमो " આ પૂર્વોક્ત કથન પ્રમાણે પ્રત્યેક પૃથ્વીકાયિક જીવમાં પણ ભૂત અને ભવિષ્યકાળ સંબંધી નારકાવસ્થામાં, અસુરકુમારાદિ ભવનપતિ અવસ્થામાં, વાનવ્યંતર અવસ્થામાં, જ્યોતિષિક અવસ્થામાં અને વૈમાનિક અવસ્થામાં

અતીતકાલિક એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્ત સંભવતો નથી અને ભવિષ્યકાલિક એક પણ પુદ્ગલપરિવર્ત સંભવતો નથી, કારણ કે નારકથી લઈને વૈમાનિક પર્યન્તના જીવોમાં ઔદારિક પુદ્ગલ ગ્રહણ કરવાનો અભાવ કહ્યો છે. તેના અભાવને લીધે ત્યાં ઔદારિક પુદ્ગલ પરિવર્તનો પણ અભાવ જ કહ્યો છે પરન્તુ સ્વલિન્ન વિકલેન્દ્રિય અવસ્થામાં, પંચેન્દ્રિયતિર્યંચયોનિક અવસ્થામાં અને મનુષ્ય અવસ્થામાં તો ભૂતકાલિક અનંત ઔદારિક પુદ્ગલ પરિવર્તનો સદ્ભાવ કહ્યો છે, તથા ભવિષ્યકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્તનો કોઈ પૃથ્વીકાયિકમાં સદ્ભાવ હોય છે અને કોઈમાં અભાવ હોય છે, ઇત્યાદિ કથન અનુસાર સમજવું એજ પ્રકારની પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર અપ્કાયિકથી લઇને વિકલેન્દ્રિયના, પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવના, મનુષ્યના, વાનવ્યંતરના, જ્યોતિષ્કના, અને વૈમાનિકના પોતપોતાનાથી ભિન્ન એવી નારકથી લઇને ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક પર્યન્તની અતીત અને અનાગત કાળસંબંધી અવસ્થાઓમાં પણ એક પણ ભૂતકાલિન ઔદારિક પુદ્ગલ પરિવર્તનો પણ સદ્ભાવ નથી અને ભવિષ્યકાલિક એક પણ ઔદારિક પુદ્ગલ પરિવર્તનો પણ સદ્ભાવ નથી, કારણ કે નારક આદિ અવસ્થાઓમાં ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરવાનો જ અભાવ હોય છે, તેથી ત્યાં તેમના પરિવર્તની શક્યતા જ હોતી નથી પરન્તુ પોતપોતાનાથી ભિન્ન એવી ભૂત અને ભવિષ્યકાળ સંબંધી વિકલેન્દ્રિય અવસ્થામાં, પંચેન્દ્રિ તિર્યંગ્યોનિક અવસ્થામાં અને મનુષ્ય અવસ્થામાં તો ભૂતકાળ સંબંધી ઔદારિક પુદ્ગલપરિવર્ત યથાયોગ્ય રૂપે અનંત થાય છે, તથા ભવિષ્યકાળ સંબંધી ઔદારિક પુદ્ગલ પરિવર્તનો કોઈ અપ્કાયિક આદિમાં સદ્ભાવ હોય છે અને કોઇમાં અભાવ હોય છે. જે જીવોમાં તેનો સદ્ભાવ હોય છે. તે જીવ ઓછાનાં ઓછા એક બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત ઔદારિક પુદ્ગલપરિવર્ત કરે છે. એજ વાતને અનુલક્ષીને સૂત્રકારે એવું કહ્યું છે કે નારકથી લઈને વૈમાનિક દેવો પર્યન્તના સમસ્ત જીવોનો–૨૪ દંડકના જીવોનો–અભિલાપક્રમ એક સરખો જ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"एगमेगस्स णं भंते ! नेरइयस्स केवइया वेउव्विय पोग्गलपरियट्टा अईया ?" હે ભગવન્! પ્રત્યેક નારકના કેટલા વૈક્રિયપુદ્ગલપરિવર્ત થઇ ચુક્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंता" હે ગૌતમ ! નારક અનંત વૈક્રિય પુદ્ગલપરિવર્ત કરી ચુક્યો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया पुरेक्खडा ?" હે ભગવન્! પ્રત્યેક નારક ભવિષ્યમાં કેટલા વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરશે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एक्कोत्तरिया जाव अणंता" હે ગૌતમ ! પ્રત્યેક નારક ઓછામાં ઓછા એક બે અથવા ત્રણ વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરશે અને કોઈ નારક વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત

વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરશે અને કોઇ નારક એક પણ વૈક્રિયપુદ્ગલપરિવર્ત નહીં કરે. "एवं जाव थणियकुमारत्ते" એજ પ્રમાણે પ્રત્યેક નારકને નારકાવસ્થામાં તથા ભૂત અને ભવિષ્યકાળ સંબંધી અસુરકુમારથી લઈને સ્તનિતકુમાર પર્યન્તની અવસ્થામાં અનંત વૈક્રિયપુદ્ગલપરિવર્ત થઇ ચુકયા છે, તથા ભવિષ્યકાલિક વૈક્રિયપુદ્ગલપરિવર્તનો કોઇમાં સદ્ભાવ હોય છે અને કોઈમાં સદ્ભાવ હોતો નથી જે જીવમાં તેનો સદ્ભાવ હોય છે તે જીવમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણનો અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંતનો સદ્ભાવ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"पुढविकाइयत्ते पुच्छा" હે ભગવન્! પ્રત્યેક નારક પોતપોતાની ભૂત અને ભવિષ્યકાળ સંબંધી પૃથ્વીકાયિક અવસ્થામાં કેટલા વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરી ચુકયો છે?

ઉત્તર–"नत्थि एक्को वि" હે ગૌતમ! પ્રત્યેક નારકે પૃથ્વીકાયિક અવસ્થામાં એક પણ વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરેલ નથી, કારણ કે પૃથ્વીકાયિક અવસ્થામાં રહેલો જીવ વૈક્રિયપુદ્ગલપરિવર્ત પણ સંભવી શકતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया पुरेक्खडा?" હે ભગવન્! પ્રત્યેક નારક પોતાની ભવિષ્યકાલીન પૃથ્વીકાયિક અવસ્થામાં કેટલા વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરશે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"नत्थि एक्को वि" હે ગૌતમ! પ્રત્યેક નારકની આગામીકાળની પૃથ્વીકાયિક અવસ્થામાં એક પણ વક્રિયપુદ્ગલપરિવર્તનો સદ્ભાવ નહીં હોય, કારણ કે તે અવસ્થામાં વૈક્રિય પુદ્ગલોને ગ્રહણ કરવાનો જ અભાવ હોય છે "एवं जत्थ वेउव्वियसरीरं अत्थि तत्थ एगुत्तरिओ" જે ભવમાં વૈક્રિયશરીરનો સદ્ભાવ હોય છે તે ભવમાં (વાયુકાયિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્ય, વાનવ્યંતર આદિકોમાં વૈક્રિયશરીરનો સદ્ભાવ હોય છે) ભૂતકાલીન એક, બે અથવા ત્રણ ઓછામા ઓછા વૈક્રિયપુદ્ગલપરિવર્ત સંભવી શકે છે અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત વૈક્રિયપુદ્ગલપરિવર્ત વ્યતીત થઇ ચુકયા છે. "जत्थ नत्थि तत्थ जहा पुढविकाइयत्ते तहा भाणियव्वं, जाव वेमाणियस्स वेमाणियत्ते" અપ્કાયિક ભવમાં વૈક્રિય શરીરનો સદ્ભાવ હોતો નથી, ત્યાં પૃથ્વીકાયિકોના જેવું જ વૈક્રિયપુદ્ગલપરિવર્તનું કથન કરવું જોઈએ આ કથનનો ભાવાર્થ એ છે કે અપ્કાયિકાવસ્થામાં ભૂતકાલિક વૈક્રિય પુદ્ગલપરિવર્તનો પણ અભાવ સમજવાનો છે અને ભવિષ્યકાલિક વૈક્રિય પુદ્ગલપરિવર્તનો પણ અભાવ સમજવાનો છે. એજ પ્રમાણે અસુરકુમારાદિ ભવનપતિના, પૃથ્વીકાયિકાદિના, વિકલેન્દ્રિયના, મનુષ્યના, પંચેન્દ્રિયતિર્યંચના, વાનવ્યંતરના, જ્યોતિષિકના અને વૈમાનિકના અપ્કાય આદિ ભવમાં, વિકલેન્દ્રિયભવમાં, મનુષ્યભવમાં, પંચેન્દ્રિયતિર્યંચભવમાં,

ભવનપતિભવમાં, વાનવ્યંતરભવમાં, જ્યોતિષ્કભવમાં અને વૈમાનિકભવમાં યથાયોગ્ય રૂપે ભૂત અને ભવિષ્યકાળ સંબંધી વૈક્રિય પુદ્ગલપરિવર્ત વાચકે પોતાની જાતે જ સમજી લેવો જોઈએ.

"तेया पोग्गलपरियट्टा, कम्मापोग्गलपरियट्टा य सव्वत्थ एक्कोत्तरिया भाणियव्वा" નારકાદિ ૨૪ દંડકોના સમસ્ત જીવોમાં તૈજસપુદ્ગલપરિવર્ત અને કાર્મણપુદ્ગલપરિવર્ત જઘન્ય એક, બે અથવા ત્રણ સુધી અને અધિકમાં અધિક સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત સુધી સંભવી શકે છે, કારણ કે તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો સમસ્ત જીવોમાં સદ્ભાવ હોય છે. "मणपोग्गलपरियट्टा सव्वेसु पंचिंदिएसु एगोत्तरिया" મનુષ્ય આદિ સમસ્ત પંચેન્દ્રિય જીવોમાં જ મનઃપુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે. તે જીવોમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત મનઃપુદ્ગલપરિવર્ત સંભવી શકે છે.

"विगलिंदिएसु नत्थि" પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિય જીવોમાં તથા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયરૂપ વિકલેન્દ્રિય જીવોમાં અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં મનઃપુદ્ગલપરિવર્તનો અભાવ હોય છે. એકેન્દ્રિય જીવોમાં પણ ઈન્દ્રિયોની અસંપૂર્ણતા અને મનોવૃત્તિનો અભાવ હોવાથી મનઃપુદ્ગલ પરિવર્તનો સદ્ભાવ હોતો નથી.

"वइ पोग्गलपरियट्टा एवं चेव" સમસ્ત નારકાદિ જીવોમાં તૈજસ પુદ્ગલપરિવર્તની જેમ વચઃપુદ્ગલપરિવર્તનો પણ સદ્ભાવ સમજવો જોઈએ. પરન્તુ "नवरं एगिंदिएसु नत्थि भाणियव्वा" એકેન્દ્રિય જીવોમાં વાગ્યોગનો અભાવ હોય છે, તે કારણે તે જીવોમાં વચઃપુદ્ગલપરિવર્તનો પણ અભાવ જ કહેવો જોઈએ. "आणापाणुपोग्गलपरियट्टा सव्वत्थ एक्कोत्तरिया जाव वेमाणियस्स वेमाणियत्ते" નારકાદિ ચોવીશ દંડકના જીવોમાં આનપ્રાણ પુદ્ગલપરિવર્ત ઓછામાં ઓછો એક, બે અથવા ત્રણ સુધી અને વધારેમાં વધારે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત સુધી સંભવી શકે છે પ્રત્યેક નારકના, અસુરકુમારાદિ ભવનપતિના, પૃથ્વીકાયિકથી લઈને ચતુરિન્દ્રિયના, મનુષ્યના, પંચેન્દ્રિયતિર્યંચના; વાનવ્યંતરના, જ્યોતિષ્કના અને વૈમાનિકના અનુક્રમે પોતપોતા કરતાં ભિન્ન એવાં ભવિષ્યકાળસંબંધી નારકભવમાં, ભવનપતિભવમાં, વિકલેન્દ્રિયભવમાં, મનુષ્યભવમાં, પંચેન્દ્રિયતિર્યંચભવમાં, વાનવ્યંતરભવમાં, જ્યોતિષ્કભવમાં અને વૈમાનિકભવમાં આનપ્રાણ પુદ્ગલપરિવર્ત થવાના છે, તથા ભૂતકાલિક આનપ્રાણ પુદ્ગલપરિવર્ત અનંત છે.

હવે અનેક જીવોની અપેક્ષાએ પુદ્ગલપરિવર્તનું નિરૂપણ કરવામાં આવે છે–

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नेरइयाणं भंते! नेरइयत्ते केवइया ओरालिय पोग्गलपरियट्टा अईया?" હે ભગવન્! નારકના ભવમાં રહેલા નારકોના ભૂતકાળ સંબંધી ઔદારિક પુદ્ગલપરિવર્ત કેટલા વ્યતીત થઈ ચુકયા હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" नत्थि एक्को वि " હે ગૌતમ ! નારકભવમાં વર્તમાન એવાં નારક જીવોમાં ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ જ હોતો નથી, કારણ કે નારકભવમાં ઔદારિક પુદ્ગલોના ગ્રહણનો જ અભાવ રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइया पुरेक्खडा?" હે ભગવન્ ! નારકભવમાં વર્તમાન નારક જીવોમાં કેટલા ભવિષ્યકાલિક ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોય છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–" नत्थि एक्को वि " હે ગૌતમ ! નારક જીવોમાં ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરવાનો જ અભાવ હોય છે. તેથી તેમનામાં ભવિષ્યકાલીન એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો અભાવ હોય છે. " एवं जाव थणियकुमारत्ते " પૂર્વોક્ત નારક ભવની જેમ અતીતકાળ અને અનાગતકાળ સંબંધી અસુરકુમાર ભવથી લઈને સ્તનિતકુમાર પર્યન્તના ભવોમાં પણ નારકોમાં ઔદારિક પુદ્ગલોના ગ્રહણનો અભાવ હોય છે. તે કારણે ભૂતકાળ સંબંધી એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી અને ભવિષ્યકાળ સંબંધી એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ હોતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" पुढविकाइयत्ते पुच्छा " હે ભગવન્ ! નારકોના ભૂતકાલીન પૃથ્વીકાયિક ભવમાં કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત થયા હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! अणंता " હે ગૌતમ ! નારકોના ભૂતકાલીન પૃથ્વીકાયિક ભવમાં અનંત ઔદારિક પુદ્ગલપરિવર્ત થયા હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइया पुरेक्खडा ?" હે ભગવન્ નારકોના ભવિષ્યકાળ સંબંધી પૃથ્વીકાયિક ભવમાં કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્ત થશે?

ઉત્તર–" अणंता " હે ગૌતમ ! નારકોના ભવિષ્યકાળ સંબંધી પૃથ્વીકાયિક ભવમાં અનંત ઔદારિકપુદ્ગલપરિવર્ત થશે. " एवं जाव मणुस्सत्ते " એજ પ્રમાણે નારકોના ભૂતકાળ સંબંધી અપ્કાયિક ભવમાં, તૈજસ્કાયિક ભવમાં, વાયુકાયિકભવમાં, વનસ્પતિકાયિકભવમાં, વિકલેન્દ્રિયભવમાં, પંચેન્દ્રિયતિર્યંચભવમાં અને મનુષ્યભવમાં અનંત ઔદારિક પુદ્ગલપરિવર્ત થયા છે. અને ભવિષ્યકાળ સંબંધી એ ભવોમાં અનંત પુદ્ગલપરિવર્ત થશે. " वाणमंतरजोइसियवेमाणियत्ते जहा नेरइयत्ते " નારકોના ભૂતકાળ સંબંધી વાનવ્યંતર ભવમાં, જ્યોતિષ્ક ભવમાં અને વૈમાનિક ભવમાં નારક ભવની જેમ એક પણ ઔદારિક પુદ્ગલપરિવર્તનો અભાવ હોય છે એજ પ્રમાણે ભવિષ્યકાળ સંબંધી આ ભવોમાં ઔદારિક પુદ્ગલપરિવર્તોનો પણ અભાવ જ હોય છે, કારણ કે આ ભવોમાં ઔદારિક શરીરને માટે યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાનો જ અભાવ હોય છે. " एवं जाव वेमाणियाणं वेमाणियत्ते "

પૂર્વોકત બહુવચનાન્ત નારકોની જેમ અસુરકુમારાદિ ભવનપતિઓના, પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિયોના, વિકલેન્દ્રિયોના, પંચેન્દ્રિયતિર્યંચોના, મનુષ્યોના, વાનવ્યંતરોના, જ્યોતિષિકોના અને વૈમાનિકોના યથાયોગ્ય પોતપોતાનાથી ભિન્ન એવા અતીત (ભૂત)કાળ સંબંધી અને ભવિષ્ય કાળસંબંધી નૈરયિક ભવમાં ભવનપતિ ભવમાં, પૃથ્વીકાયિક આદિ ભવમાં, વિકલેન્દ્રિય ભવમાં, પંચેન્દ્રિયતિર્યંચ ભવમાં, મનુષ્ય ભવમાં, વાનવ્યંતર ભવમાં, જ્યોતિષિક ભવમાં અને વૈમાનિક ભવમાં, ભૂત અને ભવિષ્યકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્ત, જ્યાં જેટલા હોય એટલા જાતે જ સમજી લેવા જોઇએ. "एवं सत्त वि पोग्गलपरियट्टा भाणियव्वा" એજ પ્રમાણે પૂર્વોકત પદ્ધતિ અનુસાર અતીત અને અનાગતકાળ સંબંધી સાતે પ્રકારના (ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, મનઃ, વચઃ અને આનપ્રાણ) પુદ્ગલપરિવર્તોનું યથાયોગ્ય રૂપે કથન થવું જોઇએ. "जत्थ अत्थि, तत्थ अईया वि, पुरेक्खडा वि अणंता भाणियव्वा" જ્યાં ઔદારિક આદિ પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ છે, તે પૃથ્વીકાયિક આદિ ભવોમાં ભૂત અને ભવિષ્યકાલીન ઔદારિક આદિ પુદ્ગલપરિવર્ત અનંત કહેવા જોઇએ. "जत्थ नत्थि तत्थ दो वि नत्थि भाणियव्वा" નારકાદિ જે ભવોમાં ઔદારિક પુદ્ગલપરિવર્તનો અભાવ છે, ત્યાં ભૂતકાલીન અને ભવિષ્યકાલીન ઔદારિક પુદ્ગલપરિવર્તનો અભાવ કહેવો જોઇએ. જેમ કે–નારક ભવમાં, ભવનપતિ ભવમાં, વાનવ્યંતર ભવમાં, જ્યોતિષ્ક ભવમાં અને વૈમાનિક ભવમાં નારકાદિ જીવો ઔદારિક શરીરને માટે યોગ્ય હોય એવાં પુદ્ગલોને ગ્રહણ કરતા નથી તેઓ વૈક્રિય શરીરને માટે યોગ્ય હોય એવાં પુદ્ગલોને જ ગ્રહણ કરે છે. તેથી તે જીવોમાં ભૂત અને ભવિષ્યકાળ સંબંધી ઔદારિક પુદ્ગલપરિવર્તનો અભાવ હોય છે. એજ પ્રમાણે વાયુકાયોમાં, મનુષ્યોમાં, પંચેન્દ્રિયતિર્યંચોમાં, અને નારકાદિકોમાં વૈક્રિય શરીરનો સદ્ભાવ હોય છે, તે કારણે વૈક્રિય પુદ્ગલપરિવર્તનો પણ સદ્ભાવ હોય છે તેથી આ બધાં જીવોમાં અતીત અનાગત બન્ને કાળસંબંધી વૈક્રિય પુદ્ગલપરિવર્તનું કથન કરવું જોઇએ પૃથ્વીકાયિક અપકાયિક, તૈજસ્કાયિક, વનસ્પતિકાયિક અને વિકલેન્દ્રિય, આ ભવોમાં વૈક્રિય શરીરનો અભાવ હોય છે, તેથી વૈક્રિયશરીર યોગ્ય પુદ્ગલોના ગ્રહણનો પણ ત્યાં અભાવ હોય છે. તેથી તે ભવોમાં અતીત અને અનાગત કાળસંબંધી વૈક્રિય પુદ્ગલપરિવર્તનો અભાવ કહેવો જોઇએ સમસ્ત જીવોમાં તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો સદ્ભાવ હોય છે. તેથી એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય પર્યન્તના સમસ્ત જીવોમાં અતીત અનાગત કાળસંબંધી તૈજસ અને કાર્મણ પુદ્ગલપરિવર્તનો સદ્ભાવ સમજવો જોઇએ પંચેન્દ્રિય જીવોમાં જ મનઃપુદ્ગલનો સદ્ભાવ હોય છે, તેથી પંચેન્દ્રિયોમાં જ અતીત અને અનાગત કાળસંબંધી મનઃપુદ્ગલપરિવર્તનો સદ્ભાવ સમજવો અને એકેન્દ્રિયાદિકોમાં અભાવ સમજવો. એકેન્દ્રિયો સિવાયના

સમસ્ત જીવોમાં વચઃપુદ્ગલપરિવર્તનો સદ્ભાવ રહે છે તેથી દ્વીન્દ્રિયાદિક સમસ્ત જીવોમાં ભૂત અને ભવિષ્યકાલીન વચઃપુદ્ગલપરિવર્તનું કથન કરવું જોઇએ એજ વાતને સૂચિત કરવા માટે સૂત્રકારે નીચેના પ્રશ્નોત્તરો આપ્યા છે–

" जाव वेमाणियाणं वेमाणियत्ते केवइया आणापाणुपोग्गलपरियट्टा अईया?" નારકોથી લઈને વૈમાનિક પર્યન્તના ભવવાળા જીવો કેટલા આણુપાણુ પુદ્ગલપરિવર્ત કરી ચુકયા છે? ઉત્તર–નારક ભવથી લઈને વૈમાનિક પર્યન્તના ભવવાળા સમસ્ત જીવો અનંત આનપ્રાણુ પુદ્ગલપરિવર્ત કરી ચુકયા છે. " केवइया पुरेक्खडा ?" હે ભગવન્! નારકાદિ જીવો ભવિષ્યમાં કેટલા આનપ્રાણુ પુદ્ગલપરિવર્ત કરશે? ઉત્તર–" अणंता " સમસ્ત જીવો ભવિષ્યમાં અનંત આનપ્રાણુ પુદ્ગલ પરિવર્તકરશે. ॥સૂ૦૨॥

औदारिक पुद्गल परिवर्तो की निवर्त्तना काल का निरूपण

—औદારિક પુદ્ગલપરિવર્તોની નિર્વર્તનાકાળવક્તવ્યતા—

" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ " ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં પૂર્વોક્ત ઔદારિકાદિ પુદ્ગલપરાવર્તોના સ્વરૂપની જ પ્રરૂપણા કરી છે. ગૌતમસ્વામી આ વિષયને અનુલક્ષીને એવો પ્રશ્ન પૂછે છે કે–" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–ओरालियपोग्गलपरियट्टे, ओरालिय–पोग्गलपरियट्टे " હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે " આ ઔદારિક પુદ્ગલપરિવર્ત છે આ ઔદારિક પુદ્ગલપરિવર્ત છે?" એટલે કે ઔદારિકપુદ્ગલપરિવર્તનું સ્વરૂપ કેવું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जं णं जीवेणं ओरालियसरीरे वट्टमाणेणं ओरालियसरीरप्पाओग्गाइं दव्वाइं " જે કારણે ઔદારિક શરીરમાં રહેલા આ જીવે ઔદારિક શરીરના નિર્માણને યોગ્ય પુદ્ગલદ્રવ્યોને " ओरालियसरीरत्ताए गहियाइं, बद्धाइं, पुट्ठाइं, कडाइं, पट्ठवियाइं, निविट्ठाइं, अभिनिविट्ठाइं, अभिसमन्नागयाइं " ઔદારિક શરીર રૂપે ગ્રહણ કર્યા છે, તેમને જીવપ્રદેશોની સાથે બાંધ્યાં છે, શરીરમાં ધૂળની જેમ પહેલાં તેમનો સ્પર્શ કર્યો છે, અથવા અન્ય અન્ય ગ્રહણ રૂપે તેમને પોષિત કર્યા છે, કૃત–પૂર્વપરિણામમાંથી અન્ય પરિણામ

રૂપે તેમને પરિણમિત કર્યાં છે, તેમને પ્રસ્થાપિત (સ્થિર) કર્યાં છે, તેમને નિવિષ્ટ કરાવ્યા છે–સ્થિર કરેલ હોવાને કારણે જીવે પોતે તેમનો પ્રવેશ કરાવ્યો છે, અભિનિવિષ્ટ કરાવ્યા છે–પ્રવેશ કરાવીને આત્માની સાથે સંપૂર્ણરૂપે સંલગ્ન કરાવ્યા છે, અભિસમન્વાગત કર્યા છે–જીવની સાથે અથવા જીવમાં જ્યારે તેઓ સંપૂર્ણરૂપે સંલગ્ન થઇ ચુકયા હોય છે ત્યારે જ જીવે તેમને રસાનુભૂતિની અપેક્ષાએ પ્રાપ્ત કર્યાં છે–એટલે કે ઔદારિક શરીરને યોગ્ય એવાં તે સંલગ્ન પુદ્ગલદ્રવ્યોનો રસાનુભવ કર્યો છે, પરિયાઇયાઇં, પરિણામિયાઇં નિજ્જિન્નાઇં, નિસિરિયાઇં, નિસિટ્ઠાઇં ભવંતિ" રસાનુભવ પણ એવો કર્યો છે કે એક પણ અવયવ રસપ્રદાન વિનાનું રહી ન જાય એ રીતે જીવે તે પુદ્ગલોને ગ્રહણ કર્યાં છે, તેમને અન્ય પરિણામ રૂપે પરિણમિત કરાવવામાં આવેલ છે, નિર્જીર્ણ (ક્ષીણરસવાળાં) કરાયેલ છે, નિર્ગત (જીવપ્રદેશોમાંથી અલગ) કરવામાં આવેલ છે આ સૂત્રમાં પહેલાં ચાર વિશેષણો ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરવા વિષે છે, ત્યાર બાદના પાંચ વિશેષણો સ્થિતિના વિષયમાં છે, અને છેલ્લાં ચાર વિશેષણો તેમના ત્યાગના વિષયમાં છે. "से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ, ओरालियपोग्गलपरियट्टे, ओरालियपोग्गलपरियट्टे" તે કારણે, હે ગૌતમ! એવું કહેવામાં આવે છે કે 'આ ઔદારિક પુદ્ગલપરિવર્ત છે.' "एवं वेउव्वियपोग्गलपरियट्टे वि" જે પ્રકારે પૂર્વોકત ઔદારિક પુદ્ગલપરિવર્તનું સ્વરૂપ પ્રકટ કરવામાં આવ્યું છે, એજ પ્રકારે વૈક્રિય પુદ્ગલપરિવર્તનું સ્વરૂપ પણ સમજવું જોઇએ. "नवरं वेउव्वियसरीरे वट्टमाणेणं वेउव्वियसरीरत्ताओग्गाइं सेसं तं चेव सव्वं" ઔદારિક પુદ્ગલપરિવર્તના સ્વરૂપના કથન કરતાં વૈક્રિય પુદ્ગલપરિવર્તના સ્વરૂપના કથનમાં એટલી જ વિશેષતા છે કે–વૈક્રિય શરીરમાં રહેલા જીવે વૈક્રિયશરીરનું નિર્માણ કરવાયોગ્ય પુદ્ગલ દ્રવ્યોને વૈક્રિય શરીર રૂપે ગ્રહણ કર્યાં છે, બદ્ધ કર્યા છે, સ્પૃષ્ટ કર્યા છે, વિહિત કર્યા છે, પ્રસ્થાપિત કર્યા છે, નિવિષ્ટ કર્યા છે, અભિનિવિષ્ટ કર્યા છે, અભિસમન્વાગત કર્યા છે, પરિતઃગૃહીત કર્યા છે, પરિણામિત કર્યા છે, નિર્જીર્ણ કર્યા છે, નિઃસૃત કર્યા છે, નિઃસૃષ્ટ કર્યા છે. હે ગૌતમ! તે કારણે "वेउव्विय पुद्गलपरिवर्त" આ શબ્દ વડે પ્રતિપાદ્યમાન આ વૈક્રિય પુદ્ગલપરિવર્તનું ઉપર દર્શાવ્યા પ્રમાણેનું સ્વરૂપ સમજવાનું છે. "सेसं तं चेव सव्वं" આ સૂત્રપાઠ દ્વારા સૂચિત થતી વાતનું સ્પષ્ટીકરણ ઉપર કરવામાં આવ્યું છે. "एवं जाव आणापाणुपोग्गलपरियट्टे" એજ પ્રમાણે તૈજસપુદ્ગલપરિવર્ત, કાર્મણપુદ્ગલપરિવર્ત, મનઃપુદ્ગલપરિવર્ત, વચઃપુ ગલપરિવર્ત અને આનપ્રાણપુદ્ગલપરિવર્તનું સ્વરૂપ પણ સમજવું જોઇએ તેમના સ્વરૂપના કથનમાં એવું કહેવું જોઇએ કે—

તૈજસ, કાર્મણ, મનઃ, વચન અને આનપ્રાણુ, આ શરીરોમાં રહેલા જીવે તૈજસ, કાર્મણ, મનઃ, વચન અને આનપ્રાણુ યોગ્ય સમસ્ત પુદ્ગલ દ્રવ્યોને તૈજસ, કાર્મણ, મનઃ, વચન અને આનપાણુરૂપે ગૃહીત કર્યા છે, બદ્ધ કર્યા છે, સ્પૃષ્ટ કર્યા છે, વિહિત કર્યા છે, પ્રસ્થાપિત કર્યા છે, નિવિષ્ટ કર્યા છે, અભિનિવિષ્ટ કર્યા છે, અભિસમન્વાગત કર્યા છે, પરિતઃગૃહીત કર્યા છે, પરિણામિત કર્યા છે, નિર્જીર્ણ કર્યા છે, નિઃસૃત કર્યા છે, નિઃસૃષ્ટ કર્યા છે, આદિ પૂર્વોક્ત સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. ।।સૂ૦૩।।

—ઔદારિક પુદ્ગલપરાવર્તનના કાળની વક્તવ્યતા—

" ओरालियपोग्गलपरियट्टे णं भंते ! ઇત્યાદિ—

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે ઔદારિક પુદ્ગલપરિવર્તની નિર્વર્તનાના કાળની અને તેના અલ્પબહુત્વની પ્રરૂપણા કરી છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" ओरालियपोग्गलपरियट्टेणं भंते ! केवइकालस्स निव्वत्तिज्जइ ?" હે ભગવન્ ! ઔદારિક પુદ્ગલપરિવર્ત કેટલો કાળ વ્યતીત થયા બાદ નિષ્પાદિત કરાય છે ? એટલે કે ઔદારિક પુદ્ગલપરિવર્તની નિષ્પત્તિ થવાનો કાળ કેટલો કહ્યો છે ?

ઉત્તર–" गोयमा ! હે ગૌતમ ! " अणंताहिं उस्सप्पिणिओसप्पिणीहिं एवइकालस्स निव्वत्तिज्जइ " ઔદારિક પુદ્ગલપરિવર્ત અનંત ઉત્સર્પિણી કાળ વ્યતીત થયા બાદ નિષ્પાદિત કરાય છે. એટલે કે ઔદારિક પુદ્ગલપરિવર્તની નિષ્પત્તિ થવાનો કાળ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળરૂપ હોય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે ઔદારિકપુદ્ગલપરિવર્તની નિષ્પત્તિ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં થાય છે. " एवं वेउव्वियपोग्गलपरियट्टे वि " એજ પ્રમાણે વૈક્રિયપુદ્ગલપરિવર્તની નિષ્પત્તિ પણ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં થાય છે. " एवं जाव आणापाणुपोग्गलपरियट्टे वि " એજ પ્રમાણે તૈજસ, કાર્મણ, મનઃ વચન અને આનપ્રાણુ, આ પાંચે પ્રકારના પુદ્ગલપરિવર્તની નિષ્પત્તિ પણ અનંત–અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં થાય છે. આ બધાની નિષ્પત્તિ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં થવાનું કારણ નીચે પ્રમાણે છે–

એક જીવ તેમનો ગ્રાહક હોય છે અને પુદ્ગલો અનંત હોય છે. તથા પૂર્વગૃહીત પુદ્ગલોને અહીં ગણતરીમાં લેવામાં આવતા નથી–અગૃહીત પુદ્ગલોને જ ગણતરીમાં લેવામાં આવે છે. તેથી અગૃહીત પુદ્ગલોને ગ્રહણ કરવામાં અનંત ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો કાળ થઇ જાય છે તે કારણે અહીં પ્રત્યેકની નિષ્પત્તિનો કાળ અનંત ઉત્સર્પિણી જેટલો કહેવામાં આવ્યો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एयस्सणं भंते ! ओरालियपोग्गलपरियट्टनिव्वत्तणाकालस्स, वेउव्वियपोग्गलपरियट्टनिव्वत्तणाकालस्स जाव आणापाणु–पोग्गलपरियट्टनिव्वत्तणाकालस्स य कयरे कयरेहिंतो जाव विसेसाहिया वा ?" હે ભગવન્ ! આ ઔદારિક પુદ્ગલપરિવર્ત નિર્વર્તનાકાળ, વૈક્રિય પુદ્ગલપરિવર્ત નિર્વર્તનાકાળ, તૈજસ પુદ્ગલપરિવર્ત નિર્વર્તનાકાળ, કાર્મણ પુદ્ગલપરિવર્ત

નિર્વર્તનાકાળ, મનઃપુદ્ગલપરિવર્ત નિર્વર્તનાકાળ, વચનપુદ્ગલપરિવર્તનિર્વર્તનાકાળ અને આનપ્રાણ પુદ્ગલપરિવર્તનિર્વર્તનાકાળ, આ સાતે નિર્વર્તના કાળોમાંથી કયો નિર્વર્તનાકાળ બધાં નિર્વર્તનાકાળો કરતાં ન્યૂનપ્રમાણ છે? કયો નિર્વર્તનાકાળ કયા નિર્વર્તના કાળોથી અધિક પ્રમાણ છે? કયો નિર્વર્તનાકાળ કયા કયા નિર્વર્તના કાળોની બરાબર છે? અને કયો નિર્વર્તના કાળ કયા નિર્વર્તના કાળ કરતાં વિશેષાધિક છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! હે ગૌતમ! "सव्वत्थोवे कम्मग-पोग्गलपरियट्टनिव्वत्तणाकाले" કાર્મણ પુદ્ગલપરિવર્તનો નિર્વર્તના કાળ બધાં નિર્વર્તના કાળ કરતાં અલ્પપ્રમાણ છે. કારણ કે કાર્મણપુદ્ગલો સૂક્ષ્મ હોય છે, અને તેઓ બહુતમ પરમાણુઓ વડે નિષ્પન્ન થાયછે, તે કારણે તે બધાં પુદ્ગલોનું એક વારમાં પણ ગ્રહણ થઈ જાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે નારકાદિ સમસ્ત પર્યાયોમાં વર્તમાન જીવદ્વારા પ્રત્યેક સમયે કાર્મણ પુદ્ગલોનું સમસ્ત રૂપે ગ્રહણ થતું રહે છે. તેથી તેનો નિર્વર્તનાકાળ સૌથી ન્યૂન કહ્યો છે. "तेया पोग्गलपरियट्टनिव्वट्टणाकाले अणंतगुणे" કાર્મણપુદ્ગલ-પરિવર્તના નિર્વર્તનાકાળ કરતાં તૈજસપુદ્ગલપરિવર્તનો નિર્વર્તનાકાળ અનંત-ગણો અધિક કહ્યો છે, કારણ કે તૈજસપુદ્ગલો સ્થૂલ હોય છે, તેથી એક સમયમાં થોડાં તૈજસ પુદ્ગલોનું જ ગ્રહણ થાય છે. આ રીતે થોડા પ્રમાણમાં ગ્રહણ થવાથી તે અલ્પ પ્રદેશો વડે જ તે સમયે નિષ્પન્ન થાય છે. તેથી અલ્પ રૂપે જ તૈજસ પરમાણુઓનું ગ્રહણ થતું રહે છે. તેથી તેનો નિર્વ-र्तनाकाळ कार्मण पुद्गलपरिवर्तना निर्वर्तना काळ करतां अनंतगणो अधिक कह्यो छे. "ओरालियपोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे" तैजस पुद्ग-लपरिवर्तना निर्वर्तना काळ करतां औदारिक पुद्गलपरिवर्तनो निर्वर्तनाकाळ अनंतगणो अधिक छे. तेनुं कारण नीचे प्रमाणे छे–औदारिकपुद्गलो अति स्थूल होय छे अने तेओ अति स्थूल होवाने कारणे एक समयमां अल्प रूपे ज ग्रहण थाय छे अल्प रूपे ग्रहण थवाने कारणे अल्पतर प्रदेशोवाळां होय छे. तेथी ज्यारे तेमने ग्रहण करवामां आवे छे त्यारे एक समयमां अल्प परमाणुओनुं ज ग्रहण थाय छे तैजस अने कार्मण पुद्गलोनी जेम तेमनुं समस्त पदोमां अर्थात् सर्व दंडकोमां ग्रहण थतुं नथी, कारण के औदारिक शरीरवाळा जीवो ज तेमने ग्रहण करे छे ते कारणे अधिक काळे ज तेमनुं ग्रहण थाय छे.

"आणापाणुपोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे" औदारिक पुद्गल-परिवर्तना निर्वर्तना काळ करतां आनप्राण पुद्गलपरिवर्तनो निर्वर्तनाकाळ अनंतगणो अधिक छे तेनुं कारण नीचे प्रमाणे छे–अपर्याप्तावस्थामां आन-प्राण पुद्गलो ग्रहण करातां नथी पर्याप्तावस्थामां पण औदारिक शरीर पुद्गलो करतां अल्प प्रमाणमां तेमनुं ग्रहण थाय छे. ते कारणे शीघ्रताथी आनप्राणा पुद्गलोनुं ग्रहण थतुं नथी आ रीते औदारिक पुद्गलपरिवर्त निर्वर्तना काळ करतां आनपाणु पुद्गलपरिवर्त निर्वर्तना काळ अनंतगणो

અધિક કહ્યો છે. "मणपोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे" આનપ્રાણ પુદ્ગલપરિવર્તના નિર્વર્તનાકાળ કરતાં મનઃ પુદ્ગલપરિવર્તનો નિર્વર્તના કાળ અનંતગણો અધિક છે. તેનું કારણ નીચે પ્રમાણે છે–એકેન્દ્રિયાદિની કાયસ્થિતિની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો મનની ઉપલબ્ધિ ચિર કાળે થાય છે તેથી મનઃપુદ્ગલ અધિક કાળમાં સાધ્ય હોવાને કારણે મનઃપુદ્ગલપરિવર્તનો નિર્વર્તનાકાળ આનપ્રાણ પુદ્ગલપરિવર્તના નિર્વર્તના કાળ કરતાં અનંત ગણો અધિક કહ્યો છે. "वइपोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे" મનઃ પુદ્ગલપરિવર્તનિર્વર્તનના કાળ કરતાં વચન પુદ્ગલપરિવર્તનો નિર્વર્તના કાળ અનંત ગણો અધિક છે. તેનું કારણ એ છે કે મનઃ દ્રવ્યો કરતાં ભાષાદ્રવ્યો અતિસ્થૂલ હોય છે, તે કારણે તેમનું ગ્રહણ એક સમયમાં અલ્પ રૂપે જ થાય છે. "वेउव्वियपोग्गलपरियट्टनिव्वत्तणाकाले अणंतगुणे" વચઃ પુદ્ગલપરિવર્તનો નિર્વર્તના કાળ કરતાં વૈક્રિય પુદ્ગલપરિવર્તનો નિવર્તના કાળ અનંત ગણો વધારે છે. તેનું કારણ એ છે કે વૈક્રિયશરીર ઘણા અધિક કાળેલભ્ય હોયછે. ॥સૂ૦૪॥

પુદ્ગલ પરાવર્ત કે અલ્પ બહુત્વ કા નિરૂપણ

—પુદ્ગલપરિવર્તની અલ્પબહુત્વવક્તવ્યતા—

"एएसिं णं भंते ! ओरालियपोग्गलपरियट्टाणं" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા પુદ્ગલપરિવર્તોના અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે–"एएसिं णं ओरालियपोग्गलपरियट्टाणं जाव आणापाणु पोग्गलपरियट्टाण य कयरे कयरेहिंतो जाव विसेसाहिया वा?" ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! ઔદારિક પુદ્ગલપરિવર્ત, વૈક્રિય પુદ્ગલપરિવર્ત, તૈજસપુદ્ગલપરિવર્ત, કાર્મણ પુદ્ગલપરિવર્ત, મનઃ પુદ્ગલપરિવર્ત, વચઃ પુદ્ગલપરિવર્ત, અને આનપ્રાણ પુદ્ગલપરિવર્ત, આ સાતે પુદ્ગલપરિવર્તોમાં કયાં કયાં પુદ્ગલપરિવર્તો કયાં કયાં પુદ્ગલપરિવર્તો કરતાં અલ્પ છે? કયાં પુદ્ગલપરિવર્તો કયાં પુદ્ગલપરિવર્તો કરતાં અધિક છે? કયાં પુદ્ગલપરિવર્તો કયાં પુદ્ગલપરિવર્તોની બરાબર છે અને કયાં પુદ્ગલપરિવર્તો કયાં પુદ્ગલપરિવર્તો કરતાં વિશેષાધિક છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! सव्वत्थोवा वेउव्वियपोग्गलपरियट्टा" વક્રિયપુદ્ગલપરિવર્ત બધાં પુદ્ગલપરિવર્તો કરતાં અલ્પપ્રમાણવાળું હોય છે. તેનું કારણ એ છે કે તે ઘણા જ અધિક કાળમાં નિષ્પન્ન થાય છે.

"वइपोग्गलपरियट्टा अणंतगुणा" વૈક્રિયપુદ્ગલપરિવર્ત કરતાં વચનપુદ્ગલપરિવર્ત અનંતગણું કહ્યાં છે, કારણ કે અલ્પતર કાળમાં તેમનું નિર્માણ થાય છે. "मणपोग्गलपरियट्टा अणंतगुणा" વચઃપુદ્ગલપરિવર્ત કરતાં મનઃપુદ્ગલપરિવર્ત અનંતગણું છે. "आणापाणुपोग्गलपरियट्टा अणंतगुणा" મનઃપુદ્ગલપરિવર્ત કરતાં આનપ્રાણપુદ્ગલપરિવર્ત અનંતગણું છે. "ओरालियपोग्गलपरियट्टा अणंतगुणा" આનપ્રાણપુદ્ગલપરિવર્ત કરતાં ઔદારિક પુદ્ગલપરિવર્ત અનંતગણું છે. "तेया पोग्गलपरियट्टा अणंतगुणा" ઔદારિકપુદ્ગલપરિવર્ત કરતાં તૈજસપુદ્ગલપરિવર્ત અનંતગણા છે. "कम्मापोग्गलपरियट्टा अणंतगुणा" તૈજસપુદ્ગલપરિવર્ત કરતાં કાર્મણપુદ્ગલપરિવર્ત અનંતગણું છે.

ભગવાનના વચનોને પ્રમાણભૂત ગણીને ગૌતમસ્વામી કહે છે કે "सेवं भंते! सेवं भंते! त्ति भगवं जाव विहरइ" "હે ભગવન્! આપે જે કહ્યું તે સત્ય જ છે હે ભગવન્! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે યથાર્થ જ છે." આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને, તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા ભગવાન ગૌતમ પોતાને સ્થાને વિરાજમાન થઈ ગયા. ॥સૂ૦૫।

॥બારમાં શતકનો ચોથો ઉદ્દેશક સમાપ્ત॥૧૨-૪॥

પાંચવે ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

પાંચમા ઉદ્દેશાનો પ્રારંભ—

બારમાં શતકના આ પાંચમાં ઉદ્દેશામાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે–પ્રાણાતિપાત આદિ કેટલાં વર્ણાદિવાળાં છે? ક્રોધાદિક કેટલાં વર્ણાદિવાળાં છે? માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ કેટલાં વર્ણાદિવાળાં છે? પ્રાણાતિપાતવિરમણ આદિ કેટલાં વર્ણાદિવાળાં છે? ઇત્યાદિ પ્રશ્નો અને તેમના ઉત્તરો ઔત્પત્તિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિઓનું વર્ણન અવગ્રહ આદિ કેટલાં વર્ણાદિવાળાં છે? ઉત્થાન આદિ કેટલાં વર્ણાદિવાળાં છે? સાતમી પૃથ્વીના અવકાશાન્તરનું કથન સાતમી પૃથ્વીનું તનુવાતવલય કેટલાં વર્ણાદિવાળું છે? નારકાદિકોના વર્ણાદિકોની પ્રરૂપણા, પૃથ્વીકાયિકાદિના

વર્ણાદિની પ્રરૂપણા, મનુષ્યના વર્ણાદિની પ્રરૂપણા, વાનવ્યન્તર આદિ કેટલાં વર્ણાદિવાળાં છે, તેનું નિરૂપણ, ધર્માસ્તિકાય આદિ કેટલાં વર્ણાદિવાળાં છે, તેનું નિરૂપણ, જ્ઞાનાવરણીય આદિ કર્મો કેટલાં વર્ણાદિવાળાં હોય છે, તેનું નિરૂપણ કૃષ્ણલેશ્યા આદિના વર્ણાદિનું કથન સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, અને તદુભયદૃષ્ટિ, આ ત્રણે વર્ણાદિથી રહિત છે એવું કથન ઔદારિક શરીર આદિમાં વર્ણાદિનું કથન સાકાર ઉપયોગ અને નિરાકાર ઉપયોગ, આ બન્ને વર્ણાદિથી રહિત છે એવું કથન સમસ્ત દ્રવ્યો વર્ણાદિવાળાં છે, તેનું કથન ગર્ભમાં ઉત્પન્ન થતાં જીવના વર્ણાદિનું કથન જીવ અને જીવસમૂહ રૂપ જગતનું કર્મવશ વિવિધ સ્વરૂપે પરિણમન થવાનું કથન.

કર્મ પુદ્ગલોં કે સ્વરૂપ કા નિરૂપણ

"रायगिहे जाव एवं वयासी" ઇત્યાદિ—

ટીકાર્થ–આગલા ઉદ્દેશામાં પુદ્ગલપરિવર્તોનું નિરૂપણ કરવામાં આવ્યું હવે સૂત્રકારે કર્મપુદ્ગલોના સ્વરૂપનું નિરૂપણ કરે છે–

"रायगिहे जाव एवं वयासी" રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા ધર્મકથા સાંભળવાને માટે પરિષદ નીકળી. અને ધર્મકથા સાંભળીને પરિષદ વિસર્જિત થઇ, ઇત્યાદિ પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ ત્યાર બાદ ધર્મતત્ત્વનું શ્રવણ કરવાની અભિલાષાવાળા ગૌતમસ્વામીએ બન્ને હાથ જોડીને વિનયપૂર્વક મહાવીર પ્રભુને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો–"अह भंते! पाणाइवाए, मुसावाए, अदिन्नादाणे मेहुणे, परिग्गहे, एसणं कइ वन्ने, कइ गंधे, कइ रसे कइ फासे पण्णत्ते?" હે ભગવન્! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પાંરગ્રહના કેટલાં વર્ણો છે? કેટલા ગંધો છે? કેટલા રસો છે? અને કેટલા સ્પર્શો છે? આ પ્રશ્નનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–પ્રાણાતિપાત પદ અહીં પ્રાણવ્યપરોપણના (પ્રાણોનો વિયોગ કરવાથી) જનિત કર્મના અર્થમાં અથવા પ્રાણવ્યપરોપણજનક એવા ચારિત્રમોહનીય કર્મના અર્થમાં પ્રયુક્ત થયુ છે, કારણ કે તે ચરિત્રમોહનીયકર્મ પુદ્ગલરૂપ હોય છે. તેથી તેમાં વર્ણાદિનો સદ્ભાવ રહે છે

તે કારણે જ આ પ્રશ્ન પૂછવામાં આવેલ છે એજ પ્રમાણે મૃષાવાદના જનક કર્મને ગ્રહણ કરવામાં આવ્યુ છે અથવા મૃષાવાદ વડે જન્ય કર્મને પણ ઔપચારિક રીતે મૃષાવાદ જ કહે છે. અદત્ત વસ્તુનું આદાન (ગ્રહણ) કરવું તેનું નામ અદત્તાદાન છે આ અદત્તાદાન દ્વારા જન્ય કર્મને અથવા અદત્તાદાનનું જનક જે કર્મ છે તેને પણ ઔપચારિક રીતે અદત્તાદાન જ કહે છે. અબ્રહ્મચર્યનું નામ મૈથુન છે આ મૈથુનજન્ય કર્મને અથવા મૈથુનજનક કર્મને

પણ ઔપચારિક રીતે અબ્રહ્મ–મૈથુન જ કહે છે ધનાદિ વસ્તુઓને ગ્રહણ કરવી તેનું નામ પરિગ્રહ છે. અથવા મૂર્ચ્છાભાવનું નામ પરિગ્રહ છે તેના દ્વારા જન્ય કર્મને પરિગ્રહ કહે છે અથવા તેનું જનક જે કર્મ છે તેને પણ ઔપચારિક રીતે પરિગ્રહ જ કહે છે. તે કર્મોમાં પુદ્ગલરૂપતા હોય છે, તે કારણે અહીં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે " હે ભગવન્! પ્રાણાતિપાત આદિને કેટલાં વર્ણોવાળાં, કેટલી ગંધોવાળાં, કેટલા રસોવાળા અને કેટલા સ્પર્શોવાળા કહ્યા છે?"

આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–" **गोयमा!**" હે ગૌતમ! " **पंचवण्णे, दुगंधे, पंचरसे, चउफासे, पण्णत्ते**" પ્રાણાતિપાત આદિને પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર સ્પર્શોવાળાં કહ્યાં છે. આ પ્રમાણે કથન કરવાનું કારણ એ છે કે પ્રાણાતિપાત આદિ કર્મ પુદ્ગલો રૂપ છે કૃષ્ણ, નીલ, આદિના ભેદથી વર્ણ પાંચ પ્રકારના કહ્યા છે ગંધના સુરભિગંધ અને દુરભિગંધ રૂપ બે પ્રકાર છે. તીખો, કડવો આદિ પાંચ પ્રકારના રસો કહ્યા છે. કર્કશ આદિના ભેદથી સ્પર્શના આઠ પ્રકાર કહ્યા છે. આ આઠ સ્પર્શોમાંથી કોઇ પણ ચાર સ્પર્શોનો પ્રાણાતિપાત આદિ કર્મપુદ્ગલોમાં સદ્ભાવ હોય છે. એજ વાત નીચેની ગાથા દ્વારા પ્રકટ કરવામાં આવી છે. " **पंच रस पंचवन्नेहिं परिणयं दुविहगंधचउफासं दुविधमणंतपएसं सिद्धेहिं अणंतगुणहीणं ॥१॥** અનંત પ્રદેશોવાળું દ્રવ્ય પાંચ રસોવાળું, પાંચ વર્ણોવાળું, બે ગંધોવાળું અને ચાર સ્પર્શોવાળું હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" **अह भंते! कोहे१, कोवे२, रोसे३, दोसे४, अक्खमे५, संजलणे६, कलहे७, चंडिक्के८, भंडणे९, विवादे१०, एसणं कइवण्णे जाव कइ फासे पण्णत्ते?**" ક્રોધપરિણામ જનક કર્મનું નામ ક્રોધ છે અને ક્રોધના ઉદયને કારણે પોતાના નિજ સ્વભાવથી વિચલિત થવું તેનું નામ કોપ છે, આ બધાં નામોમાં ક્રોધ સામાન્ય નામ છે અને કોપાદિક તેના વિશેષ નામ છે, કારણ કે કોપાદિકની ઉત્પત્તિ ક્રોધમાંથી થાય છે. કોપની જે પરમ્પરા ચાલે છે, તેનું નામ રોષ છે, પોતાના ઉપર કે અન્યના ઉપર

જે દૂષણ લગાડવામાં આવે છે તેનું નામ દોષ છે તે ક્રોધ જન્ય હોવાથી ક્રોધના કાર્ય રૂપ ગણાય છે. અથવા અપ્રીતિનું નામ દ્વેષ છે. અન્ય દ્વારા થયેલા અપરાધને સહન કરવાની અક્ષમતાનું નામ અક્ષમા છે. ક્રોધથી વારંવાર પ્રજ્વલિત થવું તેનું નામ સંજ્વલન છે. એક બીજાની વચ્ચે ઉગ્ર વાગ્યુદ્ધ થવું તેનું નામ કલહ છે. તે કલહ પણ ક્રોધના કારણે જ ઉદ્ભવતો હોવાથી તેને પણ ક્રોધના એક કાર્ય રૂપ ગણવામાં આવે છે. રૌદ્ર સ્વરૂપને ધારણ કરવું તેનું નામ ચાંડિક્ય છે. આ ચાંડિક્ય પણ ક્રોધના એક કાર્ય રૂપ છે, દંડા આદિ વડે લડવું અથવા ગાલીપ્રદાનપૂર્વક બીજાના દોષોને પ્રકટ કરવા તેનું નામ ભંડન છે. તે પણ ક્રોધના એક કાર્ય રૂપ છે પરસ્પરના વિરોધને કારણે જે વચનોનું ઉચ્ચારણ થાય છે તેનું નામ વિવાદ છે. આ વિવાદ પણ ક્રોધના જ એક કાર્ય રૂપ છે. ગૌતમ સ્વામીના પ્રશ્નનો ભાવાર્થ એવો છે કે ક્રોધાદિ પરિણામો કેટલાં વર્ણવાળાં, કેટલા ગંધવાળાં, કેટલા રસવાળાં અને અને કેટલા સ્પર્શવાળાં છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा! पंचवण्णे, दुगंधे, पंचरसे, चउफासे पण्णत्ते " હે ગૌતમ! ક્રોધાદિ પરિણામજનક કર્મો પુદ્ગલરૂપ હોવાને કારણે, ને ક્રોધાદિરૂપે પરિણત કર્મપુદ્ગલો પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર સ્પર્શોવાળાં કહ્યાં છે.

ગૌત્તમ સ્વામીનો પ્રશ્ન-" अह भंते! माणे, मदे, दप्पे, थंभे, गव्वे, अत्तुक्कोसे, परपरिवाए, उक्कोसे, अवक्कोसे, उण्णए, उन्नामे, दुन्नामे, १२ एसणं कइ वण्णे, कइ गंधे, कइ रसे, कइ फासे पण्णत्ते? " હે ભગવન્! માન, મદ, દર્પ, સ્તંભ, ગર્વ, આત્મોત્કર્ષ, પરપરિવાદ, ઉત્કર્ષ, અપકર્ષ, ઉન્નય, ઉન્નામ અને દુર્નામ રૂપે પરિણત કર્મપુદ્ગલો કેટલાં વર્ણ, કેટલા ગંધ, કેટલા રસ અને કેટલા સ્પર્શથી યુક્ત હોય છે?

અભિમાન પદના સમાનાર્થી માનને ઉત્પન્ન કરનારા કર્મનું નામ માન છે અહીં માન સામાન્ય નામ રૂપે તથા મદ આદિ તેના વિશેષનામો રૂપે પ્રયુક્ત થયાં છે, કારણ કે તેમની ઉત્પત્તિનું કારણ માનપરિણામ જ છે. મત્તતાનું નામ મદ છે દૃમતાનું નામ દર્પ છે, અનમ્રતાનું નામ સ્તંભ-સ્તબ્ધતા છે, અહંકારનું નામ ગર્વ છે, અન્ય કરતાં પોતાને ગુણોની અપેક્ષા એ ઉત્કૃષ્ટ કહેવા તેનું નામ આત્મોત્કર્ષ છે, અન્યની નિન્દા કરવી અથવા અન્યમાં દુર્ગુણોનુ આરોપણ કરવું તેનું નામ પરપરિવાદ છે, માનને વશ થઈને અન્યની ક્રિયા કરતાં પોતાની ક્રિયાને ઉત્કૃષ્ટ બતાવવી તેનું નામ ઉત્કર્ષ છે. અભિમાનને કારણે પોતાના કરતાં અન્યમા હીનતા હોવાનુ કથન કરવું તેનું નામ અપકર્ષ છે. અભિમાનને કારણે પૂર્વપ્રવૃત્ત નમનનો ત્યાગ કરવો, અથવા અભિમાનને લીધે નીતિનો ત્યાગ કરવો તેનુ નામ ઉન્નત છે. નમસ્કાર કરનારને પણ નમસ્કાર ન કરવા, તેનું નામ ઉન્નામ છે. અભિમાનને કારણે દુષ્ટ રીતે નમન કરવું તેનું નામ દુર્નામ છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! पंच विहे जहा कोहे तहेव " હે ગૌતમ ! માનાદિ પરિણત કર્મપુદ્ગલો પાંચ વર્ણોવાળાં હોય છે ક્રોધપરિણત-પુદ્ગલોના વિષયમાં જેવું કથન પહેલાં કરવામાં આવ્યું છે, એવું જ કથન માનાદિ પરિણત પુદ્ગલો વિષે પણ સમજવું એટલે કે તે પુદ્ગલો બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર સ્પર્શોવાળાં હોય છે, એવું કથન સમજી લેવું જોઇએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अह भंते ! माया, उवही, नियडी वलये, गहणे, णूमे कक्के, कुरुए, जिम्हे, किव्विसे, आयरणया, गूहणया, वंचणया. पलिउंचणया, सातिजोगे य १५, एस णं कइ वण्णे, कइ गंधे, कइ रसे, कइ फासे पण्णत्ते ? "

માયા–કપટ, અજ્ઞાન–અવિદ્યા, આ સામાન્ય નામ છે અને માયાને કારણે જ ઉત્પન્ન થતાં ઉપધિ આદિ ભાવો માયાના જ વિશેષ ભેદ રૂપ છે. જેના દ્વારા જીવને દુર્ગતિમાં લઈ જવામાં આવે છે તે ભાવનું નામ ઉપધિ છે. અથવા પ્રતારણીય (ઠગવાને યોગ્ય) મનુષ્યની પાસે જવાના કારણ ભૂત ભાવનું નામ ઉપધિ છે. આદર દ્વારા અન્યને છેતરવા તેનું નામ નિકૃતિ છે જે ભાવને વશવર્તી થઈને જીવ વલયના સમાન વક્રતા યુક્ત ચેષ્ટા કરે છે તેનું નામ વલય છે. અન્યને ઠગવાને માટે તેઓ સમજી ન શકે એવી વચન જાળની રચના કરવી તેનું નામ ' ગહન ' છે. અન્યને ઠગવાને માટે નીચ-તાનો અથવા નીચા સ્થાનનો–બિલકુલ ગુપ્તસ્થાનનો આધાર લેવો તેનું નામ ' નૂમ ' છે. જીવવધાદિ રૂપ પાપનું નામ કલ્ક છે. તે નિમિત્ત ઠગવાનો જે અભિપ્રાય છે તેને પણ કલ્ક કહેવામાં આવે છે. નિંદિત રીતે કોઇને ઠગવાની જે પ્રવૃત્તિ થાય છે તેનું નામ કુરૂપ છે. જેમ કે ભાંડ આદિ જે ક્રિયાઓ કરે છે તે પણ એક માયાવિશેષ રૂપ જ હોય છે કારણ કે તેમાં નિંદિત રીતે મોહોત્પાદન કરવામાં આવતું હોય છે. બીજાને ઠગવાના જે ભાવને વશવર્તી થઈને મનુષ્ય પોતાની ક્રિયાઓમાં કુટિલતા લાવે છે, તે ભાવનું નામ ' જૈહ્યભાવ ' છે. જે માયાવિશેષ વડે જીવ (વ્યક્તિ) આ જન્મમાં કિલ્બિષક જેવો થઈ જાય છે,તે માયાવિશેષને જ કિલ્બિષ કહે છે માયાવિ-શેષ રૂપ ભાવપૂર્વક કોઈ પણ વસ્તુનો આદર કરવો–સ્વીકાર કરવો, તેનું નામ આદરણ છે. અથવા–અન્યને ઠગવાને માટે અનેક પ્રકારની જે ક્રિયાઓ કરવામાં આવે છે, તેનું નામ ' આચરણતા ' છે, આચરણને " તા " પ્રત્યય લાગવાથી આ પદ બન્યું છે. પોતાના સ્વરૂપને છુપાવવું તેનું નામ ગૂહનતા છે. અન્યને ઠગવા તેનું નામ વંચનતા છે. સરલતાપૂર્વક કહેવામાં આવેલી વાતનું પણ ખંડન કરવું તેનું નામ પ્રતિકુંચનતા છે સારી વસ્તુમાં હલકી જાતીની વસ્તુનું મિશ્રણ કરવું તેનું નામ સાતિયોગ છે. ઉપધિ આદિ સાતિ-યોગ પર્યન્તના આ ૧૫ નામો માયાકષાયને માટે જ અહીં વપરાયાં છે. તેમને અનુલક્ષીને ગૌતમસ્વામીનો આ પ્રકારનો પ્રશ્ન છે-હે ભગવન્ !

માયાદિ રૂપે પરિણત થયેલાં કર્મપુદ્ગલો કેટલાં વર્ણવાળાં, કેટલા ગંધોવાળાં, કેટલા રસોવાળાં અને કેટલા સ્પર્શોવાળાં હોય છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " पंचवन्ने जहेव कोहे " ક્રોધપરિણત પુદ્ગલની જેમ માયાદિ રૂપે પરિણમિત કર્મપુદ્ગલો પણ પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર સ્પર્શોવાળાં હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अह भंते ! लोभे, इच्छा, मुच्छा, कंखा गेही तण्हा, भिज्झा, अभिज्झा, असासणया, पत्थणया, लालप्पणया, कामासा, भोगासा, जीवियासा, मरणासा, नंदीरागे १६ एसणं कइवण्णे, कइ गंधे, कइ रसे, कइ फासे पण्णत्ते ? " હે ભગવન્ ! લોભ, ઇચ્છા, મૂર્ચ્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, લિધ્યા, અલિધ્યા, આશંસના, પ્રાર્થના, લાલપનતા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા અને નંદિરાગ આ ૧૬ ભાવો રૂપે પરિણત કર્મપુદ્ગલો કેટલાં વર્ણવાળાં, કેટલા ગંધોવાળાં, કેટલા રસોવાળાં અને કેટલા સ્પર્શોવાળાં હોય છે ?

લોભ અથવા લિપ્સા સામાન્ય નામ છે, અને ઇચ્છા આદિ ભાવો તેના વિશેષનામો રૂપ છે. અભિલાષાને ઇચ્છા કહે છે પ્રાપ્ત પદાર્થના સંરક્ષણને માટે નિરંતર અભિલાષા રાખ્યા કરવી તેનું નામ મૂર્ચ્છા છે. અપ્રાપ્ત પદાર્થની ઇચ્છા કરવી તેનું નામ કાંક્ષા છે. પ્રાપ્ત પદાર્થોમાં વધારે પડતી આસક્તિ રાખવી તેનું નામ ગૃદ્ધિ છે. પ્રાપ્ત પદાર્થોનો અન્યને દેવા રૂપ ઉપયોગના અભાવનું નામ તૃષ્ણા છે. વિષયોનો સંગ્રહ કરવામાં જ નિરન્તર લીન રહેવું તેનું નામ ' લિધ્યા ' છે. અદૃઢ આગ્રહ અથવા ચિત્તની ચલાયમાન સ્થિતિનું નામ ' અલિધ્યા ' છે. અથવા દૃઢ અભિનિવેશનું નામ લિધ્યા છે–આ લિધ્યા ધ્યાન રૂપ હોય છે અને અલિધ્યા અદૃઢ અભિનિવેશ રૂપ હોય છે. અલિધ્યાને ચલાયમાન સ્થિતિવાળી કહી છે. ધ્યાન અને ચિત્ત વચ્ચે આ પ્રકારનો તફાવત છે–" जं थिर मज्झवसाणं तं झाणं, जं चलं तयं चित्तं " સ્થિર અધ્યવસાયનું નામ ધ્યાન છે અને અસ્થિર મનોભાવનું નામ ચિત્ત છે મને મારા પુત્રને, મારા શિષ્યાદિને અમુક ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થઈ જાય, આ પ્રકારે ઇષ્ટ પદાર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છાનું નામ આશંસના છે બીજાની પાસેથી ઇષ્ટ પદાર્થો મેળવવાની યાચના કરવી તેનું નામ પ્રાર્થના છે. કોઈ પણ ઇષ્ટ વસ્તુની અન્યની પાસેથી પ્રાપ્તિ કરવા માટે વારંવાર આગ્રહપૂર્વક પ્રાર્થના કરવી તેનું નામ 'લાલપનતા' છે. ઇષ્ટ રૂપ અને ઇષ્ટ શબ્દને પ્રાપ્ત કરવાની ચાહનાનું નામ કામાશા છે, ઇષ્ટ રસ, ગંધ અને સ્પર્શને પ્રાપ્ત કરવાની ચાહના કરવી તેનું નામ ભોગાશા છે. અધિક જીવવાની આશા રાખવી તેનું નામ મરણાશા છે. નન્દિ એટલે સમૃદ્ધિ સમૃદ્ધિ પ્રાપ્ત થવાથી જે હર્ષ થાય છે તેનું નામ નન્દિરાગ છે ગૌતમ સ્વામીના આ પ્રશ્નનો જવાબ આપતા મહાવીર પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! લોભના ઉપર્યુક્ત ૧૬ રૂપે પરિણમિત

થયેલાં કર્મપુદ્ગલો પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર સ્પર્શોવાળાં હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अह भंते ! पेज्जे, दोसे, कलहे जाव मिच्छादंसणसल्ले एसणं कइ वण्णे, कइ गंधे, कइ रसे, कइ फासे पण्णत्ते ?" હે ભગવન્ ! પુત્રપુત્રી આદિ વિષયક જે સ્નેહ હોય છે તે સ્નેહરૂપે પરિણત કર્મપુદ્ગલો, તથા દ્વેષ, કલહ અને મિથ્યાદર્શનશલ્યપર્યન્તના ભાવો રૂપે પરિણત કર્મપુદ્ગલો કેટલા વર્ણવાળાં, કેટલા ગંધોવાળાં, કેટલા રસોવાળાં અને કેટલા સ્પર્શોવાળાં હોય છે ? અપ્રીતિને દ્વેષ કહે છે પ્રણય અને હાસ્ય આદિને કારણે અરસપરસની વચ્ચે અણબનાવ થાય છે તેનું નામ કલહ છે. સૂત્રમાં કલહ પદ પછી જે 'यावत्' પદ વપરાયું છે તેના દ્વારા "अब्भक्खाणे, पेसुन्ने, अरइरई मायामोसे" આ પાંચ પદોનો સમાવેશ થયો છે જે દોષોનો સદ્ભાવ ન હોય તે દોષોનું કોઈ વ્યક્તિમાં આરોપણ કરવું, તેને અભ્યાખ્યાન કહે છે. ચાડી કરવી તેનું નામ પૈશુન્ય છે. ધર્મ પ્રત્યે અરુચિ અને વિષયો પ્રત્યે રુચિ રાખવી તેનું નામ અરતિરતિ છે. અન્યની નિન્દા કરવી તેનું નામ પરપરિવાદ છે. કપટપૂર્વક મિથ્યા ભાષણ કરવું તેનું નામ માયામૃષાવાદ છે કુદેવ, કુગુરુ અને કુધર્મમાં શ્રદ્ધા રાખવી તેનું નામ મિથ્યાદર્શન શલ્ય છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहेव कोहे तहेव चउफासे" હે ગૌતમ ! સ્નેહાદિ રૂપે પરિણમિત થયેલાં કર્મપુદ્ગલો પણ ક્રોધ રૂપે પરિણત કર્મપુદ્ગલોની જેમ પાંચ વર્ણોવાળાં, બે ગન્ધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર સ્પર્શોવાળાં હોય છે ।।સૂ૦૧।।

પ્રાણાતિપાતાદિ વિરમણવક્તવ્યતા—

" अहण्णं भंते ! पाणाइवायवेरमणे " ઇત્યાદિ—

ટીકાર્થ–પૂર્વ સૂત્રમાં પ્રાણાતિપાત આદિ ૧૮ પાપોનાં વર્ણાદિનું કથન કરવામાં આવ્યું, હવે પ્રાણાતિપાત વિરમણ આદિના વર્ણાદિની સૂત્રકાર પ્રરૂપણા કરે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अह भंते ! पाणाइवायवेरमणे जाव परिग्गहवेरमणे, कोहविवेगे जाव मिच्छादंसणसल्लविवेगे, एसणं कइ कण्णे जाव कइ फासे पण्णत्ते ? " હે ભગવન્ ! પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ, પરિગ્રહવિરમણ, ક્રોધવિરમણ, માન-માયા-લોભ-રાગ દ્વેષ,-કલહ-અભ્યાખ્યાન-પૈશુન્ય-પરપરિવાદ-અને માયામૃષાવાદવિરમણ, તથા મિથ્યાદર્શનશલ્યવિરમણ, આ પ્રકારના પ્રાણાતિપાત વિરમણથી લઇને મિથ્યાદર્શનશલ્યવિરમણ પર્યન્તના ૧૮ પ્રકારના પાપના વિરમણ (ત્યાગ) રૂપ જે ભાવો છે, તે કેટલાં વર્ણોવાળાં, કેટલા ગંધોવાળાં, કેટલા રસોવાળાં અને કેટલા સ્પર્શોવાળાં હોય છે ?

આ પ્રશ્નનો ભાવાર્થ એ છે કે ૧૮ પાપસ્થાનોના ત્યાગ રૂપ જે આત્માનું પરિણામ છે, તે કેટલાં વર્ણાદિકોવાળું છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " अवण्णे, अगंधे, अरसे, अफासे पण्णत्ते " પ્રાણાતિપાતવિરમણ આદિ આત્મપરિણામો વર્ણવાળાં પણ નથી, ગંધવાળાં પણ નથી, રસવાળાં પણ નથી અને સ્પર્શવાળાં પણ નથી.

આ પ્રકારના કથનનું કારણ એ છે કે પ્રાણાતિપાતવિરમણ આદિ પરિણામો આત્માના ઉપયોગ રૂપ જ હોય છે, અને ઉપયોગ આત્માનું લક્ષણ છે, તેથી તેને અમૂર્ત માનવામાં આવે છે. તેથી પ્રાણાતિપાતવિરમણ આદિને આત્માના ઉપયોગસ્વભાવ રૂપ માનવાને કારણે, આ અઢારે પાપસ્થાનોના ત્યાગ રૂપ પરિણામોને અમૂર્ત જ માનવામાં આવે છે. અમૂર્ત હોવાને કારણે તેઓ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપ પૌદ્ગલિક ગુણોવાળાં હોતાં નથી.

હવે ગૌતમ સ્વામી જીવના સ્વરૂપવિશેષને અનુલક્ષીને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" अह भंते ! उप्पत्तिया, वेणइया, कम्मिया, पारिणामिया, एसणं कइ वण्णा ?" હે ભગવન્! ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી, આ ચાર જે બુદ્ધિઓ છે, તે કેટલા વર્ણવાળી, કેટલી ગંધવાળી, કેટલા રસવાળી અને કેટલા સ્પર્શવાળી કહી છે ?

આ બુદ્ધિઓનું સ્વરૂપ આ પ્રકારનું છે–ઉત્પત્તિ એજ જેનું પ્રયોજન છે, પરન્તુ જેને શાસ્ત્ર, કર્મ અને અભ્યાસ આદિની અપેક્ષા રહેતી નથી, એવી બુદ્ધિનું નામ ઔત્પત્તિકી બુદ્ધિ છે. આ બુદ્ધિ સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે. જો કે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ રૂપ પ્રયોજન તો સર્વ બુદ્ધિઓમાં સાપેક્ષ હોય છે, પરન્તુ અહીં તેની વાત કરી નથી. જે બુદ્ધિની પ્રાપ્તિમાં ગુરુવિનય–ગુરુની સેવા, શાસ્ત્રાભ્યાસ આદિ કારણભૂત હોય છે, તે બુદ્ધિને વૈનયિકી બુદ્ધિ કહે છે, કર્મ–અનાચાર્યક અથવા સાચાર્યક શિલ્પરૂપ કર્મ–દ્વારા જે બુદ્ધિની ઉત્પત્તિ થાય છે, તે બુદ્ધિને કાર્મિકી બુદ્ધિ કહે છે. ચિર કાળ પર્યંત પૂર્વાપર અર્થના અવલોકન પરિશીલન વડે ઉત્પન્ન થયેલી જે બુદ્ધિ છે, તેને પારિણામિકી બુદ્ધિ કહે છે.

ગૌતમ સ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–" तंचेव जाव अफासा पण्णत्ता " હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રાણાતિપાતવિરમણ આદિની જેમ ઔત્પત્તિકી આદિ બુદ્ધિઓ પણ વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહી છે, કારણ કે તેઓ જીવના સ્વભાવ રૂપ હોવાને કારણે અમૂર્ત હોય છે. તે કારણે તેમનામાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપ પૌદ્ગલિક ગુણો હોતા નથી. હવે ગૌતમ સ્વામી અવગ્રહ આદિ રૂપ જીવધર્મો વિષે મહાવીર પ્રભુને આ પ્રકારનો પ્રશ્ન પૂછે છે–" अह भंते ! उग्गहे, ईहा, अवाये, धारणा, एसणं कइ वण्णा ?" હે ભગવન્! અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા રૂપ મતિજ્ઞાનના જે ચાર ભેદો છે, તેમનામાં કેટલાં વર્ણો, કેટલા ગંધો, કેટલા રસો અને કેટલા સ્પર્શોના સદ્ભાવ હોય છે ? (સામાન્ય જ્ઞાનનું નામ અથવા અત્યન્ત સૂક્ષ્મ જ્ઞાનનું નામ અવગ્રહજ્ઞાન છે, અવગ્રહજ્ઞાન થયા બાદ નિર્ણયની તરફ ઝૂકતા એટલે કે નિર્ણયની આછી પ્રાપ્તિ કરાવતા જ્ઞાનનું નામ ઈહા છે જે જ્ઞાનમાં નિશ્ચય થઈ જાય છે તે જ્ઞાનનું નામ અવાય છે, અને કાળાન્તરે પણ વિસ્મરણ ન થવું સ્મરણ પટલ પર અંકીત થઈ જવું તેનું નામ ધારણા છે.)

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव जाव अफासा पण्णत्ता " હે ગૌતમ ! મતિજ્ઞાનના અવગ્રહથી લઈને ધારણા પર્યન્તના ભેદોને પણ પૂર્વોક્ત પ્રકારે વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહ્યા છે. કારણ કે અવગ્રહ આદિ પણ જીવના (આત્માના) ધર્મ હોવાને કારણે અમૂર્ત છે. તે કારણે તેમનામાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપ પૌદ્ગલિક ગુણો સંભવી શકતા નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अह भंते ! उट्ठाणे, कम्मे, बले, वीरिए, पुरिसक्कारपरक्कमे, एसणं कइवण्णे ?" હે ભગવન્! ઉત્થાન, કર્મ, બલ, વીર્ય

અને પુરુષકારપરાક્રમ કેટલાં વર્ણવાળાં, કેટલા ગંધવાળાં, કેટલા રસોવાળાં અને કેટલા સ્પર્શોવાળાં છે? (ઉત્થાન એટલે ઊભા થવું તે, બળ એટલે શારીરિક સામર્થ્ય વીર્ય એટલે આત્મિકબળ, પુરુષકાર પરાક્રમ એટલે અભિમાન વિશેષરૂપ પુરુષકાર તથા પોતાના વિષયમાં સફળતા દેનારો પુરુષાર્થ.)

મહાવીર પ્રભુનો ઉત્તર–"तंचेव जाव अफासे पण्णत्ते" હે ગૌતમ! પૂર્વોક્ત પ્રકારે ઉત્થાન આદિને પણ વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહ્યા છે. કારણ કે ઉત્થાન આદિ પાંચે જીવનાધર્મ રૂપ છે, તે કારણે અમૂર્ત હોવાને કારણે વર્ણાદિ ગુણોથી રહિત હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सत्तमेणं भंते! उवासंतरे कइ वण्णे?" હે ભગવન્! સાતમી નરકપૃથ્વીની નીચેનું આકાશખંડ રૂપ અવકાશાન્તર કેટલાં વર્ણોવાળું, કેટલા ગંધોવાળું, કેટલા રસોવાળું અને કેટલા સ્પર્શોવાળું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं चेव जाव अफासे पण्णत्ते" હે ગૌતમ! સાતમી નરકપૃથ્વીની નીચેનું અવકાશાન્તર પણ પૂર્વોકિત પ્રકારે વર્ણ વિનાનું, ગંધ વિનાનું, રસ વિનાનું અને સ્પર્શ વિનાનું કહ્યું છે. તે અવકાશાન્તર અમૂર્ત હોવાને કારણે તેને વર્ણાદિ વિનાનું કહ્યું છે.

આ અવકાશાન્તરના સ્થાનનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– પહેલી નરક પૃથ્વી અને બીજી નરક પૃથ્વીની વચ્ચે જે અન્તરાલ રૂપ આકાશખંડ છે તેને પ્રથમ અવકાશાન્તર કહે છે. આ પ્રકારે વિચાર કરતાં, સાતમી નરક પૃથ્વીની નીચેનો જે આકાશખંડ છે તેને સાતમું અવકાશાન્તર કહે છે, તેની ઉપર સાતમું તનુવાત છે સાતમા તનુવાતની ઉપર સાતમું ઘનવાત છે. સાતમા ઘનવાતની ઉપર સાતમો ઘનોદધિ છે. અને સાતમા ઘનોદધિની ઉપર સાતમી નારક પૃથ્વી છે. આ સાતમી નારક પૃથ્વીની નીચેના આકાશખંડ રૂપ જે અવકાશાન્તર છે તે અમૂર્ત હોવાને કારણે તેને વર્ણાદિક ગુણોથી રહિત કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सत्तमेणं भंते! तणुवाए कइ वण्णे?" હે ભગવન્! સાતમો જે તનુવાત છે, તે કેટલાં વર્ણોવાળો છે? કેટલા ગંધોવાળો છે? કેટલા રસોવાળો છે? કેટલા સ્પર્શોવાળો છે?

મહાવીર પ્રભુનોઉત્તર–"जहा पाणाइवाए नवरं अट्ठ फासे पण्णत्ते" હે ગૌતમ! સાતમો તનુવાત, પ્રાણાતિપાત પરિણત કર્મપુદ્ગલોની જેમ, પાંચ વર્ણોવાળો, બે ગંધોવાળો અને પાંચ રસોવાળો કહ્યો છે. પરન્તુ પ્રાણાતિપાત પરિણત કર્મપુદ્ગલોની જેમ તે ચાર સ્પર્શોવાળો નથી પણ આઠ સ્પર્શોવાળો છે. તે આઠ સ્પર્શોનાં નામ નીચે પ્રમાણે છે–હલકો, ભારે, સ્નિગ્ધ, રૂક્ષ, ઉષ્ણ, શીત, કઠોર અને નરમ તનુવાત આદિ બાદર પરિણામવાળાં હોય છે, તે કારણે ત્યાં આઠ સ્પર્શોનો સદ્ભાવ સંભવી શકે છે. એજ કારણે એવું કહેવામાં આવ્યું છે કે–"एवं जहा सत्तमे तणुवाए तहा सत्तमे घणवाए घणोदही, पुढवी" જે પ્રકારે સાતમા તનુવાતના વિષયમાં વર્ણાદિનુ,

કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે સાતમા ઘનવાત, સાતમા ઘનોદધિ અને સાતમી નરક પૃથ્વીને પણ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસો અને આઠ સ્પર્શોવાળા સમજવા. "छट्ठे उवासंतरे अवण्णे" જે છઠ્ઠું અવકાશાન્તર-(આકાશખંડાત્મક ખાલી સ્થાન) છે, તે પણ અમૂર્ત હોવાને કારણે વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત છે. "तणुवाए जाव छट्ठी पुढवी, एयाइं अट्ठ फासाइं" છઠ્ઠું તનુવાત, છઠ્ઠું ઘનવાત, છઠ્ઠો ઘનોદધિ અને છઠ્ઠી પૃથ્વી આ ચારે પૌદ્ગલિક હોવાને કારણે મૂર્ત છે, તે કારણે તેમને પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શોથી યુક્ત સમજવા જોઈએ. "एवं जहा सत्तमाए पुढवीए वत्तव्वया भणिया, तहा जाव पढमाए पुढवीए भाणियव्वं" વર્ણાદિના વિષયમાં જેવી વક્તવ્યતા સાતમી પૃથ્વી વિષે કરવામાં આવી છે, એવી જ વક્તવ્યતા પાંચમી, ચોથી, ત્રીજી, બીજી અને પહેલી પૃથ્વીના વિષયમાં પણ થવી જોઈએ એટલે કે આ નરક પૃથ્વીઓને પણ પાંચ વર્ણોવાળી, બે ગંધોવાળી, પાંચ રસોવાળી અને આઠ સ્પર્શોવાળી કહેવી જોઇએ. "जंबुद्दीवे दीवे, जाव सयंभूरमणे समुद्दे सोहम्मे कप्पे जाव ईसिपब्भारा पुढवी, नेरइयावासा जाव वेमाणियावासा, एयाणि सव्वाणि अट्ठ फासाणि" જંબૂદ્વીપ નામનો દ્વીપ, લવણસમુદ્ર આદિ સમુદ્રો, ધાતકીખંડ, સ્વયંભૂરમણ સમુદ્ર, સૌધર્મ કલ્પ, ઈશાનસનત્કુમાર માહેન્દ્ર-બ્રહ્મલોક-લાન્તક-મહાશુક-સહસ્રાર-આનત-પ્રાણત-આરણ અને અચ્યુત, આ બાર કલ્પો, નવ ગ્રૈવેયકવિમાનો, વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ, આ પાંચ અનુત્તર વિમાનો, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, નારકાવાસો, અસુરકુમારાદિ ભવનપતિ દેવાવાસો, જ્યોતિષિકાવાસો, વૈમાનિકાવાસો, ઈત્યાદિ પૌદ્ગલિક પદાર્થો પણ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા છે.

ગૌતમસ્વામીનો પ્રશ્ન-'नेरइयाणं भंते ! कइवण्णा, जाव कइफासा पण्णत्ता ?' હે ભગવન્ ! નારકો કેટલાં વર્ણવાળાં, કેટલા ગંધોવાળા, કેટલા રસોવાળાં અને કેટલા સ્પર્શોવાળાં છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा ! હે ગૌતમ ! "वेउव्वियतेयाइं पडुच्च पंचवन्ना, पंच रसा, दुगंधा, अट्ठफासा पण्णत्ता" તૈજસ અને વૈક્રિય પુદ્ગલોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો નારકોને પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને આઠ સ્પર્શોવાળાં, કહ્યાં છે. કારણ કે વૈક્રિય અને તૈજસ શરીર બાદર પરિણામવાળાં પુદ્ગલો રૂપ હોય છે તે બન્નેની બાદરતાને કારણે નારકોમાં આઠ સ્પર્શોનો સદ્ભાવ કહ્યો છે. પરન્તુ "कम्मगं पडुच्च पंचवन्ना, दुगंधा, पंचरसा चउफासा पण्णत्ता" કાર્મણશરીર રૂપ પુદ્ગલની અપેક્ષાએ નારકોને પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને ચાર

સ્પર્શોવાળાં કહ્યા છે. કારણ કે કાર્મણશરીર સૂક્ષ્મપરિણામવાળાં પુદ્ગલો રૂપ હોય છે તે કારણે તેમાં ચાર સ્પર્શોનો જ સદ્ભાવ સમજવો. પરન્તુ "जीवं पडुच्च अवण्णा जाव अफासा पण्णत्ता" જીવની અપેક્ષાએ નારકોમાં વર્ણાદિ-મત્તાનો વિચાર કરવામાં આવે, તો તેઓ વર્ણવિનાના, ગંધવિનાના, રસવિ-નાના અને સ્પર્શવિનાના છે, કારણ કે જીવ અમૂર્ત હોય છે. તે કારણે તેને પૌદ્ગલિક વર્ણાદિ ગુણોથી રહિત માનવામાં આવેલ છે. તે દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો નારકોમાં પણ વર્ણાદિ રહિતતા સમજવી જોઇએ. "एवं जाव थणियकुमारा" અસુરકુમારોથી લઈને સ્તનિતકુમાર પર્યન્તના ભવનપતિ દેવોના વર્ણાદિના વિષયમાં નારકોના જેવું જ કથન થવું જોઈએ એટલે કે વૈક્રિય અને તૈજસ શરીરોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો તેઓ પાંચ વર્ણવાળાં, બે ગંધવાળાં, પાંચ રસોવાળાં અને આઠ સ્પર્શોવાળાં હોય છે, પરન્તુ કાર્મણ શરીરના પુદ્ગલોની અપેક્ષાએ વિચારવામાં આવે, તો તેઓ પાંચ વર્ણાદિવાળાં અને ચાર સ્પર્શોવાળાં હોય છે જીવની અપેક્ષાએ વિચારવામાં આવે, તો વિના વર્ણના, વિના ગંધના, વિના રસના અને સ્પર્શ વિનાના હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"पुढविक्काइय पुच्छा" હે ભગવન્! પૃથ્વીકાયિકો કેટલા વર્ણવાળા, કેટલા ગંધવાળા, કેટલા રસવાળા અને કેટલા સ્પર્શવાળા હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "ओरालियतेयगाइं पडुच्च पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ते" ઔદારિક અને તૈજસ શરીરોનાં પુદ્ગલોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો પૃથ્વીકાયિકો પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા હોય છે. "कम्मगं पडुच्च जहा नेरइया" કાર્મણ શરીરનાં પુદ્ગલોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો પૃથ્વીકાયિકો નારકોની જેમ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને ચાર સ્પર્શોવાળા હોય છે. "जीवं पडुच्च तहेव" જીવની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો નારકોની જેમ પૃથ્વીકાયિક જીવો વર્ણ-રહિત, રસરહિત અને સ્પર્શરહિત હોય છે. "एवं जाव चउरिंदिया" એજ પ્રમાણે અપ્કાયિક, તૈજસ્કાયિક, વનસ્પતિકાયિક તથા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવો, ઔદારિક અને તૈજસ શરીરનાં પુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા હોય છે, તથા કાર્મણશરીરની અપેક્ષાએ તેઓ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને ચાર સ્પર્શોવાળા હોય છે. "जीवं पडुच्च" અને જીવની અપેક્ષાએ તેઓ વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત હોય છે. "नवरं वाउक्काइया ओरालियवेउव्वियतेयगाइं पडुच्च पंचवण्णा जाव अट्ठफासा पण्णत्ता, सेसं जहा नेरइयाणं" પૃથ્વીકાયિકોના વર્ણાદિના કથન કરતાં વાયુ-કાયિકોના વર્ણાદિના કથનમાં એવી વિશેષતા છે કે વાયુકાયિક જીવો ઔદા-

રિક, તૈજસ, અને વૈક્રિય શરીરનાં પુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા હોય છે. ત્યાર પછીનું સમસ્ત કથન નારકોના કથન પ્રમાણે જ સમજવું જેમ કે–વાયુકાયિક જીવો કાર્મણશરીરના પુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને ચાર સ્પર્શોવાળા હોય છે. "जीवं पडुच्च" જીવની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો તેઓ વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત હોય છે.

"पंचिंदियतिरिक्खजोणिया जहा वाउक्काइया" વાયુકાયિકોના જેવું જ કથન પંચેન્દ્રિય તિર્યંચોના વર્ણાદિના વિષયમાં પણ સમજવું એટલે કે ઔદારિક, વૈક્રિય અને તૈજસ શરીરના પુદ્ગલોની અપેક્ષાએ પંચેન્દ્રિયતિર્યંચોને પણ પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા

કહ્યા છે. પરન્તુ કાર્મણશરીરના પુદ્ગલોની અપેક્ષાએ તેમને પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને ચાર સ્પર્શોવાળા કહ્યા છે. જીવની અપેક્ષાએ તેમને વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહ્યા છે.

मणुस्साणं पुच्छा "હે ભગવન્! મનુષ્યો કેટલાં વર્ણવાળા, કેટલા ગંધવાળા, કેટલા રસવાળા અને કેટલા સ્પર્શવાળા હોય છે? આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે "ओरालिय-आहारग-तेयगाइं पडुच्च पंच वण्णाइं जाव अट्ठफासा पण्णत्ता" હે ગૌતમ! ઔદારિક, વૈક્રિય, આહારક, અને તૈજસ શરીરનાં પુદ્ગલોની અપેક્ષાએ મનુષ્યોને પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા કહ્યા છે. "कम्मगं जीवं च पडुच्च जहा नेरइया" કાર્મણ શરીર અને જીવની અપેક્ષાએ તેમના વર્ણાદિનું કથન નારકોના વર્ણાદિના કથન જેવું જ સમજવું એટલે કે કાર્મણ શરીરના પુદ્ગલોની અપેક્ષાએ મનુષ્યોને પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને ચાર સ્પર્શોવાળા કહ્યા છે, અને જીવની અપેક્ષાએ વર્ણરહિત, ગંધરહિત, રસરહિત, અને સ્પર્શરહિત કહ્યા છે. "वाणमंतरजोइसियवेमाणिया जहा नेरइया" વાનવ્યંતરો, જ્યોતિષિકો અને વૈમાનિક દેવોના વર્ણાદિકોના વિષયમાં નારકોના જેવું જ કથક કરવું જોઈએ એટલે કે વૈક્રિય અને તૈજસ શરીરનાં પુદ્ગલોની અપેક્ષાએ તેમને પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને આઠ સ્પર્શોવાળા કહ્યા છે. કાર્મણ શરીરની અપેક્ષાએ તેમને પાંચ વર્ણોવાળા, બે ગંધોવાળા, પાંચ રસોવાળા અને ચાર સ્પર્શોવાળા કહ્યા છે અને જીવની અપેક્ષાએ તેમને વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહ્યા છે.

"धम्मत्थिकाए जाव पोग्गलत्थिकाए, एए सव्वे अवण्णा०" ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને અદ્ધાસમય (કાળ) ને વર્ણરહિત, ગંધ-

રહિત, રસરહિત અને સ્પર્શરહિત કહ્યા છે. "नवरं पोग्गलकाए पंचवन्ने, दुगंधे, पंचरसे, अट्ठफासे पण्णत्ते" પરન્તુ જે પુદ્ગલાસ્તિકાય છે તેને પાંચ વર્ણોવાળું, બે ગંધોવાળું, પાંચ રસોવાળું અને આઠ સ્પર્શોવાળું કહ્યું છે, કારણ કે પુદ્ગલાસ્તિકાય મૂર્ત છે અને ધર્માસ્તિકાય આદિ અમૂર્ત છે તેથી ધર્માસ્તિકાય આદિને વર્ણાદિ પૌદ્ગલિક ગુણોથી રહિત કહ્યા છે. "णाणावरणिज्जे जाव अंतराइए, एयाणि चउफासाणि" જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, મોહનીયકર્મ, વેદનીયકર્મ, આયુકર્મ, નામકર્મ ગોત્રકર્મ અને અન્તરાયકર્મ, આ આઠે કર્મો પાંચવર્ણવાળાં, બે ગંધવાળાં પાંચ રસવાળાં અને ચાર સ્પર્શવાળાં હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कण्हलेस्साणं भंते! कइवण्णा०?" હે ભગવન્! કૃષ્ણ લેશ્યા કેટલા વર્ણવાળી, કેટલા ગંધવાળી, કેટલા રસવાળી અને કેટલા સ્પર્શવાળી હોય છે? આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–"दव्वलेस्सं पडुच्च पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ता" દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો કૃષ્ણલેશ્યા પાંચ વર્ણોવાળી, બે ગંધોવાળી, પાંચ રસોવાળી અને આઠ સ્પર્શોવાળી હોય છે. તથા–"भावलेस्सं पडुच्च अवण्णा०" ભાવલેશ્યાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો તે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિનાની હોય છે, કારણ કે ભાવલેશ્યા જીવના પરિણામ રૂપ હોય છે અને જીવના પરિણામને અમૂર્ત કહ્યું છે. તેથી અમૂર્તમાં વર્ણાદિનો સદ્ભાવ હોતો નથી. "एवं जाव सुक्कलेस्सा" કૃષ્ણલેશ્યાના વર્ણાદિના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે. એવું જ કથન નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યાના વર્ણાદિ વિષે સમજવું એટલે કે દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ આ બધી લેશ્યાઓને પાંચવર્ણવાળી, બે ગંધવાળી, પાંચ રસવાળી અને આઠ સ્પર્શોવાળી કહી છે તથા ભાવલેશ્યાની અપેક્ષાએ તેમને વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહેવામાં આવી છે કારણ કે ભાવલેશ્યા જીવના પરિણામ રૂપ હોવાને કારણ અમૂર્ત હોય છે તેથી તેમાં વર્ણાદિનો સદ્ભાવ હોતો નથી. "सम्मद्दिट्ठी३, चक्खुदंसणे४, आभिणिबोहियनाणे, जाव विब्भंगणाणे, आहारसन्ना जाव परिग्गहसन्ना, एयाणि अवण्णाणि०" મહાવીર પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે હે ગૌતમ! સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ (મિથ્યાજ્ઞાન), સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (મિશ્રદૃષ્ટિ,) ચક્ષુઃદર્શન અચક્ષુર્દર્શન, અવધિદર્શન, કેવલદર્શન, આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન), શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મત્યજ્ઞાન, શ્રુતાજ્ઞાન, વિભંગજ્ઞાન, આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, અને પરિગ્રહસંજ્ઞા, આ બધાને વર્ણવિનાના, ગંધવિનાના, રસવિનાના અને સ્પર્શવિનાના કહ્યા છે તેઓ જીવના આન્તરપરિણામ રૂપ હોવાને કારણે અમૂર્ત છે. તે કારણે તેમને વર્ણાદિ

વિનાના કહેવામાં આવેલ છે. આ રીતે કૃષ્ણલેશ્યાથી લઇને પરિગ્રહસંજ્ઞા પર્યન્તના સઘળા પદાર્થો જીવપરિણામરૂપ હોવાથી વર્ણાદિ વિનાના હોય છે, એમ સમજવું જોઇએ જ્યાં જ્યાં ચાર સ્પર્શોનો સદ્ભાવ કહેવામાં આવ્યો છે, ત્યાં ત્યાં સૂક્ષ્મપરિણામ રૂપ કારણ સમજવાનું છે અને જ્યાં જ્યાં આઠ સ્પર્શોનો સદ્ભાવ બતાવ્યો છે, ત્યાં ત્યાં બાદરપરિણામ રૂપ કારણ સમજવાનું છે. તેથી જ સૂત્રકારે કહ્યું છે કે " ओरालियसरीरे जाव तेयगसरीरे, एयाणि अट्ठफासाणि " ઔદારિકશરીર, વૈક્રિયશરીર, આહારકશરીર અને તૈજસશરીર, આ ચાર શરીર આઠ સ્પર્શોવાળાં હોય છે, તથા " कम्मगसरीरे चउफासे " કાર્મણશરીર ચાર સ્પર્શોવાળું હોય છે. " मणजोगे, वयजोगे य चउफासे " મનોયોગ અને વચનયોગને ચાર સ્પર્શોવાળા કહેવામાં આવ્યા છે, " कायजोगे अट्ठफासे " પણ કાયયોગને આઠ સ્પર્શોવાળો કહ્યો છે, કારણ કે કાયયોગ બાદર પુદ્ગલોના પરિણામરૂપ હોય છે. " सागारोवओगे य अणागारोवओगेय अवण्णा " સાકારઉપયોગ અને અનાકારઉપયોગ, આ બન્ને ઉપયોગો જીવના આન્તરપરિણામ રૂપ હોય છે તે કારણે તેઓ અમૂર્ત હોય છે. તેથી તેમને વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત કહેવામાં આવેલ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" सव्व दव्वाणं भंते ! कइवण्णा० पुच्छा " હે ભગવન્ ! સમસ્ત ધર્માસ્તિ કાયાદિક દ્રવ્યો કેટલા વર્ણવાળાં, કેટલા રસવાળાં અને કેટલા સ્પર્શવાળા હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" अत्थेगइया सव्वदव्वा पंचवण्णा जाव अट्ठफासा पण्णत्ता " હે ગૌતમ ! સમસ્ત દ્રવ્યોમાંથી કેટલાક દ્રવ્યો-બાદર પુદ્ગલ રૂપ દ્રવ્યો-પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં અને આઠ સ્પર્શોવાળાં હોય છે. " अत्थेगइया सव्वदव्वा पंचवण्णा०, जाव चउफासा पण्णत्ता " સમસ્ત દ્રવ્યોમાંથી કેટલાક દ્રવ્યોને-સૂક્ષ્મ પુદ્ગલ દ્રવ્યોને-પાંચ વર્ણોવાળાં, બે ગંધોવાળાં, પાંચ રસોવાળાં, અને ચાર સ્પર્શોવાળાં કહ્યા છે, " अत्थेगइया सव्वगंधा, एगगंधा, एगवण्णा, एगरसा, दुफासा पण्णत्ता ', સમસ્ત દ્રવ્યોમાંથી કેટલાક દ્રવ્યોને- પરમાણુ પુદ્ગલ રૂપ દ્રવ્યોને-એક ગંધવાળાં એક રસવાળાં, એક વર્ણવાળાં અને બે સ્પર્શવાળાં કહ્યા છે. એજ વાત નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યકત થાય છે-" एकरसवर्णगंधो, द्विस्पर्शः कार्यलिङ्गश्च " " પરમાણુ રસ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શવાળો હોય છે, તેનું જ્ઞાન તેમના સંયોગથી ઉત્પન્ન થયેલા કાર્યથી થાય છે. " સૂક્ષ્મસંબંધી ચાર સ્પર્શોમાંના કોઈ બે અવિરુદ્ધ સ્પર્શોનો સદ્ભાવ રહે છે. " अत्थेगइया सव्वादव्वा अवण्णा जाव अफासा पण्णत्ता " સમસ્ત દ્રવ્યોમાંથી કેટલાક દ્રવ્યો-ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો-વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત હોય

છે. "एवं सव्व पएसा वि, सव्व पज्जवा वि" એજ પ્રમાણે કેટલાક દ્રવ્ય-પ્રદેશો પાંચ વર્ણવાળા, બે ગંધવાળા, પાંચ રસવાળા અને આઠ સ્પર્શવાળા હોય છે, અને કેટલાક દ્રવ્યપ્રદેશો વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શ રહિત હોય છે એટલે કે મૂર્ત દ્રવ્યના પ્રદેશોને, મૂર્ત દ્રવ્યપુદ્ગલોની જેમ, પાંચ વર્ણવાળાં, અને બે ગંધાદિવાળા કહ્યા છે. અમૂર્તદ્રવ્ય પ્રદેશોને-ધર્માસ્તિકાયાદિના પ્રદેશોને, અમૂર્ત દ્રવ્યની જેમ વર્ણાદિ વિનાના કહ્યા છે. એજ પ્રમાણે કેટલાક દ્રવ્યોની પર્યાયોને પણ-કેટલાક દ્રવ્યની ધર્મરૂપ કમ-ભાવી પર્યાયોને પણ-દ્રવ્યની જેમ પાંચ વર્ણવાળી, બે ગંધવાળી, પાંચ રસ-વાળી અને આઠ સ્પર્શવાળી કહી છે, તથા કેટલાક દ્રવ્યોની પર્યાયોને વર્ણ-વિનાની, ગંધવિનાની, રસવિનાની અને સ્પર્શ વિનાની કહી છે. એટલે કે મૂર્ત દ્રવ્યોની પર્યાયોને મૂર્ત દ્રવ્યની જેમ વર્ણ, ગંધ રસ અને સ્પર્શવાળી કહી છે અને અમૂર્ત દ્રવ્યોની પર્યાયોને, અમૂર્ત દ્રવ્યોની જેમ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિનાની કહી છે. "तीयद्धा अवण्णा, जाव अफासा, एवं अणागयद्धा वि, एवं सव्वद्धा वि" ભૂતકાળને પણ વર્ણવિનાનો, ગંધવિનાનો, રસવિનાનો અને સ્પર્શવિનાનો કહ્યો છે એજ પ્રમાણે અનાગત (ભવિષ્ય) કાળને પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શોથી રહિત કહ્યો છે ભૂતકાળની જેમ સર્વ કાળને પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિનાનો કહ્યો છે, કારણ કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન, એ ત્રણે કાળને પણ અમૂર્ત કહ્યા છે. તેઓ અમૂર્ત હોવાને કારણે તેમનામાં પૌદ્ગલિક ગુણોનો સદ્ભાવ સંભવી શકતો નથી. ॥સૂ૦૨॥

જીવ પરિણામ કા નિરૂપણ

—જીવપરિણામની વક્તવ્યતા—

"जीवे णं भंते! गब्भं वक्कममाणे" ઇત્યાદિ—

ટીકાર્થ-આ સૂત્ર દ્વારા સૂત્રકારે જીવના વ્યુત્ક્રમણ કાળમાં તેનાવર્ણાદિની નીચે પ્રમાણે પ્રરૂપણા કરી છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"जीवे णं भंते! गब्भं वक्कममाणे कइवन्नं, कइगंधं, कइ रसं, कइफासं परिणामं परिणमइ?" હે ભગવન્! જ્યારે જીવ ગર્ભમાં આવે છે, ત્યારે એટલે કે ગર્ભોત્પત્તિકાળમાં-જીવ કેટલાં વર્ણાદિ રૂપ પરિ-ણામને પ્રાપ્ત કરે છે? એટલે કે જીવ જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારે કેટલાં વર્ણવાળો હોય છે? કેટલા ગંધવાળો હોય છે? કેટલા રસવાળો હોય છે? કેટલા સ્પર્શવાળો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा!" હે ગૌતમ! ગર્ભવ્યુત્ક્રાન્ત જીવ "पंचवन्नं, दुगंधं, पंचरसं, अट्ठफासं परिणमइ" પાંચ વર્ણવાળો, બે ગંધવાળો, પાંચ રસવાળો અને આઠ સ્પર્શવાળો હોય છે, કારણ કે ગર્ભવ્યુત્ક્રમણ

કાળમાં (જ્યારે ગર્ભમાં જીવ આવે છે ત્યારે) જીવશરીર પાંચ વર્ણાદિવાળું હોય છે તેથી ગર્ભવ્યુત્ક્રમણ કાળમાં જીવને પાંચ વર્ણાદિ પરિણામોવાળો–પાંચ વર્ણવાળો, બે ગંધવાળો, પાંચ રસવાળો અને આઠ સ્પર્શવાળો–કહેવામાં આવ્યો છે. એવું સમજવું જોઇએ આ કથનનો ભાવાર્થ એ છે કે જીવ સ્વભાવતઃ અમૂર્ત હોવાને કારણે વર્ણાદિ રૂપ પરિણામો વિનાનો હોય છે. પરન્તુ તેની સાથે શરીરનો સંબંધ તો ચાલૂ જ રહ્યા કરે છે આ શરીર-સંબંધને કારણે, જ્યાં સુધી તે મુક્તિ પ્રાપ્ત કરતો નથી, ત્યાં સુધી તો સંસારી અવસ્થાવાળો રહેવાને કારણે શરીરના સંબંધવાળો જ રહે છે, તે કારણે તે વિચિત્ર વર્ણાદિરૂપ પરિણામોવાળો જ બની રહે છે. ।।સૂ૦૩।।

જીવકે ચારિત્ર પરિણામ હેતુ કા નિરૂપણ

—જીવના વિચિત્ર પરિણામની વક્તવ્યતા—

"कम्मओणं भंते ! जीवे नो अकम्मओ" ઇત્યાદિ—

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે જીવના વિચિત્ર પરિણામના કારણોની પ્રરૂપણા કરી છે–આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર ભગવાનને એવો પ્રશ્ન પૂછે છે કે "कम्मओ णं भंते ! जीवे नो अकम्मओ विभत्तिभावं परिणमइ ?" હે ભગવન્ ! શું જીવ કર્મ દ્વારા જ વિભક્તિભાવ ને–નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, આ ભવોમાં વિવિધ પરિણામને–પ્રાપ્ત કરે છે ? શું કર્મ વિના જીવ વિભક્તિભાવને પ્રાપ્ત કરતો નથી ? એજ પ્રમાણે "कम्मओणं जए, नो अकम्मओ विभत्तिभावं परिणमइ" શું નારકાદિ પર્યાયોને પ્રાપ્ત કરનારો જીવસમૂહ પણ કર્મ વડે જ નૈરયિક આદિ વિવિધ પરિણામોની પ્રાપ્તિ કરે છે ? અને કર્મવિના શું તેઓ નૈરયિક આદિ વિવિધ પરિણામોને પ્રાપ્ત કરતા નથી ?

ગૌતમ સ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે "हंता, गोयमा ! कम्मओणं तंचेव जाव परिणमइ, नो अकम्मओ विभत्तिभावं परिणमइ" હે ગૌતમ ! હા, એવું જ બને છે જીવ અથવા જીવસમૂહ રૂપ જગત કર્મ વડે જ નૈરયિક આદિ વિવિધ પ્રકારના પરિણામને પ્રાપ્ત કરે છે, કર્મ વિના જીવ અથવા જીવસમૂહ રૂપ જગત નૈરયિક આદિ વિવિધ પરિણામોને પ્રાપ્ત કરતા નથી હવે સૂત્રનો ઉપસંહાર કરવા નિમિત્તે ગૌતમ સ્વામીના આ વચનો દ્વારા પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણવામાં આવેલ છે–

"सेवं भंते! सेवं भंते! त्ति" "હે ભગવન્! આપે જે કહ્યું તે સત્ય જ છે. હે ભગવન્! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય જ છે." આ પ્રમાણે કહીને ભગવાનને વંદણા નમસ્કાર કરીને, ગૌતમ સ્વામી પોતાને સ્થાને બેસી ગયા. ॥સૂ૦૪॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર" ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમા શતકનો પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨–૫॥

卐

છઠ્ઠે ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

છઠ્ઠા ઉદ્દેશાનો પ્રારંભ—

આ છઠ્ઠા ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે–"રાહુ જ્યારે ચન્દ્રમાનો ગ્રાસ કરે છે, ત્યારે ચન્દ્રગ્રહણ થાય છે," આ પ્રકારની અન્યતીર્થિકોની માન્યતા મિથ્યા હોવાનું પ્રતિપાદન રાહુદેવનું વર્ણન–રાહુનાં નામોનું કથન–રાહુના વિમાનનું વર્ણન રાહુની અવરજવર થાય ત્યારે ચન્દ્રપ્રકાશના આચ્છાદનનું કથન રાહુના પ્રકારોનું કથન–સૂર્ય ચન્દ્રને રાહુ કયારે આચ્છાદિત કરે છે, તેનું કથન ચન્દ્રને 'સશ્રી' કહેવાના કારણનું નિરૂપણ–સૂર્યને 'આદિત્ય' કહેવાના કારણનું નિરૂપણ ચન્દ્રની અગ્રમહિષીઓનું કથન ચન્દ્ર અને સૂર્યના વિશિષ્ટ કામભોગોનું વર્ણન.

—રાહુ વિષયક વક્તવ્યતા—

"रायगिहे जाव एवं वयासी" ઇત્યાદિ—

ટીકાર્થ–આના પહેલાના ઉદ્દેશકમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જગતના જીવોને નૈરયિક આદિ ભવોની પ્રાપ્તિ થાય છે. આ ભવોની પ્રાપ્તિ રૂપ જે ભાવ છે, તે તેમના કર્મના કારણભૂત હોય છે. એવો તે ભાવ રાહુ વડે ગ્રસિત થાય ત્યારે ચન્દ્રમાં પણ સંભવી શકે છે, આ આશંકાનું સૂત્રકારે અહીં નિવારણ કર્યું છે–"रायगिहे जाव एवं वयासी" રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા, પરિષદ નીકળી, ધર્મકથા સાંભળીને પરિષદ વિખરાઈ ગઈ, ઇત્યાદિ સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ ત્યાર બાદ ધર્મતત્ત્વને સાંભળવાની ઇચ્છાવાળા ગૌતમ સ્વામીએ બન્ને હાથ જોડીને વિનયપૂર્વક મહાવીર પ્રભુને આ પ્રમાણે પૂછયું–"बहु जणेणं भंते ! अन्नमन्नस्स एवमाइक्खइ," હે ભગવન્! અન્યતીર્થિકો પરસ્પરમાં એવું કહે છે, એવું ભાખે છે, એવી પ્રજ્ઞાપના કરે છે અને એવી પ્રરૂપણા કરે છે કે–"एवं खलु राहू चंदं गेण्हइ, एवं खलु राहू चंदं गेण्हइ" રાહુ ચન્દ્રમાનો ગ્રાસ કરે છે, રાહુ ચન્દ્રમાનો ગ્રાસ કરે છે, "से कहमेयं भंते ! एवं" હે ભગવન્! અન્ય તીર્થિકોનું આ કથન શું સત્ય છે ખરું? તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે "गोयमा ! जे णं से बहुजणेणं अण्णमण्णस्स जाव मिच्छं ते एवमाहंसु" હે ગૌતમ! તે અન્ય તીર્થિકો પરસ્પરને એવું જે કહે છે, એવું ભાખે છે, એવી પ્રજ્ઞાપના કરે છે અને એવી પ્રરૂપણા કરે છે, કે રાહુ ચન્દ્રનો ગ્રાસ કરે છે, તે કથન અપ્રામાણિક હોવાથી તથા કુપ્રાવચનના સંસ્કાર વડે પ્રાપ્ત કરાયેલું હોવાથી મિથ્યા છે કારણ કે ગ્રહણમાં રાહુ અને ચન્દ્રમાનાં વિમાનોની અપેક્ષા રહે છે. તે કારણે વિમાનોમાં ગ્રાસક ગ્રાસ્ય ભાવ સંભવી શકતો નથી, પરન્તુ આચ્છાદ્ય, આચ્છાદક ભાવ જ સંભવી શકે છે.

"अहं पुण गोयमा! एवमाइक्खामि जाव एवं परूवेमि" હે ગૌતમ! રાહુ દ્વારા ચન્દ્રના ગ્રહણના વિષયમાં હું તો એવું કહું છું, એવું પ્રતિપાદિત કરું છું એવું પ્રજ્ઞાપિત કરું છું અને એવું પ્રરૂપિત કરું છું કે "एवं

खलु राहू देवे महिड्ढिए जाव महासोक्खे, वरवत्थधरे, वरमल्लधरे, वरगंधधरे, वराभरणधारी" રાહુ એક દેવ છે, અને તે મહાઋદ્ધિવાળો, મહાદ્યુતિવાળો, મહાબલવાળો, મહાયશવાળો અને મહાસુખવાળો છે. તથા તે ઉત્તમ વસ્ત્રોને ધારણ કરનારો, ઉત્તમ માલાઓને ધારણ કરનારો, ઉત્તમ ચન્દન, પુષ્પો આદિની ગંધથી યુક્ત ગંધવાળો તથા શ્રેષ્ઠ આભરણોથી વિભૂષિત દેહવાળો છે. "राहुस्स णं देवस्स नव नामधेज्जा पण्णत्ता" તે રાહુ દેવના નવ નામ કહ્યા છે, "तंजहा" તે નામો નીચે પ્રમાણે છે-"सिंघाडए, जडिलए, खंभए, खरए, दद्दुरे, मगरे, मच्छे, कच्छभे, कण्हसप्पे" (૧) શૃંગાટક, (૨) જટિલક, (૩) સ્તંભ, (૪) ખરક, (૫) દર્દુર; (૬) મકર, (૭) મત્સ્ય, (૮) કચ્છપ અને (૯) કૃષ્ણસર્પ.

"राहुस्स णं देवस्स विमाणा पंचवण्णा पण्णत्ता-तंजहा" રાહુ દેવનાં વિમાનો નીચે પ્રમાણે પાંચ વર્ણના કહ્યા છે-"किण्हा, नीला, लोहिया, हालिद्दा, सुक्किल्ला" (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) લોહિત (લાલ), (૪) હારિદ્ર (પીળો) અને (૫) શુકલ "अत्थिकालए राहुविमाणे खंजणवण्णाभे पण्णत्ते" રાહુનું જે કૃષ્ણવિમાન છે તે ખંજનના વર્ણની આભાવાળું-એટલે કે કાજળ અથવા મેશના જેવી કાન્તિવાળું (દીપકની જ્યોત વડે જે કાજળ ઉત્પન્ન થાય છે. તેને ખંજન કહે છે.) "अत्थि नीलए राहुविमाणे लाउयवण्णाभे पण्णत्ते" રાહુનું જે નીલ વિમાન છે, તે લીલી તુંબડીના જેવી કાન્તિવાળું કહ્યું છે. "अलाबू" આ પદ તુંબડી માટે વપરાયું છે. "अत्थिलोहिए राहुविमाणे मंजिट्ठवण्णाभे पण्णत्ते" રાહુદેવનું જે લોહિત વર્ણનું વિમાન છે, તે મંજીઠના જેવી કાન્તિવાળું કહ્યું છે. "अत्थि पीतए राहुविमाणे हालिद्दवण्णाभे पण्णत्ते" રાહુનું જે પીળા રંગનું વિમાન છે, તેની કાન્તિ હળદરની કાન્તિ જેવી છે. "अत्थि-सुक्किल्लए राहुविमाणे भासरासिवण्णाभे पण्णत्ते" રાહુનું જે શુકલ વિમાન છે તેની કાન્તિ ભસ્મરાશિની કાન્તિ જેવી કહી છે.

"जयाणं राहू आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंद-लेस्सं पुरत्थिमेणं आवरेत्ताणं पच्चत्थिमेणं वीईवयइ" જ્યારે રાહુ ઘણી જ ઝડપી ગતિ વડે કૃષ્ણાદિ વિમાન દ્વારા જાય છે અને એજ વિમાન દ્વારા એવી જ ગતિથી પાછો ફરે છે-એટલે કે પોતાની સ્વાભાવિક ગતિથી કૃષ્ણાદિ વિમાનમાં અવરજવર કરે છે (આ બે પદો દ્વારા રાહુની સ્વાભાવિક ગતિની વાત કરવામાં આવી છે), અથવા જ્યારે તે વિક્રિયા કરે છે અથવા કામક્રીડા કરે છે (આ બે પદો દ્વારા અસ્વાભાવિક વિમાન ગતિ પ્રકટ કરવામાં આવી છે, કારણ કે આ બન્ને અવસ્થાઓમાં તે અતિત્વરાથી પ્રવૃત્તિ કરે છે, તેથી વિસ સ્થુલ ચેષ્ટાવાળો હોવાને કારણે તે પોતાના વિમાનને યોગ્ય રીતે ચલા-

વતો નથી) આ પ્રમાણે ગમનાગમન કરતો તે રાહુ ચન્દ્રની લેશ્યાને (ચન્દ્રની જ્યોત્સ્નાને–ચન્દ્રના પ્રકાશને) પૂર્વ દિગ્ભાગમાં આવૃત (આચ્છાદિત) કરીને પશ્ચિમ દિગ્ભાગમાં જાય છે. આ પ્રકારે પોતાના વિમાન દ્વારા ચન્દ્રના વિમાનને આવૃત કરતો તે રાહુ ચન્દ્રની દીપ્તિને (પ્રકાશને) આવૃત કરી લે છે, આ કારણે જ્યોત્સ્ના રૂપ ચન્દ્રલેશ્યાને સામેથી આચ્છાદિત કરીને ચન્દ્રની અપેક્ષાએ બીજી દિશા તરફ તે ચાલ્યો જાય છે તે સમયે રાહુની અપેક્ષાએ ચન્દ્ર પૂર્વદિશામાં દેખાય છે અને ચન્દ્ર કરતાં પશ્ચિમ દિશામાં રાહુ દેખાય છે. " जयाणं राहू आगच्छमाणे गच्छमाणे वा विउव्वमाणे वा, परियारेमाणे वा चंदलेस्सं पच्चत्थिमेणं आवरेत्ताणं पुरत्थिमेणं वीईवयइ तया णं पच्चत्थिमेणं चंदे उवदंसेइ, पुरत्थिमेणं राहू " તથા–આવતો અથવા જતો અથવા વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો એવો રાહુ ચન્દ્રની દીપ્તિને પશ્ચિમ દિશામાં આવૃત કરીને પૂર્વ દિશામાં આવે છે, ત્યારે રાહુ કરતાં પશ્ચિમ દિશામાં ચન્દ્ર દેખાય છે અને ચન્દ્ર કરતાં પૂર્વદિશામાં રાહુ દેખાય છે. " एवं जहा पुरत्थिमेणं पच्चत्थिमेणं दो आलावगा भाणिया, एवं दाहिणेणं उत्तरेण य दो आलावगा भाणियव्वा " જેવી રીતે પૂર્વ અને પશ્ચિમ દિશાને અનુલક્ષીને બે આલાપકો કહેવામાં આવ્યા છે, એજ પ્રકારે દક્ષિણદિશા અને ઉત્તરદિશાને અનુલક્ષીને પણ બે આલાપકો કહેવા જોઇએ " दाहिणपुरत्थिमेणं उत्तरपच्चत्थिमेणं दो आलावगा भाणियव्वा " અગ્નિકોણ અને વાયવ્ય કોણના પણ બે આલાપકો કહેવા જોઈએ "एवं चेव जाव तयाणं उत्तरपच्चत्थिमेणं चंदे उवदंसेइ, दाहिणपुरत्थिमेणं राहू " એજ પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર, આવતો, જતો, વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો થકો રાહુ જ્યારે ચન્દ્રની લેશ્યાને (જ્યોત્સ્નાને) ઉત્તરદિશામાં આચ્છાદિત કરીને દક્ષિણ દિશામાં જાય છે, ત્યારે ચન્દ્રમા ઉત્તર દિશામાં અને રાહુ ચન્દ્રની દક્ષિણ દિશામાં દેખાય છે. એજ પ્રમાણે આવતો, જતો, વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો થકો રાહુ જ્યારે દક્ષિણ દિશામાં ચન્દ્રની દીપ્તિને આવૃત કરીને ઉત્તર દિશામાં જાય છે, ત્યારે રાહુથી દક્ષિણ દિશામાં ચન્દ્ર અને ચન્દ્રથી ઉત્તર દિશામાં રાહુ દેખાય છે. તથા–આવતો, જતો, વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો કરતો રાહુ જ્યારે ઇશાનકોણમાં ચન્દ્રની લેશ્યાને આચ્છાદિત કરીને નૈઋત્ય કોણમાં જાય છે, ત્યારે ચન્દ્રમા ઇશાનકોણમાં દેખાય છે અને રાહુ નૈઋત્ય દિશામાં દેખાય છે. તથા આવતો, જતો, વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો રાહુ જ્યારે નૈઋત્ય કોણમાં ચન્દ્રની

જ્યોત્સ્નાને આચ્છાદિત કરીને ઇશાન કોણમાં જાય છે, ત્યારે ચન્દ્રમા પોતાને નૈઋત્ય દિશામાં અને રાહુ પોતાને ઈશાન દિશામાં દેખાડે છે–એટલે કે તે દિશામાં દેખાય છે તથા આવતો, જતો, અથવા વિક્રિયા કરતો અથવા કામ-ક્રીડા કરતો રાહુ અગ્નિ કોણમાં ચન્દ્રની જ્યોત્સ્નાને આવૃત કરીને, જ્યારે વાયવ્ય કોણમાં જાય છે, ત્યારે ચન્દ્ર અગ્નિકોણમાં અને રાહુ વાયવ્ય કોણમાં દેખાય છે એજ પ્રમાણે આવતો, અથવા જતો અથવા વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો રાહુ જ્યારે વાયવ્ય દિશામાં ચન્દ્રની જ્યોત્સ્નાને આવૃત કરીને અગ્નિ દિશામાં જાય છે, ત્યારે ચન્દ્ર રાહુ કરતાં વાયવ્યમાં દેખાય છે અને રાહુ ચન્દ્ર કરતાં અગ્નિકોણમાં દેખાય છે આ પ્રકારની રાહુ અને ચન્દ્રની સ્વભાવતામાં જે અર્થ ફલિત થાય છે તેનું સૂત્રકાર આ સૂત્ર દ્વારા કથન કરે છે–" जया णं राहू आगच्छमाणे वा, गच्छमाणे वा, विउव्वमाणे वा, परि-यारेमाणे वा चंदस्स लेस्सं आवरेमाणे आवरेमाणे चिट्ठइ " જ્યારે આવતો અથવા જતો અથવા વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો રાહુ વારંવાર ચન્દ્રની લેશ્યાને આવૃત કરે છે, " तयाणं मणुस्सलोए मणुस्सा वयंति–एवं खलु राहू चंदं गेण्हइ " ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો કહે છે કે રાહુ ચન્દ્રમાને ગળી ગયો છે. ખરેખર તો આ તેમનો ભ્રમ જ છે. ખરી વાત તો એવી છે કે રાહુએ આ સમયે ચન્દ્રબિંબને આચ્છાદિત કરી લીધું હોય છે. એજ પ્રમાણે " जया णं राहू आगच्छमाणे वा, गच्छमाणे वा, विउव्वमाणे वा, परियारेमाणे वा, चंदस्सलेस्सं आवरेत्ताणं पासेणं वीईवयइ, तया णं मणुस्सलोए मणुस्सा वयंति, एवं खलु चंदेणं राहुस्स कुच्छी भिन्ना एवं खलु चंदेणं राहुस्स कुच्छी भिन्ना " આવતો, અથવા જતો, અથવા વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો રાહુ જ્યારે ચન્દ્રબિંબને આચ્છાદિત કરીને પાસે થઈને નીકળી જાય છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે રાહુની કુક્ષિમાં ચન્દ્ર પ્રવિષ્ટ થઈ ગયો–એટલે કે રાહુના અંશની મધ્યમાં થઈને ચન્દ્ર નીકળી ગયો આ રીતે ચન્દ્રના દ્વારા રાહુની કુક્ષિ ભેદાઈ ગઈ–વિદીર્ણ કરી નાખવામાં આવી, એવું મનુષ્યો પોતાની વ્યાવહારિક ભાષામાં કહે છે. જો વાસ્તવિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો એવું કશું બનતું જ નથી. " जया णं राहू आगच्छमाणे वा, गच्छ-माणे वा, विउव्वमाणे वा, परियारेमाणे वा, चंदस्स लेस्सं आवरेत्ताणं पच्चोसक्कइ, तया णं मणुस्सलोए मणुस्सा वयंति–एवं खलु राहुणा चंदे वंते–एवं खलु राहुणा चंदे वंते " આવતો, અથવા જતો, અથવા વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો

રાહુ જ્યારે ચન્દ્રની લેશ્યાને આવૃત કરીને દૂર થઈ જાય છે–ત્યાંથી ખસી જાય છે, ત્યારે મનુષ્યલોકમાં લોકો કહે છે કે "રાહુએ ચન્દ્રને મુક્ત કરી નાખ્યો ? રાહુએ ચન્દ્રને મુક્ત કરી નાખ્યો." પરન્તુ માણસોની માન્યતા પણ માત્ર કાલ્પનિક જ છે. કારણ કે રાહુએ ચન્દ્રનો ગ્રાસ જ કર્યો ન હોય, તો મુક્ત કરવાની વાત જ કેવી રીતે સંભવી શકે !

"जया णं राहू आगच्छमाणे वा, गच्छमाणे वा, जाव परियारेमाणे वा चंदस्स लेस्सं अहे सपक्खिं सपडिदिसिं आवरेत्ताणं चिट्ठइ, तया णं मणुस्स लोए मणुस्सा वयंति" આવતો, અથવા જતો, અથવા વિક્રિયા કરતો અથવા કામક્રીડા કરતો રાહુ જ્યારે ચન્દ્રલેશ્યાને અધોદિશા અને વિદિશાઓમાં આવૃત કરી નાખે છે, ત્યારે મનુષ્યલોકના લોકો એવું કહે છે કે "રાહુ ચન્દ્રને ચોક્કસ ગળી ગયો છે." પરન્તુ તેમનું આ કથન માત્ર ઔપચારિક કથન રૂપ જ છે. વાસ્તવિક રીતે એવું બનતું જ નથી. ચન્દ્રની ઉપર રાહુનો પડછાયો પડવાથી એવું દેખાય છે એટલે તેને ગ્રાસ કહેવાને બદલે આવરણ જ કહેવું જોઈએ– તે વૈસ્રસિક (સ્વાભાવિક) છે, કર્મકૃત નથી.

હવે સૂત્રકાર રાહુના પ્રકારોનું કથન કરે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कइविहे णं भंते ! राहू पण्णत्ते" હે ભગવન્ ! રાહુ કેટલા પ્રકારના કહ્યા છે ? તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે– "गोयमा ! दुविहे राहू पण्णत्ते" હે ગૌતમ ! રાહુ બે પ્રકારના કહ્યા છે. "तंजहा" રાહુના બે પ્રકારો નીચે પ્રમાણે છે–"धुवराहू, पव्वराहू य" (૧) ધ્રુવરાહુ અને (૨) પર્વરાહુ જે રાહુ ચન્દ્રની સમીપમાં જ રહીને સંચરણ કરે છે, તેને ધ્રુવરાહુ કહે છે એજ વાત "किण्हं राहू विमाणं" ઇત્યાદિ સૂત્ર દ્વારા સૂત્રકારે પ્રકટ કરી છે રાહુનું વિમાન કૃષ્ણવર્ણનું હોય છે તે હંમેશા ચન્દ્રમાની સાથે જ રહે છે–તે ચન્દ્રમા કરતાં ચાર આંગળ નીચે રહીને સંચરણ કરે છે. જે પર્વમાં એટલે કે પૂર્ણિમાસી અને અમાવાસ્યા, આ બે તિથિઓમાં ચન્દ્રમાં ઉપરાગ રૂપ સંબંધ કરે છે, તેનું નામ પર્વરાહુ છે. "तत्थ णं जे से धुवराहू से णं बहुलपक्खस्स पाडिवए पन्नरसभागेणं पन्नरसइभागं चंदस्स लेस्सं आवरेमाणे आवरेमाणे चिट्ठइ" આ બન્ને રાહુમાંથી જે ધ્રુવરાહુ નામનો રાહુ છે તે કૃષ્ણપક્ષના પડવેથી શરૂ કરીને અમાવાસ્યા સુધી દરરોજ પોતાના પંદરમાં ભાગ દ્વારા ચન્દ્રલેશ્યાના (ચન્દ્રના બિંબના) પંદરમાં ભાગને આચ્છાદિત કરતો રહે છે. "तंजहा–पढमाए पढमं भागं, बितियाए बितियं भागं, जाव पन्नरसेसु पन्नरसमं भागं" પ્રતિપદા (વદ એકમ)ની તિથિએ તે ચન્દ્રબિંબના પહેલા ભાગને આવૃત કરે છે, બીજની તિથિએ બીજા ભાગને આવૃત કરે છે, ત્રીજની

તિથિએ ત્રીજા ભાગને, ચોથની તિથિએ ચોથા ભાગને, પાંચમની તિથિએ પાંચમા ભાગને, છઠની તિથિએ છઠ્ઠા ભાગને, સાતમે સાતમાં ભાગને, આઠમે આઠમાં ભાગને, નોમની તિથિએ નવમાં ભાગને, દશમની તિથિએ દસમાં ભાગને, અગિયારશે અગિયારમાં ભાગને, બારશે બારમાં ભાગને, તેરશે તેરમાં ભાગને, ચૌદશે ચૌદમાં ભાગને અને અમાવાસ્યાએ પંદરમાં ભાગને આવૃત કરે છે. "चरिमसमये चंदे रत्ते" પંદરમાં ભાગથી યુક્ત એવી કૃષ્ણપક્ષની આખરી તિથિએ–અમાવાસ્યાએ ચન્દ્ર પોતાની એકેએક કલાને છોડીને રાહુ દ્વારા સંપૂર્ણતઃ આચ્છાદિત થઈ જાય છે. "अवसेसे समए चंदे रत्ते वा विरत्ते वा भवइ" પણ પ્રતિપદા આદિ બાકીની તિથિઓમાં તે રાહુ દ્વારા કેટલાક અંશોમાં આવૃત રહે છે અને કેટલાક અંશોમાં આવૃત (આચ્છાદિત) રહેતો નથી. "तमेव सुक्कपक्खस्स उवदंसेमाणे उवदंसेमाणे चिट्ठइ" શુકલપક્ષની એકમથી શરૂ કરીને પૂર્ણિમા પર્યન્તની પંદર તિથિઓમાં ધ્રુવરાહુ પોતાના પંદરમાં ભાગપ્રમાણ દૂર થતો થતો દરરોજ ચન્દ્રબિંબના પંદરમાં ભાગપ્રમાણ આચ્છાદનને દૂર કરતો રહે છે. એજ વાત સૂત્રકારે "पढमाए पढमं भागं जाव पन्नरसेसु पन्नरसमं भागं" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે–શુકલપક્ષની એકમે રાહુ ચન્દ્રબિંબના એક ભાગને પ્રકટ કરે છે (એક ભાગ પરનું આવરણ દૂર કરે છે), બીજની તિથિએ બીજા ભાગને, અને એજ ક્રમે દરરોજ એક એક ભાગને પ્રકટ કરતો કરતો પૂર્ણિમાની તિથિએ પંદરમાં ભાગને પ્રકટ કરે છે આ પ્રમાણે થવાથી "चरिमसमए चंदे विरत्ते भवइ, अवसेसे समए चंदे रत्ते वा विरत्ते वा भवइ" પૂર્ણિમાની તિથિએ ચન્દ્રબિંબ ધ્રુવરાહુથી સર્વથા રહિત થઈ જાય છે. એટલે કે બિલકુલ શુભ્ર થઈ જાય છે, કારણ કે તે તિથિએ ચન્દ્ર બધી તરફથી અનાચ્છાદિત રહે છે શુકલપક્ષની બાકીની તિથિઓમાં ચન્દ્રબિંબ રાહુ દ્વારા અંશતઃ આચ્છાદિત અને અંશતઃ અનાચ્છાદિત રહે છે.

"तत्थ णं जे से पव्वराहू से जहण्णेणं छण्हं मासाणं उक्कोसेणं बायालीसाए मासाणं चंदस्स, अडयालीसाए संवच्छराणं सूरस्स" ધ્રુવરાહુથી ભિન્ન એવો જે પર્વરાહુ છે, તે ઓછામાં ઓછો છ માસ બાદ ચન્દ્ર અથવા સૂર્યને આવૃત કરે છે, અને વધારેમાં વધારે ૪૨ માસ બાદ–૩॥ વર્ષ પછી–ચન્દ્રને આવૃત કરે છે તથા ૪૮ વર્ષ પછી સૂર્યને આવૃત કરે છે. ॥સૂ૦૧॥

चंद्र के सश्री नाम के अर्थ का निरूपण

—चन्द्रना सश्री नामना अर्थनी वक्तव्यता—

"से केणट्ठेणं भंते! एवं वुच्चइ" इत्यादि—

टीकार्थ–चन्द्रमानुं 'सश्री' नाम छे तेनी सार्थकतानुं सूत्रकारे आ सूत्रद्वारा प्रतिपादन कर्युं छे आ विषयने अनुलक्षीने गौतम स्वामी महावीर प्रभुने एवो प्रश्न पूछे छे के "से केणट्ठेणं भंते! एवं वुच्चइ, चंदे ससी" हे भगवन्! चन्द्रनुं जे 'सश्री' नाम छे ते नाम पाडवानुं कारण शुं छे?

महावीर प्रभुनो उत्तर–गोयमा! चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो मियंके विमाणे" हे गौतम! ज्योतिषिकोना ईन्द्र, ज्योतिषिक राज चन्द्रना मृगचिह्नवाळा मृगांक विमानमां "कंता देवा, कंताओ देवीओ, कंताइं आसणसयणखंभभंडमत्तोवगरणाइं" विशिष्ट कान्तियुक्त देवो, विशिष्ट कान्तियुक्त देवीओ, कान्तियुक्त आसन, शयन, स्तंभ, पात्र आदि उपकरणो सदा शोभता होय छे, अने "अप्पणो वि य णं चंदे जोइसिंदे जोइसराया सोमे, कंते, सुभए, पियदंसणे, सुरूवे, से तेणट्ठेणं जाव ससी" ज्योतिषिकेन्द्र, ज्योतिषिक राज चन्द्र पोते पण सौम्य (भद्र), कान्त (कान्तियुक्त), सुभग (सौभाग्यसंपन्न) अने प्रियदर्शन (जेनुं दर्शन लोकोने आह्लादजनक थइ पडे एवो) होवाथी अतिशय सुंदर छे ते कारणे, हे गौतम! चन्द्रने "सश्री" (शोभायुक्त) कहेवामां आवे छे. आ समस्त कथननो भावार्थ ए छे के चन्द्रदेवनी देवदेवीओ आदि समस्त चीजो कान्ति आदिथी युक्त छे अने चन्द्र पोते पण कान्ति आदिथी युक्त छे, तेथी चन्द्रने "सश्री" एवी सार्थक नामसंज्ञा आपवामां आवी छे. ॥सू०२॥

सूर्य के आदित्य नाम के अर्थ का निरूपण

—सूर्यना 'आदित्य' नामनी सार्थकता विषयक वक्तव्यता—

"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, सूरे आइच्चे, सूरे आइच्चे" इत्यादि–

टीकार्थ–सूत्रकारे आ सूत्र द्वारा सूर्यना 'आदित्य' आ नामनी सार्थकतानुं प्रतिपादन कर्युं छे आ विषयने अनुलक्षीने गौतम स्वामी महावीर प्रभुने एवो प्रश्न पूछे छे के–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, सूरे आइच्चे, सूरे आइच्चे" हे भगवन्! सूर्यनुं जे आदित्य नाम छे, ते नाम शा कारणे आपवामां आव्युं छे?

महावीर प्रभुनो उत्तर–"गोयमा! हे गौतम! "सूरादियाणं समयाइ वा, आवलियाइ वा, जाव उस्सप्पिणीइ वा, अवसप्पिणीइ वा, से तेणट्ठेणं जाव आइच्चे" आ समय, आवलिका, मुहूर्त आदि उत्सर्पिणी अने अवसर्पिणी पर्यन्तना जे कालविशेषो छे तेमना व्यवहारनो प्रवर्तक सूर्य ज छे एटले

કે આ સમય છે, એવો જે વ્યવહાર થાય છે આ આવલિકા છે, એવો જે વ્યવહાર થાય છે, આ મુહૂર્ત છે એવો જે વ્યવહાર થાય છે, આ અવસર્પિણી કાળ છે આ ઉત્સર્પિણી કાળ છે, એવો જે વ્યવહાર થાય છે તે બધા વ્યવહારોનો આદિ પ્રવર્તક સૂર્ય જ છે તેથી તેનું નામ અહોરાત્ર સમય આદિકોની આદિમાં જે હોય છે તે આદિત્ય છે આ પ્રકારની વ્યુત્પત્તિ અનુસાર સૂર્યનું 'આદિત્ય' નામ પડયું છે, અને તે નામ સાર્થક છે. ॥સૂ૦૩॥

चंद्र - सूर्य की अग्रमहिषियों आदि का निरूपण

—चन्द्र सूर्यની અગ્રમહિષીઓ આદિની વક્તવ્યતા—

"चंदस्स णं भंते ! जोइसिंदस्स जोइसरन्नो" ઇત્યાદિ—

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે ચન્દ્ર અને સૂર્યની અગ્રમહિષીઓ આદિના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"चंदस्स णं भंते ! जोइसिंदस्स जोइसरण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ?" હે ભગવન્ ! જ્યોતિષિક દેવોના ઇન્દ્ર અને જ્યોતિષિક દેવોના રાજા એવા જે ચન્દ્રદેવ છે તેમને કેટલી અગ્રમહિષીઓ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર" जहा दसमसए जाव णो चेव णं मेहुणवत्तियं" હે ગૌતમ ! દસમાં શતકના પાંચમા ઉદ્દેશકમાં અગ્રમહિષીઓ આદિ વિષે જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ તેમનું વર્ણન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ તે ઉદ્દેશકમાં આ પ્રકારનું વર્ણન કરવામાં આવ્યું છે–જ્યોતિષિકેન્દ્ર અને જ્યોતિષિકરાજ એવા જે ચન્દ્રદેવ છે, તેમને ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–ચન્દ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિર્માલી અને પ્રભંકરા ત્યાર બાદનું જે વર્ણન છે, તે ત્યાંથી જ વાંચી લેવું "सूरस्स वि तहेव" ચન્દ્રના વર્ણનના જેવું જ સૂર્યની અગ્રમહિષીઓ આદિનું વર્ણન પણ સમજવું એટલે કે જ્યોતિષિકેન્દ્ર અને જ્યોતિષિકરાજ સૂર્યને પણ ચાર અગ્રમહિષીઓ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–સૂર્યપ્રભા, આતપાભા, અર્ચિર્માલી અને પ્રભંકરા, ઇત્યાદિ સમસ્ત વર્ણન દસમાં શતકના પાંચમા ઉદ્દેશકમાં કથિત વર્ણન અનુસાર અહીં પણ ગ્રહણ કરવું જોઈએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"चंदिमसूरियाणं भंते ! जोइसिंदा जोइसरायाणो केरिसए कामभोगे पच्चणुब्भवमाणा विहरंति" હે ભગવન્ ! જ્યોતિષિકોના ઇન્દ્રો અને જ્યોતિષિકોના રાજા એવા જે સૂર્ય અને ચન્દ્ર છે, તેઓ કેવા કામભોગો ભોગવે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "से जहानामए केइ

पुरिसे" જેમ કે કોઈ એક પુરુષ "पढमजोव्वणुट्ठाणबलत्थे" પ્રથમ યુવાવસ્થાના ઉદ્ગમજન્ય બલથી યુક્ત થયેા હેાય "पढमजोव्वणुट्ठाणबलट्ठाए भारियाए सद्धिं अचिरवत्तविवाहकज्जे" જેણે પ્રથમ યૌવનની પ્રાપ્તિ કરેલી છે એવી યુવતીની સાથે તેના પહેલા જ લગ્ન થયા છે આ પ્રકારે તેના લગ્ન થયા બાદ તુરત જ તે "अत्थगवेसणयाए सोलहवासविप्पवासिए" દ્રવ્યોપાર્જન કરવાને માટે પરદેશ ચાલ્યેા જાય છે ત્યાં ૧૬ વર્ષ સુધી વસવાટ કરીને તે દ્રવ્ય કમાતેા રહે છે. "से णं तओ लद्धट्ठे कयकज्जे" આ પ્રકારે ૧૬ વર્ષ સુધી પરદેશમાં રહીને જેણે ખૂબ જ ધનનું ઉપાર્જન કર્યું છે એવેા તે પુરુષ કૃતકૃત્ય થઈને "अणहसमग्गे, पुणरवि नियगगिहं हव्वमागए" નિર્વિઘ્ને પેાતાને ઘેર પાછેા ફરે છે. "कयबलिकम्मे, कयकोउयमंगलपायच्छित्ते सव्वालंकार विभूसिए" ત્યાર બાદ તે સ્નાનાદિ વિધિ પતાવીને બલિકર્મ કરે છે–વાયસ આદિને માટે અન્નનેા વિભાગ કરીને વાયસાદિને તેનું દાન કરે છે, અને દુઃસ્વપ્ન આદિના ફલના વિનાશને નિમિત્તે કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત કરે છે. ત્યાર બાદ તે સમસ્ત અલંકારેા વડે પેાતાના શરીરને વિભૂષિત કરે છે. "मणुन्नं थालिपागसुद्धं, अट्ठारसवंजणाकुलं भोयणं" ત્યાર બાદ ઘણી જ સારી રીતે રંધાયેલા, બિલકુલ કાચા ન હેાય એવાં ૧૮ પ્રકારના શાકાદિથી યુક્ત મનેાજ્ઞ ભેાજનનું "भुत्ते समाणे" રુચિપૂર્વક આસ્વાદન કરે છે. "तंसि तारिसगंसि वासघरंसि–वण्णओ" આ પ્રકારના ભેાજનેા આરોગીને તે પેાતાના વાસગૃહમાં–શયનખંડમાં–જાય છે તે શયનખંડ ભાગ્યશાળીઓને યેાગ્ય, વિલક્ષણ આદિ વિશેષણેાવાળેા છે અગિયારમાં શતકના અગિયારમાં ઉદ્દેશકમાં મહાબલકુમારના શયનખંડનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ શયનખંડનું વર્ણન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ. "जाव सयणोवयारकलिए ताए तारिसियाए भारियाए सिंगारागारचारुवेसाए सद्धिं."

અહીં 'जाव (यावत्)' પદ દ્વારા નીચેના સૂત્રપાઠ ગ્રહણ કરવામાં આવ્યેા છે–"आभ्यन्तरतः सचित्रकर्माणि, बाह्यतः विचित्रालोकचिल्लिततले, मणिरत्नप्रणाशितान्धकारे, बहुसमसुविभक्तभागे, पञ्चवर्णसरससुरभिमुक्तपुष्पपुञ्जोपचारकलिते, सुगंधिवरगन्धिते, रत्नसूत्रसंवृते, सुरम्ये, सुगन्धवरकुसुमचूर्णशयनोपचारकलिते" આ પ્રકારના શયનખંડમાં પૂર્વોક્ત, પરમકમનીય સૌંદર્યશાળી, સુંદર વેષભૂષાને કારણે સાક્ષાત્ શૃંગારની મૂર્તિ જેવી, "जाव कलियाए अणुरत्ताए, अविरत्ताए, मणोणुकूलाए" ચન્દન, પુષ્પમાલાઓ આદિ વડે સુશેાભિત દેખાતી, જેમાં અનુરાગ ભરેલેા છે એવી, પ્રિય આચરણ કરવામાં જેના ચિત્તમાં સહેજે વિરક્તિ દેખાતી નથી એવી અને પતિની ઇચ્છાને અનુકૂળ પ્રવૃત્તિ કરનારી એવી ભાર્યાની સાથે તે પુરુષ "इट्ठे, सद्दे, जाव फरिसे पंचविहे माणुस्सए

कामभोगे पच्चणुब्भवमाणे विहरइ" મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના કામભોગોનો ઇષ્ટ શબ્દો, અભિલષિત રૂપો, ગન્ધો અને રસોનો ભોગ કરે છે. "से णं गोयमा ! पुरिसे विउसमणकालसमयंसि केरिसयं सायासोक्खं पच्चणुब्भवमाणे विहरइ" હે ગૌતમ ! તે પુરુષને પુંવેદવિકારોપશમ થતાં તે સમયે કેવા સાતાસૌખ્યનો–આનંદવિશેષનો અનુભવ થાય છે ? "ओराले समणाउसो" હે શ્રમણાયુષ્મન્ ! તેને તે સમયે ઉદાર કામભોગના સુખનો અનુભવ થાય છે અહીં જે કામભોગ જન્ય સુખને ઉદાર વિશેષણ લગાડવામાં આવ્યું છે, તે પ્રાકૃત જનની અપેક્ષાએ લગાડવામાં આવ્યું છે. પરન્તુ જો વાસ્તવિક રીતે વિચાર કરવામાં આવે, તો કામભોગ આપાતતઃ જ રમણીય લાગે છે ખરી રીતે તો તે કામભોગો દુઃખરૂપ જ છે.

"तस्सणं गोयमा ! पुरिसस्स कामभोगेहिंतो वाणमंतराणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतराए चेव कामभोगा" હે ગૌતમ ! જેવા કામભોગ જન્ય સુખનો અનુભવ તે પુરુષને થાય છે, તેના કરતાં અનંત ગણાં કામભોગ જન્ય સુખનો અનુભવ વાનવ્યન્તર દેવોને થાય છે, કારણ કે સાધારણ મનુષ્યના કામભોગો કરતાં તે વાનવ્યંતર દેવોના કામભોગો અનંતગણાં વિશિષ્ટતર હોય છે. "वाणमंतराणं देवाणं कामभोगेहिंतो असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतराए चेव कामभोगा" અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના કામભોગો કરતાં અસુરકુમાર દેવોના કામભોગો અનંત ગણાં વિશિષ્ટતર હોય છે. "असुरिंदवज्जियाणं भवणवासियाणं देवाणं कामभोगेहिंतो असुरकुमाराणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतराए चेव कामभोगा" અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના કામભોગો કરતા અસુરકુમાર દેવોના કામભોગો અનંતગણાં વિશિષ્ટતર હોય છે. "असुरकुमाराणं देवाणं कामभोगेहिंतो गहगणनक्खत्ततारारूवाणं जोइसियाणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतराए चेव कामभोगा" અસુરકુમારોના તે પૂર્વોક્ત કામભોગો કરતાં અનંત ગણાં વિશિષ્ટતર કામભોગોનો જ્યોતિષિક દેવો–ગ્રહગણ નક્ષત્રો અને તારાઓ અનુભવ કરે છે. "गहगणनक्खत्त जाव कामभोगेहिंतो चंदिमसूरियाणं जोइसियाणं जोइसराईणं एत्तो अणंतगुणविसिट्ठतराए चेव" જ્યોતિષિક દેવો-ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓના તે કામભોગો કરતાં અનંત ગણાં વિશિષ્ટતર કામભોગોનો જ્યોતિષિકોના રાજાઓ રૂપ સૂર્ય અને ચન્દ્ર અનુભવ કરે છે. "चंदिमसूरियाणं गोयमा ! जोइसिंदा जोइसरायाणो एरिसे कामभोगे पच्चणुब्भवमाणा विह-

રંતિ" હે ગૌતમ ! ચન્દ્ર અને સૂર્ય જ્યોતિષિકોના ઇન્દ્રો અને તેમના રાજાઓ છે, તેથી તેઓ પૂર્વોક્ત કામભોગોને ભોગવે છે. ઉદ્દેશકને અન્તે મહાવીર પ્રભુના વચનને પ્રમાણભૂત ગણીને ગૌતમ સ્વામી કહે છે કે–" सेवं भंते ! सेवं भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं जाव विहरइ" " હે ભગવન્ ! આપના દ્વારા આ વિષયનું જે પ્રતિપાદન કરવામાં આવ્યું તે સત્ય છે હે ભગવન્ ! આપે જે કહ્યું તે યથાર્થ જ છે " આ પ્રમાણે કહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદણા નમસ્કાર કરીને, ભગવાન ગૌતમ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાને બેસી ગયા. ।।સૂ૦૪।। જૈનાચાર્ય જૈનધર્મદિવાકર શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમાં શતકનો છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ।।૧૨–૬।।

सातवें उद्देशे का संक्षिप्त विषय विवरण

सातमा उद्देशानो प्रारंभ—

આ સાતમાં ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે.

લોકના મહત્ત્વનું વર્ણન, નારક પૃથ્વીઓની પ્રરૂપણા, રત્નપ્રભા આદિ પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે જીવોની ઉત્પત્તિનું વર્ણન, શર્કરાપ્રભા નરકાવાસમાં જીવોની પૃથ્વીકાયિક આદિ રૂપે ઉત્પત્તિનું વર્ણન, એજ પ્રમાણે તમઃપ્રભા અને સાતમી તમસ્તમા પૃથ્વીમાં પણ જીવની પૃથ્વીકાયિકાદિ રૂપે પૂર્વોત્પત્તિનું વર્ણન, અસુરકુમારોના આવાસોમાં જીવની પૃથ્વીકાયિક આદિ રૂપે ઉત્પત્તિ થવાનું કથન, પૃથ્વીકાયિક આદિ આવાસોમાં જીવની પૂર્વોત્પત્તિનું વર્ણન, એજ પ્રમાણે દ્વીન્દ્રિયાદિ આવાસોમાં જીવની પૂર્વોત્પત્તિનું વર્ણન, સનત્કુમારાદિ કલ્પોમાં ગ્રૈવેયક વિમાનાવાસોમાં, અને અનુત્તરવિમાનાવાસોમાં જીવની પૂર્વોત્પત્તિનું વર્ણન, સર્વ જીવોના માતા, પિતા આદિ રૂપે જીવની ઉત્પત્તિ થવાનું વર્ણન, સમસ્ત જીવોના માતા પિતા આદિ રૂપે ઉત્પન્ન થઈ ચુકયા છે એવું કથન, આ જીવ સમસ્ત જીવોના શત્રુરૂપે ઉત્પન્ન થયો છે, એવું કથન, એજ પ્રમાણે સમસ્ત જીવો આ જીવના શત્રુરૂપે ઉત્પન્ન થયા છે એવું કથન, આ જીવ સમસ્ત જીવોના રાજા રૂપે ઉત્પન્ન થયો છે, એવું કથન, આ જીવ સમસ્ત જીવોના દાસ રૂપે ઉત્પન્ન થયો છે એવું કથન, સમસ્ત જીવો આ જીવના દાસ રૂપે ઉત્પન્ન થઈ ચુકયા છે એવું કથન.

—લોકના વિસ્તાર આદિનું વર્ણન—

"तेणं कालेणं तेणं समएणं" ઇત્યાદિ—

ટીકાર્થ—આગલા સૂત્રમાં ચન્દ્રાદિના અતિશય સુખનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે ચન્દ્રાદિ લોકના એક ભાગમાં રહે છે તેથી લોકાંશમાં જીવન જન્મમરણની વક્તવ્યતાનું કથન સૂત્રકારે આ સૂત્ર દ્વારા કર્યું છે—

ગૌતમ સ્વામીએ કયારે આ વિષયને અનુલક્ષીને પ્રશ્ન પૂછ્યો હતો, તે નીચેના સૂત્ર દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે—"तेणं कालेणं तेणं समएणं जाव एवं वयासी" "તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું" આ કથનથી શરૂ કરીને "ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછયું" ત્યાં સુધીનું સમસ્ત પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ એટલે કે રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુનું આગમન પરિષદનું વંદણા નમસ્કાર માટે ગમન-ધર્મકથા શ્રવણ કરીને પરિષદનું વિસર્જન અને ત્યાર બાદ ધર્મતત્ત્વને જાણવાની જિજ્ઞાસાવાળા ગૌતમ સ્વામીનો આ પ્રકારનો પ્રશ્ન—આ સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. "कइ महालएणं भंते! लोए पण्णत्ते" હે ભગવન્! આ લોકને કેટલો વિશાળ કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"महइमहालए लोए पण्णत्ते?" હે ગૌતમ! આ લોકને અતિવિશાળ કહ્યો છે. તેના વિસ્તારનું હવે વર્ણન કરવામાં આવે છે—"पुरत्थिमेणं असंखेज्जाओ जोयणकोडाकोडीओ, दाहिणेणं असंखिज्जाओ एवं चेव" આ લોક પૂર્વ દિશામાં અસંખ્યાત કોટાકોટિ યોજન સુધી વિસ્તરેલો છે, દક્ષિણમાં પણ તે અસંખ્યાત કોટાકોટિ યોજન સુધી વિસ્તૃત છે. "एवं पच्चत्थिमेणं वि, एवं उत्तरेणं वि, एवं उड्ढं वि अहे असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयामविक्खंभेणं" એજ પ્રમાણે પશ્ચિમદિશામાં અને ઉત્તરદિશામાં પણ આ લોક અસંખ્યાત કોટાકોટિ યોજન સુધી વિસ્તરેલો છે. એજ પ્રમાણે ઉર્ધ્વદિશામાં અને અધોદિશામાં પણ આ લોક અસંખ્યાત કોટાકોટિ યોજન પર્યન્ત લાંબો પહોળો (વિસ્તૃત) છે એવો અતિશય વિસ્તારવાળો આ લોક કહ્યો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"एएसि णं भंते! एमहालयंसि लोगंसि अत्थि केइं परमाणुपोग्गलमेत्ते वि पएसे, जत्थ णं अयं जीवे न जाए, न मए वा, वि" હે

ભગવન્! આ પ્રકારના આ અતિવિશાળલોકમાં-અતિવિસ્તૃતલોકમાં-એક પરમાણુ પુદ્ગલપ્રમાણ કોઈ પ્રદેશ પણ શું એવો છે કે જ્યાં આ જીવ ઉત્પન્ન થયો ન હોય અને મરણ પામ્યો ન હોય? (અહીં "अपि" પદ સંભાવના અર્થમાં પ્રયુક્ત થયું છે.)

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा!" હે ગૌતમ! णो इणट्ठे समट्ठे" એવી વાત સંભવી શકતી નથી આ પ્રકારના ઉત્તરનું કારણ જાણવા માટે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે-"से केणट्ठेणं भंते! एवं वुच्चइ" હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે આટલા બધા વિસ્તારવાળા લોકમાં કોઈ પણ એવો પ્રદેશ નથી કે જ્યાં જીવ ઉત્પન્ન થયો ન હોય અને મર્યો ન હોય?

તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે-"गोयमा!" હે ગૌતમ! से जहा नामए केइ पुरिसे अयासयस्स एगं महं अयावयं करेज्जा" ધારો કે કોઈ માણસ એક એવો વિશાળ વાડો બનાવે છે કે જેમાં ૧૦૦ બકરીઓ રહી શકે એટલી જગ્યા છે. "सेणं तत्थ जहण्णेणं एक्कं वा, दो वा, तिन्नि वा" હવે તે માણસ તે વાડામાં ઓછામાં ઓછી એક અથવા બે અથવા ત્રણ બકરીઓને "उक्कोसेणं अया सहस्सं पक्खिवेज्जा" અને વધારેમાં વધારે એક હજાર બકરીઓને રાખે છે અહીં સો બકરીઓને રહેવા લાયક સ્થાનમાં હજાર બકરીઓને રાખવાની જે વાત કરવામાં આવી છે તેનો ભાવાર્થ એવો છે કે તે વાડામાં મોકળાશપૂર્વક તો ૧૦૦ બકરીઓ જ રાખી શકાય છે પણ બે બકરીઓ વચ્ચે બિલકુલ ખાલી જગ્યા ન રાખવામાં આવે તો એક હજાર બકરીઓ પણ ત્યાં રહી શકે તેમ છે હા, તેમને સંકડાશ પડે ખરી ધારો કે તે માણસ આ વાડામાં એક હજાર બકરીઓને રાખે છે. "ताओणं तत्थ पउरगोयराओ, पउरपाणियाओ, जहण्णेणं एगाहं वा, तियाहं वा, ત્યાં તે માણસ તે બકરીઓને ખાવાને માટે ઘાસચારાની અને પીવાને માટે પાણીની પણ વ્યવસ્થા કરે છે, કે જેથી તેઓ ભૂખ અને તૃષાને કારણે મરી ન જાય, પણ આનંદથી રહી શકે આ પ્રકારે તે હજાર બકરીઓ તે વાડામાં એક અથવા બે અથવા ત્રણ દિવસ સુધી રહે છે, "उक्कोसेणं छम्मासे परिवसेज्जा" અને વધારેમાં વધારે છ માસ સુધી રહે છે. (આટલા લાંબા સમય સુધી તે બકરીઓને ત્યાં રાખવાની વાત દ્વારા સૂત્રકાર એ વાતનું પ્રતિપાદન કરવા માગે છે કે ત્યાં પુરતા ઘાસચારા અને પાણીની સગવડ મળવાથી તે બકરીઓ ત્યાં અધિક માત્રામાં મળમૂત્ર છોડશે અને તેમના મૂત્ર અને લીંડીઓ વિનાનો તે વાડાનો એક પણ પ્રદેશ રહી જશે નહીં અને તેઓ વાડામાં સુરક્ષિત અને સ્વસ્થ રહેવાને કારણે અધિક કાળ સુધી જીવતી રહેશે.)

મહાવીર સ્વામીનો પ્રશ્ન-"अत्थिणं गोयमा! तस्स अयावयस्स केई परमाणुपोग्गलमेत्ते वि पएसे" હે ગૌતમ! શું તે વાડાનો એક પરમાણુ પુદ્ગલ પ્રમાણ કોઈ પ્રદેશ પણ એવો રહી શકશે કે "जे णं उच्चारेणं वा" જે બકરીની

વ્યવસ્થા કરે છે, કે જેથી તેઓ ભૂખ અને તૃષાને કારણે મરી ન જાય, પણ આનંદથી રહી શકે આ પ્રકારે તે હજાર બકરીઓ તે વાડામાં એક અથવા બે અથવા ત્રણ દિવસ સુધી રહે છે, " उक्कोसेणं छम्मासे परिवसेज्जा " અને વધારેમાં વધારે છ માસ સુધી રહે છે. (આટલા લાંબા સમય સુધી તે બકરીઓને ત્યાં રાખવાની વાત દ્વારા સૂત્રકાર એ વાતનું પ્રતિપાદન કરવા માગે છે કે ત્યાં પુરતા ઘાસચારા અને પાણીની સગવડ મળવાથી તે બકરીઓ ત્યાં અધિક માત્રામાં મળમૂત્ર છોડશે અને તેમના મૂત્ર અને લીંડીઓ વિનાનો તે વાડાનો એક પણ પ્રદેશ રહી જશે નહીં અને તેઓ વાડામાં સુરક્ષિત અને સ્વસ્થ રહેવાને કારણે અધિક કાળ સુધી જીવતી રહેશે.)

મહાવીર સ્વામીનો પ્રશ્ન–" अत्थिणं गोयमा ! तस्स अयावयस्स केई परमाणुपोग्गलमेत्ते वि पएसे " હે ગૌતમ ! શું તે વાડાનો એક પરમાણુ પુદ્ગલ પ્રમાણ કોઈ પ્રદેશ પણ એવો રહી શકશે કે "जे णं उच्चारेणं वा " જે બકરીની લીંડીઓથી અથવા " पासवेणं वा " તેમના મૂત્રથી અથવા " खेलेण वा " તેમના કફ વડે, " सिंघाणएण वा " અથવા તેમના નાકમાંથી નીકળતા ચીકણા પ્રવાહી વડે, " वंतेण वा " અથવા તેમના વમન વડે, ' पित्तेण वा " અથવા તેમના પિત્ત વડે, " पूएण वा " અથવા તેમના પરુ વડે, " सुक्केण वा " અથવા તેમના વીર્ય વડે, " सोणिएण वा " અથવા તેમના લોહી વડે, " चम्मेहिं वा " અથવા તેમની ચામડી વડે, " रोमेहिं वा " અથવા તેમની રુવાંટી વડે, " सिंगेहिं वा " અથવા તેમના શિંગડાઓ વડે, " खुरेहिं वा " અથવા તેમની ખરીઓ વડે, " नहेहिं वा " અથવા તેમના નખ વડે, " अणाक्कंतपुव्वे भवइ " અનાક્રાન્તપૂર્વ હશે ? એટલે કે લીંડીઓ આદિ પદાર્થોમાંથી કોઈ પણ એક દ્વારા પણ સ્પર્શ થયા વિનાનો તેનો એક પણ પ્રદેશ રહેશે ખરો ?

ગૌતમ સ્વામીનો ઉત્તર–" भगवं णो इणट्ठे समट्ठे " હે ભગવન્ ! એવું સંભવી શકે નહીં એટલે કે લીંડીઓ આદિથી જેનો સ્પર્શ ન થયો હોય એવો એક પણ પ્રદેશ ત્યાં બાકી રહ્યો નહીં હોય તેનો એક એક પ્રદેશ લીંડીઓ આદિ વડે સ્પર્શિત થઈ ચુકયો જ હશે " होज्जा वि णं गोयमा ! तस्स अयावयस्स केई परमाणुपोग्गमेत्ते वि पएसे " હે ગૌતમ ! કદાચ એ વાત પણ સંભવી શકે કે તે બકરીના વાડાનો એક પરમાણુ પુદ્ગલ પ્રમાણ પ્રદેશ એવો રહી જાય, "जेणं तासिं अयाणं उच्चारेण वा जाव णहेहिं वा अणाक्कंतपुव्वे " કે જે તે બકરીની લીંડીઓ વડે તેમના મૂત્ર વડે, તેમના કફ વડે, તેમના નાકના મેલ વડે, વમન વડે, પિત્ત વડે, પરૂ વડે, વીર્ય વડે, લોહી વડે, ચામડી વડે, રુવાંટી વડે, શૃંગો વડે, ખરીઓ વડે અને નખો વડે (ખરીઓના અગ્રભાગ વડે) અનાક્રાન્તપૂર્વ (સ્પૃષ્ટ થયા વિનાનો) પણ હોય પરન્તુ " णोचेवणं एयंसि एमहालयंसि लोगस्स य सासयं भावं संसारस्स य अणादिभावं, जीवस्स य णिच्चभावं कम्मबहुत्तं, जन्ममरणबाहुल्लं च, पडुच्च नत्थि केई परमाणु पोग्गलमेत्ते वि पएसे, जत्थणं अयं जीवे न जाए वा, न मए वा वि से तेणट्ठेणं, तंचेव

जाव न मएवा वि'' લોકની શાશ્વતસ્થિતિ, સંસારનો અનાદિભાવ, જીવનો નિત્યભાવ, કર્મોની અધિકતા અને જન્મમરણની બહુલતા, આ બધાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો આ અતિ વિશાળ લોકનો એવો કોઈ પરમાણુપુદ્ગલપ્રમાણ પ્રદેશ પણ એવો નથી કે જ્યાં આ જીવ જન્મ્યો ન હોય અને મર્યો ન હોય આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–

લોકની સ્થિતિ શાશ્વત હોવા છતાં પણ જો સંસારને સાદિ (આદિ યુક્ત) માનવામાં આવે, તો જીવની જે આ પ્રકારે વિવિધ જીવોની અપેક્ષાએ લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં અનાદિ રૂપે જન્મમરણ પરંપરા પ્રતિપાદિત કરવામાં આવી છે, તે પ્રતિપાદિત કરી શકાત નહીં તેથી લોકને શાશ્વત માનવા છતાં પણ સંસારને અનાદિ કહેવામાં આવ્યો છે આ પ્રકારની પરિસ્થિતિ હોય તો જ લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જીવોની અનાદિ રૂપે જન્મમરણ પરમ્પરા ઘટિત થઈ શકે આ પ્રકારે વિવિધ જીવોની અપેક્ષાએ સંસારમાં અનાદિતા હોવા છતાં પણ જો વિવક્ષિત જીવને અનિત્ય માનવામાં આવે, તો ઉપર્યુક્ત અર્થની સંગતતા સંભવી શકતી નથી, તેથી જીવમાં નિત્યતા કહી છે જીવને નિત્ય માનવા છતાં જો કર્મોમાં અલ્પતા માનવામાં આવે, તો તથાવિધ સંસારમાં જીવોનું પરિભ્રમણ સંભવી શકશે નહીં; તેથી ઉપર્યુક્ત કથન સંગત બની શકે, તે માટે બહુલતા પ્રતિપાદિત કરાઈ છે કર્મોની બહુલતા હોવા છતાં પણ જન્માદિમાં અલ્પતા માનવામાં આવે, તો ઉપર્યુક્ત કથન અસંગત જાય છે, તે કારણે મેં એવું કહ્યું છે કે આ લોકનો કોઈ પરમાણુપુદ્ગલપ્રમાણ પ્રદેશ પણ એવો નથી કે જ્યાં આ જીવ ઉત્પન્ન થયો ન હોય અને મર્યો પણ ન હોય. ॥સૂ૦૧॥

जीवों की उत्पती का निरूपण

—जीवोत्पत्ति विषयक वक्तव्यता—

"कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ" इत्यादि—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા લોકના સ્વરૂપની અન્ય પ્રકારે પ્રરૂપણા કરી છે ગૌતમ સ્વામી આ વિષયને અનુલક્ષીને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"कइणं भंते ! पुढवीओ पण्णत्ताओ ?" હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ" હે ગૌતમ ! પૃથ્વીઓ સાત કહી છે. "जहा पढमसए पंचम उद्देसए तहेव आवासा ठवियव्वा" પહેલા શતકના પાંચમાં ઉદ્દેશકમાં જે પ્રકારે રત્નપ્રભા આદિ નરકાવાસોનું, ભવનપતિ, વાનવ્યન્તર, જ્યોતિષિક, વૈમાનિક, નવગ્રૈવેયક, અને વિજય–વૈજયન્ત–જયન્ત–અપરાજિત અને સર્વાર્થસિદ્ધ, આ પાંચ અનુત્તર વિમાનો પર્યન્તના આવાસોનું વર્ણન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં પણ તે આવાસોનું કથન કરવું જોઈએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अयं णं भंते ! जीवे इमीसे रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि पुढविकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए नरगत्ताए, उववन्नपुव्वे ?" હે ભગવન્ ! આ જીવ આ રત્નપ્રભા પૃથ્વીમાં અને તેના ૩૦ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિકરૂપે, અપ્કાયિકરૂપે, તેજસ્કાયિકરૂપે, વાયુકાયિકરૂપે, વનસ્પતિકાયિકરૂપે, નરકાવાસ પૃથ્વીકાયિકરૂપે અને નારક રૂપે શું પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, गोयमा ! असइं अदुवा अणंतखुत्तो" હા ગૌતમ ! આ જીવ અનેક વાર અથવા અનંત વાર રત્નપ્રભા પૃથ્વીમાં અને તેના ૩૦ લાખ નરકાનાસોમાંના પ્રત્યેક નરકાવાસોમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પહેલાં ઉત્પન્ન થઇ ચુકયો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सव्व जीवा वि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए, तीसाए निरयावाससयसहस्सेसु" હે ભગવન્ ! સઘળા જીવો પણ શું આ રત્નપ્રભા પૃથ્વીમાં અને તેના ૩૦ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પહેલાં ઉત્પન્ન થઈ ચુકયા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"तंचेव जाव अणंतखुत्तो" હા, ગૌતમ ! સમસ્ત જીવો પણ આ રત્નપ્રભા પૃથ્વીમાં અને તેના ત્રીસ લાખ નરકાવાસોમાં પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પૂર્વે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अयं णं भंते ! जीवे सक्करप्पभाए पुढवीए पणवीसाए एवं जहा रयणप्पभाए, तहेव दो आलावगा भाणियव्वा एवं जाव धूमप्पभाए" હે ભગવન્ ! શું આ જીવ, શર્કરાપ્રભા પૃથ્વીમાં અને તેના ૨૫ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પહેલાં ઉત્પન્ન થઇ ચુકયો છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીમાં જેવા બે આલાપકો કહેવામાં આવ્યા છે, એવાં જ બે આલાપકો શર્કરાપ્રભા પૃથ્વીમાં પણ કહેવા જોઇએ જેમ કે–એક જીવ અથવા સમસ્ત જીવો શર્કરાપ્રભા પૃથ્વીમાં અને તેના પચીશ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે અનેક વાર અથવા અનંત વાર પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયા છે. એજ પ્રમાણે એક જીવ અને સમસ્ત જીવો પણ વાલુકાપ્રભામાં, પંકપ્રભામાં, ધૂમપ્રભામાં અને તેમના ક્રમશઃ પંદર લાખ, દસ લાખ અને ત્રણ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अयं णं भंते ! जीवे तमाए पुढवीए पंचूणे निरयावाससयसहस्से एगमेगंसि " હે ભગવન્ ! આ જીવ તમઃપ્રભા પૃથ્વીમાં અને તેના ૯૯૯૯૫ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં શું પૂર્વે પૃથ્વીકાયિક આદિ રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सेसं तं चेव " હા, ગૌતમ ! એક જીવ અને સમસ્ત જીવો પણ તમઃપ્રભા પૃથ્વીમાં અને તેના ૯૯૯૯૫ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં પહેલાં અનેક વાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" अयं णं भंते ! जीवे अहे सत्तमाए पुढवीए पंचसु अणुत्तरेसु महइमहालएसु महानिरएसु एगमेगंसि निरयावाससंसि० " હે ભગવન્ ! આ જીવ અધઃસપ્તમી પૃથ્વીમાં અને તેના પાંચ અનુત્તર અને અતિવિશાળ નિરયાવાસોમાંના પ્રત્યેક નિરયાવાસમાં શું પૂર્વે પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–હા, ગૌતમ ! એક જીવ અને સમસ્ત જીવ સાતમી તમસ્તમપ્રભા નામની પૃથ્વીમાં અને તેના પાંચ અનુત્તર અતિવિશાળ નિરયાવાસોમાંના પ્રત્યેક નિરયાવાસમાં પૂર્વે પૃથ્વીકાયિક આદિ રૂપે અનેકવાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચુકયા છે. (આ રીતે સાતે પૃથ્વીઓમાં પૃથ્વીકાયિક આદિ રૂપે એક જીવ અથવા સમસ્ત જીવોની પૂર્વોત્પત્તિનું કથન એક સરખું સમજવું.)

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अयं णं भंते ! जीवे चोसट्ठीए असुरकुमारावाससयसहस्सेसु एगमेगंसि असुरकुमारावासंसि पुढविकाइयत्ताए, जाव वणस्सइकाइयत्ताए, देवत्ताए, देवित्ताए आसणसयणभंडमत्तोवगरणत्ताए उववन्नपुव्वे?" હે ભગવન્ ! આ જીવ, ચોસઠ લાખ અસુરકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં શું પૂર્વે પૃથ્વીકાયિકરૂપે, અપ્કાયિકરૂપે, તેજસ્કાયિકરૂપે, વાયુકાયિકરૂપે, વનસ્પતિકાયિકરૂપે, દેવરૂપે, દેવીરૂપે, અને આસન, શયન, ભાંડાદિ ઉપકરણ રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! जाव अणंतखुत्तो " હે ગૌતમ ! એક જીવ, ચોસઠ લાખ અસુરકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે અનેકવાર અથવા અનંત વાર પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" सव्व जीवा वि णं भंते ! " ઇત્યાદિ–હે ભગવન્ ! સઘળા જીવો શું ચોસઠ લાખ અસુરકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં પૂર્વે પૃથ્વીકાયિકાદિ રૂપે ઉત્પન્ન થઈ ચુકયા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव, एवं जाव थणियकुमारेसु, नाणत्तं आवासेसु, आवासा पुव्वभणिया " હે ગૌતમ ! સઘળા જીવો પણ, ચોસઠ લાખ અસુ-

રકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં પૂર્વે પૃથ્વીકાયિકાદિ રૂપે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચુકયા છે એજ પ્રકારનું કથન સ્તનિતકુમારોના આવાસોમાં એક જીવ અને અનેક જીવોની પૂર્વોત્પત્તિના વિષયમાં પણ ગ્રહણ કરવું અહીં "યાવત્" પદ વડે નાગકુમારાદિક ભવનપતિ દેવોના આવાસો ગ્રહણ કરવામાં આવેલ છે. એટલે કે એક જીવ અને સમસ્ત જીવો, નાગકુમારાદિકોના જેટલા આવાસો છે તે આવાસોમાં પ્રત્યેક આવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પહેલાં અનેકવાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચુકયા છે. આ નાગકુમારાદિકોના આવાસોની સંખ્યામાં જ વિશેષતા છે, કથનમાં કોઈ વિશેષતા નથી નાગકુમારોથી લઇને સ્તનિતકુમારો પર્યન્તના ભવનવાસીઓના આવાસોની સંખ્યા પહેલા શતકના પાંચમા ઉદ્દેશકમાં આપવામાં આવેલ છે, તો ત્યાંથી વાંચી લેવી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अयं णं भंते ! जीवे असंखेज्जेसु पुढविकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढविकाइयावासंसि पुढविकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए उववन्नपुव्वे ?" હે ભદન્ત ! આ જીવ, અસંખ્યાત લાખ પ્રમાણ પૃથ્વીકાયિકાવાસોમાંનાં પ્રત્યેક પૃથ્વીકાયિક આવાસમાં પૂર્વે પૃથ્વીકાયિકરૂપે, અપ્કાયિકરૂપે, તેજસ્કાયિકરૂપે, વાયુકાયિકરૂપે અને વનસ્પતિકાયિક રૂપે શું ઉત્પન્ન થઇ ચુકયો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, गोयमा ! जाव अणंतखुत्तो, एवं सव्व जीवा वि, एवं जाव वणस्सइकाइएसु" હા, ગૌતમ ! એક જીવ અસંખ્યાત લાખ પૃથ્વીકાયિકાવાસોમાંના પ્રત્યેક પૃથ્વીકાયિકાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પૂર્વે અનેકવાર અથવા અનંત વાર ઉત્પન્ન થઇ ચૂકયો છે. એજ પ્રમાણે સમસ્ત જીવો પણ ત્યાં પૂર્વે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચૂકયા છે એજ પ્રમાણે અસંખ્યાત લાખ અપ્કાયિકાવાસોમાંના પ્રત્યેક અપ્કાયિકાવાસમાં, અસંખ્યાત લાખ તેજસ્કાયિકાવાસોમાંના પ્રત્યેક તેજસ્કાયિકાવાસમાં અને અસંખ્યાત લાખ વાયુકાયિકાવાસોમાંના પ્રત્યેક વાયુકાયિકાવાસમાં અને અસંખ્યાત લાખ વનસ્પતિકાયિકાવાસોમાંના પ્રત્યેક વનસ્પતિકાયિકાવાસમાં પણ એક જીવ અને સમસ્ત જીવો પૂર્વે અનેક વાર અથવા અનંતવાર અપ્કાયિકાદિ રૂપે ઉત્પન્ન થઇ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अयं णं भंते ! जीवे असंखेज्जेसु बेइंदियावाससयसहस्सेसु एगमेगंसि बेइंदियावासंसि पुढविकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए, बेइंदियत्ताए उववन्नपुव्वे ?" હે ભગવન્! આ જીવ, અસંખ્યાત લાખ દ્વીન્દ્રિયાવાસોમાંના પ્રત્યેક દ્વીન્દ્રિયાવાસમાં શું પૂર્વે પૃથ્વીકાયિક રૂપે, અપ્-

કાયિક રૂપે, તેજસ્કાયિક રૂપે, વાયુકાયિક રૂપે, વનસ્પતિકાયિક રૂપે અને દ્વીન્દ્રિય રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! जाव अणंत खुत्तो, सव्व जीवा वि णं एवं चेव " હા, ગૌતમ ! એક જીવ, અસંખ્યાત લાખ દ્વીન્દ્રિયાવાસોમાંના પ્રત્યેક દ્વીન્દ્રિયાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પૂર્વે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયો છે એજ પ્રમાણે સમસ્ત જીવો પણ અસંખ્યાત લાખ દ્વીન્દ્રિયાવાસોમાંના પ્રત્યેક દ્વીન્દ્રિયાવાસમાં પૂર્વે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે. " एवं जाव मणुस्सेसु, नवरं तेइंदिएसु जाव वणस्सइकाइयत्ताए, तेइंदियत्ताए, चउरिंदिएसु चउरिंदियत्ताए, पंचिंदियतिरिक्खजोणिएसु पंचिंदियतिरिक्खजोणियत्ताए, मणुस्सेसु मणुस्सत्ताए, सेसं जहा बेइंदियाणं " એજ પ્રમાણે અસંખ્યાત લાખ ત્રીન્દ્રિયાવાસોમાંના પ્રત્યેક ત્રીન્દ્રિયાવાસમાં, અસંખ્યાત લાખ ચતુરિન્દ્રિયાવાસોમાંના પ્રત્યેક ચતુરિન્દ્રિયાવાસોમાં, અસંખ્યાત લાખ પંચેન્દ્રિય તિર્યંચાવાસોમાંના પ્રત્યેક પંચેન્દ્રિય તિર્યંચાવાસમાં અને અસંખ્યાત લાખ મનુષ્યાવાસોમાના પ્રત્યેક મનુષ્યાવાસમાં, એક જીવ અને અનેક જીવ પૂર્વે પૃથ્વીકાયિક આદિ રૂપે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે દ્વીન્દ્રિયોના ઉપર્યુક્ત કથન કરતા આ કથનમાં જે વિશેષતા છે તે હવે પ્રકટ કરવામાં આવે છે. પ્રત્યેક ત્રીન્દ્રિયાવાસમાં તેઓ પૃથ્વીકાયિકથી લઈને વનસ્પતિકાયિક રૂપે અને ત્રીન્દ્રિય રૂપે, પ્રત્યેક ચતુરિન્દ્રિયાવાસમાં તેઓ પૃથ્વીકાયિકથી લઈને વનસ્પતિ કાયિક રૂપે અને ચતુરિન્દ્રિય રૂપે, પ્રત્યેક પંચેન્દ્રિયતિર્યંચાવાસમાં તેઓ પૃથ્વીકાયિકથી લઈને વનસ્પતિકાયિક રૂપે અને પંચેન્દ્રિયતિર્યંચ રૂપે અને પ્રત્યેક મનુષ્યાવાસમાં તેઓ પૃથ્વીકાયિકથી લઈને વનસ્પતિકાયિક રૂપે તથા મનુષ્ય રૂપે પૂર્વે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે. આ પ્રકારે પૃથ્વીકાયિકરૂપે, અપ્કાયિકરૂપે, તેજસ્કાયિકરૂપે, વાયુકાયિકરૂપે અને વનસ્પતિકાયિકરૂપે ઉત્પન્ન થવાનું કથન તો બધે એક સરખું જ છે. દ્વીન્દ્રિયોના કથન કરતા ત્રીન્દ્રિયાદિકોના કથનમાં જે અંતર છે તે ઉપર પ્રકટ કરવામાં આવ્યું છે. આ પ્રકારે " नवरं " આ સૂત્રપાઠથી લઈને " सेसं जहा बेइंदियाणं " આ સૂત્રપાઠ પર્યન્તના કથનનો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

" वाणमंतरजोइसियसोहम्मीसाणाण य जहा असुरकुमाराणं " ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં એક જીવ અને સમસ્ત જીવો પૂર્વે પૃથ્વીકાયિકાદિ રૂપે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા

છે, એજ પ્રમાણે વાનવ્યન્તરથી લઇને ઈશાન પર્યન્તના જેટલા આવાસો કહ્યા છે તે આવાસોમાંના પ્રત્યેક આવાસમાં, એક જીવ અને સમસ્ત જીવો પૃથ્વીકાયિકાદિ રૂપે પૂર્વે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે, એમ સમજવું

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अयं णं भंते ! जीवे सणंकुमारे कप्पे बारससु विमाणावाससयसहस्सेसु एगमेगंसि विमाणावासंसि पुढविकाइयत्ताए० " હે ભગવન્! આ જીવ, સનત્કુમાર કલ્પના બાર લાખ વિમાનાવાસોમાંના પ્રત્યેક વિમાનાવાસમાં શું પૃથ્વીકાયિક આદિ રૂપે પૂર્વે ઉત્પન્ન થઇ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सेसं जहा असुरकुमाराणं जाव अणंतखुत्तो " હે ગૌતમ ! જેવી રીતે ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં એક જીવનો પૃથ્વીકાયિક આદિ રૂપે અનેકવાર અથવા અનંતવાર પૂર્વોત્પાદ કહેવામાં આવ્યો છે, એજ પ્રમાણે સનત્કુમારના બાર લાખ વિમાનાવાસોમાંના પ્રત્યેક વિમાનાવાસમાં પૃથ્વીકાયિક આદિ રૂપે એક જીવ પૂર્વે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઇ ચુકયો છે, એમ સમજવું પરન્તુ "णो चेवणं देवित्ताए-एवं सव्व जीवा वि, एवं जाव आणयपाणएसु, एवं आरणच्चुएसु वि" સનત્કુમારાવાસમાં આ જીવ દેવી રૂપે ઉત્પન્ન થયો નથી, કારણ કે ઈશાન કલ્પ સુધીના દેવલોકોમાં જ દેવીઓ ઉત્પન્ન થાય છે, સનત્કુમારાદિક દેવલોકમાં દેવીઓ ઉત્પન્ન થતી નથી એજ પ્રમાણે સમસ્ત જીવો પણ બાર લાખ સનત્કુમારાવાસોમાંના પ્રત્યેક સનત્કુમારાવાસમાં (વિમાનાવાસમાં) પૃથ્વીકાયિક આદિ રૂપે તથા દેવ રૂપે અનેકવાર અથવા અનંતવાર પૂર્વે ઉત્પન્ન થઇ ચુકયા છે. ત્યાં તેઓ દેવી રૂપે ઉત્પન્ન થયા નથી એજ પ્રમાણે માહેન્દ્ર, બ્રહ્મ, લાન્તક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણુત, આ કલ્પોના જે વિમાનાવાસો છે તે વિમાનાવાસોમાંના પ્રત્યેક વિમાનાવા-

સમાં, એક જીવ અને સમસ્ત જીવો પૂર્વે અનેકવાર અથવા અનંતવાર પૃથ્વીકાયિક આદિ રૂપે તથા દેવ રૂપે ઉત્પન્ન થઇ ચુકયા છે. આ વિમાનાવાસોમાં તેમની દેવી રૂપે પૂર્વે ઉત્પત્તિ થઈ નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अयं णं भंते ! जीवे तिसु वि अद्धारसुत्तरेसु–गेविज्ज विमाणावाससयेसु एवं चेव " હે ભગવન્ ! આ જીવ, ગ્રૈવેયકોના ૩૧૮ વિમાનાવાસોમાંના (નવગ્રૈવેયકોના ઉર્ધ્વ, મધ્યમ અને અધોરૂપ ત્રણ ત્રિક છે. તે દરેક ત્રિકમાં અનુક્રમે ૧૧૧, ૧૦૭ અને ૧૦૦ વિમાનાવાસો છે) પ્રત્યેક વિમાનાવાસમાં શું પૂર્વે પૃથ્વીકાયિકાદિ રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–હા, ગૌતમ ! આ જીવ ગ્રૈવેયકોના ૩૧૮ વિમાનાવાસોમાંના પ્રત્યેક વિમાનાવાસમાં પૂર્વે અનેકવાર અથવા અનંતવાર પૃથ્વીકાયિક આદિ રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે એજ પ્રકારનું કથન સમસ્ત જીવોની ત્યાં ઉત્પત્તિના વિષે પણ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अयं णं भंते ! जीवे पंचसु अणुत्तरविमाणेसु एगमेगंसि अणुत्तरविमाणंसि पुढवि०" હે ભગવન્ ! વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ, આ પાંચ અનુત્તર વિમાનોમાંના પ્રત્યેક અનુત્તર વિમાનમાં શું પ્રત્યેક જીવ તથા સમસ્ત જીવો પૃથ્વીકાયિક આદિ રૂપે પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" तहेव जाव अणंतखुत्तो, नो चेवणं देवत्ताए वा देवित्ताए वा, एवं सव्व जीवा वि " હે ગૌતમ ! પૂર્વોક્ત કથન અનુસાર પ્રત્યેક જીવ પાંચ અનુત્તર વિમાનોમાંના પ્રત્યેક અનુત્તર વિમાનમાં પૃથ્વીકાયિક આદિ રૂપે પૂર્વે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયો છે. પરન્તુ ત્યાં તે જીવ દેવ રૂપે અથવા દેવી રૂપે અનંતવાર ઉત્પન્ન થયો નથી, કારણ કે પહેલા ચાર અનુત્તર વિમાનોમાં ગયેલો જીવ બે ભવ કરીને મોક્ષે જાય છે અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયેલા જીવ એક ભવ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે એજ પ્રમાણે સમસ્ત જીવો પણ આ પાંચ અનુત્તર વિમાનોમાંના પ્રત્યેક વિમાનમાં પૂર્વે પૃથ્વીકાયિક આદિ રૂપે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઇ ચુકયા છે. પરન્તુ પહેલા ચાર વિમાનોમાં તેઓ બે વાર દેવ રૂપે પૂર્વે ઉત્પન્ન થયા છે. અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં માત્ર એક જ વાર તેઓ દેવ રૂપે ઉત્પન્ન થયા છે આ રીતે તેમની ત્યાં અનેકવાર અથવા અનંતવાર દેવ રૂપે ઉત્પત્તિ થઈ નથી, એમ સમજવું જોઇએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" अयं णं भंते ! जीवे सव्व जीवाणं माइत्ताए, पिइत्ताए, भाइत्ताए, भागिणीत्ताए, भज्जत्ताए, पुत्तत्ताए, धूयत्ताए, सुण्हत्ताए उववन्नपुव्वे?" હે ભગવન્ ! આ જીવ શું સમસ્ત જીવોની માતારૂપે, પિતારૂપે,

ભાઈરૂપે, બહેનરૂપે, ભાર્યારૂપે, પુત્રરૂપે, પુત્રીરૂપે, અને પુત્રવધૂ રૂપે પહેલાં ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! असइं, अदुवा, अणंतखुत्तो " હા, ગૌતમ ! આ જીવ સમસ્ત જીવોની માતારૂપે, પિતારૂપે અને ભાઈ આદિ રૂપે અનેક વાર અથવા અનંતવાર પહેલાં ઉત્પન્ન થઈ ચુકયો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" सव्व जीवा वि णं भंते ! इमस्स जीवस्स माइत्ताए जाव उववन्नपुव्वे?" હે ભગવન્ ! સમસ્ત જીવો પણ શું આ એક જીવના માતા, પિતા આદિ રૂપે પહેલાં ઉત્પન્ન થઈ ચુકયા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! जाव अणंतखुत्तो " હે ગૌતમ ! સમસ્ત જીવો પણ આ એક જીવના માતા, પિતા આદિ રૂપે પૂર્વે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થઈ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अयं णं भंते ! जीवे सव्वजीवाण अरित्ताए, वेरियत्ताए, घायकत्ताए, वहगत्ताए, पडिणियत्ताए, पच्चमित्तत्ताए उववन्नपुव्वे ?" હે ભગવન્ ! આ જીવ, શું સમસ્ત જીવોના શત્રુરૂપે, વૈરીરૂપે, (સામાન્ય શત્રુને અરિ અને વિશેષ શત્રુત્વ રાખનારને વૈરી કહે છે), મારકરૂપે, વધકર્તારૂપે, પ્રત્યનીકરૂપે (કાર્યોપઘાતકરૂપે) અને પ્રત્યમિત્રરૂપે (શત્રુના સહાયકરૂપે) પહેલાં ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! जाव अणंतखुत्तो" હા, ગૌતમ ! આ જીવ સમસ્ત જીવોના શત્રુરૂપે અને વૈરી આદિ રૂપે એક જ વાર નહીં પણ અનેક વાર અથવા અનંતવાર પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" सव्व जीवा वि णं भंते !" ઇત્યાદિ હે ભગવન્ ! સમસ્ત જીવો પણ આ જીવના શત્રુ, વૈરી આદિ રૂપે શું પહેલાં ઉત્પન્ન થઈ ચુકયા છે ?

મહાવીર પ્રભુનો જવાબ–" एवमेव " હે ગૌતમ ! સમસ્ત જીવો પણ આ જીવના શત્રુ, વૈરી આદિ રૂપે પહેલાં અનેક વાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अयं णं भंते ! जीवे सव्वजीवाणं रायत्ताए, जुवरायत्ताए जाव सत्थवाहत्ताए उववन्नपुव्वे ? " હે ભગવન્ ! આ જીવ શું પહેલાં સમસ્ત જીવોના રાજા રૂપે, યુવરાજ રૂપે અને સાર્થવાહ પર્યન્તના રૂપે પણ ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! असइं अणंत खुत्तो सव्वजीवाणं एवं चेव " હા, ગૌતમ ! આ જીવ અનેક વાર અને અનંતવાર, સમસ્ત જીવોના રાજા, યુવરાજ આદિ રૂપે પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયો છે. સમસ્ત જીવો પણ આ જીવના રાજા, યુવરાજ આદિ રૂપે પૂર્વે અનેક વાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अयं णं भंते ! जीवे सव्वजीवाणं दासत्ताए, पेसत्ताए, भयगत्ताए, भाइल्लगत्ताए, भोगपुरिसत्ताए, सीसत्ताए, वेसत्ताए उववन्नपुव्वे ?" હે ભગવન્ ! આ જીવ શું સમસ્ત જીવોના દાસ રૂપે પૂર્વે ઉત્પન્ન થઈ ચુકયો છે ? દાસીપુત્ર રૂપે પણ શું ઉત્પન્ન થઈ ચુકયો છે ? આજ્ઞાપાલક રૂપે પણ ઉત્પન્ન થયો છે ? ભૃતક રૂપે (દુષ્કાળ આદિમાં જેનું અન્યના દ્વારા પોષણ કરાતુ હોય એવા રૂપે) પણ ઉત્પન્ન થઈ ચુકયો છે ? ભાગીદાર રૂપે પણ ઉત્પન્ન થઈ ચુકયો છે ? અન્ય જનોપાર્જિત દ્રવ્યના ભોગકર્તા રૂપે પણ ઉત્પન્ન થઈ ચુકયો છે ? અને શિષ્ય રૂપે ઉત્પન્ન થઈ ચુકયો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, गोयमा ! जाव अणंतखुत्तो, एवं सव्व जीवा वि अणंतखुत्तो" હા, ગૌતમ ! આ જીવ સમસ્ત જીવોના દાસ આદિ રૂપે અનેક વાર અને અનંતવાર પહેલાં ઉત્પન્ન થઈ ચુકયો છે. એજ પ્રમાણે સઘળા જીવો પણ પૂર્વે અનેક અથવા અનંત વાર આ જીવના દાસ આદિ રૂપે ઉત્પન્ન થઈ ચુકયા છે.

હવે સૂત્રનો ઉપસંહાર કરવામાં આવે છે–"सेवं भंते! सेवं भंते ! त्ति जाव विहरइ" ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે કે "હે ભગવન્ ! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું, તે સત્ય જ છે. હે ભગવન્ ! આપનું આ કથન સર્વથા સત્ય છે," આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને, સંયમ અને તપથી આત્માને યુક્ત કરતા થકા ભગવાન ગૌતમ પોતાને સ્થાને બેસી ગયા. ॥સૂ૦૨॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમાં શતકનો સાતમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨–૭॥

આઠવેં ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

આઠમા ઉદ્દેશાનો પ્રારંભ—

આ આઠમાં ઉદ્દેશકમાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે–

મહર્દ્ધિક આદિ વિશેષણવાળો દેવ તે ભવસંબંધી આયુષ્ય પૂરૂં કરીને શું બે શરીરો ધારણ કરનારા નાગોમાં ઉત્પન્ન થાય છે ખરો ? આ પ્રકારનો પ્રશ્ન અને તેનો હકારમાં ઉત્તર નાગલોકમાં ઉત્પન્ન થયા બાદ તેનું જે અર્ચન પૂજન આદિ થાય છે, તેનું વર્ણન મહર્દ્ધિક દેવની બે શરીરવાળા મણિઓમાં ઉત્પત્તિની પ્રરૂપણા, બે શરીરવાળાં વૃક્ષોમાં તેની ઉત્પત્તિની પ્રરૂપણા વાનવ્યંતર આદિ જીવોની રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પત્તિનું વર્ણન સિંહ આદિ જીવોની પણ નારકો રૂપે ઉત્પત્તિની પ્રરૂપણા કાગડા, ગીધ આદિ જીવોની પણ નારકો રૂપે ઉત્પત્તિની પ્રરૂપણા.

—જીવોની ઉત્પત્તિની બીજે પ્રકારે વક્તવ્યતા—

तेणं कालेणं तेणं समएणं " ઇત્યાદિ—

ટીકાર્થ–આગલા સૂત્રમાં સૂત્રકારે જીવોના ઉત્પાદનની પ્રરૂપણા કરી છે હવે આ સૂત્રમાં સૂત્રકાર અન્ય પ્રકારે જીવોત્પાદની પ્રરૂપણા કરે છે–" तेणं कालेणं तेणं समएणं जाव एवं वयासी " તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું તે નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા પરિષદ નીકળી, ધર્મ-કથા સાંભળીને પરિષદ પાછી ફરી ત્યાર બાદ ધર્મતત્ત્વને સમજવાની અભિ-લાષાવાળા ગૌતમ સ્વામીએ વિનયપૂર્વક બન્ને હાથ જોડીને, મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો–" देवेणं भंते ! महिड्ढिए जाव महासोक्खे अणंतरं चइ चइत्ता विसरीरेसु नागेसु उववज्जेज्जा " હે ભગવન્ ! જે દેવ મહર્દ્ધિક, મહાદ્યતિક, મહાબલસંપન્ન, મહાયશસંપન્ન અને મહાસુખસંપન્ન છે, તે દેવ, દેવસંબંધી શરીરને છોડીને એટલે કે દેવભવમાંથી ચ્યવીને, બે શરીરવાળા નાગોમાં (ભુજંગોમાં) ઉત્પન્ન થઇ શકે ખરો ? (જેમને બે શરીર હોય છે, તેમને દ્વિશરીરી કહે છે નાગને બે શરીરવાળા કહેવાનું કારણ એ છે કે તેઓ નાગનું શરીર છોડીને મનુષ્યનું શરીર ધારણ કરીને સિદ્ધિ ગતિની પ્રાપ્તિ કરનારા હોય છે) પ્રશ્નનું તાત્પર્ય એ છે કે મહર્દ્ધિક આદિ વિશેષ-તાવાળો દેવ પોતાના તે ભવનું આયુષ્ય પૂરું કરીને શું બે શરીર ધારણ કરનારા (બે ભવ કરીને સિદ્ધ પદ પામનારા) નાગોમાં ઉત્પન્ન થઇ શકે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, गोयमा ! उववज्जेज्जा " હા, ગૌતમ ! એવો દેવ દેવલોકમાંથી ચ્યવીને એવા નાગોમાં ઉત્પન્ન થઈ શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से णं तत्थ अच्चियवंदियपूइयसक्कारियसम्माणिय दिव्वे सच्चे सच्चोवाए संनिहियपाडिहेरे यावि भवेज्जा ?" હે ભગવન્ ! નાગોમાં ઉત્પન્ન થયેલો તે દેવ, શું નાગો દ્વારા ચન્દનાદિ દ્વારા અર્ચિત, સ્તુતિ આદિ દ્વારા વંદિત, કાયા દ્વારા પૂજિત, વસ્ત્રાદિ દ્વારા સત્કારિત અને વિનયાદિ

દ્વારા સન્માનિત થાય છે ખરાં ? તેને તેઓ પ્રધાન (મુખ્ય) દેવરૂપ ગણે છે ખરાં ? તેઓ તેનાં વચનોને સત્ય અને પ્રમાણભૂત ગણે છે ખરાં ? શું તે સફલ સેવાવાળો હોય છે ખરો ? શું દેવભવમાં તેના સુહૃદ્‌ભૂત જે દેવો હતા તેઓ તે નાગનું પ્રતિહાર કર્મ (મહિમા અને સત્કાર) કરે છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, भवेज्जा " હા, ગૌતમ ! એવું જ બને છે એટલે કે એવો દેવ જ્યારે નાગોમાં ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યાં તેની ચન્દનાદિ વડે અર્ચના પણ થાય છે, લોકો ચન્દનાદિ સુગંધિત દ્રવ્યો વડે તેની પૂજા પણ કરે છે, તેની ખૂબ ખૂબ સ્તુતિ કરે છે, તેને સાષ્ટાંગ નમસ્કાર પણ કરે છે, વસ્ત્રાદિકો દ્વારા તેનો સત્કાર પણ કરે છે, વિનયાદિ દ્વારા તેનું સન્માન પણ કરે છે, તેને ઘણો જ ઊંચો (દિવ્ય) માને છે, તેને પ્રમાણિક પણ માને છે–કારણ કે તે જે સ્વપ્ન આપે છે, તે સ્વપ્ન સાચું જ પડે છે, તેની સેવા કરનાર જે ભાવથી તેની સેવા કરે છે, તે તેનો ભાવ તેની સેવા દ્વારા સફળ થઈ જાય છે. દેવભવમાં જે તેના સુહૃદ્‌ભૂત (તેના પ્રત્યે સહાનુભૂતિ રાખનારા) દેવો હતા તેઓ પણ તેનું પ્રતિહાર કર્મ કરે છે એટલે કે તેનો મહિમા ગાય છે અને સત્કાર કરે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से णं भंते ! तओहिंतो अणंतरं उव्वट्टित्ता सिज्झेज्जा, बुज्झेज्जा, जाव अंतं करेज्जा " હે ભગવન્ ! નાગોમાં ઉત્પન્ન થયેલો તે દેવ શું તે નાગની પર્યાયને છોડીને સિદ્ધિ પ્રાપ્ત કરશે ? બુદ્ધ થશે ? મુક્ત થશે ? અને સમસ્ત દુઃખનો અંત કરી નાખશે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–हंता, गोयमा ! सिज्झेज्जा, जाव अंतं करेज्जा " હા, ગૌતમ ! તે દેવ નાગલોકમાંથી નીકળીને સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે, બુદ્ધ, મુક્ત આદિ થઇ શકશે અને સમસ્ત દુઃખનો અન્તકર્તા પણ થઈ શકશે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" देवेणं भंते ! महिड्ढिए एवं चेव जाव विसरीरेसु मणीसु उववज्जेज्जा " હે ભગવન્ ! મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબળ, મહાયશ અને મહાસુખથી સંપન્ન હોય એવો દેવ, શું દેવભવ સંબંધી આયુષ્ય પૂરું કરીને બે શરીરવાળા પૃથ્વીકાય રૂપ મણિઓમાં ઉત્પન્ન થઇ શકે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव जहा नागाणं " હે ગૌતમ ! નાગોના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન આ મણિઓના વિષયમાં પણ કરવું જોઇએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" देवेणं भंते ! महड्ढिए जाव विसरीरेसु रुक्खेसु उववज्जेज्जा ?" હે ભગવન્ ! મહાઋદ્ધિવાળો, મહાદ્યુતિવાળો, મહાયશવાળો અને મહાસુખવાળો દેવ, શું દેવભવ સંબંધી આયુષ્ય પૂરું થતાં બે શરીરવાળાં વૃક્ષોમાં ઉત્પન્ન થઇ શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, उववज्जेज्जा, एवं चेव " હા, ગૌતમ ! એવો દેવ બે શરીરવાળાં દેવાધિષ્ઠિત વૃક્ષોમાં ઉત્પન્ન થઈ શકે છે. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત નાગવિષયક કથન અનુસાર સમજવું. " नवरं इमं

णाणत्तं जाव सन्निहिपाडिहेरे, लाउल्लोइयमहिए यावि होज्जा" પૂર્વ કથન કરતાં વૃક્ષવિષયક આ કથનમાં એવી વિશેષતા છે કે-જે વૃક્ષમાં એવો દેવ ઉત્પન્ન થાય છે, તે વૃક્ષ અર્ચિત, વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત, દિવ્ય, પ્રામાણિક અને સત્યાવપાત, અને પોતાના પૂર્વકાલિક (દેવભના) સુહૃદ્‌ભૂત દેવો દ્વારા પ્રતિહાર કર્મવાળું પણ હોય છે. અને સાથે સાથે બદ્ધપીઠવાળું પણ હોય છે એટલે કે તેની આસપાસ ગોળાકારનું ચણુતર કરેલું હોય છે અને તેની ભૂમિને છાણ આદિ વડે લીંપવામાં આવે છે અને માટી આદિ વડે લીંપવામાં આવે છે એ વાત તો જાહેર જ છે કે વિશિષ્ટ વૃક્ષ હોય છે, તે બદ્ધપીઠવાળું હોય છે. "सेसं तंचेव जाव अंतं करेज्जा" બાકીનું સમસ્ત કથન નાગવિષયક કથન જેવું જ છે કહેવાનું તાત્પર્ય એ છે કે તે દેવ, એ શરીરવાળા વૃક્ષોમાં ઉત્પન્ન થઇને ત્યાંથી નીકળીને (મરીને) સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અને સમસ્ત દુઃખોનો અંતકર થઈ શકે છે. ॥સૂ૦૧॥

तिर्यग्योनि विशेष का निरूपण

तिर्यग्योनि विशेष वक्तव्यता—

"अह भंते ! गोलंगुलवसभे" इत्यादि—

ટીકાર્થ-આ સૂત્ર દ્વારા સૂત્રકારે વાનર આદિ તિર્યંચ જીવોની ઉત્પત્તિના વિષયમાં પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન-પૂછે છે કે-" अह भंते ! गोलंगुलवसभे कुक्कुडवसभे, मंडुक्कवसभे, एएणं निस्सीला, निव्वया, निग्गुणा, निम्मेरा, निप्पच्चक्खाणपोसहोववासा" હે ભગવન્ ! ગોલાંગૂલવૃષભ (ગાયના પૂંછડા જેવી પૂંછડીવાળો યૂથપતિ વાનર), કુકકુટવૃષભ, અને મંડૂકવૃષભ, આ ત્રણે નિઃશીલ (સદાચાર રહિત), નિર્વ્રત-અણુવ્રતરહિત, નિર્ગુણ-ગુણવ્રતરહિત, નિર્મર્યાદ-મર્યાદારહિત, તથા પ્રત્યાખ્યાન અને પોષધોપવાસરહિત, "कालमासे कालं किच्चा" જીવન વ્યતીત કરીને મોતનો અવસર આવે કાળધર્મ પામીને "इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसेणं सागरोवमट्ठिइयंसि नरगंसि नेरइयत्ताए

उववज्जेज्जा ?" આ રત્નપ્રભા પૃથ્વીમાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોમાં નૈરયિક રૂપે શું ઉત્પન્ન થઈ શકે છે ?

"समणे भगवं महावीरे वागरेइ, उववज्जमाणे, उववन्ने, त्ति वत्तव्वं सिया" શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રશ્નના જવાબ રૂપે એવું કહ્યું કે હા, ગૌતમ ! તેઓ બધાં નારક રૂપે ઉત્પન્ન થઈ શકે છે, કારણ કે જેઓ ઉત્પન્ન થનારા હોય છે તેમને માટે એવું કથન પણ કરી શકાય છે કે "જે સમયે ગોલાંગૂલ આદિ તિર્યંગ્યોનિમાં ગોલાંગૂલ આદિની પર્યાયમાં મોજૂદ હોય છે, ત્યારે તો તેઓ નારક હોતા નથી; તેથી તેઓ નારક રૂપે ઉત્પન્ન થઈ ચુકયા છે, એવું કથન કેવી રીતે કરી શકાય ?" આ પ્રકારની આશંકા કરવી જોઈએ નહીં કારણ કે "उत्पत्स्यमानः उत्पन्नः" "જે ઉત્પન્ન થવાના હોય છે, તે ઉત્પન્ન થઈ ચુકયા છે," આ નિયમ અનુસાર ભવિષ્યમાં નારક રૂપે ઉત્પન્ન થનારા તે ગોલાંગૂલવૃષભ આદિ જીવોને વર્તમાન કાળે પણ નારક રૂપે ઉત્પન્ન થયેલા માની લેવામાં આવે છે. વર્તમાન ક્રિયાકાળ અને ભાવિક્રિયા કાળ, આ બન્નેમાં વિવક્ષાને અધીન અભેદ માની લેવામાં આવે છે તેથી ગોલાંગૂલવૃષભ આદિ જીવ નારકો રૂપે ભવિષ્યમાં ઉત્પન્ન થવાના હોવાથી, "નારકો જ છે" એવો વ્યવહાર વર્તમાન કાળે પણ તેમના માટે કરી શકાય છે. ગાયની પૂંછડી જેવું જેને પૂંછડું હોય છે એવા વાનરોના સમૂહના નાયક રૂપ વાનરને ગોલાંગૂલવૃષભ કહે છે. અહીં વૃષભ પદ પ્રશસ્ત અર્થનું વાચક છે. કુક્કુટવૃષભ આદિનો અર્થ પણ એવો જ સમજવો. આ પ્રકારનું કથન ખુદ મહાવીર ભગવાને કર્યું છે, જમાલિ આદિ દ્વારા આ પ્રકારનું કથન કરાયું નથી

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अह भंते! सीहे, वग्घे, जहा उस्सप्पिणी उद्देसए जाव परस्सरे, एएणं निस्सीला०" હે ભગવન્ ! સિંહ, વાઘ અને સાતમાં શતકના છઠ્ઠા ઉત્સર્પિણી ઉદ્દેશકમાં પ્રતિપાદિત રીંછ, તરસ, ગેંડા, પરાસર, શરભ, ઈત્યાદિ પંચેન્દ્રિય તિર્યંગ્યોનિક જીવો કે જેઓ સદાચાર રહિત, અણુવ્રતરહિત, ગુણવ્રતરહિત, મર્યાદારહિત અને પ્રત્યાખ્યાન તથા પૌષધોપવાસથી રહિત હોય છે, તેઓ કાળનો અવસર આવે કાળધર્મ (મરણ) પામીને આ રત્નપ્રભા પૃથ્વીમાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થઈ શકે છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं चेव जाव वत्तव्वं सिया" હે ગૌતમ ! "જે ઉત્પત્સ્યમાન હોય છે, તેને ઉત્પન્ન થયેલા માનવામાં આવે છે," આ સિદ્ધાંત અનુસાર વર્તમાન ક્રિયાકાળ અને ભાવિ ક્રિયાકાળમાં અભેદ હોવાને કારણે નારકો રૂપે ભવિષ્યમાં ઉત્પન્ન થનારા સિંહાદિકોને જો કે તેઓ હાલમાં પંચેન્દ્રિય તિર્યંગ્યોનિમા રહેલા છે–છતાં પણ નારકો રૂપે જ કહેવામાં આવે છે. તેથી એ વાત સિદ્ધ થાય છે કે નારકો જ નારક રૂપે ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अह भंते! ढंके, कंके, बिलए, मग्गुए, सिखीए, एएणं निस्सीला०" હે ભગવન્ ! ગીધ, કાગડા, વિલય (પક્ષી વિશેષ),

મુદ્ગક (પક્ષીવિશેષ) અને મોર, આ પંચેન્દ્રિય તિર્યંગ્ યોનિક જીવો કે જે નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ અને નિષ્પ્રત્યાખ્યાન પોષધોપવાસવાળા હોય છે, એટલે કે સદાચાર આદિથી રહિત હોય છે, તેઓ શું કાળનો અવસર આવે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ-સ્થિતિવાળા, નારકો રૂપે ઉત્પન્ન થઈ શકે છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सेसं तंचेव जाव वत्तव्वयं सिया" હે ગૌતમ! અહીં પણ "જેઓ ઉત્પદ્યમાન હોય છે, તેમને ઉત્પન્ન થઈ ચુકેલા માનવામાં આવે છે." આ સિદ્ધાંત અનુસાર વર્તમાન ક્રિયાકાળ અને ભાવિક્રિયાકાળમાં અભેદ માનીને પંચેન્દ્રિય તિર્યંચયોનિમાં રહેલા તે ગીધ આદિ જીવોને નારકો રૂપ જ કહેવામાં આવ્યા છે, કારણ કે તેઓ નારકો રૂપે ઉત્પન્ન થવાના છે. "सेवं भंते ! सेवं भंते ! त्ति जाव विहरइ" ઉદ્દેશકનો ઉપસંહાર કરવા માટે સૂત્રકાર આ કથન દ્વારા મહાવીર પ્રભુનાં વચનોની પ્રમાણ ભૂતતાનું પ્રતિપાદન કરે છે. "હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સત્ય જ છે. હે ભગવન્! આપનું આ કથન સર્વથા યથાર્થ જ છે," આ પ્રમાણે કહીને, પ્રભુને વંદણાનમસ્કાર કરીને, પોતાના આત્માને સંયમ અને તપથી યુક્ત કરતા થકા ગૌતમ સ્વામી પોતાના સ્થાને વિરાજમાન થઈ ગયા. ॥સૂ૦૨॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર" ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમા શતકનો આઠમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨–૮॥

નવવેં ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

નવમા ઉદ્દેશાનો પ્રારંભ—

બારમાં શતકના આ નવમાં ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે–

દેવોના ભવ્યદ્રવ્યદેવ આદિ પાંચ પ્રકારોનું કથન ભવ્યદ્રવ્યદેવ આદિ રૂપે તેમને માનવાનું કારણ–નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ, ભાવદેવ અને દ્રવ્ય દેવ તેઓ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે, આ પ્રશ્નના જવાબનું નિરૂપણ નરદેવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? રત્નપ્રભા આદિ સાત નારકપૃથ્વીઓ-માંની કોઈ એક નારકપૃથ્વીમાંથી આવીને ઉત્પન્ન થાય છે, અથવા ભવનવાસી આદિ દેવોમાંથી આવીને તે ત્યાં ઉત્પન્ન થાય છે ? ધર્મદેવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? દેવાધિદેવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તે નરક

પૃથ્વીઓમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે ભવનવાસી દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે શું તે સર્વવૈમાનિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? ભાવદેવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે? ઇત્યાદિ પ્રશ્નો અને તેમના ઉત્તરોની પ્રરૂપણા ભવ્યદ્રવ્યદેવોની સ્થિતિની પ્રરૂપણા નરદેવોની સ્થિતિની પ્રરૂપણા ધર્મદેવોની સ્થિતિની પ્રરૂપણા દેવાધિદેવોની સ્થિતિની પ્રરૂપણા ભાવદેવોની સ્થિતિની પ્રરૂપણા ભવ્યદ્રવ્યદેવોની વિકુર્વણા શક્તિની પ્રરૂપણા દેવાધિદેવોની વિકુર્વણાશક્તિની પ્રરૂપણા ભાવદેવોની વિકુર્વણાશક્તિની પ્રરૂપણા ભવ્યદ્રવ્યદેવોની ઉદ્વર્ત્તના (તે ભવમાંથી ચ્યવન) થયા બાદ ભવાન્તરમાં ઉત્પત્તિવિષયક પ્રરૂપણા ધર્મદેવોની, નરદેવોની અને ભાવદેવોની ઉદ્વર્ત્તના બાદ ભવાન્તરમાં ઉત્પત્તિ થવા વિષેની પ્રરૂપણા ધર્મદેવોની દેવવિશેષોમાં ઉત્પતિ વિષે વિચાર ભવ્યદ્રવ્યદેવોની કાળની અપેક્ષાએ સ્થિતિનો વિચાર, ભવ્યદ્રવ્યદેવોના વિરહકાળની (એજ ભવપ્રાપ્તિમાં જે કાળનું અંતર પડે છે તેને વિરહકાળ કહે છે) પ્રરૂપણા નરદેવોમાં પરસ્પરમાં કેટલા કાળનું અન્તર રહે છે, તેની પ્રરૂપણા દેવાધિદેવોમાં પરસ્પરમાં કેટલા કાળનું અંતર રહે છે, તેની પ્રરૂપણા ભાવદેવોમાં પરસ્પરમાં કેટલા કાળનું અંતર રહે છે, તેની વિચારણા ભવ્યદ્રવ્યદેવ આદિ પાંચે પ્રકારના દેવોના અલ્પબહુત્વનું નિરૂપણ.

देवों के प्रकार का निरूपण

—देववक्तव्यता—

"कइ विहाणं भंते! देवा पण्णत्ता" इत्यादि—

टीकार्थ-पूर्वोद्देशकमां नागकुमार आदि देवलोकोमां उत्पत्तिनी प्ररूपणा करवामां आवी छे. आ प्रकारना पूर्वोद्देशक साथेना संबंधने लीधे सूत्रकारे आ नवमां उद्देशकमां देवोनी ज प्ररूपणा करी छे. आ विषयने अनुलक्षीने गौतम स्वामी महावीर प्रभुने एवो प्रश्न पूछे छे के-"कइविहाणं भंते! देवा पण्णत्ता?"

हे भगवन्! देवोना केटला प्रकार कह्या छे?

महावीर प्रभुनो उत्तर-"गोयमा! पंचविहा देवा पण्णत्ता" हे गौतम! देवोना पांच प्रकार कह्या छे. "तंजहा" ते प्रकारो नीचे प्रमाणे छे-"भवियदव्वदेवा, नरदेवा, धम्मदेवा, देवाहिदेवा, भावदेवा" (१) भव्यद्रव्य

દેવ, (૨) નરદેવ, (૩) ધર્મદેવ (૪) દેવાધિદેવ, અને (૫) ભાવદેવ. દેવ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રકારની છે–"दीव्यन्ते-क्रीडादिकं कुर्वन्ति, इति देवाः, दीव्यन्ते वा स्तूयन्ते आराध्यतया इति देवाः" આ વ્યુત્પત્તિ અનુસાર "જેઓ વિવિધ પ્રકારની ક્રીડા કરનારા હોય છે, તેમને દેવો કહેવામાં આવે છે. "અથવા" લોકો દ્વારા આરાધ્ય રૂપે જેમની સ્તુતિ કરવામાં આવે છે, તેમને દેવો કહે છે."

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, भवियदव्वदेवा, भवियदव्वदेवा?" હે ભગવન્! દેવોના એક પ્રકારને 'ભવ્યદ્રવ્યદેવ' નામ શા કારણે આપવામાં આવ્યું છે? એટલે કે 'ભવ્યદ્રવ્યદેવ' આ પદનો અર્થ શો થાય છે અને ભવ્યદ્રવ્યદેવ કોને ગણવામાં આવે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! जे भविया पंचिंदियतिरिक्खजोणिया, वा मणुस्सा वा, देवेसु उववज्जित्तए" હે ગૌતમ ! જે પંચેન્દ્રિયતિર્યંચ યોનિક અથવા મનુષ્ય, દેવોમાં જન્મ ગ્રહણ કરવાને યોગ્ય હોય છે–એટલે કે જે જીવ ભવિષ્યમાં દેવત્વની પ્રાપ્તિ કરવાનો છે, તે જીવને ભવ્યદ્રવ્ય કહે છે. "से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ, भवियदव्वदेवा, भवियदव्वदेवा" હે ગૌતમ ! તે કારણે મેં દેવોના એક પ્રકારનું નામ "ભવ્યદ્રવ્યદેવ" કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, नरदेवा, नरदेवा" હે ભગવન્! આપે દેવોના બીજા પ્રકારનું નામ "નરદેવ" શા કારણે કહ્યું છે? એટલે કે નરદેવનો શો અર્થ થાય છે? અને કોને નરદેવ કહેવામાં આવે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–મનુષ્યોમાં જેઓ આરાધ્ય ગણાતાં હોય છે, અથવા કાન્તિ આદિ ગુણોથી જેઓ યુક્ત હોય છે, અથવા નરરૂપે જન્મ ધારણ કરવા છતાં પણ જેઓ દેવતુલ્ય છે, તેમને નરદેવ કહેવામાં આવે છે. આ વાત સૂત્રકારે નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે–"गोयमा ! जे इमे रायाणो चाउरंतचक्कवट्टी, उप्पन्नसमत्तचक्करयणप्पहाणा, नवनिहिपइणो, समिद्ध कोसा, बत्तीसं रायवरसहस्साणुजायमग्गा, सागरवरमेहलाहिवइणो मणुस्सिंदा" હે ગૌતમ ! જેઓ ચાર દિશાઓના સ્વામી હોય છે, સર્વ રત્નોમાં પ્રધાન એવાં ચક્રરત્નની જેમને પ્રાપ્તિ થઈ હોય છે, જેઓ નવ નિધિઓના સ્વામી હોય છે, જેમનો ભંડાર સદા ભરપુર રહે છે, બત્રીસ હજાર શ્રેષ્ઠ રાજાઓ જેમની આજ્ઞાને આધીન હોય છે, મહાસાગર રૂપ શ્રેષ્ઠ મેખલા (કંદોરા)વાળી આ સમસ્ત ભૂમિ પર જેમનું અખંડ સામ્રાજ્ય વ્યાપેલું રહે છે જેઓ ૬ ખંડ (પાંચ મ્લેચ્છખંડો અને એક આર્યખંડ) પૃથ્વીના સ્વામી હોય છે, એવાં મનુષ્યેન્દ્રને (ચક્રવર્તીને) જ "નરદેવ" કહેવામાં આવે છે. "से तेणट्ठेणं जाव नरदेवा" હે ગૌતમ! તે કારણે મેં દેવોના એક પ્રકારને "નરદેવ" રૂપે ઓળખાવ્યો છે. એટલે કે મનુષ્યોમાં રત્નસમાન અથવા દેવતુલ્ય પુરુષોને 'નરદેવ' કહેવામાં આવે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, धम्मदेवा, धम्मदेवा" હે ભગવન્! આપે દેવોનો "ધર્મદેવ" એવો ત્રીજો પ્રકાર શા કારણે

કહ્યો છે? એટલે કે 'ધર્મદેવ' પદનો શો અર્થ થાય છે, અને આપ કોને ધર્મદેવ કહો છો?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! जे इमे अणगारा भगवंतो ईरियासमिया जाव गुत्तबंभयारी" ઇર્યાસમિતિથીયુક્ત, ભાષાસમિતિથીયુક્ત, એષણાસમિતિથીયુક્ત, આદાનભાંડામત્રનિક્ષેપણાસમિતિથીયુક્ત, ઉચ્ચાર–પ્રસ્રવણ–શ્લેષ્મ–સિંઘાણ–જલ્લપરિષ્ઠાપના સમિતિથીયુક્ત, તથા ઉત્તમ ક્ષમા–માર્દવ–આર્જવ–શૌચ–સત્ય–સંયમ–તપ–ત્યાગ–અકિંચનતા–અને બ્રહ્મચર્ય રૂપ દસ ધર્મોથી યુક્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય અને ગુપ્તબ્રહ્મચારી, એવા જે શ્રમણ ભગવંતો છે, તેમને જ 'ધર્મદેવ' કહેવામાં આવે છે. તે કારણે જ હે ગૌતમ! મેં દેવોનો ત્રીજો પ્રકાર 'ધર્મદેવ' કહ્યો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, देवाहिदेवा, देवाहिदेवा" હે ભગવન્! આપે શા કારણે દેવોના ચોથા પ્રકારનું નામ 'દેવાધિદેવ' કહ્યું છે? એટલે કે આપ દેવાધિદેવ કોને કહો છો?

મહાવીર પ્રભુનો ઉત્તર–જેમને પારમાર્થિક દેવત્વના યોગથી, દેવો પણ પોતાના દેવ રૂપે સ્વીકારે છે, તેમને દેવાધિદેવ કહે છે. એજ વાત નીચેના સૂત્રપાઠ દ્વારા સૂત્રકારે પ્રકટ કરી છે. "जे इमे अरिहंता भगवंता, उप्पन्ननाणदंसणधरा, जाव सव्वदरिसी" હે ગૌતમ! ઉત્પન્ન કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારક, વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી એવાં અર્હંત ભગવાનોને 'દેવાધિદેવ' કહેવામાં આવે છે. "से केणट्ठेणं जाव देवाहिदेवा, देवाहिदेवा" હે ગૌતમ! તે કારણે મેં તેમને–સર્વજ્ઞ અર્હંત ભગવાનોને–દેવાધિદેવ કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, भाव देवा, भावदेवा?" હે ભગવન્! આપે શા કારણે દેવોના પાંચમા પ્રકારને "ભાવદેવ" નામ આપ્યું છે? એટલે કે 'ભાવદેવ' પદનો શો અર્થ થાય છે અને આપ કોને ભાવદેવ કહો છો?

ભાવની અપેક્ષાએ દેવગતિ આદિ કર્મોદયના દ્વારા ઉત્પન્ન થયેલા પર્યાયની અપેક્ષાએ જે દેવ છે, તેને ભાવદેવ કહે છે. એજ વાત મહાવીર પ્રભુએ ગૌતમ સ્વામીને આપેલા નીચે પ્રમાણેના જવાબ દ્વારા પ્રકટ થાય છે. "गोयमा! जे इमे भवणवइ, वाणमंतर, जोइसवेमाणिया देवा देवगइ नामगोयाइं कम्माइं वेदेंति" હે ગૌતમ આ ભવનપતિ, વાનવ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિક દેવો, કે જેઓ દેવગતિ સંબંધી નામ ગોત્ર કર્મોનું વેદન કરી રહ્યા છે–દેવગતિ ભોગવી રહ્યા છે, તેમને ભાવદેવ કહેવાય છે. "से तेणट्ठेणं जाव भावदेवा" હે ગૌતમ! તે કારણે તે દેવોને 'ભાવદેવ' કહેવામાં આવે છે. ॥સૂ૦૧॥

—देवोत्पादवक्तव्यता—

"भवियदव्वदेवाणं भंते ! कओहिंतो उववज्जंति" इत्यादि—

टीकार्थ–पूर्व सूत्रमां देवोना प्रकारोनी प्ररूपणा करवामां आवी हवे सूत्रकार आ सूत्र द्वारा तेमनी उत्पत्तिनी प्ररूपणा करे छे–

आ विषयने अनुलक्षीने गौतम स्वामीओ महावीर प्रभुने आ प्रमाणे प्रश्न पूछ्यो छे–"भवियदव्वदेवाणं भंते ! कओहिंतो उववज्जंति" हे भगवन् भव्यद्रव्यदेवो क्यांथी आवीने उत्पन्न थाय छे? "नेरइएहिंतो उववज्जंति? तिरिक्खजोणिएहिंतो, मणुस्सेहिंतो, देवेहिंतो उववज्जंति?" शुं तेओ नारकोमांथी आवीने भव्यद्रव्यदेवो रूपे उत्पन्न थाय छे? के तिर्यंचोमांथी आवीने उत्पन्न थाय छे? के मनुष्योमांथी आवीने उत्पन्न थाय छे? के देवलोकमांथी आवीने भव्यद्रव्यदेवो रूपे उत्पन्न थाय छे?

महावीर प्रभुनो उत्तर–"गोयमा !" हे गौतम ! नेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो, मणुस्सेहिंतो, देवेहिंतो वि उववज्जंति" भव्यद्रव्यदेवो नारकोमांथी आवीने पण उत्पन्न थाय छे तिर्यंचोमांथी आवीने पण उत्पन्न थाय छे, मनुष्योमांथी आवीने पण उत्पन्न थाय छे अने देवोमांथी आवीने पण उत्पन्न थाय छे. "भेदो जहा वक्कंतीए सव्वेसु उववाएयव्वा जाव अणुत्तरोववाइयत्ति" प्रज्ञापनासूत्रना छट्ठा व्युत्क्रान्ति पदमां अवान्तर प्रकारोनी जेवी प्ररूपणा करवामां आवी छे, एवी प्ररूपणा अहीं पण समजवी जोइओ एटले के "जे तेओ नारकोमांथी आवीने भव्यद्रव्यदेव रूपे उत्पन्न थता होय, तो शुं रत्नप्रभा पृथ्वीना नारकोमांथी आवीने उत्पन्न थाय छे." इत्यादि भेदोनुं कथन थवुं जोईओ आ प्रकारे नारकोथी लईने वैमानिको पर्यन्तना देवोमांथी आवीने जीव भव्यद्रव्यदेव रूपे उत्पन्न थाय छे, एम समजवुं जोइओ आ कथननो सारांश ओ छे के "पृथ्वीकायिक आदिथी लईने भवनपति, वानव्यंतर, ज्योतिषिक, वैमानिक, नवग्रैवेयक अने पांच अनुत्तर, आ बधा स्थळेथी आवीने जीव भव्यद्रव्यदेव रूपे उत्पन्न थतो होय छे. "नवरं असंखेज्जवासाउय अकम्मभूमगअंतरद्दीवगसव्वट्ठसिद्धवज्जं जाव अवराजिय" परंतु असंख्यात वर्षना आयुष्यवाळा अकर्मभूमिज पंचेन्द्रिय तिर्यंच अने मनुष्य तथा अन्तरद्वीपज तथा सर्वार्थसिद्धक, आ जीवो भव्यद्रव्यदेव रूपे उत्पन्न थता नथी. कारण के असंख्यात वर्षना आयुष्यवाळा अकर्मभूमिज मनुष्यो अने तिर्यंचो तथा अन्तरद्वीपने मरीने भव्यद्रव्यदेव रूपे उत्पन्न थता नथी, पण भावद्रव्यदेव रूपे ज उत्पन्न थाय छे. जे सर्वार्थसिद्धिको छे, तेओ भव्यद्रव्यसिद्ध थाय छे, तेमने फरी बीजो भव लेवो पडतो नथी–एज गृहीत भवमांथी तेओ मोक्षे चाल्या जाय छे. तेथी भव्यद्रव्यदेव रूपे तेमनी उत्पत्तिनो निषेध कर्यो छे. तेथी ज एवुं कहेवामां आव्युं छे के नरकादिमांथी आवीने तथा विजय, वैजयन्त, जयन्त, अने अपराजित आ चार अनुत्तर विमानोमांथी आवीने (ते विमानोमांना

દેવોમાંથી આવીને) જીવ ભવ્યદ્રવ્યદેવ રૂપે ઉત્પન્ન થઇ જાય છે, પરન્તુ સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનના દેવોમાંથી આવીને જીવ ભવ્યદ્રવ્યદેવ ઉત્પન્ન થતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नरदेवाणं भंते ! कओहिंतो उववज्जंति?" હે ભગવન્! જીવ કયાંથી આવીને નરદેવ રૂપે ઉત્પન્ન થઇ છે?"किं नेरइएहिंतो० पुच्छा" શું નારકોમાંથી, કે તિર્યંચોમાંથી, કે મનુષ્યોમાંથી, કે દેવોમાંથી આવીને જીવ નરદેવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "नेरइएहिंतो वि, उववज्जंति, णो तिरिक्खजोणिएहिंतो, णो मणुस्सेहिंतो, देवेहिंतो वि उववज्जंति" જીવો નારકોમાંથી આવીને પણ નરદેવો રૂપે ઉત્પન્ન થાય છે, દેવોમાંથી આવીને પણ નરદેવો રૂપે ઉત્પન્ન થાય છે, પરન્તુ તિર્યંચોમાંથી તથા મનુષ્યોમાંથી આવીને નરદેવો રૂપે ઉત્પન્ન થતા નથી આ વાતને વિશેષ રૂપે જાણવાને માટે ગૌતમ સ્વામી આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે-"जइ नेरइएहिंतो उववज्जंति," ઇત્યાદિ હે ભગવન્! નારકોમાંથી આવીને તેઓ નરદેવ રૂપે ઉત્પન્ન થતા હોય, તો કયા નરકના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? શું રત્નપ્રભાના નારકોમાંથી આવીને નરદેવ રૂપે ઉત્પન્ન થાય છે? કે શર્કરાપ્રભાના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે વાલુકાપ્રભાના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે પંકપ્રભાના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? ધૂમપ્રભાના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે તમઃપ્રભાના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે અધઃસપ્તમી પૃથ્વીના નારકોમાંથી આવીને નરદેવ રૂપે ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"हे गौतम!" રત્નપ્રભા પૃથ્વીના નારકોમાંથી નીકળીને જીવ નરદેવ રૂપે ઉત્પન્ન થાય છે, પરન્તુ શર્કરાપ્રભાથી લઇને અધઃસપ્તમી પૃથ્વી પર્યન્તની પૃથ્વીઓના નારકોમાંથી નીકળીને જીવો નરદેવ રૂપે ઉત્પન્ન થતા નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जइ देवेहिंतो उववज्जंति, किं भवणवासिदेवेहिंतो उववज्जंति, वाणमंतरदेवेहिंतो उववज्जंति? जोइसियदेवेहिंतो उववज्जंति, वेमाणियदेवेहिंतो उववज्जंति?" હે ભગવન્! જો જીવો દેવોમાંથી આવીને નરદેવ રૂપે ઉત્પન્ન થતા હોય, તો શું ભવનવાસી દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે વાનવ્યંતર દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે જ્યોતિષિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે વૈમાનિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "भवणवासिदेवेहिंतो वि उववज्जंति, वाणमंतरदेवेहिंतो० एवं सव्वदेवेसु उववाएयव्वा, वक्कंतीभेएणं जाव सव्वट्ठसिद्धत्ति" નરદેવ, ભવનવાસી દેવોમાથી આવીને પણ ઉત્પન્ન થાય

છે, વાનવ્યન્તર દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, એજ પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્રના છઠ્ઠા વ્યુત્ક્રાન્તિ પદના પૂર્વોક્ત કથન અનુસાર જ્યોતિષિક દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, વૈમાનિક દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, નવગ્રૈવેયકના દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે અને વિજયથી લઇને સર્વાર્થસિદ્ધ પર્યન્તના પાંચ અનુત્તર વિમાનોમાંથી આવીનેપણ ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" धम्मदेवाणं भंते ! कओहिंतो उववज्जंति? किं नेरइएहिंतो उववज्जंति० " ઇત્યાદિ–હે ભગવન્ ! ધર્મદેવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષિક, વૈમાનિક, નવગ્રૈવેયક, અને પાંચ અનુત્તર વિમાનોના દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं वक्कंतीभेएणं सव्वेसु उववाएयव्वा " હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા વ્યુત્ક્રાન્તિ પદમાં કહ્યા પ્રમાણે, નારકોથી લઇને સર્વાર્થસિદ્ધક પર્યન્તના સમસ્ત જીવોમાંથી આવીને જીવ ધર્મદેવ રૂપે ઉત્પન્ન થાય છે. " नवरं " પરન્તુ " तमा, अहेसत्तमाए, तेऊवाऊ असंखिज्जवासाउय अकम्मभूमगअंतरदीवगवज्जेसु " પૂર્વના કથન કરતાં ધર્મદેવના કથનમાં એટલી જ વિશેષતા છે કે...તમઃપ્રભાના નારકોમાંથી, અધઃ સપ્તમીના નારકોમાંથી, તેજસ્કાયિકોમાંથી, વાયુકાયિકોમાંથી, તથા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અને અન્તર દ્વીપજ મનુષ્યો અને તિર્યંચોમાંથી આવીને જીવો ધર્મદેવ રૂપે ઉત્પન્ન થતા નથી કારણ કે જે નારકો તમઃપ્રભા પૃથ્વીમાંથી નીકળે છે, તેમનામાં ચારિત્ર હોતું નથી તથા અધઃસપ્તમીમાંથી, તેજસ્કાયિકોમાંથી, વાયુકાયિકોમાંથી, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા અકર્મભૂમિજ, કર્મભૂમિજ, અને અન્તરદ્વીપજ મનુષ્યો અને તિર્યંચોમાંથી નીકળેલા જીવો મનુષ્ય રૂપે ઉત્પન્ન થઇ શકતા નથી અને મનુષ્ય રૂપે ઉત્પન્ન નહીં થવાને કારણે ચારિત્રનો અભાવ હોવાને કારણે તેઓ અણગાર રૂપ ધર્મદેવ પણ થતા નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" देवाहिदेवाणं भंते ! कओहिंतो उववज्जंति " હે ભગવન્ ! દેવાધિદેવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? " किं नेरइएहिंतो उववज्जंति, पुच्छा० " શું નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે ભવનપતિ દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે પૃથ્વીકાયિક ઇક એકેન્દ્રિયાદિ તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે વાનવ્યંતર દેવોમાંથી, જ્યોતિષિકોમાંથી, વૈમાનિકોમાંથી નવગ્રૈવેયકોમાંથી, કે વિજય આદિ પાંચ અનુત્તરોપપાતિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " नेरइएहिंतो उववज्जंति, नो तिरिक्खजोणिएहिंतो, नो मणुस्सेहिंतो, देवेहिंतो वि उववज्जंति " (અર્હંત કેવળી) નારકોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, પરન્તુ તિર્યંચગતિ અને મનુષ્યગતિમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. " દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. " એટલે કે વૈમાનિક આદિથી લઈને સર્વાર્થસિદ્ધવિમાનના દેવો પર્યન્તના દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" जइ नेरइएहिं० " ઇત્યાદિ હે ભગવન્ ! દેવાધિદેવ જો નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો કઈ નરકપૃથ્વીના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું રત્નપ્રભાના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે શર્કરાપ્રભાના, કે વાલુકાપ્રભાના, કે પંકપ્રભાના, કે ધૂમપ્રભાના, કે તમઃપ્રભાના, કે અધઃસપ્તમીના નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं तिसु पुढवीसु उववज्जंति, सेसाओ खोडेयव्वाओ " હે ગૌતમ ! દેવાધિદેવ રત્નપ્રભાપૃથ્વીમાંથી, શર્કરાપ્રભાપૃથ્વીમાંથી અને વાલુકાપ્રભાપૃથ્વીમાંથી નીકળીને ઉત્પન્ન થાય છે. પરન્તુ પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને અધઃ સપ્તમી પૃથ્વીમાંથી નીકળેલા જીવો દેવાધિદેવ રૂપે ઉત્પન્ન થતા નથી એટલે કે છેલ્લી ચાર પૃથ્વીઓમાંથી નીકળેલા જીવોમાં દેવાધિદેવત્વ સંભવી શકતું નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" जइ देवेहिंतो उववज्जंति " ઇત્યાદિ–હે ભગવન્ ! જો દેવગતિમાંથી નીકળેલા જીવો દેવાધિદેવ થતા હોય, તો શું ભવનપતિ દેવોમાંથી કે વાનવ્યંતરોમાંથી, કે જ્યોતિષિકોમાંથી, કે વૈમાનિકોમાંથી, કે નવગ્રૈવેયકોમાંથી, કે પાંચ અનુત્તરૌપપાતિક દેવોમાંથી નીકળેલા જીવો દેવાધિદેવ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " वेमाणिएसु सव्वेसु उववज्जंति, जाव सव्वट्ठसिद्धत्ति, सेसा खोडेयव्वा " સૌધર્મ આદિ બાર દેવલોકમાંથી, નવગ્રૈવેયકોમાંથી, અને સર્વાર્થસિદ્ધ પર્યન્તના પાંચ અનુત્તરોમાંથી આવીને જીવો દેવાધિદેવ રૂપે ઉત્પન્ન થઇ શકે છે, પરન્તુ ભવનપતિ, વાનવ્યંતર અને જ્યોતિષિક દેવોમાંથી નીકળીને દેવાધિદેવ રૂપે જીવો ઉત્પન્ન થતા નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" भावदेवाणं भंते ! कओहिंतो उववज्जंति ? ' હે ભગવન્ ! કઈ ગતિના જીવો ભાવદેવ રૂપે ઉત્પન્ન થાય છે ? શું નારકોમાંથી આવીને જીવો ભાવદેવ રૂપે ઉત્પન્ન થાય છે ? કે તિર્યંચોમાંથી આવીને ભાવદેવ રૂપે ઉત્પન્ન થાય છે ? કે મનુષ્યોમાંથી આવીને ભાવદેવ રૂપે ઉત્પન્ન થાય છે ? કે દેવોમાંથી આવીને ભાવદેવ રૂપે ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहा वक्कंतीए भवणवासीणं उववाओ तहा भाणियव्वो " હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા પદમાં અસુરકુમાર આદિ

૧૦ પ્રકારના ભવનપતિ દેવોના ઉત્પાદ વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં ભાવદેવોના ઉત્પાદનું કથન કરવું જોઇએ અનેક સ્થાનોમાંથી આવીને જીવ ભવનપતિ દેવરૂપે ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી જીવોનો પણ ભવનપતિ દેવોમાં ઉત્પાદ થઈ જાય છે. તેથી જ " जहा वक्कंतीए " " व्युत्क्रान्तिपदમાં કહ્યા અનુસારનું કથન અહીં ગ્રહણ કરવાનુ કહેવામાં આવ્યું છે. " ॥સૂ૦૨॥

ભવ્ય દેવાદિ કી સ્થિતિ કા નિરૂપણ

—ભવ્યદ્રવ્યદેવ આદિની સ્થિતિવિષયક વક્તવ્યતા—

" भवियदव्वदेवाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા ભવ્યદ્રવ્યદેવ આદિ પાંચે પ્રકારના દેવોની સ્થિતિ (આયુષ્ય)ની પ્રરૂપણા કરી છે–આ વિષયને અનુલક્ષીને ગૌતમસ્વામીએ મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો છે-" भवियदव्वदेवाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?" હે ભગવન્! ભવ્યદ્રવ્યદેવોની સ્થિતિ કેટલા કાળ સુધીની કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं तिन्नि पलिओवमाइं " હે ગૌતમ ! ભવ્યદ્રવ્યદેવોની જઘન્ય (ઓછામાં ઓછી) અન્તર્મુહૂર્તની સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. તેમની અન્તર્મુહૂર્તપ્રમાણ જઘન્ય સ્થિતિ કહેવાનું કારણ એ છે કે અંતર્મુહૂર્તના આયુષ્યવાળાં પંચેન્દ્રિયતિર્યંચો દેવોમાં ઉત્પન્ન થઈ જાય છે. તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની કહેવાનું કારણ એ છે કે ઉત્તરકુરુ આદિમાં મનુષ્યતિર્યંચોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે, અને તેઓ મરીને નિયમથી જ દેવ રૂપે ઉત્પન્ન થાય છે. આ ઉત્તરકુરુ આદિના જીવોને ભવ્યદ્રવ્યદેવો જ ગણવામાં આવે છે, કારણ કે તેઓ મરીને દેવોમાં જ ઉત્પન્ન થાય છે–અન્ય ગતિમાં ઉત્પન્ન થતા નથી

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" नरदेवाणं पुच्छा " હે ભગવન્! નરદેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा ! " હે ગૌતમ ! " जहण्णेणं सत्तवाससयाइं, उक्कोसेणं चउरासीई पुव्वसयसहस्साइं " ચક્રવર્તી આદિ રૂપ નરદેવોની જઘન્ય સ્થિતિ ૭૦૦ વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૮૪ લાખ પૂર્વની કહી છે.

જેમ કે બ્રહ્મદત્ત ચક્રવર્તીની આયુસ્થિતિ ૭૦૦ વર્ષની અને ભરત ચક્રવર્તીની આયુસ્થિતિ ૮૪ લાખ પૂર્વની હતી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" धम्मदेवाणं भंते ! पुच्छा " હે ભગવન્ ! ધર્મદેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणा-पुव्वकोडी " હે ગૌતમ ! ધર્મદેવોની જઘન્યસ્થિતિ એક અન્તર્મુહૂર્તની કહી છે, આ સ્થિતિ અપ્રમત્ત સંયતની અપેક્ષાએ કહી છે. પ્રમત્ત સંયતની જઘન્યસ્થિતિ તો ત્રીજા શતકના ત્રીજા ઉદ્દેશકના મંડિતપુત્રના પ્રશ્નોત્તરોમાં જણાવ્યા અનુસાર એક સમયની કહી છે. અથવા–જેનું આયુષ્ય એક અન્તર્મુહૂર્ત પ્રમાણ જ બાકી રહ્યું હોય એવો જીવ જો ચારિત્રને ધારણ કરી લે તો, તે દૃષ્ટિએ વિચાર કરવાથી આ જઘન્યસ્થિતિ વિષયક કથન ઘટિત થઈ જાય છે. ધર્મદેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોનપૂર્વકોટિની કહી છે. દેશોનપૂર્વકોટિના આયુષ્યવાળા જીવના ચરિત્રગ્રહણની અપેક્ષાએ આ ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવામાં આવી છે. પૂર્વકોટિમાં જે દેશોનતા કહેવામાં આવી છે, તે પૂર્વકોટિમાં આઠ વર્ષ ઓછાં થવાને કારણે કહેવામાં આવી છે, કારણ કે આઠ વર્ષની ઉમર થયાં પહેલાં જીવમાં ચારિત્ર ગ્રહણ કરવાની યોગ્યતા સંભવતી નથી આઠ વર્ષનો થયા બાદ જ તેનામાં ચારિત્રગ્રહણ કરવાની યોગ્યતા આવે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" देवाहिदेवाणं पुच्छा " હે ભગવન્ ! દેવાધિદેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहण्णेणं बाबत्तरिं वासाइं, उक्कोसेणं चउरासीइं पुव्वसयसहस्साइं " હે ગૌતમ ! દેવાધિદેવોની જઘન્યસ્થિતિ ૭૨ વર્ષની હોય છે, જેમ કે મહાવીર સ્વામીની આયુસ્થિતિ ૭૨ વર્ષની હતી, અને દેવાધિદેવોની ઉત્કૃષ્ટસ્થિતિ ચોર્યાસી લાખ પૂર્વની હોય છે. જેમ કે ઋષભદેવ ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" भावदेवाणं पुच्छा " હે ભગવન્ ! ભાવદેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " जहण्णेणं दसवास-सहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं " ભાવદેવોની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમની કહી છે. જેમ કે વાનવ્યંતર દેવોની સ્થિતિ દસ હજાર વર્ષની અને સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનવાસી દેવોની સ્થિતિ ૩૩ સાગરોપમની કહી છે. ।।સૂ૦૩।।

—ભવ્યદ્રવ્યદેવ આદિની વિકુર્વણાની વક્તવ્યતા—

" भवियदव्वदेवाणं भंते " ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા ભવ્યદ્રવ્યદેવ આદિના વૈક્રિયદ્વારની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" भवियदव्वदेवाणं भंते! किं एगत्तं पहू विउव्वित्तए, पुहुत्तं पभू विउव्वित्तए?" હે ભગવન્! વૈક્રિયલબ્ધિસંપન્ન મનુષ્ય અથવા પંચેન્દ્રિયતિર્યંચ શું પોતાની વિકુર્વણાશક્તિ દ્વારા એક રૂપનું નિર્માણ કરવાને સમર્થ હોય છે? અથવા અનેક રૂપોને નિષ્પન્ન કરવાને સમર્થ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! एगत्तं पि पहू विउव्वित्तए, पुहुत्तं वि पभू विउव्वित्तए " હે ગૌતમ! ભવ્યદ્રવ્યદેવ–વૈક્રિયલબ્ધિસંપન્ન મનુષ્ય અને પંચેન્દ્રિયતિર્યંચ–પોતાની વિકુર્વણા શક્તિદ્વારા એક રૂપની પણ વિકુર્વણા કરવાને સમર્થ હોય છે, અને અનેક રૂપોની પણ પોતાની વૈક્રિય શક્તિદ્વારા વિકુર્વણા કરવાને સમર્થ હોય છે જ્યારે તેઓ " एगत्तं विउव्वमाणे एगिंदियरूवं वा, जाव पंचिंदियरूवं वा, पुहुत्तं विउव्वमाणे एगिंदियरूवाणि वा जाव पंचिदियरूवाणि वा " પોતાની વૈક્રિયશક્તિ દ્વારા એક રૂપની વિકુર્વણા કરે છે, ત્યારે જે એક રૂપ નિષ્પન્ન થાય છે તે કોઇ એકેન્દ્રિય જીવનું પણ હોઈ શકે છે, દ્વીન્દ્રિય જીવનું પણ હોઈ શકે છે, ત્રીન્દ્રિય જીવનું પણ હોઇ શકે છે,ચતુરિન્દ્રિય જીવનું પણ હોઈ શકે છે, પંચેન્દ્રિય જીવનું પણ હોઇ શકે છે, એટલે કે તે પોતાની વૈક્રિયશક્તિ દ્વારા કોઈ પણ એકેન્દ્રિય જીવના અથવા દ્વીન્દ્રિય જીવના, અથવા ત્રન્દ્રિય જીવના અથવા ચતુરિન્દ્રિય જીવના અથવા પંચેન્દ્રિય જીવના રૂપનું નિર્માણ કરી શકે છે. જ્યારે તેઓ પોતાની વૈક્રિય શક્તિ દ્વારા અનેક રૂપોનું નિર્માણ કરે છે, ત્યારે તેઓ અનેક એકેન્દ્રિય જીવોની, અથવા દ્વીન્દ્રિય જીવોની, અથવા ત્રીન્દ્રિય જીવોની અથવા ચતુરિન્દ્રિય જીવોની અથવા પંચેન્દ્રિય જીવોની પણ વિકુર્વણા કરી શકે છે. તે વિકુર્વિત રૂપો " संखेज्जाणि वा, असंखेज्जाणि वा, संबद्धाणि वा, असंबद्धाणि वा, सरिसाणि वा, असरिसाणि वा विउव्वंति " સંખ્યાત પણ હોઇ શકે છે, અસંખ્યાત પણ હોઈ શકે છે, સંબદ્ધ–પોતાની સાથે સંબંદ્ધ–પુદ્ગલ દ્રવ્ય રૂપ પણ હોઇ શકે છે, અસંબદ્ધ–દૂર સ્થિત પુદ્ગલ દ્રવ્ય રૂપ પણ હોઇ શકે છે, તથા તેઓ સમાન વર્ણાદિથી યુક્ત પણ હોઈ શકે છે અને અસમાન વર્ણાદિકોથી યુક્ત પણ હોઇ શકે છે. " विउव्वित्ता तओ पच्छा अप्पणो अहिच्छियाइं कज्जाइं करेंति " આ રૂપોની વિકુર્વણા કર્યા બાદ તેઓ ઇચ્છાનુસાર

પોતાના કાર્યોને કરે છે. "एवं नरदेवा वि, एवं धम्मदेवा वि" એજ પ્રકારનું કથન નરદેવો અને ધર્મદેવોની વિકુર્વણા શક્તિ વિષે પણ સમજવું.

ગૌતમ સ્વામીના પ્રશ્ન-"देवाहिदेवाणं पुच्छा" હે ભગવન્! દેવાધિદેવો શું એક રૂપની વિકુર્વણા કરવાને સમર્થ હોય છે, કે અનેક રૂપોની વિકુર્વણા કરવાને સમર્થ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"एगत्तं पि पभू विउव्वित्तए, पुहुत्तं वि पभू विउव्वित्तए" હે ગૌતમ! દેવાધિદેવ પોતાની વૈક્રિયશક્તિ દ્વારા એક રૂપનું પણ નિર્માણ કરી શકે છે અને અનેક રૂપોનું નિર્માણ પણ કરી શકે છે. પરંતુ "णोचेवणं संपत्तीए विउव्विंसु वा विउव्विंति वा, विउव्विस्संति वा" તેમણે પોતાની વૈક્રિયશક્તિ દ્વારા પહેલાં કદી પણ એવાં વૈક્રિય રૂપોની નિષ્પત્તિ કરી નથી, વર્તમાન કાળમાં પણ તેઓ એવું કરતા નથી અને ભવિષ્યમાં પણ એવું કરશે નહીં તેથી એવું ન સમજવું જોઇએ કે તેમનામાં એવું કરવાની શક્તિ (વૈક્રિયશક્તિ) નથી શક્તિ હોવા છતાં પણ તે શક્તિનો તેઓ ત્રણે કાળમાં ઉપયોગ કરતા નથી કારણ કે તેઓ કૃતકૃત્ય થઈ ગયેલા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"भावदेवाणं भंते! पुच्छा" હે ભગવન્! ભાવદેવો શું પોતાની વૈક્રિયશક્તિ દ્વારા એક રૂપની વિકુર્વણા કરવાને સમર્થ હોય છે, કે અનેક રૂપોની વિકુર્વણા કરવાને સમર્થ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-'जहा भवियदव्वदेवा" હે ગૌતમ! જેમ ભવ્યદ્રવ્યદેવ પોતાની વૈક્રિયશક્તિ દ્વારા એક રૂપની વિકુર્વણા કરી શકે છે અને અનેક રૂપોની વિકુર્વણા પણ કરી શકે છે, એજ પ્રમાણે ભાવદેવ પણ પોતાની વૈક્રિયશક્તિ દ્વારા એક રૂપની પણ વિકુર્વણા કરવાને સમર્થ હોય છે અને અનેક રૂપોની વિકુર્વણા કરવાને પણ સમર્થ હોય છે. ।।સૂ૦૪।।

ભવ્યદ્રવ્યદેવાદિ કી ઉદ્વર્તના કા નિરૂપણ

—ભવ્યદ્રવ્યદેવ આદિની ઉદ્વર્તના (ઉત્પત્તિ)ની વક્તવ્યતા—

"भवियदव्वदेवाणं भंते! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति" ઇત્યાદિ-

ટીકાર્થ-સૂત્રકારે આ સૂત્રદ્વારા ગતિદ્વારની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમસ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-"भवियदव्वदेवाणं भंते! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति? कहिं उववज्जंति"

હે ભગવન્! ભવ્યદ્રવ્યદેવો પોતાના ભવ્યદ્રવ્યદેવના ભવને છોડીને (તે ભવનું આયુષ્ય પૂરું કરીને) કયાં જાય છે? કયાં ઉત્પન્ન થાય છે? "किं नेरइएसु उववज्जंति जाव देवेसु उववज्जंति?" શું તેઓ નારકોમાં ઉત્પન્ન થાય છે? અથવા પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિયોથી લઈને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયતિર્યંચોમાં ઉત્પન્ન થાય છે? કે મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે? કે ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે? કે વાનવ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે? કે જ્યોતિષિક દેવોમાં ઉત્પન્ન થાય છે? કે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે? કે નવગ્રૈવેયકોમાં ઉત્પન્ન થાય છે? કે પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! नो नेरइएसु उववज्जंति, णो तिरिक्खजोणिएसु, णो मणुस्सेसु उववज्जंति, देवेसु उववज्जंति" હે ગૌતમ! ભવ્યદ્રવ્યદેવો નારકોમાં પણ ઉત્પન્ન થતા નથી, તિર્યંચોમાં પણ ઉત્પન્ન થતા નથી, મનુષ્યોમાં પણ ઉત્પન્ન થતા નથી પરંતુ તેઓ દેવોમાં જ ઉત્પન્ન થાય છે. ભવ્યદ્રવ્યદેવોની નારકાદિ ભવોમાં ઉત્પત્તિ થવાનો નિષેધ કર્યો છે, કારણ કે તેમનામાં દેવભવ સ્વભાવતઃ ભાવી છે–એટલે કે દેવગતિમાં જ ઉત્પન્ન થવાનાં લક્ષણોનો સદ્ભાવ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जइ देवेसु उववज्जंति" ઇત્યાદિ–હે ભગવન્! જો ભવ્યદ્રવ્યદેવોની ઉત્પત્તિ દેવોમાં જ થતી હોય, તો કયા દેવોમાં થાય છે? શું તેઓ અસુરકુમારાદિ ભવનવાસી દેવોમાં ઉત્પન્ન થાય છે? કે વાનવ્યંતરોમાં ઉત્પન્ન થાય છે? કે જ્યોતિષિકોમાં ઉત્પન્ન થાય છે? કે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે? નવગ્રૈવેયક વિમાનોમાં ઉત્પન્ન થાય છે? કે સર્વાર્થસિદ્ધ પર્યન્તના પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! सव्व देवेसु उववज्जंति जाव सव्वट्ठसिद्धत्ति" હે ગૌતમ! ભવ્યદ્રવ્યદેવો પૂર્વોકત સઘળા દેવોમાં ઉત્પન્ન થાય છે એટલે કે ભવનપતિથી લઈને પાંચ અનુત્તર વિમાનવાસી પર્યન્તના કોઇ પણ પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नरदेवाणं भंते! अणंतरं उव्वट्टित्ता पुच्छा" હે ભગવન્! નરદેવો નરદેવ ભવ છોડયા પછી કયાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! नेरइएसु उववज्जंति नो तिरिक्खजोणिएसु, णो मणुस्सेसु, णो देवेसु उववज्जंति" નરદેવો, નરદેવ ભવનું આયુષ્ય પૂરૂ કરીને નારકોમાં જ ઉત્પન્ન થાય છે, તિર્યંચોમાં પણ ઉત્પન્ન થતા નથી, મનુષ્યોમાં પણ ઉત્પન્ન થતા નથી અને ભવનપતિથી લઇને સર્વાર્થસિદ્ધક પર્યન્તના દેવોમાં પણ ઉત્પન્ન થતા નથી તેનું કારણ એ છે કે નરદેવો કામભોગોમાં રચ્યાપચ્યા રહે છે. તેઓ અતિશય આરંભ અને પરિગ્રહથી યુકત હોય છે, તેથી તેઓ નારકોમાં જ ઉત્પન્ન થાય છે. જો કે કેટલાક

ચક્રવર્તી રૂપ નરદેવોમાં ઉત્પાદ થયાનું પણ જાણવામાં આવે છે, તેનું કારણ એ છે કે તેમણે નરદેવત્વ (ચક્રવર્તીત્વ)નો પરિત્યાગ કરીને ધર્મદેવત્વ અંગીકાર કર્યું હોય છે આ રીતે તેમને દેવગતિ પ્રાપ્ત થઇ શકે છે પરંતુ નરદેવત્વની સ્થિતિમાં જ રહેનાર જીવો તો દેવગતિના બન્ધક હોતા નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–હે ભગવન્! નરદેવો નરદેવ સંબંધી આયુષ્ય પૂરૂં કરીને નારકોમાં ઉત્પન્ન થતા હોય, તો સાત નરકો પૈકી કઈ નરકના નારકોમાં ઉત્પન્ન થાય છે? શું રત્નપ્રભાના નારકોમાં ઉત્પન્ન થાય છે? કે શર્કરાપ્રભાના નારકોમાં ઉત્પન્ન થાય છે? કે વાલુકાપ્રભાના નારકોમાં ઉત્પન્ન થાય છે? કે પંકપ્રભાના નારકોમાં ઉત્પન્ન થાય છે? કે ધૂમપ્રભાના નારકોમાં ઉત્પન્ન થાય છે? કે તમઃપ્રભાના નારકોમાં ઉત્પન્ન થાય છે? કે અધઃ સપ્તમી પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सत्तसु वि पुढवीसु उववज्जंति" હે ગૌતમ! તેઓ નરદેવભવસંબંધી આયુષ્ય પૂરૂં કરીને સાતે પૃથ્વીઓના નારકોમાં ઉત્પન્ન થાય છે,

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" धम्मदेवा णं भंते ! अणंतरं पुच्छा " હે ભગવન્! ધર્મદેવો, પોતાના ધર્મદેવભવને છોડીને ક્યાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! णो नेरइएसु उववज्जंति, णो तिरिक्खजोणिसु, णो मणुस्सेसु उववज्जंति देवेसु उववज्जंति " હે ગૌતમ! ધર્મદેવ નારકોમાં ઉત્પન્ન થતા નથી, તિર્યંચોમાં ઉત્પન્ન થતા નથી, મનુષ્યોમાં પણ ઉત્પન્ન થતા નથી તેઓ દેવોમાં જ ઉત્પન્ન થાય છે, કારણ કે દેવાયુના બંધવાળાને જ ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" जइ देवेसु उववज्जंति, किं भवणवासि पुच्छा " હે ભગતન્! જો ધર્મદેવો પોતાના ધર્મદેવભવના આયુષ્યને પરિપૂર્ણ કરીને દેવોમાં ઉત્પન્ન થતા હોય, તો કયા દેવોમાં ઉત્પન્ન થાય છે? શું ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે? કે વાનવ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે? કે જ્યોતિષિક દેવોમાં ઉત્પન્ન ઉત્પન્ન થાય છે? કે સર્વાર્થસિદ્ધ પર્યન્તના વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ! " नो भवणवासी देवेसु उववज्जंति, णो वाणमंतरदेवेसु उववज्जंति, णो जोइसिएसु उववज्जंति " ધર્મદેવો ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થતા નથી, વાનવ્યંતર દેવોમાં પણ ઉત્પન્ન થતા નથી, જ્યોતિષિક દેવોમાં પણ ઉત્પન્ન થતા નથી, " वेमाणियदेवेसु उववज्जंति, सव्वेसु वेमाणिएसु उववज्जंति, जाव सव्वट्ठसिद्ध अणुत्तरोववाइएसु उववज्जंति " પરન્તુ તેઓ વૈમાનિક દેવોમાં જ ઉત્પન્ન થાય છે તેઓ અમુક વૈમાનિક દેવોમાં જ ઉત્પન્ન થાય છે, એવું નથી, પરન્તુ સૌધર્મ દેવલોકથી લઇને સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન પર્યન્તના કોઇ પણ વિમાનમાં તેઓ દેવ રૂપે ઉત્પન્ન થતા હોય છે તથા " अत्थे गइया सिज्झंति जाव अंतं करेंति "

તે ધર્મદેવોમાં કેટલાક ધર્મદેવો એવા પણ હોય છે કે જેઓ સમસ્ત કર્મોનો ક્ષય કરીને સિદ્ધ, બુદ્ધ, મુકત, શીતલીભૂત અને સમસ્ત દુઃખોનો અંતકર્તા પણ થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"देवाहिदेवा अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति, कहिं उववज्जंति" હે ભગવન્! દેવાધિદેવ (તીર્થંકર અર્હંત) તીર્થંકર ભવને છોડીને કયાં જાય છે? કયાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! सिज्झंति, जाव अंतं करेंति" હે ગૌતમ! દેવાધિદેવ (તીર્થંકર અર્હંત) તીર્થંકર ભવ પૂરો કરીને સિદ્ધ થઈ જાય છે, બુદ્ધ થઈ જાય છે મુકત થઈ જાય છે શીતલીભૂત થઈ જાય છે અને સમસ્ત દુઃખોના અંતકર્તા બની જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"भावदेवा णं भंते! अणंतरं उव्वट्टित्ता पुच्छा" હે ભગવન્! ભાવદેવો, તેમના ભાવદેવ સંબંધી ભવને છોડીને (તે ભવની આયુસ્થિતિ પૂરી કરીને) કયાં જાય છે? કયાં ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहा वक्कंतीए असुरकुमाराणं उव्वट्टणा, तहा भाणियव्वा" હે ગૌતમ! પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા પદમાં અસુરકુમારોની ઉદ્વર્ત્તના વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન ભાવદેવોની ઉદ્વર્ત્તના વિષે પણ કરવું જોઈએ જેમ કે અસુરકુમારો અનેક જીવસ્થાનોમાં જાય છે. પૃથ્વીકાયાદિકોમાં તેમની ઉત્પત્તિ થાય છે, એવું ત્યાં કહેવામાં આવ્યું છે. એવું જ કથન ભાવદેવોની ઉદ્વર્ત્તના વિષે પણ સમજવું અસુરકુમારથી લઇને ઇશાન પર્યન્તના દેવો પૃથ્વીકાયાદિકોમાં ઉત્પન્ન થાય છે ઇત્યાદિ કથન અહીં પણ ગ્રહણ કરવાનું છે.

હવે સૂત્રકાર "संचिट्ठणा" સંસ્થિતિ દ્વારનું કથન કરે છે–ગૌતમ સ્વામી આ વિષયને અનુલક્ષીને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"भवियदव्वदेवेणं भंते! भवियदव्वदेवे त्ति कालओ केवच्चिरं होइ?" હે ભગવન્! ભવિકદ્રવ્યદેવ, "ભવિક દ્રવ્ય દેવની પર્યાયને છોડયા વિના" કાળની અપેક્ષાએ કયાં સુધી ભવિકદ્રવ્યદેવ રૂપે રહી શકે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिन्नि पलिओवमाइं" ભવિકદ્રવ્યદેવ, ભવિકદ્રવ્યદેવ રૂપે ઓછામાં ઓછા એક અન્તર્મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે ત્રણ પલ્યોપમ પ્રમાણ કાળ સુધી ટકી શકે છે. "एवं जच्चेव ठिई, सच्चेव संचिट्ठणा वि जाव भावदेवस्स" આ પ્રકારે ભવ્યદ્રવ્યદેવ આદિકોની જે ભવસ્થિતિ પહેલાં સ્થિતિદ્વારમાં કહેવામાં આવી છે, એજ તેમની તત્પર્યાયાનુબન્ધ રૂપ સંસ્થિતિ સમજવી એટલે કે નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ અને ભાવદેવની સંસ્થિતિનું કથન તેમની સ્થિતિના કથન અનુસાર જ સમજવું પરન્તુ ધર્મદેવોની સ્થિતિ અને સંસ્થિતિમાં આ પ્રમાણે તફાવત છે–"नवरं धम्मदेवस्स जहण्णेणं एक्कं समयं उक्कोसेणं देसूणा पुव्वकोडी" ધર્મદેવની સંસ્થિતિ ઓછામાં

ઓછી એક સમયની હોય છે (કારણ કે શુભભાવોની પ્રતિપત્તિના સમય બાદ જ મરણ થઈ જાય છે) અને ઉત્કૃષ્ટ સંસ્થિતિ દેશોનપૂર્વકોટિની હોય છે.

હવે સૂત્રકાર અન્તરદ્વારની પ્રરૂપણા કરે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" भवियदव्वदेवाणं भंते ! केवइयं कालं अंतरं होइ ? હે ભગવન્ ! ભવિકદ્રવ્ય દેવનું કાળની અપેક્ષાએ કેટલું અંતર કહ્યું છે ? એટલે કે ભવિક દેવની પર્યાયનો ત્યાગ કરીને–ભવાન્તરોમાં ગમન કરીને ફરીથી ભવિકદ્રવ્ય દેવ પર્યાયની ઉત્પત્તિમાં કેટલા કાળનો આંતરો પડી જાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! હે ગૌતમ ! ' जहण्णेणं दसवाससहस्साइं, अंतोमुहुत्तमब्भहियाइं " ભવિકદ્રવ્ય દેવને પુનઃ ભવિકદ્રવ્યની પર્યાયની પ્રાપ્તિ થવામાં કાળની અપેક્ષાએ ઓછામાં ઓછું દસ હજાર વર્ષ અને એક અંતર્મુહૂર્ત પ્રમાણકાળનું અંતર પડી જાય છે. તે અંતરનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે સમજવું-કોઇપણ જીવ ભવિકદ્રવ્યદેવની પર્યાયનો ત્યાગ કરીને દસ હજાર વર્ષની સ્થિતિવાળા વ્યંતરાદિકોમાં ઉત્પન્ન થાય છે. ત્યાંનું આયુષ્ય પૂરું કરીને તે એક અંતર્મુહૂર્ત સુધી શુભપૃથ્વીકાયાદિકોમાં ઉત્પન્ન થઈ જાય અને ત્યાંનું આયુષ્ય પૂરું કરીને એક અંતર્મુહૂર્તપ્રમાણ કાળ બાદ ભવિકદ્રવ્ય દેવની પર્યાયમાં ફરી ઉત્પન્ન થઇ જાય, તો આ પ્રકારે દસહજાર વર્ષ અને એક અંતર્મુહૂર્ત પ્રમાણ કાળનું જઘન્ય અન્તર આવી જાય છે. અને ઉત્કૃષ્ટ અંતર (વિરહકાળ) વનસ્પતિકાળ પ્રમાણ કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" नरदेवस्स णं पुच्छा " હે ભગવન્ ! નરદેવનો વિરહકાળ (કાળની અપેક્ષાએ અંતર) કેટલો કહ્યો છે ?

ઉત્તર–" गोयमा ! जहण्णेणं सातिरेगं सागरोवमं उक्कोसेणं अणंतं कालं अवड्ढंपोग्गलपरियट्टं देसूणं " હે ગૌતમ ! નરદેવનો વિરહકાળ ઓછામાં ઓછો એક સાગરોપમ કાળ કરતાં સહેજ અધિક છે, અને ઉત્કૃષ્ટ વિરહકાળ દેશોન અર્ધપુદ્ગલપરિવર્ત રૂપ અનંતકાળનો છે. એ વાત તો પહેલાં સમજાવવામાં આવી છે કે ચક્રવર્તી અપરિત્યક્ત સંગ હોવાને કારણે મરીને નરકમાં જાય છે, ત્યાં તે ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ભોગવે છે. તેમના જઘન્ય વિરહકાળનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–કોઇ નરદેવ (ચક્રવર્તી) મરીને પહેલી રત્નપ્રભામાં નારક રૂપે ઉત્પન્ન થઇ ગયો, ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ પ્રમાણ હોય છે. એક સાગરોપમ પ્રમાણ આ સ્થિતિ ભોગવીને તે ફરી નરદેવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે. હવે એક સાગરોપમકાળ કરતાં થોડો અધિક કાળ પ્રકટ કરવાનું કારણ નીચે પ્રમાણે છે. ચક્રરત્નની પ્રાપ્તિ થયા બાદ જ તેને નરદેવ કહેવામાં આવે છે. ચક્રરત્નની પ્રાપ્તિમાં થોડો કાળ વ્યતીત થઈ જાય છે તે કારણે જઘન્ય વિરહકાળ એક સાગરોપમ કરતાં થોડો અધિક કહ્યો છે. નરદેવનો ઉત્કૃષ્ટ વિરહકાળ અર્ધપુદ્ગલપરિવર્ત કરતાં થોડો ન્યૂન કહેવાનું કારણ–સમ્યગ્દૃષ્ટિ જીવ જ ચક્રવર્તી બને છે, અને સમ્યગ્દૃષ્ટિ જીવનો સંસારમાં રહેવાનો કાળ દેશોન અપાર્દ્ધપુદ્ગલપરિવર્ત પર્યન્તનો હોય છે. ત્યાર બાદ તો તે

સંસારથી રહિત થઈ જાય છે. જો કોઇ જીવ પોતાના અન્તિમ ભવમાં નરદેવ-ત્વની પુનઃ પ્રાપ્તિ કરી લે, તો એવી પરિસ્થિતિમાં પૂર્વના નરદેવ પર્યાય અને અન્તિમ નરદેવ પર્યાયની વચ્ચે પૂર્વોક્ત ઉત્કૃષ્ટ કાળનું અંતર પડી જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"धम्मदेवस्स पुच्छा" હે ભગવન્! ધર્મદેવનો વિરહકાળ કેટલો કહ્યો છે?

ઉત્તર–"गोयमा! जहण्णेणं पलिओवमपुहुत्तं, उक्कोसेणं अणंतं कालं अवड्ढं पोग्गलपरियट्टं देसूणं" હે ગૌતમ! ધર્મદેવનો વિરહકાળ ઓછામાં ઓછો પલ્યોપમપૃથક્ત્વનો (એકથી લઈને નવ પલ્યોપમનો,) અને વધારેમાં વધારે અનંત કાળ સુધીનો હોય છે. તે અનંત કાળ અર્ધપુદ્ગલપરિવર્ત કરતાં સહેજ ન્યૂન હોય છે. જઘન્ય વિરહકાળનું સ્પષ્ટીકરણ–કોઈ ચારિત્રવાળો જીવ, ધારો કે સૌધર્મકલ્પમાં પલ્યોપમપૃથક્ત્વની આયુસ્થિતિવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાંની આયુસ્થિતિ ભોગવીને ત્યાંથી ચ્યવીને તે પુનઃ ધર્મદેવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે. જો કે મનુષ્યભવમાં ઉત્પન્ન થયા બાદ જેટલો સમય તે ચારિત્ર અંગીકાર ન કરે, તેટલો અધિક સમય ધર્મદેવની પર્યાયની પુનઃ પ્રાપ્તિમાં લાગવો જોઈએ આ ગણતરી ધ્યાનમાં લઈને પલ્યોપમપૃથક્ત્વ કરતાં અધિક વિરહકાળ કહેવો જોઈતો હતો, પરન્તુ અહીં પલ્યોપમપૃથક્ત્વ પ્રમાણ (એકથી લઈને નવ પલ્યોપમ પ્રમાણ) જે વિરહકાળ કહ્યો છે, તેનું કારણ એ છે કે ચારિત્ર પ્રાપ્તિ વિનાના કાળને આ વિરહકાળની અંદર જ સમાવિષ્ટ કરી લેવામાં આવેલ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"भावदेवस्स णं भंते! पुच्छा" હે ભગવન્! ભાવ-દેવનો વિરહકાળ કેટલો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंतं-कालं वणस्सइकालो" હે ગૌતમ! ભાવદેવનો વિરહકાળ ઓછામાં ઓછો એક અંતર્મુહૂર્તનો અને વધારેમાં વધારે વનસ્પતિ કાળ પર્યન્તનો–અનંત-કાળ રૂપ હોય છે. ભાવદેવના જઘન્ય વિરહકાળનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–ધારો કે કોઈ ભાવદેવ પોતાની ભાવદેવ પર્યાય સંબંધી આયુસ્થિતિ પૂરી કરીને મનુષ્ય અથવા તિર્યંચ રૂપે ઉત્પન્ન થઈ જાય છે, ત્યાં એક અંતર્મુ-હૂર્ત કાળ રહીને ફરી ભાવદેવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે તો એવી પરિસ્થિ-તિમાં એક અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય વિરહકાળ ઘટિત થઈ જાય છે.

હવે સૂત્રકાર અલ્પબહુત્વદ્વારનું કથન કરે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"एएसि णं भंते! भवियदव्वदेवाणं नरदेवाणं जाव भावदेवाण य कयरे कयरे हिंतो जाव विसेसाहिया वा?" હે ભગવન્! ભવ્ય-દ્રવ્યદેવો, નરદેવો, ધર્મદેવો, દેવાધિદેવો, અને ભાવદેવો, આ પાંચે પ્રકારના દેવોમાં કયા દેવો કયા દેવોથી અલ્પપ્રમાણ છે? કયા દેવો કયા દેવો કરતાં

અધિકપ્રમાણ છે? કયા દેવો કયા દેવો જેટલા જ છે? કયા દેવો કયા દેવો કરતાં વિશેષાધિક છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "सव्वत्थोवा नरदेवा" નરદેવોની સંખ્યા સૌથી ઓછી છે. "देवाहिदेवा संखेज्जगुणा" નરદેવો કરતાં દેવાધિદેવો સંખ્યાત ગણાં હોય છે. નરદેવોની સંખ્યા સૌથી ઓછી કહેવાનું કારણ એ છે કે ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૧૨–૧૨ નરદેવો (ચક્રવર્તીઓ) જ ઉત્પન્ન થાય છે, અને વિજયોમાં વાસુદેવો હોય છે. વળી એવો પણ નિયમ છે કે ૧૨ નરદેવો એક સાથે ઉત્પન્ન થતા નથી નરદેવો કરતાં દેવાધિદેવો સંખ્યાત ગણાં કહેવાનું કારણ એ છે કે ભરત અને ઐરવત ક્ષેત્રમાં ચક્રવર્તીઓ કરતાં બમણાં દેવાધિદેવો ઉત્પન્ન થાય છે, તથા વાસુદેવ યુકત વિજયોમાં પણ તેમની ઉત્પત્તિ થાય છે દેવાધિદેવો કરતાં ધર્મદેવો સંખ્યાત ગણાં હોય છે, કારણ કે એક સાથે પણ ધર્મદેવોનો કોટિપૃથકૃત્વ સહસ્રરૂપે (એકથી લઈને નવ ક્રોડ પર્યન્ત) સદ્ભાવ રહે છે. ધર્મદેવો કરતાં ભવ્યદ્રવ્યદેવો તિર્યંગ્ગતિની અપેક્ષાએ અસંખ્યાત ગણાં છે, કારણ કે દેવગતિગામી દેશવિરતિયુકત જીવો અસંખ્યાત હોય છે, અને ભવ્યદ્રવ્યદેવો કરતાં ભાવદેવો અસંખ્યાત ગણાં છે, કારણ કે સ્વરૂપની અપેક્ષાએ તેમની અધિકતા છે. ॥સૂ૦૫॥

ભાવદેવ વિશેષ કે અલ્પબહુત્વ કા નિરૂપણ

—ભાવદેવ વિશેષોની અલ્પબહુત્વ વિષયક વક્તવ્યતા—

"एएसि णं भंते! भावदेवाणं भवणवासीणं वाणमंतराणं" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં ભાવદેવ વિશેષ રૂપ ભવનપતિ આદિ દેવોની અલ્પબહુતાની પ્રરૂપણા કરી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"एएसि णं भंते! भावदेवाणं भवणवासीणं, वाणमंतराणं जोइसियाणं वेमाणियाणं, सोहम्मगाणं जाव अच्चुयगाणं, गेवेज्जगाणं, अणुत्तरोववाइयाणं कयरे कयरेहिंतो जाव विसेसाहिया वा? હે ભગવન્! ભાવદેવરૂપ જે ભવનવાસી, વાનવ્યન્તર, જ્યોતિષિક, વૈમાનિક (સૌધર્મથી લઈને અચ્યુત પર્યન્તના), ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક, દેવો છે, તેમાંથી કયા ભાવદેવો કયા ભાવ દેવો કરતાં ઓછાં છે? કયા ભાવદેવો કયા ભાવદેવો

કરતાં વધારે છે? કયા ભાવદેવો કયા ભાવદેવોની બરાબર છે? કયા ભાવદેવો કયા ભાવદેવો કરતાં વિશેષાધિક છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! सव्वत्थोवा अणुत्तरोववाइया भावदेवा" હે ગૌતમ! અનુત્તરૌપપાતિક ભાવદેવો સૌથી ઓછા છે. "उवरिमगेवेज्जा भावदेवा संखेज्जगुणा" અનુત્તરૌપપાતિક દેવો કરતાં ઉપરિમ ગ્રૈવેયક (પ્રથમ ત્રિકના) વિમાનવાસી દેવો સંખ્યાત ગણાં છે. "मज्झिमगेवेज्जा संखेज्जगुणा" ઉપરિમ ગ્રૈવેયક વિમાનવાસી દેવો કરતાં મધ્યમ ગ્રૈવેયક વિમાનવાસી દેવો સંખ્યાત ગણાં છે, "हेट्ठिमगेवेज्जा संखेज्जगुणा" મધ્યમ ગ્રૈવેયક વિમાન વાસી દેવો કરતાં અધસ્તન (નીચેનું ત્રિક) ગ્રૈવેયક વિમાનોના ભાવદેવો સંખ્યાત ગણાં છે. "अच्चुए कप्पे देवा संखेज्जगुणा जाव आणयकप्पे देवा संखेज्जगुणा" અધસ્તન ત્રણ ગ્રૈવેયક વિમાનવાસી ભાવદેવો કરતાં અચ્યુત કલ્પના દેવો સંખ્યાત ગણાં છે, અચ્યુત કરતાં આરણમાં અને આરણ કરતાં આનતકલ્પમાં સંખ્યાત ગણાં ભાવદેવો છે. "एवं जहा जीवाभिगमे तिविहे देवपुरिसे अप्पाबहुयं जोइसिया भावदेवा असंखेज्जगुणा" આ પદ્ધતિથી જીવા ભિગમ સૂત્રમાં જેવી રીતે ત્રિવિધ જીવાધિકાર–દેવપુરુષોનું અલ્પબહુત્વ– કહેવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં પણ ભાવદેવોનું અલ્પબહુત્વ કહેવું જોઈએ જીવાભિગમમાં એવું કહ્યું છે કે–"सहस्सारे कप्पे देवा असंखेज्जगुणा, महासुक्के असंखेज्जगुणा, लंतए असंखेज्जगुणा बंभलोए देवा असंखेज्जगुणा, माहिंदे देवा असंखेज्जगुणा, सणंकुमारे कप्पे देवा असंखेज्जगुणा, ईसाणे देवा असंखेज्जगुणा, सोहम्मे देवा संखेज्जगुणा, भवणवासी देवा असंखेज्जगुणा, वाण-मंतरा देवा असंखेज्जगुणा त्ति" આનત કરતાં સહસ્રાર કલ્પમાં અસંખ્યાત-ગણાં, મહાશુક્રમાં દેવ અસંખ્યાતગણા છે. લાન્તકમાં દેવ અસંખ્યાતગણા છે. સહસ્રાર કરતાં બ્રહ્મલોકમાં અસંખ્યાતગણાં, બ્રહ્મલોક કરતાં માહેન્દ્રમાં અસં-ખ્યાત ગણાં, માહેન્દ્ર કરતાં સનત્કુમાર કલ્પમાં અસંખ્યાત ગણાં, સનત્કુમાર કરતાં ઇશાન કલ્પમાં અસંખ્યાત ગણાં અને ઈશાન કલ્પ કરતાં સૌધર્મ કલ્પમાં સંખ્યાત ગણાં ભાવદેવો છે. સૌધર્મ કલ્પના ભાવદેવો કરતાં ભવનવાસી ભાવદેવો અસંખ્યાત ગણાં છે અને ભવનવાસી ભાવદેવો કરતાં વાનવ્યંતર ભાવદેવો અસંખ્યાત ગણાં છે. અને વાનવ્યંતર ભાવદેવો કરતાં જ્યોતિષિક ભાવદેવો અસંખ્યાત ગણાં છે.

પ્રભુના આ કથનમાં પ્રમાણિકતાનો સ્વીકાર કરીને ગૌતમ સ્વામી કહે છે કે–"सेवं भंते! सेवं भंते! त्ति" હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આપનું કથન સર્વથા સત્ય છે. આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને, સંયમ અને તપથી આત્માને યુકત કરતા થકા ગૌતમ સ્વામી પોતાના સ્થાને બેસી ગયા. ॥સૂ૦૬॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત
"ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમાં શતકનો
નવમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨–૯॥

દશવેં ઉદેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

દશમા ઉદ્દેશાનો પ્રારંભ—

બારમાં શતકના આ દસમાં ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે–આત્માના દ્રવ્યાત્મા આદિ આઠ પ્રકારોનું કથન તેમના અલ્પ-બહુત્વનું કથન આત્મા જ્ઞાન રૂપ છે, અથવા અન્ય રૂપ છે ? આ પ્રકારનો પ્રશ્ન અને તેનો ઉત્તર નારકોના આત્મામાં તથા પૃથ્વીકાયિક આદિકોના આત્મામાં જ્ઞાનાદિ સ્વરૂપતાનું નિરૂપણ આત્મા દર્શનસ્વરૂપ છે, અથવા અન્ય સ્વરૂપ છે ? આ પ્રકારના પ્રશ્નાદિકોની વિચારણા રત્નપ્રભા પૃથ્વી સદ્રૂપ છે, કે અસદ્રૂપ છે ? આ પ્રકારનો પ્રશ્ન અને તેનો ઉત્તર શર્કરાપ્રભા આદિ પૃથ્વીઓને વિષે પણ એજ પ્રકારના પ્રશ્નોત્તરોની પ્રરૂપણા એક પરમાણુ સદ્રૂપ છે કે અસદ્રૂપ છે ? દ્વિપ્રદેશિક સ્કન્ધ સદ્રૂપ છે કે અસદ્રૂપ છે ? ઇત્યાદિ પ્રશ્નો અને તેમના ઉત્તરોની પ્રરૂપણા દ્વિપ્રદેશિક સ્કન્ધ સદ્રૂપ કેવી રીતે છે ? આ પ્રશ્નોનો ૭ ભાંગાઓ દ્વારા ઉત્તર ત્રિપ્રદેશિક સ્કન્ધ અમુક અપેક્ષાએ આત્મા છે, અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ નો આત્મા છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે, ઇત્યાદિ ૧૩ ભાંગાઓ (વિકલ્પો) દ્વારા તેની પ્રરૂપણા ત્રિપ્રદેશી સ્કંધના "સ્યાદાત્મા" ઇત્યાદિ રૂપે ૧૩ ભાંગાઓ કેવી રીતે થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર ચતુષ્પ્રદેશી સ્કન્ધના ૧૯ ભાંગાઓની પ્રરૂપણા ચતુષ્પ્રદેશી સ્કન્ધના ૧૯ ભાંગાઓ થવાના કારણોનું કથન.

આત્મ સ્વરૂપ કા નિરૂપણ

—આત્માના સ્વરૂપની વક્તવ્યતા—

"कइ विहाणं भंते ! आया पण्णत्ता" ઇત્યાદિ—

ટીકાર્થ–આગલા સૂત્રમાં સૂત્રકારે દેવોની પ્રરૂપણા કરી છે, તે દેવોમાં આત્માનો સદ્ભાવ હોય છે, આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબંધને લઈને હવે સૂત્રકાર આત્માના સ્વરૂપનું ભેદપૂર્વક નિરૂપણ કરે છે–આ વિષયને અનુ-લક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"कइविहाणं भंते ! आया पण्णत्ता ?" હે ભગવન્ ! આત્મા કેટલા પ્રકારનો કહ્યો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "अट्ठविहा आया पण्णत्ता" આત્મા આઠ પ્રકારનો કહ્યો છે. "तंजहा" તે આઠ પ્રકારો નીચે

પ્રમાણે છે–"दवियाया, कसायाया, जोगाया, उवजोगाया, णाणाया, दंसणाया, चरित्ताया, वीरियाया" (૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા, (૪) ઉપયોગાત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા, (૭) ચારિત્રાત્મા અને (૮) વીર્યાત્મા. જે નિરંતર અપરાપર પર્યાયને–સ્વપર પર્યાય રૂપ જ્ઞાનાદિક વિવિધ પ્રકારના ગુણોને–પ્રાપ્ત કરતો રહે છે, એવો આત્માને સમજવો જોઈએ અથવા–ગતિ અર્થવાચક જેટલા ધાતુઓ છે, તે બધા ધાતુઓ જ્ઞાનાર્થક હોય છે, આ નિયમાનુસાર ગત્યર્થક "अत्" ધાતુનો અર્થ 'જ્ઞાન' થાય છે. આ વ્યુત્પત્તિ અનુસાર આત્મા ઉપયોગ લક્ષણવાળો હોવાને કારણે પદાર્થોને નિરંતર જાણતો રહે છે. આ સામાન્ય ઉપયોગ લક્ષણની અપેક્ષાએ તો આત્મા એક જ પ્રકારનો છે, પરન્તુ ઉપાધિના ભેદની અપેક્ષાએ તેને આઠ પ્રકારનો કહેવામાં આવ્યો છે. ત્રિકાલાનુગામી આત્મામાં જ્યારે કષાયાદિ પર્યાયોને ગૌણ કરી દેવામાં આવે છે, ત્યારે શુદ્ધ દ્રવ્ય રૂપ જે આત્મા રહે છે, તેનું નામ દ્રવ્યાત્મા છે. બધાં જીવોમાં આ પ્રકારનો દ્રવ્યાત્મા હોય છે. જ્યારે એજ આત્મા ક્રોધાદિ કષાયોથી યુકત થઈ જાય છે, ત્યારે તેને કષાયાત્મા કહેવામાં આવે છે. જ્યાં સુધી તેના તે કષાયો ક્ષીણ અથવા ઉપશાન્ત થઈ જતાં નથી, ત્યાં સુધી તે આત્મા કષાયાત્મા રૂપે જ રહે છે, તેથી અક્ષીણ કષાયોવાળાના આત્માને અથવા અનુપશાન્ત કષાયોવાળાના આત્માને કષાયાત્મા કહે છે મન, વચન અને કાયાના વ્યાપાર (પ્રવૃત્તિ)નું નામ યોગ છે. આ યોગ પ્રધાન જે આત્મા છે તેને યોગાત્મા કહે છે. યોગવાળા જીવોનો આત્મા આ પ્રકારનો હોય છે ઉપયોગના બે પ્રકાર કહ્યા છે. (૧) સાકાર ઉપયોગ અને (૨) અનાકાર ઉપયોગ આ ઉપયોગપ્રધાન જે આત્મા હોય છે તેને ઉપયોગાત્મા કહે છે. આ આત્મા સિદ્ધ અને સંસારી રૂપ હોય છે, અને મુક્ત અને સંસારી સમસ્ત જીવોમાં ઉપયોગાત્માનો સદ્ભાવ રહે છે અથવા વિવક્ષિત વસ્તુના ઉપયોગથી ઉપયુકત જે આત્મા હોય છે, તેનું નામ ઉપયોગાત્મા છે. જે આત્મામાં દર્શનાદિ ગુણોને ગૌણ કરી નાખવામાં આવ્યા હોય, અને જ્ઞાનગુણનું પ્રાધાન્ય હોય, એવી સ્થિતિથી સંપન્ન જે આત્મા હોય છે, તેને જ્ઞાનાત્મા કહે છે સમ્યગ્દૃષ્ટિ જીવોમાં જ્ઞાનાત્માનો સદ્ભાવ હોય છે. એજ પ્રમાણે દર્શનાત્માનું સ્વરૂપ પણ સમજવું સઘળા જીવોમાં આ દર્શનાત્માનો સદ્ભાવ હોય છે એજ પ્રમાણે ચારિત્રાત્માનું સ્વરૂપ પણ સમજવું વિરતિવાળા જીવોમાં ચારિત્રાત્માનો સદ્ભાવ હોય છે ઉત્થાન આદિ સ્વરૂપવાળો જે આત્મા હોય છે, તેને વીર્યાત્મા કહે છે સમસ્ત સંસારી જીવોમાં આ વીર્યાત્માનો સદ્ભાવ હોય છે એજ વાત "जीवानां" ઇત્યાદિ તથા "ज्ञानं सम्यग्दृष्टेः" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે. આ પ્રકારે આત્માના આઠ પ્રકારોની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર એ વાતની પ્રરૂપણા કરે છે કે કયા આત્મભેદની કયા આત્મભેદની સાથે સમવ્યાપ્તિ સંભવી શકે છે, અને કયા આત્મભેદની કયા આત્મભેદની સાથે વિષમવ્યાપ્તિ સંભવે છે—

આ વિષયને અનુલક્ષીને ગૌતમસ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"जस्स णं भंते ! दवियाया–तस्स कसायाया, जस्स कसायाया, तस्स दवियाया ?" હે ભગવન્ ! જે જીવનો આત્મા દ્રવ્યાત્મા રૂપ હોય છે' તે જીવનો તે આત્મા કષાયાત્મા રૂપ હોય છે ખરો ? આ પ્રશ્નનું તાત્પર્ય એ છે કે જે જીવમાં દ્રવ્યાત્મા હોય છે, ત્યાં શું કષાયાત્મા પણ હોય છે ? અને જે જીવમાં કષાયાત્મા હોય છે, તે જીવમાં શું દ્રવ્યાત્મા પણ હોય છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! जस्स दवियाया तस्स कसायाया सिय अत्थि, सिय नत्थि" હે ગૌતમ ! જ્યાં દ્રવ્યાત્મતા રહેતો હોય, ત્યાં કષાયાત્મતા પણ રહેતો જ હોય છે, એવો નિયમ નથી કષાયાત્મતા રહે પણ ખરી અને ન પણ રહે આ પ્રકારે દ્રવ્યાત્મતાની સાથે કષાયાત્મતાની ભજના (સદ્ભાવ અથવા અભાવ રૂપ વિકલ્પ) સમજવી જ્યારે જીવ ક્ષીણ કષાયાવસ્થાવાળો અથવા ઉપશાન્ત કષાયાવસ્થાવાળો હોય છે, ત્યારે તેના દ્રવ્યાત્મતાની સાથે કષાયાત્મતાનું અવસ્થાન (વિદ્યમાનતા) હોતું નથી, પરન્તુ જ્યારે તે કષાયાવસ્થાવાળો હોય છે, ત્યારે દ્રવ્યાત્મતાની સાથે કષાયાત્મતાનો પણ સદ્ભાવ રહે છે પરન્તુ "जस्स पुण कसायाया तस्स दवियाया नियमं अत्थि" જ્યાં કષાયાત્મતાનો સદ્ભાવ હોય છે, ત્યાં દ્રવ્યાત્મતાનો પણ નિયમથી જ સદ્ભાવ રહે છે, કારણ કે દ્રવ્યાત્મતા વિના–જીવત્વ વિના–કષાયોનો સદ્ભાવ હોતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जस्सणं भंते ! दवियाया तस्स जोगाया ?" હે ભગવન્ ! જેમાં દ્રવ્યાત્મતા હોય છે, તેમાં યોગાત્મતાનો પણ સદ્ભાવ હોય છે ખરો ? અને જેમાં યોગાત્મતા હોય છે, તેમાં દ્રવ્યાત્મતા હોય છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा दवियाया कसायाया भणिया, तहा दवियाया जोगाया य भाणियव्वा" હે ગૌતમ ! જે પ્રકારે દ્રવ્યાત્મતાનો કષાયાત્મતા સાથેનો સંબંધ કહ્યો, એજ પ્રકારનો દ્રવ્યાત્મતાનો યોગાત્મતા સાથેનો સંબંધ પણ કહેવો જોઇએ એટલે કે જ્યાં દ્રવ્યાત્મતા હોય છે, ત્યા યોગવાળા જીવોની જેમ યોગાત્મતા હોય છે પણ ખરી અને અયોગી સિદ્ધોની જેમ યોગાત્મતાનો અભાવ પણ રહે છે. પરન્તુ જ્યાં યોગાત્મતાનો સદ્ભાવ હોય છે, ત્યાં દ્રવ્યાત્માતાનો તો અવશ્ય સદ્ભાવ રહે છે, કારણ કે દ્રવ્યત્વના વિના યોગોનો સદ્ભાવ હોતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जस्स णं भंते ! दवियाया, तस्स उवयोगाया, एवं सव्वत्थ पुच्छा भाणियव्वा" હે ભગવન્ ! જે જીવમાં દ્રવ્યાત્મતા હોય છે, તે જીવમાં શું ઉપયોગાત્મતાનો સદ્ભાવ હોય છે ખરો ? એજ પ્રમાણે પૂર્વોક્ત આઠ પ્રકારના આત્માઓના પરસ્પર સંબંધ વિષયક પ્રશ્નો પણ પૂછવા જોઇએ.

મહાવીર પ્રભુનો ઉત્તર–' जस्स दवियाया, तस्स उवयोगाया नियमं अत्थि, जस्स उवयोगाया तस्स वि दवियाया नियमं अत्थि" હે ગૌતમ ! જે જીવમાં

દ્રવ્યાત્મતા હોય છે, તે જીવમાં ઉપયોગાત્મતા પણ અવશ્ય હોય છે, તથા જે જીવમાં ઉપયોગાત્મતા હોય છે, તે જીવમાં દ્રવ્યાત્મતા પણ નિયમથી જ હોય છે, કારણ કે તે બન્નેનો આપસમાં અવિનાભાવ સંબંધ છે આ બન્નેનો જેવો અવિનાભાવ સંબંધ સિદ્ધોમાં છે, એજ પ્રકારનો આ બન્નેનો અવિનાભાવ સંબંધ સિદ્ધ સિવાયના જીવોમાં પણ હોય છે, કારણ કે જીવનો સ્વભાવ ઉપયોગ લક્ષણવાળો છે. "जस्स दवियाया तस्स णाणाया भयणाए" જે જીવમાં દ્રવ્યાત્મતા હોય છે, તે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવોમાં દ્રવ્યાત્મતા પણ હોય છે અને જ્ઞાનાત્મતા પણ હોય છે, પરન્તુ મિથ્યાદૃષ્ટિઓમાં દ્રવ્યાત્મતા હોવા છતાં પણ જ્ઞાનાત્મતા હોતી નથી. "जस्स पुण णाणाया, तस्स दवियाया नियमं अत्थि" પરન્તુ સિદ્ધની જેમ જે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે, તે જીવમાં દ્રવ્યાત્મતા નિયમથી જ હોય છે. "जस्स दवियाया, तस्स दंसणाया नियमं अत्थि, जस्स वि दंसणाया, तस्स दवियाया नियमं अत्थि" જે જીવમાં દ્રવ્યાત્મતા હોય છે, તે જીવમાં સિદ્ધોની જેમ દર્શનાત્મતા પણ નિયમથી જ હોય છે અને જે જીવમાં દર્શનાત્મતા હોય છે, તે જીવમાં ચક્ષુર્દર્શનાદિવાળાઓની જેમ દ્રવ્યાત્મતા પણ નિયણથી જ હોય છે. "जस्स दवियाया, तस्स चरित्ताया भयणाए, जस्स पुण चरित्ताया, तस्स दवियाया नियमं अत्थि" જે જીવમાં દ્રવ્યાત્મતા હોય છે તે જીવમાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સિદ્ધોમાં તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવમાં દ્રવ્યાત્મતા હોવા છતાં ચારિત્રાત્મતા હોતી નથી પરન્તુ વિરતિસંપન્ન જીવોમાં દ્રવ્યાત્મતા અને ચારિત્રાત્મતાનો સદ્ભાવ રહે છે પરન્તુ જે જીવમાં ચારિત્રાત્મતાનો સદ્ભાવ હોય છે, તે જીવમાં દ્રવ્યાત્મતાનો પણ અવશ્ય સદ્ભાવ જ હોય છે, કારણ કે ચારિત્રવાળા જીવોમાં દ્રવ્યાત્મતા અવશ્ય હોય છે, જ "एवं वीरियाए वि सम" એજ પ્રમાણે જે જીવમાં દ્રવ્યાત્મતા હોય છે, તે જીવમાં વીર્યાત્મતા હોય છે, પણ ખરી, અને નથી પણ હોતી, જેમ કે સકરણ-ઇન્દ્રિય સહિત-વીર્યની અપેક્ષાએ આ વીર્યાત્મતા સિદ્ધોમાં હોતી નથી, પરન્તુ સિદ્ધ સિવાયના જીવોમાં દ્રવ્યાત્મતાની સાથે સાથે વીર્યાત્મતાનો પણ સદ્ભાવ રહે છે પરન્તુ જે જીવમાં વીર્યાત્મતાનો સદ્ભાવ હોય છે, તે જીવમાં દ્રવ્યાત્મતા અવશ્ય હોય છે. જેમ કે સમસ્ત સંસારી જીવોમાં વીર્યાત્મતા અને દ્રવ્યાત્મતા, બન્નેનો સદ્ભાવ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"जस्स णं भंते ! कसायाया, तस्स जोगाया पुच्छा" હે ભગવન્ ! જે જીવમાં કષાયાત્મતા હોય છે, તે જીવમાં શું યોગાત્મતા પણ

હોય છે ખરી? તથા જે જીવમાં યોગાત્મતા હોય છે, તે જીવોમાં શું કષાયાત્મતા પણ હોય છે ખરી?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! जस्स कसायाया, तस्स जोगाया नियमं अत्थि" હે ગૌતમ! જે જીવમાં કષાયાત્મતા હોય છે, તે જીવમાં યોગાત્મતા નિયમથી જ હોય છે, "जस्स पुण जोगाया तस्स कसायाया सिय अत्थि सिय नत्थि" પરન્તુ જે જીવમાં યોગાત્મતા હોય છે, તે જીવમાં કષાયાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી આ કથનનું તાત્પર્ય એ છે કે–જેવો કષાયાત્મતાની સાથે યોગાત્મતાનો અવિનાભાવ સંબંધ છે, એવો યોગાત્મતાની સાથે કષાયાત્મતાનો સંબંધ નથી. "यत्र यत्र कषायात्मत्वं तत्र तत्र योगात्मत्वम्" "સકષાય જીવોમાં અયોગાત્મતા હોતી નથી," આ પ્રકારનો નિયમ તો બની જાય છે, પરન્તુ "यत्र यत्र योगात्मत्वं तत्र तत्र सकषायात्मत्वं" "જ્યાં જ્યાં યોગાત્મતા હોય છે, ત્યાં ત્યાં કષાયાત્મતા પણ હોય છે," એવો નિયમ બની શકતો નથી, કારણ કે યોગાત્મતાવાળા જીવો કષાયયુક્ત પણ હોય છે અને કષાય વિનાના પણ હોય છે અગિયારમા બારમાં અને તેરમાં ગુણસ્થાનમાં યોગાત્મતાનો તો સદ્ભાવ હોય છે, પણ કષાયાત્મતાનો સદ્ભાવ હોતો નથી. દસમાં આદિ નીચેનાં ગુણસ્થાનોમાં યોગાત્મતાની સાથે કષાયાત્મતાનો પણ સદ્ભાવ હોય છે. એજ કારણે એવું કહેવામાં આવ્યું છે કે "જ્યાં યોગાત્મતા હોય, ત્યાં કષાયાત્મતા તો નિયમથી જ હોય છે." "एवं उवयोगाए वि समं कसायाया नेयव्वा" એવો જ કષાયાત્મતા સાથે ઉપયોગાત્મતાનો પણ સંબંધ જાણવો એટલે કે જે જીવમાં કષાયાત્મતા હોય તે જીવમાં ઉપયોગાત્મતા અવશ્ય હોય છે, કારણ કે ઉપયોગરહિત જીવોમાં કષાયોનો સદ્ભાવ હોતો નથી પરન્તુ જે જીવમાં ઉપયોગાત્મતા હોય છે, તે જીવમાં કષાયાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી ઉપયોગાત્મતાની સાથે સાથે સકષાયજીવોમાં કષાયાત્મતાનો પણ સદ્ભાવ રહે છે, પરન્તુ કષાયરહિત કેવલીઓમાં ઉપયોગાત્મતાનો સદ્ભાવ હોવા છતાં કષાયાત્મતાનો સદ્ભાવ હોતો નથી. "कसायाया य णाणाया य परोप्परं दो वि भइयव्वाओ" જ્યાં કષાયાત્મતાનો સદ્ભાવ હોય છે, ત્યાં જ્ઞાનાત્મતાનો સદ્ભાવ હોય છે પણ ખરો અને નથી પણ હોતો, કારણ કે સકષાય મિથ્યાદૃષ્ટિ જીવોમાં જ્ઞાનાત્મતાનો સદ્ભાવ હોતો નથી અને સકષાય સમ્યગ્દૃષ્ટિ જીવોમાં જ્ઞાનાત્મતાનો સદ્ભાવ હોય છે. એજ પ્રમાણે જે આત્મામાં જ્ઞાનાત્મતા હોય છે, તે આત્મામાં કષાયાત્મતાનો સદ્ભાવ જ હોય, એવો નિયમ નથી, કારણ કે જેઓ જ્ઞાની હોય છે તેઓ કષાયયુક્ત પણ હોય છે અને કષાય રહિત પણ હોય છે, તેથી જે જીવમાં જ્ઞાનાત્મતા હોય, તે જીવમાં કષાયાત્મતા હોય પણ ખરી અને ન પણ હોય. "जहा कसायाया य उवओगाया, तहा कसायाया य दंसणायाया य" જે પ્રકારનો કષાયાત્મતા અને ઉપયોગાત્મતાનો પરસ્પરનો સંબંધ કહ્યો છે, એજ પ્રકારનો કષાયાત્મતા અને દર્શનાત્મતાનો પણ પરસ્પરનો સંબંધ કહેવો જોઈએ જેમ કે જે જીવમાં કષાયાત્મતા હોય

છે, તે જીવમાં દર્શનાત્મતા નિયમથી જ હોય છે, કારણ કે દર્શનરહિત ઘટપટાદિકોમાં કષાયાત્મતાનો અભાવ રહે છે. પરન્તુ જે જીવમાં દર્શનાત્મતાનો સદ્‌ભાવ હોય છે, તે જીવમાં કષાયાત્મતાનો સદ્‌ભાવ હોય છે પણ ખરો અને નથી પણ હોતો, કારણ કે દર્શનાત્મતાના સદ્‌ભાવવાળા જીવોમાં સકષાયતા અને અકષાયતા, આ બન્ને પ્રકારની અવસ્થાઓ સંભવી શકે છે. સમ્યગ્‌દૃષ્ટિ અને અકષાયાવસ્થા યુકત જીવોનું દૃષ્ટાન્ત અહીં ગ્રહણ થવું જોઇએ.

"कसायाया य चरित्ताया य दो वि परोप्परं भइयव्वाओ" કષાયાત્મતા અને ચારિત્રાત્મતાનો પરસ્પરની સાથે વિકલ્પે સંબંધ જાણવો એટલે કે જે જીવમાં કષાયાત્મતા હોય છે તે જીવમાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે પ્રમત્ત યતિઓમાં કષાયાત્મતા પણ હોય છે અને ચારિત્રાત્મતા પણ હોય છે પરંતુ અસંયત જીવોમાં કષાયાત્મતાનો સદ્‌ભાવ હોવા છતાં ચારિત્રાત્મતાનો સદ્‌ભાવ હોતો નથી તથા જે જીવમાં ચારિત્રાત્મતા હોય છે, તે જીવમાં કષાયાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સામાયિક આદિ ચારિત્રસંપન્ન વ્યક્તિઓમાં ચારિત્રાત્મતા હોય છે, પણ ત્યાં સકષાયાત્મતા હોતી નથી પરન્તુ યથાખ્યાત ચારિત્રવાળા સાધુઓમાં કે સકષાયાત્મતાનો સદ્‌ભાવ હોતો નથી તે કારણે ચારિત્રાત્મતાની સાથે કષાયાત્મતાની ભજના (વૈકલ્પિક સદ્‌ભાવ) કહી છે. "जहा कसायाया य जोगाया य, तहा कसायाया य वीरियाया य भाणियव्वाओ" જે પ્રકારનો કષાયાત્મતા અને યોગાત્મતાનો પરસ્પરનો સંબંધ પહેલાં બતાવવામાં આવ્યો છે, એજ પ્રકારનો કષાયાત્મતા અને વીર્યાત્મતાનો પણ પરસ્પરનો સંબંધ કહેવો જોઈએ એટલે કે જે આત્મામાં કષાયાત્મતા હોય છે તે આત્મામાં વીર્યાત્મતા પણ અવશ્ય હોય છે, કારણ કે કષાયવાળા જીવોમાં વીર્યરહિતતાનો અભાવ હોય છે. પરન્તુ જે જીવમાં વીર્યાત્મતા હોય છે, તે જીવમાં કષાયાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સંયતમાં વીર્યાત્મતા પણ હોય છે અને સકષાયતા પણ હોય છે પરન્તુ કેવલીમાં વીર્યાત્મતા હોવા છતાં પણ કષાયાત્મતા હોતી નથી. "एवं जहा कसायायाए वत्तव्वया भणिया, तहा जोगायाए वि उवरिमाहिं समं भाणियव्वाओ" જે પ્રકારે કષાયાત્મતાની પછીનાં છ પદોની સાથે વક્તવ્યતા કહેવામાં આવી છે. એજ પ્રકારે યોગાત્મતાની પણ પછીનાં પાંચ પદો સાથે વક્તવ્યતા કહેવી જોઇએ જેમ કે....જે જીવમાં યોગાત્મતા હોય છે, જીવમાં ઉપયોગાત્મતા નિયમથી જ હોય છે, દાખલા તરીકે સયોગીઓમાં પરન્તુ જે જીવોમાં ઉપયોગાત્મતા હોય છે, તે જીવોમાં યોગાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી, દાખલા તરીકે સયોગીઓમાં હોય છે અને અયોગીઓ અને સિદ્ધોમાં હોતી નથી એજ પ્રમાણે જે જીવમાં યોગાત્મતા હોય છે, તે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સમ્યગ્‌દૃષ્ટિઓમાં હોય છે,

મિથ્યાદૃષ્ટિઓમાં નથી હોતી જે જીવમાં જ્ઞાનાત્મા હોય છે, તે જીવમાં યોગાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે જ્ઞાનાત્મતાની સાથે યોગાત્મતાનો સદ્ભાવ સયોગીઓમાં હોય છે, અને જ્ઞાનાત્મતાની સાથે યોગાત્મતા અયોગીઓમાં હોતી નથી તથા–જે જીવમાં યોગાત્મતા હોય છે, તે જીવમાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે વિરતોમાં યોગાત્મતાની સાથે ચારિત્રાત્મતા હોય છે, અને અવિરતોમાં યોગાત્મતા સાથે ચારિત્રાત્મતા હોતી નથી તથા જે જીવમાં ચારિત્રાત્મતા હોય છે, તે જીવમાં યોગાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે યોગસહિત ચારિત્રવાળાઓમાં ચારિત્રાત્મતાની સાથે યોગાત્મતાનો પણ સદ્ભાવ હોય છે. પરન્તુ અયોગીઓમાં ચારિત્રાત્મતાની સાથે યોગાત્મતા હોતી નથી "जहा दवियाए वत्तव्वया भणिया, तहा उवओगायाए वि उवरिल्लाहिं समं भाणियव्वा" જેવી રીતે દ્રવ્યાત્મતાનો બાકીનાં સાત પદો સાથેનો સંબંધ આગળ પ્રકટ કરવામાં આવ્યો છે, એજ પ્રકારનો ઉપયોગાત્મતાનો પછીનાં ચાર પદો (જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મતા વીર્યાત્મતા સાથેનો સંબંધ કહેવો જોઇએ) જેમ કે જે જીવમાં ઉપયોગાત્મતા હોય છે. તે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે, પણ ખરી અને નથી પણ હોતી દાખલા તરીકે સમ્યગ્દૃષ્ટિ જીવોમા ઉપયોગાત્મતાની સાથે જ્ઞાનાત્મતા હોય છે, પરન્તુ મિથ્યાદૃષ્ટિ જીવોમાં ઉપયોગાત્મતાની સાથે જ્ઞાનાત્મતા હોતી નથી તથા–જે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે, તે જીવમાં ઉપયોગાત્મતા નિયમથી જ હોય છે, જેમ કે સિદ્ધોમાં એજ પ્રમાણે જે જીવમાં ઉપયોગાત્મતા હોય છે, તે જીવમાં દર્શનાત્મા નિયમથી જ હોય છે, તથા જે જીવમાં દર્શનાત્મતા હોય છે, તે જીવમાં ઉપયોગાત્મતા પણ અવશ્ય હોય છે દાખલા તરીકે સિદ્ધમાં બન્નેનો સદ્ભાવ રહે છે જે જીવમાં ઉપયોગાત્મતા હોય છે, તે જીવમાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી દાખલા તરીકે સંયતોમાં હોય છે અને અસંયતોમાં નથી હોતી પરન્તુ જે જીવમાં ચારિત્રાત્મતા હોય છે તે જીવમાં ઉપયોગાત્મતા

અવશ્ય હોય છે દાખલા તરીકે સંયતોમાં ચારિત્રાત્મતા અને ઉપયોગાત્મતા, બન્નેનો સદ્ભાવ હોય છે જે જીવમાં ઉપયોગાત્મતા હોય છે તે જીવમાં વીર્યાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સંસારી જીવોમાં હોય છે અને સિદ્ધોમાં હોતી નથી, કારણ કે તેમનામાં સક્રિય વીર્યત્વનો અભાવ છે જે જીવમાં વીર્યાત્મતા હોય છે, તે જીવમાં ઉપયોગાત્મતા અવશ્ય હોય છે જેમ કે સંસારી જીવોમાં વીર્યાત્મતા અને ઉપયોગાત્મતા બન્ને હોય છે. "जस्स णाणाया, तस्स दंसणाया नियमं अत्थि, जस्स पुण दंसणाया तस्स णाणाया भयणाए" જે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે, તે જીવમાં દર્શનાત્મતા અવશ્ય હોય છે જેમ કે સમ્યગ્દૃષ્ટિઓમાં પરન્તુ જે જીવમાં દર્શનાત્મતા હોય છે, તે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સમ્યગ્દૃષ્ટિઓમાં હોય છે અને મિથ્યાદૃષ્ટિઓમાં નથી હોતી. "जस्स णाणाया तस्स चरित्ताया सिय अत्थि, सिय नत्थि, जस्स पुण चरित्ताया तस्स णाणाया नियमं अत्थि" જે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે, તે જીવમાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી દાખલા તરીકે સંયતોમાં જ્ઞાનાત્મતા સાથે ચારિત્રાત્મતા પણ હોય છે, અસંયોતોમાં જ્ઞાનાત્મતા હોય છે, પણ ચારિત્રાત્મતા હોતી નથી જે જીવમાં ચારિત્રાત્મતા હોય છે, તે જીવમાં જ્ઞાનાત્મતાનો અવશ્ય સદ્ભાવ હોય છે, કારણ કે જ્ઞાન વિના ચારિત્ર સંભવતું જ નથી. "णाणायावीरियाया दो वि परोप्परं भयणाए" જે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે, તે જીવમાં વીર્યાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી કેવલીઓમાં જ્ઞાનાત્મતાની સાથે વીર્યાત્મતા હોય છે પણ સિદ્ધોમાં જ્ઞાનાત્મતાની સાથે વીર્યાત્મતા હોતી નથી તથા–જે જીવમાં વીર્યાત્મતા હોય છે, તે જીવમાં જ્ઞાનાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી સમ્યગ્દૃષ્ટિઓમાં વીર્યાત્મતા પણ હોય છે અને જ્ઞાનાત્મતા પણ હોય છે, પરન્તુ મિથ્યાદૃષ્ટિઓમાં વીર્યાત્મતા હોય છે, પણ જ્ઞાનાત્મતા હોતો નથી.

"जस्स दंसणाया तस्स उवरिमाओ दो वि भयणाए, जस्स पुण ताओ तस्स दंसणाया नियमं अत्थि" જે જીવમાં દર્શનાત્મતા હોય છે તે જીવમાં ચારિત્રાત્મતા અને વીર્યાત્મતાનો વૈકલ્પિક રીતે સદ્ભાવ હોય છે, પરન્તુ જેમાં ચારિત્રાત્મતા અને વીર્યાત્મતા હોય છે, તે જીવમાં દર્શનાત્મતા અવશ્ય હોય છે એટલે કે....જે જીવમાં દર્શનાત્મતા હોય છે, તે જીવમાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી સંયતોમાં દર્શનની સાથે ચારિત્રનો સદ્ભાવ રહે છે, અસંયતોમાં દર્શનાત્મતા હોય છે પણ ચારિત્રાત્મતા હોતી નથી પરન્તુ જે જીવમાં ચારિત્રાત્મતા હોય છે, તે જીવમાં દર્શનાત્મતા અવશ્ય હોય છે. દાખલા તરીકે અણુગારોમાં બન્નેનો સદ્ભાવ હોય છે જે આત્મામાં દર્શનાત્મતા હોય છે, તે આત્મામાં વીર્યાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી જેમ કે સંસારી જીવોમાં દર્શનાત્મતા સાથે વીર્યાત્મતા પણ હોય છે સિદ્ધોમાં દર્શનાત્મતા સાથે વીર્યાત્મતાનો સદ્ભાવ હોતો નથી પરન્તુ જે

જીવમાં વીર્યાત્મતા હોય છે, તે જીવમાં દર્શનાત્મતાનો અવશ્ય સદ્ભાવ હોય છે જેમ કે સંસારી જીવોમાં.

" जस्स चरित्ताया, तस्स वीरियाया नियमं अत्थि, जस्स पुण विरियाया तस्स चरित्ताया सिय अत्थि, सिय नत्थि " જે આત્મામાં ચારિત્રાત્મતા હોય છે, તે આત્મામાં વીર્યાત્મતા અવશ્ય હોય છે, કારણ કે વીર્ય વિના ચારિત્રની અસંભાવના હોય છે પરન્તુ જે આત્મામાં વીર્યાત્મતા હોય છે, તે આત્મામાં ચારિત્રાત્મતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી દાખલા તરીકે અણુગારોમાં વીર્યાત્મતાની સાથે ચારિત્રાત્મતા હોય છે, પરન્તુ અસંયતોમાં વીર્યાત્મતા હોવા છતાં ચારિત્રાત્મતા હોતી નથી.

હવે સૂત્રકાર આ આઠે પ્રકારના આત્માના અલ્પબહુત્વની પ્રરૂપણા કરે છે–

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एयासिणं भंते ! दवियायाणं कसायायाणं जाव वीरियायाण य कयरे कयरेहिंतो जाव विसेसाहिया ?" હે ભગવન્ ! પૂર્વોક્ત દ્રવ્યાત્માઓ, કષાયાત્માઓ, યોગાત્માઓ, ઉપયોગાત્માઓ, જ્ઞાનાત્માઓ, દર્શનાત્માઓ, ચારિત્રાત્માઓ અને વીર્યાત્માઓમાં કયા આત્માઓ કયા આત્માઓ કરતાં ઓછાં છે? કયા વધારે છે ? કયા આત્માઓ તુલ્ય છે અને કયા આત્માઓ કયા આત્માઓ કરતાં વિશેષાધિક છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सव्वत्थोवाओ चरित्ताया ओ, णाणायाओ अणंतगुणाओ, कसायायाओ अणंतगुणाओ, जोगायाओ विसेसाहियाओ, वीरियायाओ विसेसाहियाओ, उवयोगदवियदंसणायाओ तिन्नि वि तुल्लाओ विसेसाहियाओ " ચારિત્રાત્માઓ સૌથી ઓછાં છે, કારણ કે ચારિત્રાત્માઓ સંખ્યાત છે. ચારિત્રાત્માઓ કરતાં જ્ઞાનાત્માઓ અનંત ગણાં છે, કારણ કે સિદ્ધ અને સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ચારિત્રવાળાઓ કરતાં અનંત ગણાં છે. જ્ઞાનાત્માઓ કરતાં કષાયાત્માઓ અનંત ગણાં છે, કારણ કે કષાયોદયવાળાં જીવો સિદ્ધો કરતાં અનંત ગણાં કહ્યા છે. કષાયાત્માઓ કરતાં યોગાત્માઓ વિશેષાધિક છે અયોગીઓની અપેક્ષાએ–યોગરહિત જીવોની અપેક્ષાએ વીર્યાત્માઓ વિશેષાધિક છે, કારણ કે અયોગી વીર્યવાન્ હોય છે"ઉપયોગાત્માઓ, દ્રવ્યાત્માઓ અને દર્શનાત્માઓની સંખ્યા એક સરખી હોય છે, કારણ કે આ ત્રણેમાં સામાન્ય રૂપે આત્મરૂપતા છે. પરન્તુ વીર્યાત્મા કરતાં ઉપયોગાત્માઓ, દ્રવ્યાત્માઓ અને દર્શનાત્માઓ વિશેષાધિક હોય છે જો કે વીર્યાત્માઓમાં અને સિદ્ધાત્માઓમાં ઉપયોગાદિરૂપ આત્મરૂપતા હોય છે, પરન્તુ ઉપયોગાદિ આત્મરૂપતાવાળા વીર્યાત્માઓની અપેક્ષાએ જે અધિકતા દર્શાવી છે તે સિદ્ધરાશિની અપેક્ષાએ કહી છે. એજ વાત નીચેના સૂત્રપાઠમાં વ્યક્ત થઇ છે. " कोडी सहस्सपुहुत्तं " ઇત્યાદિ તથા " होंति कसायाओ " ઇત્યાદિ " जे सेलेसगयाण वि " ઇત્યાદિ. ॥સૂ૦૧॥

—આત્મસ્વરૂપ વક્તવ્યતા—

"आया भंते! नाणे अन्नाणे" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા આત્માના સ્વરૂપની જ પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"आया भंते! नाणे, अन्नाणे?" હે ભગવન્! જે આત્મા છે, એજ જ્ઞાનરૂપ છે–શું જ્ઞાન અને આત્મા વચ્ચે કોઇ ભેદ નથી? અથવા જ્ઞાન આત્માથી શું ભિન્ન છે–જ્ઞાન અને આત્મામાં શું ભિન્નતા છે? અથવા શું અજ્ઞાન જ આત્મા છે? એટલે કે આત્મા શું અજ્ઞાન રૂપ જ છે?

ઉત્તર–"आया सिय नाणे, सिय अन्नाणे नाणे पुण नियमं आया" હે ગૌતમ! આત્મા કયારેક જ્ઞાનરૂપ હોય છે, એટલે કે આત્મામાં જ્યારે સમ્યક્ત્વ ઉત્પન્ન થઇ જાય છે, ત્યારે આત્મામાં પહેલેથી જ અજ્ઞાન રૂપે રહેલ મતિ આદિ જ્ઞાન રૂપ થઇ જાય છે. તેથી ત્યારે આત્મા તે મતિ આદિ જ્ઞાન-સ્વભાવવાળો થઈ જાય છે કયારેક આત્મા અજ્ઞાન રૂપ પણ હોય છે, એટલે કે જ્યાં સુધી આત્મામાં મિથ્યાત્વનો સદ્ભાવ હોય છે, ત્યાં સુધી આત્મા સંબંધી મતિ આદિ અજ્ઞાન રૂપે રહે છે, તે કારણે તે સમયે આત્મા મતિ અજ્ઞાન આદિ સ્વભાવવાળો હોય છે. તથા જ્ઞાનને નિયમથી જ આત્મરૂપ કહેવાય છે, કારણ કે જ્ઞાન આત્માનો એક ધર્મ (સ્વભાવ) છે. ધર્મ અને ધર્મીમાં સર્વથા ભેદ હોતો નથી–એટલે કે ધર્મ અને ધર્મીમાં કથંચિત્ ભેદ હોય છે, પણ સંપૂર્ણતઃ ભેદ હોતો નથી જો ધર્મ અને ધર્મીમાં (જ્ઞાન અને આત્મામાં) સર્વથા (સંપૂર્ણતઃ) ભેદ સ્વીકારવાનાં આવે, તો તે પ્રકારના જેટલા ધર્મધર્મિઓ હોય તે બધામાં પણ આ ભેદનો સ્વીકાર કરવો પડશે અને જો સમસ્ત ધર્મ–ધર્મીમાં ભેદ સ્વીકારવામાં આવે, તો કોઈ દૂરવર્તી ધર્મીના ગુણમાત્રની ઉપલબ્ધિ થાય ત્યારે તે ગુણને લીધે તે દૂરવર્તી ધર્મીવિષયક જે સંદેહ ઉત્પન્ન થાય છે તે થવો જોઇએ નહીં પરન્તુ તેના ગુણની ઉપલબ્ધિ થવાને કારણે તેના વિષેનો સંદેહ તો થાય છે જ જેમ કે–જ્યારે કોઇ વ્યક્તિ લીલા વૃક્ષની શાખામાંના છિદ્રમાંથી કોઈ સફેદ પદાર્થને દેખે છે, ત્યારે તે પદાર્થના વિષયમાં તેને એવો સંદેહ ઉત્પન્ન થાય છે કે–તે બલાકા છે? કે પતાકા છે? આ પ્રકારના પ્રતિનિયત ધર્મી વિષયક જે સંદેહ ઉત્પન્ન થાય છે, તેના દ્વારા એજ પ્રતીત થાય છે કે ધર્મ પોતાના ધર્મી કરતાં સર્વથા ભિન્ન નથી નહીં તો તે ધર્મને લીધે તે પ્રતિનિયત પદાર્થના વિષયમાં જેવો સંશય ઉત્પન્ન થયો, તે ઉત્પન્ન થવો જોઇએ નહીં એવો સંદેહ તેનાથી ભિન્ન એવા કોઇ અન્ય પદાર્થના વિષયમાં થવો જોઈતો હતો, કારણ કે જેવી રીતે ધર્મ તેનાથી ભિન્ન છે છતાં પણ તેમાં સંશયોત્પાદક છે, એજ પ્રમાણે તે ધર્મ તે પ્રતિનિયત ધર્મીથી–વિવક્ષિત ધર્મીથી ભિન્ન એવા અન્ય

અવિવક્ષિત ધર્મોથી–પણ ભિન્ન છે. છતાં પણ તેમાં તે સંશયોત્પાદક કેમ નથી ? આ પ્રકારની પ્રતીતિ દ્વારા એજ વાતને સમર્થન મળે છે કે ધર્મ પોતાના ધર્મો કરતાં સર્વથા ભિન્ન હોતો નથી એજ પ્રમાણે " ધર્મ પોતાના ધર્મોથી સર્વથા અભિન્ન છે, " એવું પણ નથી, કારણ કે સર્વથા અભેદ માનવામાં આવે, તો સંશયની ઉત્પત્તિ જ થઇ શકતી નથી, કારણ કે ગુણનું ગ્રહણ થઈ જવાથી–ધર્મનું ગ્રહણ થઈ જવાથી–ગુણીનું ગ્રહણ થઈ જશે તેથી કથંચિત્ ભેદ પક્ષનો આશ્રય લઈને એવું કહી શકાય છે કે " જ્ઞાન નિયમથી આત્મા છે. " " જ્ઞાન આત્મા છે, " આ કથન દ્વારા એ પ્રકટ કરવામાં આવ્યું છે કે આત્મા જ્ઞાનના વિના પણ રહી શકે છે, પરન્તુ જ્ઞાન આત્મા વિના રહી શકતું નથી જેવી રીતે એરંડનું વૃક્ષ વનસ્પતિ વિના રહી શકતું નથી, પણ વનસ્પતિ એરંડના વૃક્ષ વિના રહી શકે છે, એજ પ્રમાણે જ્ઞાન આત્મા વિના રહી શકતું નથી, પણ આત્મા જ્ઞાન વિના રહી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" आया भंते ! नेरइयाणं नाणे, अन्ने नेरइयाणं नाणे ?" હે ભગવન્ ! નારકોનો આત્મા શું જ્ઞાનસ્વરૂપ હોય છે, કે અજ્ઞાન રૂપ હોય છે ? આ પ્રશ્નનું તાત્પર્ય એ છે કે નારકોનું જ્ઞાન તેમના આત્માથી અભિન્ન હોય છે, કે તેમના આત્માથી ભિન્ન હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " आया नेरइयाण सिय नाणे, सिय अन्नाणे, नाणे पुण से नियमं आया " હે ગૌતમ ! નારકોનો આત્મા કયારેક જ્ઞાનસ્વરૂપ હોય છે, કારણ કે નારકોમાં પણ સમ્યગ્દર્શન સંભવે છે ખરું અને કયારેક અજ્ઞાનસ્વરૂપ પણ હોય છે, કારણ કે નારકોમાં મિથ્યાદર્શનનો પણ સદ્ભાવ હોઇ શકે છે. તથા નારકોનું જે જ્ઞાન હોય છે, તે નિયમથી જ આત્મરૂપ હોય છે, આત્માથી ભિન્ન હોતું નથી " एवं जाव थणियकुमाराणं " નારકોના જેવું જ કથન અસુરકુમારોથી લઇને સ્તનિતકુમારો પર્યન્તના દેવોના આત્માના સંબંધમાં પણ સમજવું એટલે કે અસુરકુમારોથી લઇને સ્તનિતકુમારો પર્યન્તના દેવોનો આત્મા શું જ્ઞાનસ્વરૂપ હોય છે ? કે અજ્ઞાનસ્વરૂપ હોય છે ?

તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે હે ગૌતમ ! અસુરકુમારાદિકોનો આત્મા કયારેક જ્ઞાનસ્વરૂપ પણ હોય છે અને કયારેક અજ્ઞાનસ્વરૂપ પણ હોય છે. તથા તેમનું જે જ્ઞાન છે, તે નિયમથી જ આત્મરૂપ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" आया भंते ! पुढविकाइयाणं अन्नाणे, अन्ने पुढविकाइयाणं अन्नाणे ?" હે ભગવન્ ! પૃથ્વીકાયિકોનો આત્મા શું અજ્ઞાનસ્વરૂપ હોય છે ? અને તે અજ્ઞાન શું તેમના આત્માથી ભિન્ન હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " आया पुढविकाइयाणं नियमं अन्नाणे, अन्नाणे, वि नियमं आया " પૃથ્વીકાયિકોનો આત્મા નિયમથી જ અજ્ઞાનરૂપ હોય છે અને તેમનું તે અજ્ઞાન નિયમથી જ આત્મરૂપ હોય છે. " एवं जाव वणस्सइकाइयाणं " પૃથ્વીકાયિકોના જેવું જ કથન અપ્કાયિકો, તેજસ્કાયિકો, વાયુકાયિકો અને વનસ્પતિકાયિકોના આત્મા વિષે પણ સમજવું એટલે કે અપ્કાયિકોથી લઈને વનસ્પતિકાયિકો પર્યન્તના જીવોનો આત્મા નિયમથી જ અજ્ઞાન સ્વરૂપ હોય છે અને તેમનું તે અજ્ઞાન પણ નિયમથી જ તેમના આત્મસ્વરૂપ હોય છે, એટલે કે તે અજ્ઞાન તેમના આત્માથી ભિન્ન હોતું નથી. " बेइंदिय, तेइंदिय जाव वेमाणियाणं जहा नेरइयाणं " દ્વીન્દ્રિયોનો, ત્રીન્દ્રિયોનો, ચતુરિન્દ્રિયોનો, પંચેન્દ્રિયતિર્યંચોનો, મનુષ્યોનો, વાનવ્યન્તરોનો, જ્યોતિષિકોનો અને વૈમાનિકોનો આત્મા, નારકોના આત્માની જેમ કયારેક જ્ઞાનસ્વરૂપ હોય છે અને કયારેક અજ્ઞાનસ્વરૂપ હોય છે. અને તેમનું જે જ્ઞાન છે, તે નિયમથી જ આત્મસ્વરૂપ હોય છે, એટલે કે આત્માથી અભિન્ન હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" आया भंते ! दंसणे, अन्ने दंसणे ?" હે ભગવન્ ! શું આત્મા દર્શનરૂપ હોય છે ? કે તે દર્શન આત્માથી ભિન્ન હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " आया नियमं दंसणे, दंसणे वि नियमं आया " આત્મા નિયમથી જ દર્શનરૂપ હોય છે, અને તે દર્શન પણ નિયમથી જ આત્મરૂપ હોય છે, કારણ કે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના દર્શનમાં વિશેષતા ન હોવાથી આત્મા દર્શનરૂપ હોય છે. અને દર્શન પણ આત્મારૂપ હોય છે જ્યાં ધર્મમાં વિપર્યય નથી, ત્યાં નિયમથી જ ગ્રહણ કરાયું છે વિપરીત ગ્રહણ કરાયું નથી જેમ કે દર્શનમાં જ્યાં વિપર્યય છે, ત્યાં વિપરીત અને નિયમ, આ બન્ને ગ્રહણ કરાયા છે જેમકે જ્ઞાનના વિષયમાં એવું કહ્યું છે કે–"આત્મા જ્ઞાનરૂપ પણ હોય છે અને અજ્ઞાનરૂપ પણ હોય છે," આ વિપરીત છે, અને " જ્ઞાન આત્મસ્વરૂપ જ હોય છે, " આ નિયમ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" आया भंते! नेरइयाणं दंसणे, अन्ने नेरइयाणं दंसणे ?" હે ભગવન્ ! શું નારકોનો આત્મા દર્શનરૂપ (દર્શનથી અભિન્ન) હોય છે ? કે નારકોનો આત્મા દર્શનથી ભિન્ન હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " आया नेरइयाणं नियमा दंसणे, दंसणे वि से नियमं आया " નારકોનો આત્મા નિયમથી જ

દર્શનરૂપ હોય છે, અને નારકોનું આત્મા સંબંધી દર્શન પણ નિયમથી જ આત્મરૂપ હોય છે. એજ પ્રમાણે ભવનપતિ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્ય, વાનવ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોનો આત્મા નિયમથી જ દર્શન રૂપ હોય છે, અને તેમનું દર્શન પણ નિયમથી જ આત્મરૂપ હોય છે. ॥સૂ૦૨॥

રત્નપ્રભાદિ પૃથ્વિ સંબંધી વિશેષ નિરૂપણ

—રત્નપ્રભાદિ વિશેષ વક્તવ્યતા—

"आया भंते! रयणप्पभा" ઇત્યાદિ—

ટીકાર્થ–આત્માનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી સૂત્રકારે આ સૂત્ર દ્વારા રત્નપ્રભા આદિ ભાવોની આત્મારૂપે અને અનાત્મા રૂપે પ્રરૂપણા કરી છે–

ગૌતમ સ્વામી આ વિષયને અનુલક્ષીને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"आया भंते! रयणप्पभापुढवी, अन्ना रयणप्पभापुढवी?" હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વી સદ્રૂરૂપ છે કે અસદ્રૂરૂપ છે?

અહીં "अतति सततं गच्छति तान् तान् पर्यायान्" "જે નિરન્તર તે તે પર્યાયોને પ્રાપ્ત કરે છે તે આત્મા છે," આ વ્યુત્પત્તિ અનુસાર "આત્મા" પદનો અર્થ "સદ્રૂરૂપ" થાય છે, કારણ કે સદ્રૂરૂપ પદાર્થ જ તે તે પર્યાયોની પ્રાપ્તિ કરે છે. અસદ્રૂરૂપ પદાર્થ તે તે પર્યાયોની પ્રાપ્તિ નથી કરતો તેથી ગૌતમ સ્વામીએ અહીં જે પ્રશ્ન પૂછયો છે, તે સ્યાદ્વાદ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને કર્યો છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "रयणप्पभापुढवी सिय आया, सिय नो आया, सिय अवत्तव्वं आयाइय नो आयाइय" રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ (અમુક અપેક્ષાએ વિચાર કરતા) સદ્રૂરૂપ (આત્મારૂપ) છે અને કથંચિત્ અસદ્રૂરૂપ છે. તથા આત્મા અનાત્મારૂપે એક સમયાવચ્છેદેન વકતું (કહેવાને) અશકય હોવાને કારણે તે અવક્તવ્ય પણ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે શબ્દોની પ્રવૃત્તિ-ઉત્પત્તિ એક સાથે થતી નથી, ક્રમશઃ થાય છે, તે કારણે એક જ કાળે તેને આત્મા અને અનાત્મારૂપે વ્યપદિષ્ટ (વ્યક્ત) કરી શકાતી નથી. આ કારણે તેને કથંચિત્ અવક્તવ્ય કહેવામાં આવેલ છે–સર્વથા અવક્તવ્ય

કહેલ નથી નહીં તો "અવક્તવ્ય" આ શબ્દ દ્વારા પણ તેનો નિર્દેશ કરી શકાય નહી હવે એજ વાતને જાણવા માટે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને કારણ પૂછે છે–"से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, रयणप्पभापुढवी सिय आया, सिय नो आया, सिय अवत्तव्वं आयाइय नो आयाइय" હે ભગવન્! આપે રત્નપ્રભા પૃથ્વીને સદ્રૂપ, અને અસદ્રૂપ તથા અવક્તવ્ય રૂપ શા કારણે કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "अप्पणो आइट्ठे आया, परस्स आइट्ठे नो आया, तदुभयस्स आइट्ठे अवत्तव्वं रयणप्पभापुढवी आयाइए नो आयाइय" રત્નપ્રભા પૃથ્વીનો તેની વર્ણાદિ રૂપ પર્યાયોની અપેક્ષાએ જ્યારે વિચાર કરવામાં આવે–તેના ગુણોની અપેક્ષાએ જો તેનું કથન કરવામાં આવે, તો તે સદ્રૂપ હોય છે, અન્ય શર્કરાદિ પૃથ્વીઓની વર્ણાદિ રૂપ પર્યાયોની અપેક્ષાએ તે સદ્રૂપ હોતી નથી, તેમની અપેક્ષાએ આદિષ્ટ (કથિત) કરવામાં આવે તો તેનો આત્મા (અસદ્રૂપ) હોય છે. અને જ્યારે આ બન્ને પર્યાયોને એક સાથે કહેવાની અપેક્ષાએ તેનો વિચાર કરવામાં આવે, ત્યારે તે સદ્રૂપ અને અસદ્રૂપ, આ બન્ને પર્યાયો દ્વારા અવક્તવ્ય થઈ જાય છે, કારણ કે તેમાં એ બન્ને ધર્મ છે–જ્યારે એક જ સમયે આ બન્ને ધર્મોનું તેમાં પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કરવામાં આવે, ત્યારે તે વાત યુગપત્ (એક સાથે) કેવી રીતે સંભવી શકે ? કારણ કે શબ્દોની પ્રવૃત્તિ તો ક્રમશઃ જ થશે–જ્યારે તેમાં સદ્રૂપતાનું કથન કરવામાં આવશે, ત્યારે તે અસદ્રૂપતાના કથનથી રહિત થઈ જશે, અને જ્યારે તેમાં અસદ્રૂપતાનું કથન કરવામાં આવશે, ત્યારે તે સદ્રૂપતાથી રહિત થઇ જશે આ કથનનુંતાત્પર્ય એ છે કે રત્નપ્રભા પૃથ્વી સદ્રૂપ અને અસદ્રૂપ આ બન્ને ધર્મોથી યુંક્ત હોવા છતાં પણ તે સદ્રૂપત્વ અને અસદ્રૂપત્વ પ્રતિપાદક શબ્દો વડે એક કાળે વાચ્ય હોઈ શકતી નથી અહીં રત્નપ્રભા પૃથ્વીમાં જે અવાચ્યતા કહેવામાં આવી છે તે આત્મત્વ (સદ્રૂપત્વ) અને અનાત્મત્વ (અસદ્રૂપત્વ) શબ્દોની અપેક્ષાએ જ કહેવામાં આવી છે, એમ સમજવું–સર્વથા અવાચ્યતા પ્રકટ કરવામાં આવી નથી નહીં તો તે અવાચ્ય શબ્દ દ્વારા પણ ત્યાં વાચ્યતા થઈ શકશે નહીં, તેથી અહીં આત્મ અનાત્મ શબ્દો દ્વારા જ અવાચ્યતા કહેવામાં આવી છે, એમ સમજવું જોઇએ જેમ કે જે પદાર્થો અનભિલાપ્ય હોય છે, તેઓ ભાવપદાર્થ, વસ્તુ, આદિ શબ્દો વડે અથવા 'अनभिलाप्य' આ શબ્દ વડે અભિલાપ્ય થાય છે. "से तेणट्ठेणं तंचेव जाव नो आयाइय" હે ગૌતમ ! તે કારણે મેં એવું કહ્યું છે કે રત્નપ્રભા પૃથ્વી અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે' અને અમુક અપેક્ષાએ (સદ્–અસદ્ આ બન્ને શબ્દો દ્વારા એક સાથે પ્રતિપાદિત નહીં કરી શકાવાને કારણે) અવક્તવ્ય પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"आया भंते ! सक्करप्पभा पुढवी" ઇત્યાદિ— હે ભગવન્ ! શર્કરા પ્રભા નામની જે પૃથ્વી છે તે સદ્રૂપ છે કે અસદ્રૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहा रयणप्पभा पुढवी तहा सक्करप्पभाए वि" હે ગૌતમ! જેવું કથન રત્નપ્રભા પૃથ્વીની સદ્રૂપતા અને અસદ્રૂપતાના વિષયમાં કરવામાં આવ્યું છે, એવું જ કથન શર્કરાપ્રભા પૃથ્વીના વિષયમાં પણ સદ્રૂપતા અને અસદ્રૂપતાને અનુલક્ષીને થવું જોઇએ જેમ કે–શર્કરા-પ્રભા પૃથ્વી પણ અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે અને અમુક અપેક્ષાએ અવક્તવ્ય પણ છે. અવક્તવ્ય હોવાનું કારણ એ છે કે–આત્મા અને અનાત્મા, આ બન્ને શબ્દો દ્વારા એક સાથે વક્તું (વ્યક્ત થવાને) અશક્ય હોવાને કારણે તે અવક્તવ્ય પણ છે. "एवं जाव अहे सत्तमाए" એજ પ્રકારનું કથન વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃ-પ્રભા, અને અધઃસપ્તમી પૃથ્વીના સંબંધમાં પણ જાણવું જોઈએ એટલે કે આ બધી પૃથ્વીઓ પણ અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે અને આત્મા અને અનાત્મા, આ બે શબ્દો દ્વારા એક સાથે વ્યક્ત થઇ શકે તેમ ન હોવાને કારણે અવક્તવ્ય પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"आया भंते! सोहम्मे कप्पे पुच्छा" હે ભગ-વન્! સૌધર્મકલ્પમાં આત્મા–સદ્રૂપ છે કે નો આત્મા–અસદ્રૂપ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! सोहम्मे कप्पे सिय आया, सिय नो आया, जाव नो आयाइय" હે ગૌતમ! સૌધર્મકલ્પ અમુક અપેક્ષાએ સદ્રૂ-રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે, અને આત્મા, નો આત્મા, આ બન્ને શબ્દો વડે એક સાથે વાચ્ય નહીં થઈ શકવાને કારણે અવક્તવ્ય પણ છે.

તેનું કારણ જાણવા માટે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને આ પ્રકારનો પ્રશ્ન પૂછે છે "से केणट्ठेणं भंते! जाव नो आयाइय" હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે સૌધર્મકલ્પ કથંચિત્ (અમુક અપેક્ષાએ) સદ્રૂપ છે, કથંચિત્ અસદ્રૂપ છે, અને આત્મા નો આત્મા, આ બે શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે કથંચિત્ અવક્તવ્ય છે? તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–"गोयमा! अप्पणो आइट्ठं आया, परस्स आइट्ठे नो आया, तदुभयस्स आइट्ठे अवत्तव्वं आयाइय नो आयाइय" હે ગૌતમ! સૌધર્મકલ્પ પોતાની સૌધર્મકલ્પસંબંધી વર્ણાદિ પર્યાયોની અપે-ક્ષાએ વ્યપદિષ્ટ (કથિત થાય ત્યારે આત્મા–સદ્રૂપ છે, ઈશાનાદિ કલ્પાન્ત-રોની અપેક્ષાએ વ્યપદિષ્ટ થાય ત્યારે નો આત્મા–અસદ્રૂપ છે. એટલે કે પર પર્યાયોની અપેક્ષાએ તે અનાત્મરૂપ છે. તથા તદુભય (સ્વ અને પર) પર્યાયોની અપેક્ષાએ આદિષ્ટ (કથિત) થાય ત્યારે તે અવક્તવ્ય પણ છે. તેનું કારણ એ છે કે–તે આત્મા છે એવું કહી શકાય નહીં, કારણ કે તે સમયે પર પર્યાયની અપેક્ષાએ તે નોઆત્મારૂપ પણ છે. તે નોઆત્મા છે, એવું પણ તે સમયે કહી શકાય નહીં, કારણ કે તે સ્વપર્યાયની અપેક્ષાએ સદ્રૂપ પણ છે તેથી આત્મા અને અનાત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે તેને કથંચિત્ અવક્તવ્ય પણ કહ્યું છે. એજ પ્રમાણે ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાન્તક, મહાશુક, સહસ્રાર, આરણ, આનત, પ્રાણત અને અચ્યુત કલ્પો પણ કથંચિત્ સદ્રૂપ છે, કથંચિત્ અસદ્રૂપ છે

અને આત્મા-અનાત્મતા શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે કથંચિત્ અવક્તવ્ય પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" आया भंते ! गेविज्जविमाणे अन्ने गेविज्जमाणे " હે ભગવન્! ગ્રૈવેયક વિમાન સદ્રૂપ છે, કે અસદ્રૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एवं जहा रयणप्पभा तहेव, एवं अणुत्तरविमाणा वि, एवं ईसिपब्भारा वि " હે ગૌતમ! જેવું કથન રત્નપ્રભા પૃથ્વીના વિષયમાં કરવામાં આવ્યું છે, એવું જ કથન ગ્રૈવેયક વિમાન વિષે પણ સમજવું જેમ કે-ગ્રૈવેયક વિમાન અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે અને અમુક અપેક્ષાએ અવક્તવ્ય છે, કારણ કે આત્મા અને નો આત્મા, આ શબ્દો વડે એક સાથે તે અવાચ્ય છે. એજ પ્રકારનું કથન વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનો વિષે પણ સમજવું એટલે કે તે બધા વિમાનો અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે અને સત્ અને અસત્ શબ્દો દ્વારા એક સાથે વાચ્ય ન હોવાને કારણે કથંચિત્ અવક્તવ્ય પણ છે એજ પ્રકારનું કથન ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી વિષે પણ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" आया भंते ! परमाणुपोग्गले, अन्ने परमाणुपोग्गले ? " હે ભગવન્! પરમાણુ પુદ્ગલ શું સદ્રૂપ છે કે અસદ્રૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एवं जहा सोहम्मे कप्पे तहा परमाणुपोग्गले वि भाणियव्वे " હે ગૌતમ ! સૌધર્મ કલ્પની સદ્રૂપતા આદિ વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન પરમાણુ પુદ્ગલના વિષયમાં પણ ગ્રહણ કરવું જોઈએ જેમ કે પરમાણુ પુદ્ગલ કથંચિત્ (અમુક અપેક્ષાએ) સદ્રૂપ છે, કથંચિત્ અસદ્રૂપ છે અને આત્મા, નો આત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે કથંચિત્ અવક્તવ્ય પણ છે પરમાણુ પુદ્ગલમાં આ ત્રણ અસંયોગી ભંગ સંભવી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" आया भंते ! दुप्पएसिए खंधे अन्ने दुप्पएसिए खंधे ? " હે ભગવન્! દ્વિપ્રદેશિક સ્કંધ શું સદ્રૂપ છે કે અસદ્રૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा ! दुप्पएसिए खंधे सिय आया१, सिय नो आया२, सिय अवत्तव्वं आयाइय नो आयाइय३, सिय आया य नो आया य४, सिय आया य अवत्तव्वं आयाइय नो आयाइय५, सिय नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय६ " હે ગૌતમ ! દ્વિપ્રદેશિક સ્કંધ (૧) કથંચિત્ સદ્રૂપ છે, (૨) કથંચિત્ અસદ્રૂપ છે, (૩) આત્મા અને નો આત્મા, આ બે શબ્દો વડે વાચ્ય ન હોવાને કારણે તે કથંચિત્ અવક્તવ્ય પણ છે, (૪) તે કથંચિત્ સત્ અસત્ (સદ્રૂપ-અસદ્રૂપ) બન્ને રૂપ પણ છે, (૫) તે કથંચિત્ સદ્રૂપ પણ છે અને આત્મા અનાત્મા શબ્દો વડે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય પણ છે. (૬) તે કથંચિત્ અસદ્રૂપ પણ છે અને આત્મા, નો આત્મા, આ બે શબ્દો દ્વારા એક સાથે વાચ્ય ન હોવાને

કારણે અવક્તવ્ય પણ છે હવે આ પ્રકારના કથનનું કારણ જાણવા માટે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે–"से केणट्ठेणं भंते ! एवं तंचेव जाव नो आयाइय, अवत्तव्वं आयाइय नो आयाइय?" હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે દ્વિપ્રદેશી સ્કંધ કથંચિત્ સદ્રૂપ છે, કથંચિત્ અસદ્રૂપ છે, ઇત્યાદિ પૂર્વોક્ત ૬ ભાંગાવાળા છે ? અહીં "नो आयाइय अवत्तव्वं" આ સૂત્રાંશ દ્વારા છેલ્લો–છઠ્ઠો–ભાંગો પ્રકટ કરવામાં આવ્યો છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! अप्पणो आइट्ठे आया१, परस्स आइट्ठे नो आया२, तदुभयस्स आइट्ठे अवत्तव्वं दुप्पएसिए खंधे आयाइय नो आयाइय३" હે ગૌતમ ! જ્યારે પોતાના વર્ણાદિ રૂપ પર્યાયો વડે દ્વિપ્રદેશી સ્કંધની વિવક્ષા કરવામાં આવે છે, ત્યારે તે પોતાના પર્યાયોની અપેક્ષાએ સદ્રૂપ છે. અને ત્રિપ્રદેશિક આદિ અન્ય સ્કંધોના વર્ણાદિ રૂપ પર્યાયોની અપેક્ષાએ આદિષ્ટ થાય ત્યારે અસદ્રૂપ છે તથા જ્યારે તે સ્વપર્યાયો અને પરપર્યાયોની અપેક્ષાએ એક સાથે આદિષ્ટ થાય છે, ત્યારે તે અવક્તવ્ય કોટિમાં આવી જાય છે, કારણ કે તે સમયે તે સ્વપર્યાય અને પરપર્યાયો વડે એક સાથે વાચ્ય થઈ શકતો નથી. આ પ્રકારના જે ત્રણ ભાંગાઓ કહેવામાં આવ્યા છે, તે દ્વિપ્રદેશિક સ્કંધના સર્વસ્કંધની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. બાકીના જે ત્રણ ભાંગાઓ છે, તેઓ દેશાપેક્ષ છે, એજ વાત સૂત્રકાર પ્રકટ કરે છે–"देसे आइट्ठे सब्भावपज्जवे, देसे आइट्ठे असब्भावपज्जवे दुप्पएसिए खंधे आया य नो आया य४" જ્યારે તે દ્વિપ્રદેશિક સ્કંધ સદ્ભાવ પર્યાયવાળા પોતાના એકદેશની અપેક્ષાએ વ્યપદિષ્ટ (કથિત) થાય છે, ત્યારે તે દ્વિપ્રદેશી સ્કંધ તે દેશની વર્ણાદિરૂપ પર્યાયોથી યુક્ત હોવાને કારણે સદ્રૂપ છે, અને જ્યારે એજ દ્વિપ્રદેશી સ્કંધ પોતાના અસદ્ભાવ પર્યાયવાળા બીજા દેશથી આદિષ્ટ થાય છે, ત્યારે તે તેની વર્ણાદિ પર્યાયોથી યુક્ત નહીં હોવાને કારણે અસદ્રૂપ છે. આ રીતે તે દ્વિપ્રદેશી સ્કંધ એક દેશની આદિષ્ટ પર્યાયોની અપેક્ષાએ સદ્ભાવપર્યાયવાળો હોવાને કારણે અને બીજા દેશની પર્યાયોની અપેક્ષાએ અસદ્ભાવ પર્યાયવાળો હોવાને કારણે કથંચિત્ સદ્રૂપ અને કથંચિત્ અસદ્રૂપ કહેવામાં આવ્યો છે "देसे आइट्ठे सब्भावपज्जवे देसे आइट्ठे तदुभयपज्जवे दुप्पएसिए खंधे आया य अवत्तव्वं आयाइय नो आयाइय" તથા જ્યારે તે દ્વિપ્રદેશી સ્કંધ ક્રમશઃ અને યુગપત્ (એક સાથે) સદ્ભાવ પર્યાયવાળા દેશની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, ત્યારે સદ્ભાવ પર્યાયવાળા પોતાના દેશની (અંશની) સદ્ભાવ પર્યાયોની અપેક્ષાએ તો તે સદ્રૂપ છે, અને સદ્ભાવ અસદ્ભાવ પર્યાયવાળા દેશની અપેક્ષાએ એક સાથે આદિષ્ટ થાય ત્યારે આત્મા નો આત્મા શબ્દો વડે એક સાથે અવક્તવ્ય હોવાને કારણે અવક્તવ્ય પણ છે. આ કથનનો ભાવાર્થ એ છે કે દ્વિપ્રદેશી સ્કંધ બે અંશો (પરમાણુ)વાળો હોય છે. તે બે પરમાણુ રૂપ બે અંશોમાંના એક અંશ (દેશ)ની પર્યાયોની અપેક્ષાએ જ્યારે તેનો વિચાર કરવામાં આવે છે, ત્યારે વિવક્ષિત તે પર્યાયોની અપેક્ષાએ જ તે સદ્રૂપ હોય છે, કારણ કે તે પર્યાયો જ તેમાં સદ્ભૂત હોય છે. અને જે બીજા દેશની પર્યાયોની અપે-

ક્ષાએ તે વિવક્ષિત થતો નથી તે દેશની પર્યાયોની અપેક્ષાએ તે અસદ્રૂપ છે, તેથી તે દ્વિપ્રદેશી સ્કંધ દ્વિતીય દેશની અપેક્ષાએ અસદ્રૂપ છે. આ રીતે તે દ્વિપ્રદેશી સ્કંધમાં સદ્રૂપ અને અસદ્રૂપ ધર્મોનો સદ્ભાવ તો અવશ્ય છે, પરન્તુ તે બન્નેનું તેમાં યુગપત્ (એક સાથે) કથન થઈ શકતું નથી, તેથી તે દ્વિપ્રદેશી સ્કંધ તે બન્ને ધર્મો દ્વારા અવક્તવ્ય છે. તથા આ બન્ને ધર્મોની અપેક્ષાએ તે દ્વિપ્રદેશી સ્કંધનો વિચાર કરવો હોય તો ક્રમશઃ પણ થઈ શકે છે અને યુગપત્ પણ થઈ શકે છે. આ ક્રમશઃ અને યુગપત્ (એક સાથે) વિચારની અપેક્ષાએ તે કથંચિત્ સદ્રૂપ પણ છે અને કથંચિત્ અવક્તવ્ય રૂપ પણ છે. "देसे आइट्ठे असब्भावपज्जवे देसे आइट्ठे तदुभयपज्जवे दुप्पएसिए खंधे नो आया य, अवत्तव्वं आयाइय नो आयाइयइ" એજ પ્રમાણે ક્રમશઃ વિચાર કરવામાં આવે, તો તે દ્વિપ્રદેશી સ્કંધ કથંચિત્ અસદ્રૂપ પણ છે અને બન્નેનો યુગપત્ (એક સાથે) વિચાર કરવામાં આવે, તો તે કથંચિત્ અવક્તવ્ય રૂપ પણ છે. તથા "દ્વિપ્રદેશી સ્કંધ કથંચિત્ સદ્રૂપ પણ છે, કથંચિત્ અસદ્રૂપ પણ છે અને કથંચિત અવકતવ્ય પણ છે." આ સાતમો ભાંગો (વિકલ્પ) અહીં સંભવી શકતો નથી, કારણ કે દ્વિપ્રદેશી સ્કંધ બે અંશ (દેશ) રૂપ જ હોય છે. ત્રિપ્રદેશી આદિ સ્કંધોમાં જ આ સાતમો ભાંગો સંભવી શકે છે. આ પ્રકારની આ સપ્તભંગી છે. "से तेणट्ठेणं तंचेव जाव नो आयाइय" હે ગૌતમ! તે કારણે મેં એવું કહ્યું છે કે "દ્વિપ્રદેશી સ્કંધ સદ્રૂપ પણ છે, ઇત્યાદિ ૬ ભાંગાઓ અહીં સમજી લેવા." એ વાત તો આગળ પ્રકટ કરવામાં આવી છે કે દ્વિપ્રદેશી સ્કંધ બે અંશોવાળો-બે પ્રદેશોવાળો-હોય છે. જે પ્રકારે સદ્રૂપતા તેનો ધર્મ છે, એજ પ્રમાણે અસદ્રૂપતા પણ તેનો ધર્મ છે, અને અવકતવ્યતા પણ તેનો ધર્મ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"आया भंते! तिप्पएसिए खंधे अन्ने तिप्पएसिए खंधे?" હે ભગવન્! ત્રિપ્રદેશિક સ્કન્ધ સદ્રૂપ છે, કે અસદ્રૂપ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा!" હે ગૌતમ! "तिप्पएसिए खंधे सिय आया, सिय नो आयार" ત્રિપ્રદેશિક સ્કંધ (૧) અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, (૨) અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે, "सिय अवत्तव्वं आयाइय नो आयाइयइ" (૩) સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાની અપેક્ષાએ તે અવકતવ્ય રૂપ પણ છે, કારણ કે શબ્દોની પ્રવૃત્તિ ક્રમશઃ જ થાય છે. "सिय आया य नो आया य" (૪) એક જ કાળે તે કથંચિત્ સદ્રૂપ પણ છે અને કથંચિત્ અસદ્રૂપ પણ છે.

શંકા—અહિયાં એક આત્મા એક નો આત્મા આ પ્રમાણેના દ્વિકસંયોગી આ પહેલા ભંગમાં ત્રણ પ્રદેશોમાં બે વિકલ્પો કેવી રીતે ઘટિત થાય છે?

ઉત્તર—ત્રણ પ્રદેશીના આ ત્રણે પ્રદેશો બે આકાશપ્રદેશોમાં રહે છે. તે બે આકાશપ્રદેશોની અવગાહનાની અપેક્ષાએ આ દ્વિકસંયોગી પહેલો ભંગ બને છે. એજ પ્રમાણે હવે પછી પણ દ્વિકસંયોગી "आत्मा अवक्तव्यम्" આ ચોથા ભંગમાં 'नो आत्मा अवक्तव्यम्' આ સાતમા ભંગમાં સમજી

લેવું. આ પ્રમાણે બહુ બહુપ્રદેશીસ્કંધોમાં બધેજ દ્વિકસંયોગીભંગોમાં બન્ને સ્થાનોમાં અવગાહનાની અપેક્ષાએ એકવચન અવગાહનાની અપેક્ષાએ તથા વિભાગોની અપેક્ષાએ સમજી લેવું. "सिय आया य नो आयाओ य५" (૫) સ્કંધની અપેક્ષાએ તે કથંચિત્ સદ્રૂપ છે અને પ્રદેશોની અપેક્ષાએ કથંચિત્ અસદ્રૂપ છે અહીં જે પહેલાં "आया" આ એક વચનના પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તે સ્કંધની અપેક્ષાએ કરવામાં આવ્યો છે, અને "नो आयाओ" આ બહુવચનનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે, તે પ્રદેશોની અપેક્ષાએ કરવામાં આવ્યા છે એજ પ્રમાણે આગળ પણ સમજી લેવું. "सिय आयाओ य नो आया य६" (૬) તથા પ્રદેશોની અપેક્ષાએ કથંચિત્ સદ્રૂપ છે અને સ્કંધની અપેક્ષાએ અસદ્રૂપ છે. "सिय आया य अवत्तव्वं आयाइय नो आयाइय७" તે અમુક અપેક્ષાએ સદ્રૂપ પણ છે, અને કથંચિત્ આત્મા અને નો આત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ છે. "सिय आयाइय अवत्तव्वाइं, आयाओ य नो आयाओ य८" (૮) કયારેક સ્કંધની અપેક્ષાએ તે સદ્રૂપ છે, અને પ્રદેશોની અપેક્ષાએ તે સદ્રૂપ અને અસદ્રૂપ આ શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ છે. "सिय आयाओय अवत्तव्वं आयाइय नो आयाइय९" (૯) કયારેક પ્રદેશોની અપેક્ષાએ તે સદ્રૂપ પણ હોય છે અને સ્કંધની અપેક્ષાએ તે સદ્રૂપ અને અસદ્રૂપ આ બે શબ્દો દ્વારા એક સાથે અવક્તવ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ હોય છે. "सिय नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय१०" (૧૦) તે સ્કંધની અપેક્ષાએ કથંચિત્ અસદ્રૂપ પણ છે અને આત્મા નોઆત્મા વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ છે. "सिय नो आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ य११" (૧૧) કયારેક તે સ્કંધની અપેક્ષાએ અસદ્રૂપ પણ છે, અને પ્રદેશોની અપેક્ષાએ અનેક આત્મા રૂપે અને અનેક અનાત્મા રૂપે અવક્તવ્ય પણ છે. "सिय नोआयाओ य, अवत्तव्वं आयाइय नो आयाइय१२" (૧૨) કયારેક તે પ્રદેશોની અપેક્ષાએ અનેક નો આત્મા રૂપ છે, તથા આત્મા અને નોઆત્મા રૂપે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ છે. "सिय आया य नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय१३" (૧૩) કયારેક તે સદ્રૂપ પણ હોય છે, અસદ્રૂપ પણ હોય છે અને સદ્રૂપ-અસદ્રૂપ આ બે શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ છે. ત્રિપ્રદેશિક સ્કંધમાં આ પ્રકારના ૧૩ ભાંગાઓ (વિકલ્પો) સંભવી શકે છે. હવે ત્રિપ્રદેશિક સ્કંધમાં આ ૧૩ ભાંગાઓનો સદ્ભાવ કયા કારણે હોય છે, તે જાણવા માટે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે–"से केणट्ठेणं भंते! एवं

वुच्चइ, तिप्पएसिए खंधे सिय आया एवंचेव उच्चारेयव्वं जाव सिय आया य नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय" હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે ત્રિપ્રદેશિક સ્કંધ કથંચિત્ સદ્રૂપ છે, આ પહેલા ભાંગાથી શરૂ કરીને "તે કથંચિત્ સદ્રૂપ પણ છે, કથંચિત્ અસદ્રૂપ છે અને અવકતવ્ય રૂપ પણ છે." આ તેરમાં ભાંગા પર્યન્તના કથનને પ્રશ્નમાં આવરી લેવું જોઈએ

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! अप्पणो आइट्ठे आया' હે ગૌતમ! જ્યારે પોતાના વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ ત્રિપ્રદેશિક સ્કંધની વિવક્ષા કરાય છે, ત્યારે તે પોતાના પર્યાયોની અપેક્ષાએ સદ્રૂપ ગણાય છે, અને "परस्स आइट्ठे नो आया" ચતુષ્પ્રદેશિક આદિ સ્કંધની અપેક્ષાએ કથિત થાય, તો તે નો આત્મા રૂપ (અસદ્રૂપ) ગણાય છે, "तदुभयस्स आइट्ठे अवत्तव्वं आयाइय नो आयाइय" તથા સ્વપર્યાય અને પરપર્યાયની અપેક્ષાએ કથિત થાય, તો તે અવકતવ્ય રૂપ છે, કારણ કે આત્મા નો આત્મા શબ્દો વડે તે એક સાથે વાચ્ય હોતો નથી પહેલાં ત્રણ ભાંગાનું આ પ્રકારનું સ્પષ્ટીકરણ કરીને, હવે ચોથા ભાંગાનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–"देसे आइट्ठे सब्भावपज्जवे, देसे आइट्ठे असब्भावपज्जवे तिप्पएसिए खंधे आया य नो आया य४" જ્યારે ત્રિપ્રદેશિક સ્કંધનો તેના એકદેશની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, ત્યારે તે સદ્ભાવ પર્યાયવાળા દેશની અપેક્ષાએ સદ્રૂપ છે અને અસદ્ભાવ પર્યાયવાળા બીજા દેશની અપેક્ષાએ અસદ્રૂપ છે. (૫) "देसे आइट्ठे सब्भावपज्जवे देसा आइट्ठा असब्भावपज्जवा तिप्पएसिए खंधे आया य नो आयाओ य५" જ્યારે ત્રિપ્રદેશિક સ્કંધનો એક દેશની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, ત્યારે સદ્ભાવ પર્યાયવાળા એકદેશની અપેક્ષાએ તે સદ્રૂપ હોય છે, અને જ્યારે અનેક અસદ્ભાવ પર્યાયોવાળા અનેક દેશોની અપેક્ષાએ તે આદિષ્ટ થાય છે, ત્યારે તે પર્યાયો તેમાં ન હોવાને કારણે તે અનેક અસદ્રૂપોવાળો હોય છે. (૬) "देसा आइट्ठा सब्भावपज्जवा, देसे आइट्ठे असब्भावपज्जवा तिप्पएसिए खंधे आयाओ य नो आया य६" જ્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધનો તેના અનેક સદ્ભાવ પર્યાયોવાળા દેશોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, ત્યારે તે કથંચિત્ અનેક સદ્રૂપવાળો છે, અને જ્યારે તેનો અસદ્ભાવ પર્યાયવાળા એકદેશની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, ત્યારે તે અસદ્રૂપવાળો (૭) "देसे आइट्ठे सब्भावपज्जवे, देसे आइट्ठे तदुभयपज्जवे तिप्पएसिए खंधे आया य अवत्तव्वं आयाइय नो आयाइय७" જ્યારે ત્રિપ્રદેશિક સ્કંધનો તેની સદ્ભાવપર્યાયવાળા એક દેશની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, ત્યારે તે સદ્રૂપ છે, અને જ્યારે તે સદ્ભાવપર્યાયવાળા અને અસદ્ભાવપર્યાયવાળા

અન્ય દેશથી આદિષ્ટ થાય છે, ત્યારે તેની તે બન્ને પર્યાયો એક સાથે અવાચ્ય હોવાને કારણે તે અવકતવ્ય કોટિમાં આવી જાય છે. (૮) "देसा आइट्ठा सब्भावपज्जवा देसा आइट्ठा तदुभयपज्जवा तिप्पएसिए खंधे आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ यट" જ્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ પોતાના અનેક સદ્ભાવ પર્યાયોવાળા દેશો વડે સ્કંધ રૂપે આદિષ્ટ થાય છે, ત્યારે તે સદ્રૂપવાળો છે, અને જ્યારે તે પોતાના સદ્ભાવપર્યાયવાળા અને અસદ્ભાવપર્યાયોવાળા અનેક દેશો વડે પ્રદેશ રૂપે આદિષ્ટ થાય છે, ત્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો દ્વારા એક સાથે વાચ્ય નહીં થઈ શકવાને કારણે અવક્તવ્ય હોય છે. (૯) "देसा आइट्ठा सब्भावपज्जवा, देसे आइट्ठे तदुभयपज्जवे तिप्पएसिए खंधे आयाओ य अवत्तव्वं आयाइय नो आयाइय" જ્યારે સદ્ભાવપર્યાયવાળા દેશોની અપેક્ષાએ તે ત્રિપ્રદેશિક સ્કંધ આદિષ્ટ (કથિત) થાય છે, ત્યારે તે સદ્રૂપ છે, અને જ્યારે સદ્રૂપ અને અસદ્રૂપપર્યાયોવાળા એક બીજા દેશની અપેક્ષાએ તે આદિષ્ટ થાય છે, ત્યારે તે બન્ને પર્યાયોને એક સાથે પ્રકટ કરનારા શબ્દને અભાવે તે અવકતવ્ય હોય છે. "एए तिन्नि भंगा" આ પ્રકારે સાતમો, આઠમો અને નવમો આ ત્રણ ભાંગાઓ બને છે. (૧૦) "देसे आइट्ठे असब्भावपज्जवे, देसे आइ तदुभयपज्जवे तिप्पएसिए खंधे नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय१०" જ્યારે ત્રિપ્રદેશિક સ્કંધ પોતાના અસદ્ભાવ પર્યાયવાળા એકદેશની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, ત્યારે તે ત્રિપ્રદેશિકસ્કંધ અસદ્રૂપવાળો થઈ જાય છે, અને જ્યારે તે સદ્રૂપ અને અસદ્રૂપ પર્યાયવાળા પોતાના બીજા દેશની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, ત્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો વડે એક સાથે વાચ્ય ન હોવાને કારણે અવકતવ્ય કોટિમાં આવી જાય છે. (૧૧) "देसे आइट्ठे असब्भावपज्जवे देसा आइट्ठा तदुभयपज्जवा तिप्पएसिए खंधे नो आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ य ११" જ્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ પોતાના અસદ્ભાવપર્યાયવાળા એકદેશની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, ત્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ અસદ્રૂપ થઈ જાય છે, અને જ્યારે તે પોતાના સદ્ભાવપર્યાયવાળા અને અસદ્ભાવપર્યાયવાળા અનેક દેશોની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, ત્યારે તે સદ્રૂપ અસદ્રૂપ બન્ને પર્યાયોને એક સાથે કહેનારા શબ્દના અભાવને કારણે અવકતવ્ય થઈ જાય છે. (૧૨) "देसा आइट्ठा असब्भावपज्जवा, देसे आइट्ठे तदुभयपज्जवे तिप्पएसिए खंधे नो आयाओ य अवत्तव्वं आयाइय नो आयाइय" જ્યારે ત્રિપ્રદેશિક સ્કંધના અસદ્ભાવ પર્યાયવાળા અનેક દેશોની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, અને જ્યારે તેનો તદુભય (સદ્રૂપ અસદ્રૂપ) પર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, ત્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ અસદ્રૂપ

હોય છે અને આત્મા, નો આત્મા આ બન્ને શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાનેકારણે અવક્તવ્ય પણ થઈ જાય છે. (૧૩) "देसे आइट्ठे सब्भावपज्जवे, देसे आइट्ठे असब्भावपज्जवे, देसे आइट्ठे तदुभयपज्जवे तिप्पएसिए खंधे आया य नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय" જ્યારે ત્રિપ્રદેશિક સ્કંધનો સદ્ભાવપર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, તથા જ્યારે અસદ્ભાવપર્યાયવાળો તેનો બીજો દેશ આદિષ્ટ થાય છે અને જ્યારે તેનો તદુભય (સદ્રૂપ-અસદ્રૂપ બન્ને) પર્યાયવાળો એક ત્રીજો દેશ આદિષ્ટ થાય છે, ત્યારે તે ત્રિપ્રદેશિક સ્કંધ સદ્રૂપ પણ હોય છે, અસદ્રૂપ પણ હોય છે અને સદ્રૂપ, અસદ્રૂપ શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવકતવ્ય પણ હોય છે. આ પ્રકારના આ ૧૩ ભાંગાઓ ત્રિપ્રદેશિક સ્કંધમાં પ્રકટ કરવામાં આવ્યા છે. અહીં પૂર્વોકત સાત ભાંગાઓમાં જે પહેલાં ત્રણ ભાંગાઓ છે, તેઓ સમસ્ત ત્રિપ્રદેશિક સ્કંધની અપેક્ષાએ પ્રકટ કરાયા છે. દ્વિપ્રદેશિક સ્કંધમાં જેવાં ત્રણ ભાંગાઓ પહેલાં બતાવવામાં આવ્યા છે, એવા જ આ ત્રણ ભાંગાઓ છે. બાકીના ત્રણ ભાંગાઓમાં જે અવાન્તર ત્રણ ત્રણ ભાંગાઓ કહેવામાં આવ્યા છે, તે એકવચન અને બહુવચનની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. તથા જે સાતમો ભાંગો છે તેમાં કોઇ અવાન્તર ભેદ નથી, તે તો એકજ પ્રકારનો છે. "से तेणट्ठेण गोयमा! एवं वुच्चइ, तिप्पएसिए खंधे सिय आया, तंचेव जाव नो आयाइय" હે ગૌતમ! તે કારણે ત્રિપ્રદેશિક સ્કંધ કયારેક સદ્રૂપ હોય છે આ પહેલા ભાંગાથી લઇને "સદ્રૂપ પણ હોય છે, અસદ્રૂપ પણ હોય છે અને અવકતવ્ય પણ હોય છે." આ ૧૩માં ભાંગા પર્યન્તના ૧૩ વિકલ્પો કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"आया भंते! चउप्पएसिए खंधे अन्ने पुच्छा?" હે ભગવન્! જે ચાર પ્રદેશિક સ્કંધ છે, તે શું સદ્રૂપ હોય છે કે અસદ્રૂપ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"चउप्पएसिए खंधे सिय आया१, सिय नो आया२" હે ગૌતમ! ચારપ્રદેશિક સ્કંધ (૧) અમુક અપેક્ષાએ આત્મરૂપ-સદ્રૂપ છે અને (૨) અમુક અપેક્ષાએ અનાત્મરૂપ-અસદ્રૂપ છે, "सिय अवत्तव्वं आयाइय३ नो आयाइय३" અને આત્મા અને નો આત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે તે કથંચિત્ અવકતવ્ય રૂપ પણ છે. "सिय आया य नो आया य१" (૧) તે અમુક અપેક્ષાએ સદ્રૂપ પણ છે અને અસદ્રૂપ પણ છે, "सिय आया य नो आयाओ य२" (૨) તે સ્કંધની અપેક્ષાએ કયારેક સદ્રૂપ પણ હોય છે અને પોતાના અનેક પ્રદેશોની અપેક્ષાએ તે કયારેક અસદ્રૂપ પણ હોય છે. "सिय आयाओ य, नो आयाइय३" (૩) કયારેક તે પોતાના પ્રદેશોની અપેક્ષાએ સદ્રૂપ હોય છે અને સ્કંધની અપે-

ક્ષાએ અસદ્રૂપ હોય છે. "सिय आयाओय नो आयाओय४" (૪) કયારેક તે ચતુષ્પ્રદેશિક સ્કંધ સદ્રૂપ પણ હોય છે અને અસદ્રૂપ પણ હોય છે. "सिय आया य अवत्तव्वं आयाइय नो आयाइय१" (૧) કયારેક તે આત્મા-સદ્રૂપ હોય છે અને આત્મા તથા નો આત્મા શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય હોય છે. "सिय आया य, अवत्तव्वाइं आयाओय नो आयाओय२" (૨) કયારેક તે સદ્રૂપ હોય છે અને આત્માઓ અને નો આત્માઓ શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે તે અવક્તવ્ય પણ હોય છે. "सिय आयाओय अवत्तव्वं आयाइय नो आयाइय३" (૩) કયારેક તે અનેક સદ્રૂપોવાળો હોય છે અને આત્મા અને નો આત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ હોય છે. "सिय आयाओय अवत्तव्वाइं आयाओय, नो आयाओय" (૪) કયારેક તે અનેક સદ્રૂપોવાળો હોય છે અને અનેક સદ્રૂપો અને અનેક અસદ્રૂપો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અનેક અવક્તવ્યો રૂપ પણ હોય છે. ।।૮।।

"सिय नो आया य, अवत्तव्वं आयाइय नो आयाइय १" (૧) કયારેક તે ચતુષ્પ્રદેશિક સ્કંધ અસદ્રૂપ હોય છે અને સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે કથંચિત્ અવક્તવ્ય હોય છે. 'सिय नो आया य, अवत्तव्वाइं आया य नो आयाओय२" (૨) કયારેક તે અસદ્રૂપ હોય છે અને અનેક પ્રદેશોની અપેક્ષાએ અવક્તવ્ય હોય છે, કારણ કે તે અનેક આત્માઓ અને અનેક નો આત્માઓ દ્વારા એક સાથે અવાચ્ય હોય છે. "सिय नो आयाओ य, अवत्तव्वं आयाइय नो आयाइय३" કયારેક તે અનેક નો આત્મા રૂપ હોય છે અને આત્મા, નો આત્મા રૂપે એક સાથે વાચ્ય નહીં હોવાને કારણે અવક્તવ્ય રૂપ હોય છે. "सिय नो आयाओय, अवत्तव्वाइं, आयाओय नो आयाओय४" (૪) કયારેક તે અનેક નો આત્મા રૂપ હોય છે અને અનેક આત્મા રૂપે અને અનેક નો આત્મા રૂપે તે એક સાથે અવાચ્ય હોવાને કારણે પોતાના અનેક પ્રદેશોની અપેક્ષાએ અવક્તવ્ય રૂપ હોય છે (૩+૧૨=૧૫) "सिय आया य नो आया य अवत्तव्वं आया य नो आया य१६" (૧૬) તે અમુક અપેક્ષાએ સદ્રૂપ પણ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ પણ છે અને સદ્રૂપ, અસદ્રૂપ શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય પણ છે.

"सिय आया य, नो आया य, अवत्तव्वाइं आयाओय नो आयाओय१७" (૧૭) તે અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે અને પોતાના અનેક સદ્રૂપો અને અનેક અસદ્રૂપો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે તે પોતાના અનેક સદ્રૂપો અને અસદ્રૂપો રૂપે અવક્તવ્ય છે. (૧૮) "सिय आया य नो आयाओय अवत्तव्वं आयाइय नो आयाइय१८" કયારેક તે સદ્રૂપ છે, અનેક અસદ્રૂપ છે, તથા સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો દ્વારા એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ છે. (૧૯) "सिय आयाओय, नो आया य, अवत्तव्वं आयाइय नो आयाइय१९" અમુક અપેક્ષાએ તે અનેક સદ્રૂપવાળો છે, એક અસદ્રૂપવાળો અને સદ્રૂપ અને

અસદ્રૂપ શબ્દો વડે એક સાથે વાચ્ય નહીં થવાને કારણે અવકતવ્ય રૂપ છે આ પ્રકારે તે ચારપ્રદેશિક સ્કંધના ૧૯ ભાંગાઓ થાય છે. તેમાં ૩ એકસંયોગી ભાંગાઓ, ૧૨ દ્વિકસંયોગી ભાંગાઓ અને ૪ ત્રિકસંયોગી ભાંગાઓ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, चउप्पएसिए खंधे सिय आया य, नो आया य, अवत्तव्वं तंचेव अट्ठे पडिउच्चारेयव्वं" હે ભગવન્! આપે શા કારણે ચતુષ્પ્રદેશિક સ્કંધના સદ્રૂપ, અસદ્રૂપ, અવકતવ્ય આદિ ૧૯ ભાંગા કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा!" હે ગૌતમ! "अप्पणो आइट्ठे आया१ परस्स आइट्ठे नो आया२, तदुभयस्स आइट्ठे अवत्तव्वं आयाइय नो आयाइय३" (૧) ચતુષ્પ્રદેશિક સ્કંધનો તેના પોતાના વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો તે સદ્રૂપ છે. (૨) પાંચ પ્રદેશિક આદિ સ્કન્ધાન્તરની પર્યાયોની અપેક્ષાએ કહેવામાં આવે, તો તે અસદ્રૂપ છે, કારણ કે પરપર્યાયોની અપેક્ષાએ તે અસદ્રૂપ હોય છે. (૩) સ્વપર્યાયો અને પરપર્યાયો, આ બન્નેની અપેક્ષાએ જ્યારે કહેવામાં આવે છે, ત્યારે તે આત્મા અને નો આત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે તે અવકતવ્ય રૂપ હોય છે. "देसे आइट्ठे सब्भावपज्जवे देसे आइट्ठे असब्भावपज्जवे चउभंगो" જ્યારે તેની પર્યાયોની અપેક્ષાએ સદ્ભાવ પર્યાયવાળો તેનો એકદેશ આદિષ્ટ (કથિત) થાય છે, અને પરપર્યાયોની અપેક્ષાએ અસદ્ભાવ પર્યાયવાળો બીજો દેશ આદિષ્ટ થાય છે, ત્યારે તે ચતુષ્પ્રદેશિક સ્કંધ (૧) સદ્રૂપ હોય છે અને (૨) અસદ્રૂપ હોય છે ઇત્યાદિ ચાર ભાંગા પૂર્વોકત પદ્ધતિ અનુસાર કહેવા જોઇએ. "देसे आइट्ठे सब्भावपज्जवे, देसे आइट्ठे असब्भावपज्जवे" આ એક ભાંગો તો પહેલાં પ્રગટ કર્યો છે. બાકીના ત્રણ ભાંગા નીચે પ્રમાણે સમજવા-"देसे आइट्ठे सब्भावपज्जवे, देसा आइट्ठा असब्भावपज्जवा२, देसा आइट्ठा सब्भावपज्जवा, देसे आइट्ठे असब्भावपज्जवे३, देसा आइट्ठा सब्भावपज्जवा, देसा आइट्ठा असब्भावपज्जवा४" આ પ્રકારના આ ચાર ભાંગા અને પહેલાનાં ત્રણ ભાંગા મળીને સાત ભાંગા થાય છે. "सब्भावपज्जवेणं तदुभएण य चउभंगो, असब्भावेणं तदुभयेण य चउभंगो" સદ્ભાવ પર્યાયની અપેક્ષાએ તથા સદ્ભાવ અસદ્ભાવ પર્યાયની અપેક્ષાએ ચાર ભાંગા થાય છે. તે ચાર ભાંગા નીચે પ્રમાણે છે-"देसे आइट्ठे सब्भावपज्जवे, देसा आइट्ठा तदुभयपज्जवा आयाइय नो आयाइय१, देसे आइट्ठे सब्भावपज्जवे, देसा आइट्ठ

तदुभयपज्जवा आयाओ य नो आयाओ य२; देसा आइट्ठा सब्भावपज्जवा, देसे आइट्ठे तदुभयपज्जवे आयाइय नो आयाइय३; देसा आइट्ठा सब्भावपज्जवा देसा आइट्ठा तदुभयपज्जवा आयाओ य नो आयाओ य४" પહેલાંના સાત ભાંગાઓ અને આ ચાર ભાંગા મળીને ૧૧ ભાંગા થાય છે. પૂર્વોકિત ૪ અને આ ૪ ભાંગાઓ એકવચન અને બહુવચનની અપેક્ષાએ બન્યા છે એજ પ્રમાણે અસદ્ભાવ પર્યાયની અપેક્ષાએ અને તદુભવ (સદ્રૂપ–અસદ્રૂપ) પર્યાયની અપેક્ષાએ ચાર ભાંગાઓ બને છે. તે ભાંગાઓ નીચે પ્રમાણે છે–" देसे आइट्ठे असब्भावपज्जवे, देसे आइट्ठे तदुभयपज्जवे आयाइ य नो आयाइ य१; देसे आइट्ठे असब्भावपज्जवे, देसा आइट्ठा तदुभयपज्जवा आयाओ य नो आयाओ य३; देसा आइट्ठा असब्भावपज्जवा, देसे आइट्ठे तदुभयपज्जवे आयाइ य नो आयाइ य३; देसा आइट्ठा असब्भावपज्जवा, देसा आइट्ठा तदुभयपज्जवा आयाओ य नो आयाओ य ४" પહેલાનાં ૧૧ ભાંગા અને આ ૪ ભાંગા મળીને ૧૫ ભાંગા થાય છે. તેમનો અર્થ પહેલા કહ્યા પ્રમાણે સમજી લેવો.

" देसे आइट्ठे सब्भावपज्जवे, देसे आइट्ठे असब्भावपज्जवे, देसे आइट्ठे तदुभयपज्जवे, चउप्पएसिए खंधे आया य नो आया य अवत्तव्वं आयाइय नो आयाइय१६ " (१६) જ્યારે પોતાની પર્યાયોની અપેક્ષાએ સદ્ભાવ પર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, અને જ્યારે પરપર્યાયોની અપેક્ષાએ અસદ્ભાવ-પર્યાયવાળો દેશ આદિષ્ટ થાય છે, તથા સદ્ભાવપર્યાયવાળો અને અસદ્ભાવ-પર્યાયવાળો દેશ આદિષ્ટ થાય છે, ત્યારે ચતુષ્પ્રદેશિક સ્કંધ સદ્રૂપ, અસ-દ્રૂપ અને આત્મા, નો આત્મા આ બે શબ્દો વડે એક સાથે અવકતવ્ય (અવાચ્ય) હોવાને કારણે અવકતવ્ય હોય છે. (૧૭) " देसे आइट्ठे सब्भाव-पज्जवे देसे आइट्ठे असब्भावपज्जवे, देसा आइट्ठा तदुभयपज्जवा चउप्पएसिए खंधे भवइ आया य नो आया य अवत्तव्वाइं आयाओ य णो आयाओ य १७ " જ્યારે પોતાની પર્યાયોની અપેક્ષાએ સદ્ભાવ પર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, પરપર્યાયોની અપેક્ષાએ અસદ્ભાવ પર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, અને સદ્ભાવપર્યાયવાળા અને અસદ્ભાવપર્યાયવાળા અનેક દેશો આદિષ્ટ થાય છે, ત્યારે તે ચતુષ્પ્રદેશિક સ્કંધ કથંચિત્ સદ્રૂપ, કથંચિત્ અસદ્રૂપ, અને અનેક આત્માઓ અને નો આત્માઓ વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવકતવ્ય રૂપ પણ હોય છે.

(૧૮) " देसे आइट्ठे सब्भावपज्जवे, देसा आइट्ठा असब्भावपज्जवा, देसे आइट्ठे तदुभयपज्जवे चउप्पएसिए खंधे आया य नो आयाओ य अवत्तव्वं आया-इय नो आयाइय१८ " જે સમયે સ્વપર્યાયોની અપેક્ષાએ સદ્ભાવ પર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, અને પરપર્યાયોની અપેક્ષાએ અસદ્ભાવપર્યાય-વાળા બે દેશ આદિષ્ટ થાય છે, અને તદુભય પર્યાયવાળો બીજો દેશ આદિષ્ટ

થાય છે, ત્યારે તે ચતુષ્પ્રદેશિક સ્કંધ કથંચિત્ સદ્રૂપ હોય છે, કથંચિત્ બે દેશોની અપેક્ષાએ અસદ્રૂપ હોય છે, અને આત્મા તથા અનાત્મા શબ્દો વડે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય રૂપ પણ હોય છે.

(૧૯) "देसा आइट्ठा सब्भावपज्जवा, देसे आइट्ठ असब्भावपज्जवे देसे आइट्ठे तदुभयपज्जवे चउप्पएसिए खंधे आयाओ य नो आया य अवत्तव्वं आया इय नो आयाइय १९" જ્યારે ચાર પ્રદેશિક સ્કંધના દેશ પોતાની પર્યાયોની અપેક્ષાએ સદ્ભાવ પર્યાયવાળા આદિષ્ટ થાય છે અને પરપર્યાયની અપેક્ષાએ અસદ્ભાવપર્યાવાળો બીજો દેશ જ્યારે આદિષ્ટ થાય છે અને જ્યારે સદ્ભાવ અને અસદ્ભાવ પર્યાયવાળો દેશ આદિષ્ટ થાય છે, ત્યારે તે ચાર પ્રદેશિક સ્કંધ તે સૌની અપેક્ષાએ સદ્રૂપોવાળો હોય છે, અને સદ્રૂપ અને અસદ્રૂપ આ બન્ને રૂપે તે એક સાથે અવાચ્ય હોવાને કારણે અવક્તવ્ય હોય છે. "से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ चउप्पएसिए खंधे सिय आया, सिय नो आया, सिय अवत्तव्वं, निक्खेवे ते चेव भंगा उच्चारेयव्वा जाव नो आयाइय" હે ગૌતમ ! તે કારણે મેં એવું કહ્યું છે કે (૧) ચાર પ્રદેશિક સ્કંધ અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, (૨) અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે, (૩) અને અમુક અપેક્ષાએ અવક્તવ્ય છે, કારણ કે તે સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો વડે એક સાથે અવાચ્ય હોય છે. આ ક્રમે ૧૯માં ભંગ પર્યન્તના ભંગો અહીં કહેવા જોઇએ ૧૯મો ભંગ આ પ્રમાણે સમજવો–"स्यात् आत्मा च, नो आत्मा च, स्यात् आत्मा च अवक्तव्यं, स्यात् नो आत्मा च अवक्तव्यं" છેલ્લા ભંગને સૂત્રકારે આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કર્યો છે–"स्यात् आत्मानश्च-सद्रूपाः, नो आत्मा चासद्रूपः, अवक्तव्यम् आत्मा सद्रूप इति च, नो आत्मा असद्रूप इति च" આ પ્રકારના ૧૯ ભંગોમાં ત્રણ ભંગ સકલાદેશવાળા છે, બાકીના ચારેમાં પ્રત્યેકમાં ચાર ચાર વિકલ્પ થાય છે. આ પ્રકારના કુલ ૧૯ ભંગ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"आया भंते ! पंचपएसिए खंधे अन्ने पंचपएसिए खंधे ?" હે ભગવન્ ! પાંચ પ્રદેશિક સ્કંધ શું સદ્રૂપ હોય છે, કે અસદ્રૂપ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! હે ગૌતમ ! " पंचपएसिए खंधे सिय आया य१, सिय नो आया य२, " પાંચ પ્રદેશિક સ્કંધ (૧) અમુક અપેક્ષાએ સદ્રૂપ પણ હોય છે, (૨) અમુક અપેક્ષાએ અસદ્રૂપ પણ હોય છે, " सिय अवत्तव्वं आयाइ य नो आयाइ य " (૩) અમુક અપેક્ષાએ તે અવક્તવ્ય રૂપ પણ છે, કારણ કે સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો દ્વારા તે એક સાથે અવાચ્ય હોય છે. "सिय आया य, नो आया य सिय अवत्तव्व४" તે પંચપ્રદેશિક સ્કંધ અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અને અમુક અપેક્ષાએ અસદ્રૂપ છે અને અમુક અપેક્ષાએ અવક્તવ્ય છે, કારણ કે સદ્રૂપ અને અસદ્રૂપ, આ બે શબ્દો વડે તે એક સાથે અવાચ્ય છે. એજ પ્રમાણે દ્વિકસંયોગી બીજા ત્રણ ભંગ પણ પૂર્વોકત પદ્ધતિ અનુસાર સમજવા. "नो आया य अवत्तव्वेण य४ " તે નોઆત્મા રૂપ (અસદ્રૂપ) અને અવક્તવ્ય છે, આ પદ્ધતિ અનુસાર બીજા ચાર પૂર્વોકત ભંગ થાય છે. પહેલાંના સાત ભંગ અને આ ચાર ભંગ મળીને કુલ ૧૧ ભંગ થાય છે. " तियसंजोगे एक्को ण पडइ " ત્રણના સંયોગથી બનતા આઠ પૂર્વોકત ભંગોમાંનો આઠમો ભંગ અહીં સંભવી શકતો નથી, તે કારણે ત્રિકસંયોગી ૭ ભંગ જ અહીં બની શકે છે. આ પ્રકારે પંચપ્રદેશિક સ્કંધમાં કુલ ૨૨ ભંગ થાય છે પહેલા ત્રણ ભંગ પૂર્વોકત રીત અનુસાર સકળ દેશ-વિષયવાળા છે. ત્યારબાદ દ્વિકસંયોગી ત્રણ ચતુર્ભંગીના કુલ ૧૨ ભંગ બને છે અને ત્રિકસંયોગી ૭ ભંગ બને છે. આ રીતે ૩+૧૨+૭=૨૨ કુલ ભંગ થાય છે. ત્રિકસંયોગી આઠમો ભંગ અહીં સંભવી શકતો નથી તેથી અહીં કુલ ૨૩ ને બદલે ૨૨ ભંગ જ સંભવી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से केणट्ठेणं भंते ! तं चेव पडिउच्चारेयव्वं " હે ભગવન્ ! પંચપ્રદેશિક સ્કંધ અમુક અપેક્ષાએ સદ્રૂપ છે, અમુક અપેક્ષાએ પર્યાય) પર્યાયોની અપેક્ષાએ આદિષ્ટ થાય છે, ત્યારે અવકતવ્ય રૂપ હોય છે કારણ કે જ્યારે એવું કહેવામાં આવે છે કે પંચપ્રદેશિક સ્કંધ આત્મા–સદ્રૂપ છે, ત્યારે તે સદ્રૂપ જ છે એવું માની શકાતું નથી કારણ કે પર-પર્યાયની અપેક્ષાએ તે સમયે તે અસદ્રૂપ પણ હોય છે. તથા તે અનાત્મ રૂપ (અસદ્રૂપ) છે એવું જ્યારે કહેવામાં આવે ત્યારે તે અનાત્મ રૂપ જ છે એવું માની શકાતું નથી, કારણ કે સ્વપર્યાયની અપેક્ષાએ તે સમયે તે સદ્રૂપ પણ હોય છે. આ પ્રકારે એક સાથે સદ્રૂપ અને અસદ્રૂપ શબ્દો વડે તેનું કથન થઇ શકતું નથી, તે કારણે તે અવક્તવ્ય કોટિમાં આવી જાય છે અહીં તેને આ શબ્દો દ્વારા જ અવકતવ્ય કહેવામાં આવ્યો છે, એમ સમજવું જોઇએ, તે સર્વથા અવકતવ્ય છે એવું માનવું જોઇએ નહીં, કારણ કે જો તેને સર્વથા અવકતવ્ય કહેવામાં આવશે તો તેને અવકતવ્ય શબ્દ વડે પણ કહી શકાશે નહીં તેથી અવકતવ્ય શબ્દ વડે તે વકતવ્ય હોય છે જેમ કે જે પદાર્થો અનભિલાપ્ય કહેવાય છે, તેઓ ભાવ, પદાર્થ, વસ્તુ આદિ

શબ્દો દ્વારા અથવા અનભિલાપ્ય શબ્દ દ્વારા જ કહેવામાં આવે છે.

હવે દેશની અપેક્ષાએ પંચપ્રદેશિક સ્કંધના ભંગો પ્રકટ કરવા માટે આ પ્રમાણે કહી શકાય છે–જ્યારે પંચપ્રદેશિક સ્કંધનો પોતાના પર્યાયોની અપેક્ષાએ સદ્ભાવપર્યાયવાળો એકદેશ આદિષ્ટ થાય છે, ત્યારે તે સદ્રૂપ હોય છે, પરપર્યાયોની અપેક્ષાએ અસદ્ભાવ પર્યાયવાળો જ્યારે બીજો દેશ આદિષ્ટ થાય છે ત્યારે તે કથંચિત્ અસદ્રૂપ હોય છે. (૨) આ પ્રકારે પૂર્વોકત પદ્ધતિ અનુસાર પૂર્વોકત ૧૨ દ્વિકસંયોગી ભંગો થાય છે ત્રિકસંયોગમાં આઠમો ભંગ બનતો નથી, પણ પૂર્વોકત સાત ભંગ બને છે.

"छप्पएसिए सव्वे पडंति, जहा छप्पएसिए, एवं जाव अणंतपएसिए" છપ્રદેશિક સ્કંધમાં બધા ભંગો (૨૩ ભંગો) થાય છે, કારણ કે ત્રિકસંયોગમાં અહીં આઠમો ભંગ પણ સંભવી શકે છે. એજ પ્રકારે સાત, આઠ, નવ, દસ, સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશિક સ્કંધમાં પણ ૨૩–૨૩ ભંગ બને છે, એમ સમજવું જોઈએ.

હવે સૂત્રનો ઉપસંહાર કરતા સૂત્રકાર ગૌતમ સ્વામીના આ શબ્દો દ્વારા મહાવીર પ્રભુના વચનોને પ્રમાણભૂત ગણાવે છે–"सेवं भंते! सेवं भंते! त्ति जाव विहरइ" હે ભગવન્! આપની વાત સર્વથા સત્ય છે. હે ભગવન્! આપે જે કહ્યું તે સર્વથા સત્ય જ છે. આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને વિરાજમાન થઇ ગયા. ॥સૂ૦ ૩॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમાં શતકનો દસમો ઉદ્દેશો સમાપ્ત ॥૧૨–૧૦॥

॥ બારમું શતક સમાપ્ત ॥

તેરહવેં શતક કે પહલે ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

તેરમા શતકનો પ્રારંભ–
ઉદ્દેશક પહેલો

તેરમાં શતકના પહેલા ઉદ્દેશકમાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેનું સંક્ષિપ્તમાં વિવરણ કરવામાં આવે છે–નારકપૃથ્વીઓનું નિરૂપણ, રત્નપ્રભાના નરકાવાસોનું કથન, સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાં એક સમયમાં કેટલા નારકોનો ઉત્પાદ થાય છે અને કેટલા નારકોની ઉદ્વર્ત્તના (નરકમાંથી નીકળવાની ક્રિયા) થાય છે, તેની પ્રરૂપણા, રત્નપ્રભામાં નારક જીવોની સત્તાની પ્રરૂપણા, અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાં નારકોના ઉત્પાદ આદિની પ્રરૂપણા, એજ પ્રમાણે શર્કરાપ્રભા આદિ નરકપૃથ્વીઓના નરકાવાસોની પ્રરૂપણા, રત્નપ્રભામાં સંખ્યાત યોજનના

વિસ્તારવાળા નરકાવાસોમાં સમ્યગ્દૃષ્ટિ આદિકોના ઉત્પાદની પ્રરૂપણા, સમ્યગ્દૃષ્ટિ આદિકોની ઉદ્વર્ત્તનાની પ્રરૂપણા, સમ્યગ્દૃષ્ટિઓની અવિરહિતતાની પ્રરૂપણા, સાતમી નરકપૃથ્વીમાં સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોની ઉત્પત્તિની પ્રરૂપણા, "કૃષ્ણાદિ લેશ્યાવાળા જીવો શું કૃષ્ણ લેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે? કે નીલલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે? કે કાપોત લેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે?" ઇત્યાદિ પ્રશ્નોત્તરો.

તેરમાં શતકના ઉદ્દેશકોના વિષયનું સૂચન કરતી સંગ્રહગાથા—

"पुढवी१ देव२ मणंतर३ पुढवी४ आहारमेव५ उववाए६।
भासा७ कम्म८ अणगारे केयाघडिया९ समुग्घाए १०॥१॥"

તેરહવેં શતક કે ઉદ્દેશાર્થ સંગ્રહ

પૃથ્વી નામના પહેલા ઉદ્દેશામાં નરકપૃથ્વીઓનું પ્રતિપાદન કર્યું છે. દેવ નામના બીજા ઉદ્દેશામાં દેવોની પ્રરૂપણા કરી છે. "મણંતર" ઉપપાત ક્ષેત્રની પ્રાપ્તિના સમયમાં તુરત જ આહાર કરનારા નારકોના વિષયનું ત્રીજા ઉદ્દેશામાં પ્રતિપાદન કર્યું છે. ચોથા ઉદ્દેશામાં નરકપૃથ્વીઓની વક્તવ્યતાનું પ્રતિપાદન કર્યું છે છઠ્ઠા ઉદ્દેશામાં નારકાદિના ઉપપાતનું કથન કર્યું છે. સાતમાં ઉદ્દેશામાં ભાષાની અને આઠમાં ઉદ્દેશામાં કર્મની પ્રરૂપણા કરી છે. ભાવિતાત્મા અણગાર વૈક્રિયલબ્ધિના પ્રભાવથી, હાથમાં દોરડાથી બાંધેલી ઘડીયાળ લઈને આકાશમાં ગમન કરી શકે છે, ઇત્યાદિ વિષયનું પ્રતિપાદન નવમાં ઉદ્દેશામાં કરવામાં આવ્યું છે દસમાં ઉદ્દેશામાં સમુદ્ઘાતોનું વર્ણન કરવામાં આવ્યું છે આ પ્રકારના દસ ઉદ્દેશકોનો આ તેરમાં શતકમાં સમાવેશ થાય છે ઉપર્યુક્ત ગાથાનો અર્થ આ પ્રમાણે થાય છે.

પૃથિવ્યાદિ કા નિરૂપણ

—પૃથ્વી આદિની વક્તવ્યતા—

"रायगिहे जाव एवं वयासी" ઇત્યાદિ—

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા રત્નપ્રભા આદિ પૃથ્વીઓના વિષયમાં વિશેષ વક્તવ્યતાનું કથન કર્યું છે. "रायगिहे जाव एवं वयासी" રાજગૃહ

નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા ધર્મકથા સાંભળવાને પરિષદ નીકળી ધર્મકથા સાંભળીને પરિષદ વિખરાઇ ગઈ ત્યાર બાદ ધર્મતત્ત્વને સમજવાની અભિલાષાવાળા ગૌતમ સ્વામીએ બન્ને હાથ જોડીને ખૂબ જ વિનયપૂર્વક મહાવીર પ્રભુને આ પ્રમાણે પૂછયું–"कइणं भंते ! पुढवीओ पण्णत्ताओ ?" હે ભગવન્! પૃથ્વીઓ કેટલી કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ " હે ગૌતમ ! પૃથ્વીઓ સાત કહી છે. " तंजहा " તેમના નામ નીચે પ્રમાણે છે–" रयणप्पभा जाव अहे सत्तमा " (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમઃપ્રભા અને (૭) અધઃસપ્તમી (તમસ્તમપ્રભા)

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" इमीसे णं भंते! रयणप्पभाए पुढवीए केवइया निरयावाससयसहस्सा पण्णत्ता ?" હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસો કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" तीसं निरयावाससयसहस्सा पण्णत्ता ?" હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસો કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थाडा ?" હે ભગવન્! તે નરકાવાસો શું સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! હે ગૌતમ ! संखेज्जवित्थडा वि' असंखेज्जवित्थडा वि " તે નરકાવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु एगसमएणं केवइया नेरइया उववज्जंति ?" હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે, તેમાં એક સમયમાં કેટલા નારકો ઉત્પન્ન થાય છે ? " केवइया काउलेस्सा उववज्जंति ?" કેટલા કાપોતલેશ્યાવાળા જીવો ઉત્પન્ન થાય છે ? (આ પ્રકારનો પ્રશ્ન પૂછવાનું કારણ એ છે કે રત્નપ્રભા પૃથ્વીમાં કાપોતલેશ્યાવાળા જ જીવો ઉત્પન્ન થાય છે, કૃષ્ણાદિલેશ્યાવાળા જીવો ઉત્પન્ન થતા નથી તેથી કાપોતલેશ્યાવાળા જીવોને અનુલક્ષીને જ આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, એમ સમજવું.) केवइया कण्हपक्खिया उववज्जंति ?" કેટલા કૃષ્ણપાક્ષિક જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया सुक्कपक्खिया उववज्जंति ?" કેટલા શુકલપાક્ષિક જીવો ઉત્પન્ન થાય છે ?

કૃષ્ણપાક્ષિક અને શુકલપાક્ષિક જીવોનું લક્ષણ આ પ્રમાણે છે–

"जेसिम वड्ढो पोग्गलपरियट्टो सेसओ उ संसारो।
ते सुक्कपक्खिया खलु अहिणे पुण कण्हपक्खीया॥"

જે જીવોનો સંસાર અર્ધપુદ્ગલપરિવર્ત કરતાં ન્યૂન બાકી રહ્યો હોય છે, તે જીવોને શુકલપાક્ષિક કહે છે, અને તેમના કરતાં અધિક સંસારવાળા જીવોને કૃષ્ણપાક્ષિક કહે છે.

"केवइया सन्नी उववज्जंति, केवइया असन्नी उववज्जंति ?" કેટલા સંજ્ઞી જીવો ઉત્પન્ન થાય છે ? કેટલા અસંજ્ઞી જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया भवसिद्धिया उववज्जंति ?" કેટલા ભવસિદ્ધિક જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया अभवसिद्धिया उववज्जंति ?" કેટલા અભવસિદ્ધિકો ઉત્પન્ન થાય છે ? (ભવને તરી જનારને ભવસિદ્ધિક અને ભવસાગરને તરી ન જનારને અભવસિદ્ધિક કહે છે) "केवइया आभिणिबोहियनाणी उववज्जंति ?" કેટલા આભિનિબોધિક જ્ઞાની (મતિજ્ઞાની) જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया सुयणाणी उववज्जंति ?" કેટલા શ્રુતજ્ઞાની જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया ओहिनाणी उववज्जंति ?" કેટલા અવધિજ્ઞાની જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया मइ अन्नाणी उववज्जंति ?" કેટલા મત્યજ્ઞાની જીવો ઉત્પન્ન થાય છે ? केवइया सुय अन्नाणी उववज्जैति ?" કેટલા શ્રુતજ્ઞાની જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया विब्भंगनाणी उववज्जंति ?" કેટલા વિભંગજ્ઞાની જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया चक्खुदंसणी उववज्जंति ?" કેટલા ચક્ષુદર્શનવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया अचक्खुदंसणी उववज्जंति ?" કેટલા અચક્ષુદર્શનવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया ओहिदंसणी उववज्जंति ?" કેટલા અવધિદર્શનવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया आहारसन्नोवउत्ता उववज्जति ?" કેટલા આહારસંજ્ઞાવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया भयसन्नोवउत्ता उववज्जंति ?" કેટલા ભયસંજ્ઞાવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया मेहुणसन्नोवउत्ता उववज्जंति ?" કેટલા મૈથુનસંજ્ઞાવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया परिग्गहसन्नोवउत्ता उववज्जंति ?" કેટલા પરિગ્રહસંજ્ઞાવાળા જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया इत्थीवेयगा उववज्जंति ?" કેટલા સ્ત્રીવેદી જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया पुरिसवेयगा उववज्जंति ?" કેટલા પુરુષવેદક જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया नपुंसगवेयगा उववज्जंति ?" કેટલા નપુંસકવેદક જીવો ઉત્પન્ન થાય છે ? "केवइया कोहकसायी उववज्जंति ? जाव केवइया लोभकसायी उववज्जंति ?" કેટલા ક્રોધકષાયવાળા જીવો ઉત્પન્ન થાય છે ? કેટલા માનકષાયી જીવો ઉત્પન્ન થાય છે ? કેટલા માયા કષાયી જીવો ઉત્પન્ન થાય છે ? કેટલા

લોભકષાયી જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया सोइंदिय उवउत्ता उववज्जंति ?" કેટલા શ્રોત્રેન્દ્રિય ઉપયોગવાળા જીવો ઉત્પન્ન થાય છે ? " जाव केवइया फासिंदियोवउत्ता उववज्जंति ?' કેટલા ઘ્રાણેન્દ્રિયોપયુક્ત, કેટલા રસનેન્દ્રિયોપયુક્ત, અને કેટલા સ્પર્શેન્દ્રિયોપયુક્ત જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया नोइंयोवउत्ता उववज्जति ?" કેટલા નોઇન્દ્રિયોપયુક્ત જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया मणजोगी उववज्जंति ?" કેટલા મનોયોગી જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया वइजोगी उववज्जंति ?" કેટલા વચનયોગી જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया कायजोगी उववज्जंति ?" કેટલા કાયયોગી જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया सागारोवउत्ता उववज्जंति ?" કેટલા સાકારોપયોગયુક્ત જીવો ઉત્પન્ન થાય છે ? " केवइया अणागारोवउत्ता उववज्जंति ?" કેટલા અનાકારોપયુક્ત જીવો ઉત્પન્ન થાય છે ?

આ પ્રશ્નોનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે-" इमीसे णं रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु जहण्णेणं एक्कोवा, दोवा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा नेरइया उववज्जंति" હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે, તેમાં એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ નારકો ઉત્પન્ન થાય છે અને વધારેમાં વધારે સંખ્યાત નારકો ઉત્પન્ન થાય છે. " जहण्णेणं एक्कोवा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा काउलेस्सा उववज्जंति" તેમાં એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત કાપોતલેશ્યાવાળા નારકો ઉત્પન્ન થાય છે. " जहण्णेणं एक्कोवा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा कण्हपक्खिया उववज्जंति" ત્યાં એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત કૃષ્ણપાક્ષિકો ઉત્પન્ન થાય છે. " एवं सुक्कपक्खिया वि, एवं सन्नी एवं असन्नी वि, एवं भवसिद्धिया, एवं अभवसिद्धिया" એજ પ્રમાણે શુકલપાક્ષિકજીવો, સંજ્ઞીજીવો, અસંજ્ઞીજીવો, ભવસિદ્ધિક જીવો અને અભવસિદ્ધિક જીવો પણ એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ઉત્પન્ન થાય છે. " आभिणिबोहियनाणी, सुयनाणी, ओहिनाणी, मइ अन्नाणी, सुय अन्नाणी, विभंगनाणी" એજ પ્રમાણે આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મત્યજ્ઞાની, શ્રુતાજ્ઞાની અને વિભંગજ્ઞાની જીવો પણ એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ઉત્પન્ન થાય છે. " चक्खुदंसणी ण उववज्जंति" ચક્ષુર્દર્શની ત્યાં ઉત્પન્ન થતા નથી, કારણ કે ઇન્દ્રિયોનો પરિત્યાગ કરીને જ જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. જો ત્યાં ચક્ષુર્દર્શનીનો ઉત્પાદ થતો ન હોય, તો અચક્ષુર્દર્શનીનો ઉત્પાદ કેવી રીતે સંભવી શકે ?

આ પ્રકારની શંકા અહીં કરવી જોઇએ નહીં, કારણ કે અચક્ષુદર્શન પ્રતિપાદ્ય ઇન્દ્રિયાનાશ્રિત સામાન્ય ઉપયોગમાત્રનો ઉત્પત્તિના સમયમાં પણ ત્યાં સદ્‌ભાવ રહે છે, તે કારણે ત્યાં અચક્ષુદર્શનીઓની ઉત્પત્તિ થાય છે, એવું કહેવામાં આવ્યું છે. એજ કારણે અહીં એવું કહેવામાં આવ્યું છે કે "जहण्णेणं एक्कोवा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा अचक्खुदंसणी उववज्जति" ત્યાં એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત અચક્ષુદર્શની જીવો ઉત્પન્ન થાય છે. "एवं ओहिदंसणी वि, आहारसन्नोवउत्ता वि जाव परिग्गहसन्नोवउत्ता उववज्जंति" એજ પ્રમાણે ત્યાં એક સમયમાં અવધિજ્ઞાની, આહારસંજ્ઞોપયુક્ત, ભયસંજ્ઞોપયુક્ત, મૈથુનસંજ્ઞોપયુક્ત અને પરિગ્રહસંજ્ઞોપયુકત જીવો પણ ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ઉત્પન્ન થાય છે. "इत्थीवेयगा न उववज्जंति, पुरिसवेयगा वि ण उववज्जंति" ત્યાં સ્ત્રીવેદકો અને પુરુષવેદકો ઉત્પન્ન થતા નથી, કારણ કે ત્યાં ભવપ્રત્યય (નરકના ભવમાં) નપુંસકવેદ માત્ર જ હોય છે. તેથી ત્યાં "जहण्णेणं एक्को, वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा नपुंसगवेयगा उववज्जंति" ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત નપુંસકવેદક જીવો ઉત્પન્ન થાય છે, એવું કહ્યું છે "एवं कोहकसाई जाव लोभकसाई उववज्जंति" એજ પ્રમાણે ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી અને લોભકષાયી જીવો પણ ઓછામાં એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ઉત્પન્ન થાય છે. "सोइंदियउवउत्ता न उववज्जंति एवं जाव फासिंदियोवउत्ता न उववज्जंति" શ્રોત્રેન્દ્રિયોપયુકત, ચક્ષુઇન્દ્રિયોપયુકત, ઘ્રાણેન્દ્રિયોપયુકત અને સ્પર્શેન્દ્રિયોપયુકત જીવોની ત્યાં ઉત્પત્તિ થતી નથી, કારણ કે તે સમયે ત્યાં ઇન્દ્રિયોનો અભાવ રહે છે. "जहण्णेणं एक्का वा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा नोइंदियोवउत्ता उववज्जंति" ત્યાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત નોઇન્દ્રિયોપયુકત જીવો ઉત્પન્ન થાય છે.

શંકા–અપર્યાપ્તાવસ્થામાં ત્યાં મનઃપર્યાપ્તિના અભાવને લીધે મનનો સદ્‌ભાવ હોતો નથી, અને આ નોઇન્દ્રિય મનરૂપ હોય છે. તો પછી ત્યાં નોઇન્દ્રિયોપયુકતોનો સદ્‌ભાવ કેવી રીતે સંભવી શકે ?

ઉત્તર–જો કે ત્યાં દ્રવ્યમનનો સદ્‌ભાવ નથી, પરન્તુ ચૈતન્ય રૂપ ભાવમનનો તો સદા સદ્‌ભાવ રહે છે. તેથી ભાવમનોપયુકત જીવોનો ત્યાં ઉત્પાદ થવાથી નોઇન્દ્રિયોપયુકતોનો સદ્‌ભાવ કહેવામાં આવ્યો છે.

"मणजोगी ण उववज्जंति, एवं वइजोगी वि" ત્યાં મનોયોગી અને વચનયોગી જીવો ઉત્પન્ન થતા નથી, કારણ કે ઉત્પાદને સમયે તેઓ અપર્યાપ્તક હોય છે, તેથી મન અને વચનનો અભાવ કહેવામાં આવ્યો છે. जहण्णेणं एक्कोवा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा कायजोगी उववज्जंति" ત્યાં એક

સમયે ઓછામાં ઓછા એક, બે, અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત કાયયોગી ઉત્પન્ન થાય છે, કારણ કે સમસ્ત સંસારી જીવોમાં કાયયોગનો સદા સદ્ભાવ જ રહે છે. "एवं सागारोवउत्ता वि एवं अणागारोवउत्ता वि" એજ પ્રમાણે સાકારોપયોગવાળા અને અનાકારોપયોગવાળા જીવો પણ ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ઉત્પન્ન થાય છે. ॥સૂ૦૧॥

"इमीसे णं भंते !" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં નારકોની ઉદ્વર્ત્તનાની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" इमीसेणं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु एगसमएणं केवइया नेरइया उव्वट्टंति ?" હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના જે ૩૦ લાખ નરકાવાસો કહ્યા છે, તેમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાંથી એક સમયે કેટલા નારકો નરકભવને છોડીને નીકળે છે ? (નરકભવનું આયુષ્ય પૂરું કરીને ત્યાંથી નીકળવાની ક્રિયાને ઉદ્વર્ત્તના કહે છે.) " केवइया काउलेस्सा उव्वट्टंति ?" કેટલા કાપોત લેશ્યાવાળા નારકો ત્યાંથી નીકળે છે ? " जाव केवइया अणागारोवउत्त उव्वट्टंति ?" કૃષ્ણપાક્ષિકથી લઇને અનાકારોપયુકત સુધીના કેટલા નારકો ત્યાંથી એક સમયમાં નીકળે છે ? આ પ્રકારે પહેલા સૂત્રમાં ઉત્પાદના વિષયમાં જે ૩૯ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, એવા જ ૩૯ પ્રશ્નો અહીં ઉદ્વર્ત્તનાના વિષયમાં પૂછવામાં આવ્યા છે, એમ સમજવું જોઈએ.

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा !" હે ગૌતમ ! " इमीसे णं रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु एगसमएणं जहण्णेणं एक्कोवा, दोवा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा नेरइया उववट्टंति, एवं जाव सन्नी " આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે તેમાંથી એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત નારકો નરકભવનું આયુષ્ય પૂરું કરીને નીકળે છે. એજ પ્રમાણે કાપોતલેશ્યાવાળા, કૃષ્ણપાક્ષિક, શુકલપાક્ષિક અને સંજ્ઞી નારકો પણ ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત નીકળે છે. ત્યાંથી અસંજ્ઞી નારકો ઉદ્વર્ત્તના કરતા નથી કારણ કે ઉદ્વર્ત્તના પરભવના પ્રથમ સમયમાં થાય છે અને નારકો મરીને અસંજ્ઞીમાં ઉત્પન્ન થતા નથી તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે અસંજ્ઞી અવસ્થામાં નારકો ત્યાંથી ઉદ્વર્ત્તના કરતા નથી. " जहण्णेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा भवसिद्धिया उववट्टंति एवं जाव

सुय अन्नाणी" ओछामां ओछा એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ભવસિદ્ધિક નારકો ત્યાંથી એક સમયમાં નીકળે છે. એજ પ્રમાણે અભવસિદ્ધિક નારકો, આભિનિબોધિકજ્ઞાની નારકો શ્રુતજ્ઞાની નારકો, અવધિજ્ઞાની નારકો, મત્યજ્ઞાની નારકો અને શ્રુતજ્ઞાની નારકો પણ ત્યાંથી એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ નીકળે છે અને વધારેમાં વધારે સંખ્યાત સુધી પણ નીકળે છે. "विब्भंगनाणी ण उव्वट्टंति' चक्खुदंसणी ण उव्वट्टंति" ત્યાંથી વિભંગજ્ઞાની નારકો ઉદ્વર્ત્તના કરતા નથી કારણ કે મરણકાળે વિભંગજ્ઞાનનો અભાવ થઈ જાય છે. એજ પ્રમાણે ચક્ષુર્દર્શની નારકો પણ ત્યાંથી ઉદ્વર્ત્તના કરતા નથી, કારણ કે મરણકાળે ચક્ષુર્દર્શનનો પણ અભાવ જ રહે છે.

એજ વાત આ સૂત્રપાઠ દ્વારા વ્યકત કરવામાં આવી છે—

"असन्निणो य" ઇત્યાદિ—

" जहण्णेणं एक्कोवा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा अचक्खुदंसणी उव्वट्टंति" ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત અચક્ષુર્દર્શની નારકો ત્યાંથી ઉદ્વર્ત્તના કરે છે. एवं जाव लोभकसायी" એજ પ્રમાણે અવધિદર્શની, આહારસંજ્ઞોપયુકત, ભયસંજ્ઞોપયુકત, મૈથુનસંજ્ઞોપયુકત, પરિગ્રહસંજ્ઞોપયુકત, સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક, ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી અને લોભકષાયી નારકો પણ ત્યાંથી એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ નીકળે છે અને વધારેમાં વધારે સંખ્યાત પણ નીકળે છે. " सोइंदियोवउत्ता ण उव्वट्टंति, एवं जाव फासिंदियोवउत्ता न उव्वट्टंति" શ્રોત્રેન્દ્રિયોપયુકત નારકો ત્યાંથી ઉદ્વર્ત્તના કરતા નથી ચક્ષુઇન્દ્રિયોપયુકત, ઘ્રાણેન્દ્રિયોપયુકત, રસનેન્દ્રિયોપયુકત, અને સ્પર્શેન્દ્રિયોપયુકત નારકો પણ ત્યાથી ઉદ્વર્ત્તના કરતા નથી, કારણ કે ઇન્દ્રિયોને છોડીને જ ઉદ્વર્ત્તનાનો સદ્ભાવ કહ્યો છે. " जहण्णेणं एक्कोवा, दोवा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा वा नोइंदियोवउत्ता उव्वट्टंति" એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત નોઇન્દ્રિયોપયુકત (મનોયુકત) નારકો ત્યાંથી ઉદ્વર્ત્તના કરે છે " मणजोगी न उव्वट्टंति, एवं वइजोगी वि" મનોયોગી અને વચનયોગી નારકો ઉદ્વર્ત્તના કરતા નથી. " जहण्णेणं एक्कोवा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखिज्जा कायजोगी उव्वट्टंति" ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત કાયયોગી નારકો ત્યાંથી ઉદ્વર્ત્તના કરે છે. " एवं सागारोवउत्ता अणगारोवउत्ता" એજ પ્રમાણે સાકારોપયુકત અને અનાકારોપયુકત નારકો પણ ત્યાંથી ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ઉદ્વર્ત્તના કરે છે. ।।સૂ૦૨।।

"इमीसेणं भंते ! रयणप्पभाए" ઇત્યાદિ—

ટીકાર્થ–રત્નપ્રભા પૃથ્વીના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાં એક સમયમાં કેટલા નારકો ઉત્પન્ન થાય છે અને ત્યાંથી એક સમયમાં કેટલા નારકો ઉદ્વર્ત્તના કરે છે, તેની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર ત્યાં કેટલા નારકો રહેલા છે, તેની પ્રરૂપણા કરે છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"इमीसेणं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयवाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु केवइया नेरइया पण्णत्ता ?" હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે તેમાં કેટલા નારકો કહ્યા છે ? "केवइया काउलेस्सा जाव केवइया अणागारोवउत्ता पण्णत्ता ?' કેટલા કાપોતલેશ્યાવાળા નારકો કહ્યા છે ? અને કૃષ્ણપાક્ષિકથી લઈને અનાકારોપયુકત પર્યન્તના નારકો કેટલા કહ્યા છે ? (અનાકારોપયુકત સુધીના ૩૯ બોલોને અનુલક્ષીને અહીં આ પ્રકારના પ્રશ્નો સમજી લેવા જોઈએ.) "केवइया अणंतरोववन्नगा पण्णत्ता ?" કેટલા અનન્તરોપપન્નક (પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલા) નારકો કહ્યા છે ? "केवइया परंपरोववन्नगा पण्णत्ता ?" કેટલા પરમ્પરોપપન્નક (ઉત્પત્તિ સમયની અપેક્ષાએ બે આદિ સમયોમાં વર્તમાન) નારકો કહ્યા છે ? "केवइया अणंतरोवगाढा पण्णत्ता ?" કેટલા અનન્તરાવગાઢ (વિવક્ષિત ક્ષેત્રમાં પ્રથમ સમયમાં અવગાઢ–મોજૂદ) નારકો કહ્યા છે ? "केवइया परंपरोवगाढा ?" કેટલા પરમ્પરાવગાઢ (વિવક્ષિત ક્ષેત્રમાં પરમ્પરા રૂપે જેમના અવગાઢમાં દ્વિતીય આદિક સમયવાળા) નારકો છે ? "केवइया अणंताहारा पण्णत्ता ?" કેટલા અનન્તાહાર (પ્રથમ સમયમાં આહાર લેનારા) નારકો કહ્યા છે ? "केवइया परंपराहारा पण्णत्ता ?' કેટલા પરમ્પરાહાર (બે આદિ સમયોમાં આહાર લેનારા) નારકો કહ્યા છે ? ' केवइया अणंतरपज्जत्ता पण्णत्ता ?" કેટલા પ્રથમ સમયમાં પર્યાપ્તક (અનન્તર પર્યાપ્તક) નારકો કહ્યા છે ? "केवइया परंपरपज्जत्ता ?" કેટલા પરમ્પરા પર્યાપ્તક (બે આદિ સમયોમાં પર્યાપ્તક થયેલા) નારકો કહ્યા છે ? "केवइया चरिमा पण्णत्ता ?" કેટલા ચરમ (નારક ભવોમાં એજ ભવ જેનો અન્તિમ છે અર્થાત્) નારકો છે ? "केवइया अचरिमा पण्णत्ता" કેટલા અચરિમ (પૂર્વોકત ચરમોથી ભિન્ન) નારકો કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "इमीसे रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु संखेज्जा नेरइया पण्णत्ता, संखेज्जा काउलेस्सा पण्णत्ता" આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા જે નરકાવાસો છે તેમાં સંખ્યાત નારકોનું અસ્તિત્વ કહ્યું છે, તથા કાપોતલેશ્યાવાળા નારકો પણ સંખ્યાત જ કહ્યા છે. "एवं जाव संखेज्जा सन्नी पण्णत्ता" એજ પ્રમાણે કૃષ્ણપાક્ષિક નારકો પણ સંખ્યાત જ કહ્યા છે. શુકલપાક્ષિક નારકો પણ સંખ્યાત જ કહ્યા છે અને સંજ્ઞી નારકો પણ સંખ્યાત જ કહ્યા છે. "असन्नी सिय अत्थि, सिय नत्थि" અસંજ્ઞી નારકો કયારેક ત્યાં હોય છે, અને કયારેક નથી હોતા. "जइ अत्थि जहण्णेणं एक्कोवा, दोवा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा पण्णत्ता" જો અસંજ્ઞી નારકો ત્યાં હોય છે, તો ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ હોય છે અને વધારેમાં વધારે સંખ્યાત હોય છે. અસંજ્ઞીઓમાંથી મરીને જેઓ નારક રૂપે ઉત્પન્ન થાય છે, તેમને અપર્યાપ્તક અવસ્થામાં ભૂતપૂર્વની અપેક્ષાએ અસંજ્ઞી કહ્યા છે; એવાં જીવો અલ્પ હોય છે, તેથી જ "सिय अत्थि सिय नत्थि" આ પ્રકારનું કથન કરવામાં આવ્યું છે. 'संखेज्जा भवसिद्धिया पण्णत्ता" ત્યાં સંખ્યાત ભવસિદ્ધિક નારકો કહ્યા છે અને અભવસિદ્ધિક પણ સંખ્યાત જ કહ્યા છે, આભિનિબોધિક જ્ઞાની પણ સંખ્યાત જ કહ્યા છે, શ્રુતજ્ઞાની, પણ સંખ્યાત જ કહ્યા છે, અવધિજ્ઞાની પણ સંખ્યાત જ કહ્યા છે, મત્યજ્ઞાની, શ્રુતાજ્ઞાની, વિભંગજ્ઞાની, ચક્ષુર્દર્શની, અચક્ષુર્દર્શની, અવધિર્દર્શની, આહારસંજ્ઞોપયુકત, ભયસંજ્ઞોપયુકત, મૈથુનસંજ્ઞોપયુકત અને પરિગ્રહસંજ્ઞોપયુકત નારકો પણ ત્યાં સંખ્યાત, સંખ્યાત જ કહ્યા છે. "इत्थिवेयगा नत्थि, पुरिसवेयगा नत्थि, संखेज्जा नपुंसगवेयगा पण्णत्ता" ત્યાં સ્ત્રીવેદકો નથી, પુરુષવેદકો પણ નથી, પરન્તુ સંખ્યાત નપુંસકવેદકો જ હોય છે. "एवं कोहकसाई वि, माणकसाई जहा असन्नी, एवं जहा लोभकसाई" ત્યાં ક્રોધકષાયી નારકો સંખ્યાત હોય છે, અસંજ્ઞી નારકોની જેમ માનકષાયી નારકો ત્યાં હોય છે પણ ખરાં અને નથી પણ હોતા જો માનકષાયી નારકોનો ત્યાં સદ્ભાવ હોય તો તેઓ ત્યાં સંખ્યાત હોય છે, એજ પ્રમાણે ત્યાં માયાકષાયી નારકો પણ સંખ્યાત જ કહ્યા છે અને લોભકષાયી નારકો પણ સંખ્યાત કહ્યા છે. "संखेज्जा सोइंदियोवउत्ता पण्णत्ता, एवं जाव फासिंदियोवउत्ता, नोइंदियोवउत्ता जहा असन्नी" શ્રોત્રેન્દ્રિયોપયુકત નારકો પણ ત્યાં સંખ્યાત જ કહ્યા છે, એજ પ્રમાણે ચક્ષુરિન્દ્રિયોપ-

યુક્ત પણ સંખ્યાત, ઘ્રાણેન્દ્રિયોપયુક્ત પણ સંખ્યાત, રસનેન્દ્રિયોપયુક્ત પણ સંખ્યાત અને સ્પર્શેન્દ્રિયોપયુક્ત પણ સંખ્યાત કહ્યા છે. ત્યાં નોઇન્દ્રિયોપયુક્ત નારકો અસંજ્ઞી નારકોની જેમ હોય છે પણ ખરાં અને નથી પણ હોતા. "संखेज्जा मणजोगी पण्णत्ता, एवं जाव अणागारोवउत्ता" ત્યાં મનોયોગી સંખ્યાત, વચનયોગી સંખ્યાત, કાયયોગી સંખ્યાત, સાકારોપયુક્ત સંખ્યાત અને અનાકારોપયુક્ત પણ સંખ્યાત કહ્યા છે. "अणंतरोववन्नगा सिय अत्थि, सिय नत्थि" અનન્તરોપપન્નક નારકો ત્યાં હોય છે પણ ખરાં અને નથી પણ હોતા. "जइ अत्थि जहा असन्नी" જો ત્યાં તેમનો સદ્ભાવ હોય છે, તો અસંજ્ઞીઓની જેમ તેઓ સંખ્યાત હોય છે "संखेज्जा परंपरोववन्नगा पण्णत्ता" ત્યાં પરંપરોપપન્નક નારકો પણ સંખ્યાત જ કહ્યા છે. "एवं जहा अणंतरोववन्नगा तहा अणंतरोगाढगा, अणंतराहारगा, अणंतरपज्जत्तगा, परंपरोवगाढगा जाव अचरिमा जहा परंपरोववन्नगा" અનન્તરોપપન્નક નારકોના જેવું જ કથન અનન્તરાવગાઢ, અનન્તરાહારક અને અનન્તરપર્યાપ્તકના વિષયમાં સમજવું પરમ્પરોપપન્નકના જેવું જ કથન પરમ્પરાવગાઢ, પરમ્પરાહારક, પરમ્પરાપર્યાપ્તક, ચરમ અને અચરમ નારકો વિષે સમજવું એટલે કે માન, માયા, લોભ આ કષાયોથી ઉપયુક્ત તથા નોઇન્દ્રિયોપયુક્ત, અનન્તરોપપન્નક, અનન્તરાવગાઢ, અનન્તરાહારક, અને અનન્તર પર્યાપ્તક નારકોનો ત્યાં કયારેક સદ્ભાવ હોય છે અને કયારેક સદ્ભાવ હોતો નથી તે કારણે તેમની સંખ્યા બતાવતી વખતે "स्यात् सन्ति" ઇત્યાદિ "કયારેક હોય છે અને કયારેક નથી હોતા" એ પ્રકારનું કથન થવું જોઇએ બાકીના નારકોની સંખ્યા ઘણી હોવાને કારણે તેમને "संख्येया" સંખ્યાત કહેવા જોઇએ સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોનું કથન અહીં પૂરું થાય છે.॥સૂ૦૩॥

रत्नप्रभा आदि पृथ्वियों के नैरयिकों के उत्पात आदि का निरूपण

"इमीसेणं भंते ! रयणप्पभाए" ઇત્યાદિ—

ટીકાર્થ—સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોની વકતવ્યતાનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર તેમના કરતાં ભિન્ન એવાં

અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોની વક્તવ્યતાનું કથન કરે છે– આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" इमीसेणं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु असंखेज्जवित्थडेसु नरएसु एगसमएणं केवइया नेरइया उववज्जंति जाव केवइया अणागारोवउत्ता उववज्जंति ?" હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના જે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે, તેમાં એક સમયમાં કેટલા નારકો ઉત્પન્ન થાય છે ? કેટલા કાપોતલેશ્યાવાળા નારકો ઉત્પન્ન થાય છે ? આ પ્રકારના પ્રશ્નો અનાકારોપયુક્ત પર્યન્તના નારકો વિષે પૂછવામાં આવેલ છે, એમ સમજવું પહેલા સૂત્ર જેવાં જ પ્રશ્નો અહીં અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો વિષે પણ સમજવા.

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! હે ગૌતમ ! " इमीसेणं रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु असंखेज्जवित्थडेसु नरएसु एगसमएणं जहण्णेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं असंखेज्जा नेरइया उववज्जंति" આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના જે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે તેમાં એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ નારકો ઉત્પન્ન થાય છે અને વધારેમાં વધારે અસંખ્યાત નારકો ઉત્પન્ન થાય છે. " एवं जहेव संखेज्जवित्थडेसु तिन्नि गमगा तहा असंखेज्ज वित्थडेसु वि तिन्नि गमगा, नवरं असंखेज्जा भाणियव्वा " પહેલા, બીજા અને ત્રીજા સૂત્રમાં સંખ્યાત યોજનવાળા નરકાવાસોના વિષયમાં જેવાં ત્રણ ગમક (ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાના વિષયમાં જેવા આલાપકસમૂહ–પ્રશ્નોત્તરો) આપવામાં આવ્યા છે, એવાં જ પ્રશ્નોત્તરો અહીં પણ સમજી લેવા જોઈએ. " सेसं तंचेव जाव असंखेज्जा अचरिमा पण्णत्ता, नाणत्तं लेस्सासु, लेसाओ जहा पढमसए " પૂર્વોક્ત સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોના ત્રણ આલાપકો કરતાં અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોમાં જો કોઇ અન્તર હોય, તો તે એટલું જ છે કે–સંખ્યાત યોજનના વિસ્તારવાળા નારકોમાં વધારેમાં વધારે " સંખ્યાત " નારકો ઉત્પન્ન થાય છે, પરન્તુ અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાં વધારેમાં વધારે ' અસંખ્યાત ' નારકો ઉત્પન્ન થાય છે, એમ સમજવું એજ પ્રમાણે ઉદ્વર્ત્તના અને સત્તા વિષયક આલાપકોમાં પણ સંખ્યાતને બદલે અસંખ્યાત પદનો પ્રયોગ અહીં (અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોના કથનમાં) થવો જોઈએ. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોના કથન પ્રમાણે જ સમજવું એટલે કે કાપોતલેશ્યાવાળા નારકોથી લઈને અનાકારોપયુક્ત પર્યન્તના નારકો પણ ત્યાં એક સમયમાં વધારેમાં વધારે અસંખ્યાત ઉત્પન્ન થાય છે, અસંખ્યાત ઉદ્વર્ત્તના કરે છે અને અસંખ્યાત નારકોનું ત્યાં અસ્તિત્વ હોય છે. એજ પ્રમાણે અનન્તરોપપન્નક નારકો પણ ત્યાં અસંખ્યાત જ હોય છે, પરમ્પરો-

પપન્નક નારકો પણ અસંખ્યાત જ હોય છે, અનન્તરાવગાઢ નારકો પણ અસંખ્યાત જ હોય છે, પરમ્પરાવગાઢ નારકો પણ અસંખ્યાત જ હોય છે, અનન્તરાહારવાળા નારકો પણ અસંખ્યાત જ હોય છે, પરમ્પરાહારવાળા નારકો પણ અસંખ્યાત જ હોય છે, અનન્તર પર્યાપ્ત નારકો પણ અસંખ્યાત જ હોય છે, પરમ્પરા પર્યાપ્ત નારકો પણ અસંખ્યાત જ હોય છે, ચરમ નારકો પણ અસંખ્યાત જ હોય છે અને અચરમ નારકો પણ અસંખ્યાત જ હોય છે. પરન્તુ લેશ્યાઓમાં–કાપોતલેશ્યા આદિકોમાં–ભિન્નતા છે. તે લેશ્યાઓ, પ્રથમ શતકના બીજા ઉદ્દેશામાં જેવી કહી છે એવી અહીં પણ સમજવી જોઇએ. "नवरं संखेज्जवित्थडेसु वि असंखेज्जवित्थडेसु वि ओहिनाणी ओहिदंसणी य संखेज्जा उव्वट्टा वेयव्वा, सेसं तंचेव" સંખ્યાત યોજનના વિસ્તારવાળા તથા અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાંથી વધારેમાં વધારે સંખ્યાત અવધિજ્ઞાની અને અવધિદર્શની નારકો ઉદ્વર્ત્તના કરે છે– અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાંથી અસંખ્યાત અવધિજ્ઞાની અને અવધિદર્શની નારકોની ઉદ્વર્ત્તના થતી નથી, કારણ કે અવધિજ્ઞાની અને અવધિદર્શની મોટે ભાગે તીર્થંકરાદિ જ હોય છે, તેથી એવાં થોડાં જીવોનું જ ત્યાંથી ચ્યવન થતું હોય છે. એટલે કે ત્યાંથી અવધિજ્ઞાની અને અવધિદર્શનીની ઉદ્વર્ત્તનાનું પ્રમાણ સંખ્યાત જ સમજવું બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન પ્રમાણે જ સમજવું ।।સૂ૦૪।।

शर्कराप्रभा आदि पृथ्वियों के नरकावास आदि का निरूपण

"सक्करप्पभाए णं भंते!" इत्यादि—

टीकार्थ–सूत्रकारे આ સૂત્ર દ્વારા શર્કરાપ્રભાથી લઇને તમસ્તમપ્રભા નામની ૬ નરકપૃથ્વીઓના વિષયમાં કથન કર્યું છે–

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सक्करप्पभ.एणं भंते! पुढवीए केवइया निरयावाससयसहस्सा पुच्छा" હે ભગવન્! શર્કરાપ્રભા નામની જે બીજી નરક છે, તેમાં કેટલા લાખ નરકાવાસો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! હે ગૌતમ! "पणवीसं निरयावाससयसहस्सा पण्णत्ता" શર્કરાપ્રભા પૃથ્વીમાં ૨૫ લાખ નરકાવાસ કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"तेणं भंते! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा?" હે ભગવાન્! તે ૨૫ લાખ નરકાવાસો શું સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा रयणप्पभाए तहा सक्करप्पभाए वि, नवरं असन्नी तिसु वि गमएसु न भन्नंति, सेसं तंचेव" હે ગૌતમ! જેમ

રત્નપ્રભામાં કેટલાક નરકાવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે અને કેટલાક અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, એજ પ્રમાણે શર્કરાપ્રભામાં પણ કેટલાક નરકાવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા અને કેટલાક અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે. આગળ રત્નપ્રભા પૃથ્વીના નારકોના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ કરવું જોઇએ તે કથન કરતા શર્કરાપ્રભાના નારકોના કથનમા એટલી જ વિશેષતા છે કે–રત્નપ્રભામાં ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સ્થિતિવિષયક ત્રણ આલાપકોમાં અસંજ્ઞિઓના ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સ્થિતિનું કથન કરવામાં આવ્યું છે, પરન્તુ શર્કરાપ્રભામાં તે આલાપકો કહેવા જોઇએ નહીં, કારણ કે અસંજ્ઞિઓની ઉત્પત્તિ આ પૃથ્વીમાં થતી જ નથી. અસંજ્ઞી જીવોનો ઉત્પાદ પહેલી નરકમાં જ થાય છે. સિદ્ધાન્તમાં આ પ્રકારનું કથન છે કે "असन्नी खलु पढमं" અસંજ્ઞી જીવોનો પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં જ ઉત્પાદ થાય છે બાકીનું સમસ્ત કથન રત્નપ્રભા પૃથ્વીના નારકોના કથન પ્રમાણે જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"वालुयप्पभाएणं पुच्छा" હે ભગવન્! વાલુકાપ્રભા નામની ત્રીજી નરકપૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "पन्नरसनिरयावाससयसहस्सा पण्णत्ता" વાલુકાપ્રભા પૃથ્વીમાં પંદર લાખ નરકાવાસ કહ્યા છે. "सेसं जहा सक्करप्पभाए, णाणत्तं लेसासु, लेसाओ जहा पढमसए" બાકીનું સમસ્ત કથન શર્કરાપ્રભાના કથન પ્રમાણે જ સમજવું શર્કરાપ્રભાના કથન કરતાં વાલુકાપ્રભાના કથનમાં એટલી જ વિશેષતા છે કે રત્નપ્રભા અને શર્કરાપ્રભામાં એક કાપોતલેશ્યા જ કહી છે, પરન્તુ વાલુકાપ્રભામાં કાપોત અને નીલ, આ બે લેશ્યાઓનો સદ્ભાવ કહ્યો છે. આ લેશ્યાઓને અનુલક્ષીને "काऊ दोसु तइयाइ" ઇત્યાદિ સંગ્રહગાથા આપવામાં આવી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"पंकप्पभाए पुच्छा" હે ભગવન્! ચોથી પંકપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસો કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "दसनिरयावाससयसहस्सा पण्णत्ता" પંકપ્રભામાં દસ લાખ નરકાવાસ કહ્યા છે. "एवं जहा सक्करप्पभाए, नवरं ओहिनाणी, ओहिदंसणी य न उव्वट्टंति, सेसं तं चेव" શર્કરાપ્રભામાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ સમસ્ત કથન પંકપ્રભાના વિષયમાં પણ સમજવું, પરન્તુ શર્કરાપ્રભાના કથન કરતાં પંકપ્રભાના કથનમાં એટલી જ વિશેષતા છે કે–પંકપ્રભાથી અવધિજ્ઞાની અને અવધિદર્શની જીવો ઉદ્વર્ત્તના કરતા નથી, કારણ કે સામાન્ય રીતે તીર્થંકરો જ અવધિજ્ઞાની અને અવધિદર્શની હોય છે અને ચોથી પૃથ્વીમાંથી નીકળેલો જીવ તીર્થંકર

રૂપે ઉત્પન્ન થતો નથી બાકીનું સમસ્ત કથન શર્કરાપ્રભાના કથન જેવું જ છે. પંકપ્રભામાં માત્ર નીલલેશ્યાવાળા નારકો જ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"धूमप्पभाए णं पुच्छा" હે ભગવન્! પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "तिन्नि निरयावास-सयसहस्सा, एवं जहा पंकप्पभाए" ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ નરકાવાસ કહ્યા છે. બાકીનું સમસ્ત કથન અહીં પંકપ્રભાના પૂર્વોકિત કથન પ્રમાણે જ સમજવું ધૂમપ્રભામાં નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યાવાળા નારકો જ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"तमाए णं भंते! पुढवीए केवइया निरयावास-सयसहस्सा पण्णत्ता पुच्छा?" હે ભગવન્! તમઃપ્રભા નામની છઠ્ઠી પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસો કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "एगे पंचूणे निरया-वाससयसहस्से पण्णत्ते" તમઃપ્રભા નરકપૃથ્વીમાં એક લાખમાં પાંચ ઓછા (૯૯૯૯૫) નરકવાસો છે. બાકીનું સમસ્ત કથન પંકપ્રભાના કથન પ્રમાણે જ સમજવું આ નરકમાં કૃષ્ણલેશ્યાવાળા નારકો જ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अहे सत्तमाए णं भंते! पुढवीए कइ अणुत्तरा महइमहालया महानिरया पण्णत्ता?" હે ભગવન્! અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલા અનુત્તર અને ખૂબ જ વિસ્તારવાળા મહાનરકાવાસો કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "पंच अणुत्तरा जाव अपइट्ठाणे" અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તર નરકાવાસો કહ્યા છે. તેમનો વિસ્તાર ઘણો જ મોટો છે તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) કાલ, (૨) મહાકાલ, (૩) રૌરવ, (૪) મહારૌરવ અને (૫) અપ્રતિષ્ઠાન આ તમસ્તમ પ્રભા પૃથ્વીમાં એક માત્ર મહાકૃષ્ણલેશ્યાનો જ સદ્ભાવ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"तेणं भंते! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा?" હે ભગવન્! તે અધઃસપ્તમી પૃથ્વીના જે પાંચ અનુત્તર, મહાવિસ્તૃત નરકા-વાસો છે, તે શું સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" "संखेज्जवित्थडे य असं-खेज्जवित्थडा य" હે ગૌતમ! તેમાં કેટલાક સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે અને કેટલાક અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अहे सत्तमाए णं भंते! पुढवीए पंचसु अणुत्तरेसु महइमहालय जाव महानिरएसु संखेज्जवित्थडे नरए एगसमएणं केवइया नेरइया उववज्जंति?" હે ભગવન્! અધઃસપ્તમી પૃથ્વીના જે પાંચ અનુત્તર મહાવિસ્તૃત

નરકાવાસો છે તેમાં એક સમયમાં કેટલા નારકો ઉત્પન્ન થાય છે? એટલે કે અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં એક સમયમાં કેટલા નારકો ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा पंकप्पभाए" હે ગૌતમ! આગળ જેવું કથન પંકપ્રભાના વિષયમાં કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ એટલે કે ત્યાં સંખ્યાત નારકો ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ કથન પંકપ્રભાના નારકોના કથન અનુસાર જ સમજવું. नवरं तिसु-नाणेसु न उववज्जंति, न उव्वट्टंति, पण्णत्ता एसु तहेव अत्थि" પરન્તુ પંકપ્રભા કરતાં અહીં એટલી વિશેષતા છે કે આભિનિબોધિક આદિ ત્રણ જ્ઞાનોમાં અહીં જીવો ઉત્પન્ન થતા નથી, અને ઉદ્વર્ત્તના પણ કરતા નથી, કારણ કે સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ થયેલા જીવોનો જ ત્યાં ઉત્પાદ થાય છે અને ત્યાંથી તેઓ ઉદ્વર્ત્તના કરે છે, તેથી આભિનિબોધિક આદિ પહેલા ત્રણ જ્ઞાનોમાં તેઓ ઉત્પન્ન પણ થતા નથી અને ઉદ્વર્ત્તના પણ કરતા નથી, એવું કહેવામાં આવ્યું છે. પરન્તુ વિદ્યમાનતા વિષયક જે આલાપકો છે, તે આ પાંચ અનુત્તર મહાનિરયાવાસો (મહાનરકાવાસોમાં) પંકપ્રભાના જેવાં જ છે. જેમ કે–

પ્રશ્ન–"આ પાંચ મહાનરકાવાસોમાં કેટલા આભિનિબોધિક જ્ઞાની છે? કેટલા શ્રુતજ્ઞાની છે? કેટલા અવધિજ્ઞાની છે?

ઉત્તર-ઉત્પાદ ઉદ્વર્ત્તના અને વિદ્યમાનતા વિષેના ત્રણ આલાપકોમાંનો જે વિદ્યમાનતા વિષયક ત્રીજો આલાપક છે તેમાં રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં જેવું કથન પહેલા ત્રણ જ્ઞાનોની વિદ્યમાનતાના વિષયમાં કરવામા આવ્યું છે, એવું જ કથન અધઃસપ્તમીમાં પણ કરવું જોઇએ, કારણ કે અહીં જે નારકો ઉત્પન્ન થાય છે, તેમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે, તેથી તેની પ્રાપ્તિ થવાની શકયતાને કારણે ત્યાં આભિનિબોધિક આદિ ત્રણ જ્ઞાનોનો સદ્ભાવ કહ્યો છે. "एवं असंखेज्जवित्थडेसु वि, नवरं असंखेज्जा भाणियव्वा" એજ પ્રમાણે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા બાકીના ચાર મહાનરકાવાસોમાં અસંખ્યાત નારકો ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ કથન સમજવું જોઇએ અહીં "સંખ્યાત" ને બદલે "અસંખ્યાતનો" પ્રયોગ સર્વત્ર થવો જોઇએ. એજ વાત "नवरं असंखेज्जा भाणियव्वा" આ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ॥સૂ૦૫॥

रत्नप्रभा पृथ्वीमें नैरयिकों के उत्पात आदि का कथन

"इमीसे णं भंते! ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં રત્નપ્રભા આદિ નરકોની વકતવ્યતાની જ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોની અપેક્ષાએ પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુ-

લક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु किं सम्मद्दिट्ठी नेरइया उववज्जंति, मिच्छादिट्ठी नेरइया उववज्जंति, सम्मामिच्छादिट्ठी नेरइया उववज्जंति ?" હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે, તેમાં શું સમ્યગ્દૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે ? કે મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "सम्मद्दिट्ठी वि नेरइया उववज्जंति, मिच्छादिट्ठी वि नेरइया उववज्जंति, नो सम्मामिच्छादिट्ठी नेरइया उववज्जंति" રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાં સમ્યગ્દૃષ્ટિ નારકો પણ ઉત્પન્ન થાય છે, મિથ્યાદૃષ્ટિ નારકો પણ ઉત્પન્ન થાય છે, પરન્તુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થતા નથી, કારણ કે "न सम्मामिच्छो कुणइ कालं" આ વચન અનુસાર મિશ્રદૃષ્ટિ અવસ્થામાં મરણ થતું નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु किं सम्मद्दिट्ठी नेरइया उव्वट्टंति ?" હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના જે ૩૦ લાખ નરકાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે, તેમાંથી શું સમ્યગ્દૃષ્ટિ નારકો ઉદ્વર્ત્તના કરે છે ? કે મિથ્યાદૃષ્ટિ નારકો ઉદ્વર્ત્તના કરે છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો ઉદ્વર્ત્તના કરે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं चेव" હે ગૌતમ ! ત્યાંથી સમ્યગ્દૃષ્ટિ નારકો પણ ઉદ્વર્ત્તના કરે છે, મિથ્યાદૃષ્ટિ નારકો પણ ઉદ્વર્ત્તના કરે છે, પરન્તુ જે મિશ્રદૃષ્ટિ નારકો છે, તેઓ ત્યાંથી ઉદ્વર્ત્તના કરતા નથી–નીકળતા નથી,

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडा नरगा किं सम्मद्दिट्ठीहिं नेरइएहिं अविरहिया, मिच्छादिट्ठीहिं नेरइएहिं अविरहिया, सम्मामिच्छादिट्ठीहिं नेरइएहिं अविरहिया वि" હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો શું સમ્યગ્દૃષ્ટિ નારકોથી યુક્ત છે ? કે મિથ્યાદૃષ્ટિ નારકોથી યુક્ત છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકોથી યુકત છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "सम्मद्दिट्ठीहिं वि नेरइएहिं अविरहिया, मिच्छादिट्ठीहिं वि नेरइएहिं अविरहिया, सम्मामिच्छादिट्ठीहिं नेरइएहिं अविरहिया, विरहिया वा" રત્નપ્રભા પૃથ્વીના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો છે, તેઓ સમ્યગ્દૃષ્ટિ નારકોથી પણ યુક્ત છે,

મિથ્યાદૃષ્ટિ નારકોથી પણ યુક્ત હોય છે, પરન્તુ કયારેક તે નરકાવાસો સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકોથી અવિરહિત (યુક્ત) પણ હોય છે અને કયારેક વિરહિત (રહિત) પણ હોય છે, કારણ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓનો ત્યાં કાયમ સદ્ભાવ જ હોય છે એવું નથી, કયારેક સદ્ભાવ અને કયારેક અભાવ હોવાને કારણે તેમનો વિરહ પણ સંભવી શકે છે. "एवं असंखेज्जवित्थडेसु वि तिन्नि गमगा भाणियव्वा" સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના જેવું જ કથન અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ નારકોના ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને વિદ્યમાનતાના વિષયમાં પણ સમજવું. "एवं सक्करप्पभाए वि, एवं जाव तमाए वि" એજ પ્રમાણે શર્કરાપ્રભા પૃથ્વીમાં પણ ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને વિદ્યમાનતાના વિષયમાં ત્રણ આલાપકોનું કથન કરવું જોઈએ એજ પ્રકાર વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા અને તમઃપ્રભામાં પણ ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને વિદ્યમાનતા વિષયક ત્રણ અભિલાપોનું કથન થવું જોઈએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अहे सत्तमाए णं भंते ! पुढवीए पंचसु अणुत्तरेसु जाव संखेज्जवित्थडे नरए किं सम्मद्दिट्ठी नेरइया पुच्छा ?" હે ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીના કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ અને અપ્રતિષ્ઠાન નામના જે પાંચ અનુત્તર, મહાવિશાલ નરકાવાસો છે, તેમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસમાં (અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં) શું સમ્યગ્દૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે ? કે મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "सम्मद्दिट्ठि नेरइया न उववज्जंति, मिच्छादिट्ठी नेरइया उववज्जंति, सम्मामिच्छादिट्ठी नेरइया न उववज्जंति" અધઃસપ્તમીના તે મહાનરકાવાસોમાં સમ્યગ્દૃષ્ટિ નારકો ઉત્પન્ન થતા નથી, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો પણ ઉત્પન્ન થતા નથી, પરન્તુ મિશ્રદૃષ્ટિ

નારકો જ ઉત્પન્ન થાય છે. "एवं उव्वट्टंति वि, अविरहिए जहेव रयणप्पभाए, एवं असंखेज्जवित्थडेसु वि तिन्नी गमगा" આ પૂર્વોક્ત રીતે જ અહીં ઉદ્વર્ત્તનાનું કથન પણ કરવું જોઈએ એટલે કે અધઃસપ્તમી પૃથ્વીના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોમાંથી સમ્યગ્દૃષ્ટિ નારકો પણ ઉદ્વર્ત્તના કરતા નથી, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો પણ ઉદ્વર્ત્તના કરતા નથી, પરન્તુ મિથ્યાદૃષ્ટિ નારકો જ ઉદ્વર્ત્તના કરે છે. વિરહિત અને અવિરહિત વિષયક વક્તવ્યતા અહીં રત્નપ્રભા જેવી જ સમજવી. એટલે કે અધઃસપ્તમીના સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો સમ્યગ્દૃષ્ટિ નારકોથી અવિરહિત (યુક્ત) છે. મિથ્યાદૃષ્ટિ નારકોથી પણ યુક્ત છે, પરન્તુ તે નરકાવાસો સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકોથી યુકત પણ હોય છે અને રહિત પણ હોય છે. કારણ કે તેઓનું કયારેક ત્યાં અસ્તિત્વ હોય છે અને કયારેક હોતું નથી, તેથી નરકાવાસો તેમનાથી રહિત પણ સંભવી શકે છે. અધઃસપ્તમીના અસંખ્યાત યોજનના નરકાવાસોમાં પણ ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને વિદ્યમાનતા વિષયક ત્રણ આલાપકો, સંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસો જેવાં જ સમજી લેવા. ।।સૂ૦ ૬।।

नारकों की लेश्या का निरूपण

—नरकवक्तव्यता—

"से णूणं भंते ! कण्हलेस्से" इत्यादि—

टीकार्थ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે નારકોની લેશ્યાઓના વિષયમાં પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-' से णूणं भंते ! कण्हलेस्से नीललेस्से जाव सुक्कलेस्से भवित्ता कण्हलेस्सेसु नेरइएसु उववज्जंति ?" હે ભગવન્ ! શું જીવ કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો, કાપોતલેશ્યાવાળો, તેજોલેશ્યાવાળો, પદ્મલેશ્યાવાળો અને શુકલલેશ્યાવાળો થઈને શું કૃષ્ણલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"हंता, गोयमा ! कण्हलेस्से जाव उववज्जइ" હા, ગૌતમ ! કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો, કાપોતલેશ્યાવાળો, તેજોલેશ્યાવાળો, પદ્મલેશ્યાવાળો અને શુકલલેશ્યાવાળો થઈને જીવ કૃષ્ણલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, कण्हलेस्से जाव उववज्जइ" હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો, કાપોતલેશ્યાવાળો, તેજોલેશ્યાવાળો, પદ્મલેશ્યાવાળો, અથવા શુકલલેશ્યાવાળો થઈને જીવ કૃષ્ણલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा !" હે ગૌતમ ! "लेस्सट्ठाणेसु संकिलिस्समाणेसु संकिलिस्समाणेसु कण्हलेस्सं परिणमइ, कण्हलेस्सं परिणमइत्ता कण्ह-

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से केणट्ठेणं भंते ! जाव उववज्जइ " હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે કૃષ્ણાદિ લેશ્યાવાળો થઈને જીવ નીલ લેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा !" હે ગૌતમ ! " लेस्सट्ठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा नीललेस्सं परिणमइ, नीललेस्सं परिणमइत्ता नीललेस्सेसु नेरइएसु उववज्जइ " જ્યારે લેશ્યા.ભેદો (લેશ્યાસ્થાન) અવિશુદ્ધિ અથવા વિશુદ્ધિને પ્રાપ્ત કરતા રહે છે, એટલે કે જ્યારે પ્રશસ્ત લેશ્યા.સ્થાનો અવિશુદ્ધિને અને અપ્રશસ્ત લેશ્યાસ્થાનો વિશુદ્ધિને પ્રાપ્ત કરતા રહે છે, ત્યારે જીવ નીલલેશ્યા પ્રાપ્ત કરે છે, અને નીલલેશ્યા પ્રાપ્ત કરીને જીવ નીલલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે. " से तेणट्ठेणं गोयमा ! जाव उववज्जइ " હે ગૌતમ ! તે કારણે મેં એવું કહ્યું છે કે કૃષ્ણાદિ લેશ્યાવાળો થઈને જીવ નીલલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से णूणं भंते ! कण्हलेस्से नील जाव भवित्ता काउलेस्सेसु नेरइएसु उववज्जइ " હે ભગવન્ ! શું કૃષ્ણ, નીલ આદિ લેશ્યાવાળો થઈને જીવ કાપોતલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहा नीललेस्साए तहा काउलेस्साए वि भाणियव्वा, जाव से तेणट्ठेणं जाव उववज्जइ " હા, ગૌતમ ! જેવું કથન નીલલેશ્યામાં કરવામાં આવ્યું છે, એવું જ કથન કાપોતલેશ્યામાં પણ કરવું જોઈએ એટલે કે કૃષ્ણાદિ લેશ્યા.વાળો થઈને પણ જીવ કાપોતલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે કૃષ્ણાદિ લેશ્યાવાળો થઈને જીવ કાપોતલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–હે ગૌતમ ! જ્યારે લેશ્યાસ્થાન (લેશ્યાભેદ) અવિશુદ્ધિને અથવા વિશુદ્ધિને પ્રાપ્ત કરતા રહે છે, ત્યારે જીવ કાપોતલેશ્યાને પ્રાપ્ત કરે છે, અને કાપોતલેશ્યાને પ્રાપ્ત કરીને તે જીવ કાપોતલેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થઈ જાય છે.

ગૌતમ સ્વામી કહે છે કે–" सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આપે આ વિષયને અનુલક્ષીને જે પ્રતિપાદન કર્યું, તે સત્ય છે. હે ભગવન્ ! આપની વાત સર્વથા સત્ય જ છે. ।।સૂ૦૭।।

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના તેરમા શતકનો પહેલો ઉદ્દેશો સમાપ્ત ।।૧૩–૧।।

તેરહવેં શતક કે દૂસરે ઉદ્દેશે કા સંક્ષિપ્ત વિષય વિવરણ

તેરમા શતકનો પ્રારંભ–
ઉદ્દેશક બીજો

તેરમાં શતકના બીજા ઉદ્દેશકમાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે–દેવોના પ્રકારનું કથન, ભવનવાસી દેવોના પ્રકારનું કથન, અસુરકુમારાવાસોમાંથી ઉદ્વર્ત્તના (ચ્યવન)નું કથન, નાગકુમારાદિકોના આવાસની વક્તવ્યતા, વાનવ્યન્તર દેવોના આવાસની વક્તવ્યતા, એક સમયમાં કેટલા વાનવ્યન્તર દેવોનો ઉત્પાદ થાય છે, તેનું કથન, જ્યોતિષિક દેવોના વિમાનાવાસની વક્તવ્યતા, સૌધર્મદેવલોકના વિમાનાવાસોની વક્તવ્યતા, એક સમયમાં સૌધર્મથી લઇને સહસ્રાર પર્યન્તના કલ્પોમાં કેટલા દેવોની ઉત્પત્તિ થાય છે, તેનું કથન આનતપ્રાણત દેવલોકના વિમાનાવાસની વક્તવ્યતા, ગ્રૈવેયકવિમાનાવાસની વકતવ્યતા, અનુત્તર વિમાનાવાસવકતવ્યતા, અનુત્તરવિમાનોની વકતવ્યતા, પાંચ અનુત્તર વિમાનોમાં એક સમયમાં કેટલા દેવોનો ઉત્પાદ આદિ થાય છે, તેની વક્તવ્યતા, અસુરકુમારાવાસોમાં સમ્યગ્દૃષ્ટિ આદિ દેવોના સમુત્પાદની વક્તવ્યતા, "શું કૃષ્ણાદિ લેશ્યાવાળા થઇને જીવો કૃષ્ણાદિ લેશ્યાયુક્ત દેવોમાં ઉત્પન્ન થાય છે ખરાં?" ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તર.

દેવ વિશેષ કા નિરૂપણ

—દેવોની વક્તવ્યતા—

"कइविहा णं भंते ! देवा पण्णत्ता" ઇત્યાદિ—

ટીકાર્થ–પહેલા ઉદ્દેશામાં નારકોની પ્રરૂપણા કરવામાં આવી. ઔપપાતિકતાની સધર્મતાને કારણે હવે આ બીજા ઉદ્દેશામાં સૂત્રકાર દેવોની પ્રરૂપણા કરે છે–આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"कइविहा णं भंते ! देवा पण्णत्ता ?" હે ભગવન્! દેવોના કેટલા પ્રકાર કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ! "चउव्विहा देवा पण्णत्ता" દેવોના ચાર પ્રકાર કહ્યા છે, "तंजहा" જે નીચે પ્રમાણે છે–"भवणवासी, वाणमंतरा, जोइसिया, वेमाणिया" (૧) ભવનવાસી, (૨) વાનવ્યન્તર, (૩) જ્યોતિષિક, અને (૪) વૈમાનિક.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" भवणवासीणं भंते ! देवा कइविहा पण्णत्ता ?" હે ભગવન્ ! ભવનવાસી દેવો કેટલા પ્રકારના કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" दसविहा पण्णत्ता–तंजहा " હે ગૌતમ ! ભવનવાસી દેવોના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે–" असुरकुमारा एवं भेओ जहा बितियसए देवुद्देसए जाव अपराजिया सव्वट्ठसिद्धगा " અસુરકુમાર આદિ ભેદોનું જેવું કથન બીજા શતકના સાતમાં ઉદ્દેશામાં કરવામાં આવ્યું છે, એવું કથન અહીં ગ્રહણ કરવું જોઈએ ત્યાં ભવનપતિના દસ ભેદો આ પ્રમાણે કહ્યા છે– (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) અગ્નિકુમાર, (૫) વિદ્યુત્કુમાર, (૬) ઉદધિકુમાર, (૭) દ્વીપકુમાર, (૮) વાયુકુમાર, (૯) દિશાકુમાર અને (૧૦) સ્તનિતકુમાર વાનવ્યન્તર દેવોના આઠ પ્રકાર અને જ્યોતિષિકોના પાંચ પ્રકાર કહ્યા છે. વૈમાનિક દેવોના સૌધર્મકલ્પવાસી આદિ ૧૨ પ્રકાર કહ્યા છે. ગ્રૈવેયકવિમાનો નવ પ્રકારના અને અનુત્તર વિમાનો પાંચ પ્રકારના કહ્યા છે પાંચ અનુત્તર વિમાનોનાં નામ નીચે પ્રમાણે છે–વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइयाणं भंते ! असुरकुमारावाससयसहस्सा पण्णत्ता ?" હે ભગવન્ ! અસુરકુમારાવાસો કેટલા લાખ કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " चोसट्ठिं असुरकुमारावाससयसहस्सा पण्णत्ता ?" અસુરકુમારોના ૬૪ લાખ આવાસો કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" ते णं भंते ! किं संखेज्जवित्थडा असंखेज्जवित्थडा ?" હે ભગવન્ ! તે ૬૪ લાખ અસુરકુમારાવાસો શું સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! संखेज्जवित्थडा वि, असंखेज्जवित्थडा वि " હે ગૌતમ ! તે અસુરકુમારાવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે. એજ વાત નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યકત થાય છે—" जंबुद्दीवसमा खलु " ઇત્યાદિ—

આ ગાથાનો અર્થ–અસુરકુમાર દિકોના જે નાનામાં નાનાં ભવનો છે, તે જબૂદ્વીપના જેવડા છે, મધ્યમ ભવનો સંખ્યાત યોજનના વિસ્તારવાળાં છે, અને બડીનાં ભવનો અસંખ્યાત યોજનના વિસ્તારવાળાં છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" चोसट्ठीए णं भंते ! असुरकुमारावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु असुरकुमारावासेसु एगसमएणं केवइया असुरकुमारा उववज्जंति ?" હે ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસો છે, તેમાં એક સમયમાં કેટલા અસુરકુમારો ઉત્પન્ન થાય છે ? " जाव केवइया तेउलेस्सा उववज्जंति ?" કેટલા કૃષ્ણલેશ્યાવાળા,

કેટલા નીલલેશ્યાવાળા, કેટલા કાપોતલેશ્યાવાળા તથા કેટલા તેજોલેશ્યાવાળા નારકો ત્યાં એક સમયમાં ઉત્પન્ન થાય છે? "केवइया कण्हपक्खिया उववज्जंति" તથા કેટલા પૂર્વોક્ત સ્વરૂપવાળા કૃષ્ણપાક્ષિક અસુરકુમારો ઉત્પન્ન થાય છે? "एवं जहा रयणप्पभाए तहेव पुच्छा" એજ પ્રમાણે જેવાં પ્રશ્નો નારકોના વિષયમાં રત્નપ્રભા પૃથ્વીના સૂત્રમાં (પહેલા ઉદ્દેશાના પહેલા સૂત્રમાં) પૂછવામાં આવ્યા છે, એવાં જ પ્રશ્નો અહીં અસુરકુમારોના વિષયમાં પણ પૂછવા જોઈએ. આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–"तहेव वागरणं" હે ગૌતમ! રત્નપ્રભા પૃથ્વીના સંખ્યાત અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નરકાવાસોના નારકોના વિષયમાં આ પ્રશ્નોના જેવા ઉત્તરો આપવામાં આવ્યા છે એવા જ ઉત્તરો અહીં અસુરકુમારના અસુરકુમારાવાસના વિષયમાં પણ સમજી લેવા. "नवरं दोहिं वेदेहिं उववज्जंति" પરન્તુ નારકોના કથન કરતાં અસુરકુમારોના કથનમાં એટલી જ વિશેષતા છે કે અસુરકુમારોમાં પુરુષવેદ અને સ્ત્રીવેદનો જ સદ્ભાવ હોય છે. "नपुंसगवेयगा न उववज्जंति" અસુરકુમારાવાસોમાં નપુંસકવેદવાળા અસુરકુમારો ઉત્પન્ન થતા નથી. "सेसं तंचेव" બાકીનું સમસ્ત કથન રત્નપ્રભા પૃથ્વીના નારકોના જેવું જ સમજવું.

"उव्वट्टंतगा वि तहेव, असन्नी उव्वट्टंति" ઉદ્વર્ત્તના વિષયક કથન પણ રત્નપ્રભા નારકોના કથન જેવું જ અહીં સમજવું પરન્તુ અસુરકુમારોની ઉદ્વર્ત્તના કથનમાં એટલી જ વિશેષતા છે કે અસુરકુમારથી અસંજ્ઞીઓ પણ ઉદ્વર્ત્તના કરે છે, કારણ કે અસુરકુમારથી લઇને ઈશાનપર્યન્તના દેવો અસંજ્ઞી પૃથ્વીકાય આદિમાં પણ ઉત્પન્ન થઇ જાય છે. "ओहिनाणी, ओहिदंसणी य ण उव्वट्टंति–सेसं तंचेव" અવધિજ્ઞાની અને અવધિદર્શની જીવો અહીંથી (અસુરકુમારાવાસોમાંથી) ઉદ્વર્ત્તના કરતા નથી, કારણ કે અસુરકુમારાદિમાંથી ઉદ્વર્ત્ત થયેલા (નીકળેલા) જીવોની તીર્થંકરાદિ રૂપે ઉત્પત્તિ થતી નથી અને અવધિજ્ઞાન અને અવધિદર્શનથી યુક્ત તીર્થંકરોની જ ઉદ્વર્ત્તના થાય છે. બાકીનું સમસ્ત કથન ઉદ્વર્ત્તના સંબંધી નારકોના પૂર્વોક્ત કથન પ્રમાણે જ સમજવું. "पण्णत्तएसु तहेव, नवरं संखेज्जगा इत्थिवेयगा पण्णत्ता, एवं पुरिसवेयगा वि; नपुंसगवेयगा नत्थि" પ્રજ્ઞપ્તપદોપલક્ષિત આલાપકમાં અહીં પહેલા ઉદ્દેશકના જેવું જ કથન થવું જોઈએ, પરન્તુ તે કથન કરતાં અસુરકુમારોના કથનમાં એટલી જ વિશેષતા છે કે–અહીં સ્ત્રીવેદકો સંખ્યાત કહ્યા છે અને પુરુષવેદકો પણ સંખ્યાત કહ્યા છે. અહીં નપુંસકવેદકો હોતા નથી. "कोहकसायी सिय अत्थि, सिय नत्थि जइ अत्थि जहण्णेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा पण्णत्ता" અસુરકુમારાવાસોમાં ક્રોધકષાયી અસુરકુમારો કયારેક હોય છે પણ ખરાં અને કયારેક નથી પણ હોતા જો ત્યાં તેમનો સદ્ભાવ હોય છે, તો ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત ક્રોધકષાયીનો સદ્ભાવ હોય છે. "एवं माण-

કસાયી, માયાકસાયી" એજ પ્રમાણે અસુરકુમારાવાસોમાં માનકષાયી અને માયાકષાયી અસુરકુમારો પણ કયારેક હોય છે અને કયારેક નથી હોતા તો તેમનો સદ્ભાવ હોય છે, તો ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણનો અને વધારેમાં વધારે સંખ્યાતનો સદ્ભાવ હોય છે. આ કથનથી એ વાતનું પ્રતિપાદન થાય છે કે દેવોમાં ક્રોધ, માન અને માયા કષાયના ઉદયવાળા જીવો કયારેક જ હોય છે. તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે "स्यात् सन्ति, स्यात् न सन्ति" પરન્તુ લોભકષાયવાળા જીવોનો દેવોમાં સદા સદ્ભાવ રહે છે, કારણ કે લોભકષાયના ઉદયવાળા ઘણા દેવો હોઈ શકે છે, તેથી જ એવો સૂત્રપાઠ આપવામાં આવ્યો છે કે "संखेज्जा लोभकसायी पण्णत्ता" "દેવોમાં લોભકષાયી સંખ્યાત હોય છે." બાકીનું આ વિષયને લગતુ સમસ્ત કથન પૂર્વોક્ત કથન પ્રમાણે જ સમજવું. "तिसु वि गमएसु संखेज्जेसु चत्तारि लेस्साओ भाणियव्वाओ" સંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસોમાં જે ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તા (વિદ્યમાનતા) વિષયક આલાપકો કહ્યા છે, તેમાં કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા અને તેજોલેશ્યા, આ ચાર લેશ્યાઓ કહેવી જોઈએ, કારણ કે અસુરકુમારાદિકોમાં ચાર લેશ્યાઓ જ સંભવી શકે છે. "एवं असंखेज्जवित्थडेसु वि, नवरं तिसु वि गमएसु असंखेज्जा भाणियव्वा, जाव असंखेज्जा अचरिमा पण्णत्ता" એજ પ્રમાણે– સંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસની જેમ જ–અસંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસોમાં પણ સમજવું પરન્તુ અસંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસોમાં ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તા વિષયક ત્રણ આલાપકોમાં 'સંખ્યાત' ને બદલે "અસંખ્યાત" પદ કહેવું જોઇએ જેમ કે–અસંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસોમાં અસંખ્યાત અસુરકુમારો છે, અસંખ્યાત કૃષ્ણપાક્ષિક છે, અસંખ્યાત શુકલપાક્ષિક છે, અસંખ્યાત કૃષ્ણાદિ લેશ્યાવાળા છે, ઇત્યાદિ કથન ગ્રહણ થવું જોઈએ ત્યાં અસંખ્યાત અનાકારોપયોગવાળા અસુરકુમારો છે, ત્યાં સુધીનું સમસ્ત કથન અહીં સમજી લેવું જોઇએ. તથા અનન્તરોપપન્નકથી લઈને ચરમ અને અચરમ સુધીના અસુરકુમારો પણ અસંખ્યાત છે, એમ સમજવું

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया णं भंते! नागकुमारावाससयसहस्सा पण्णत्ता?" હે ભગવન્! નાગકુમારાવાસ કેટલા લાખ કહ્યા છે? "एवं जाव थणियकुमारा" એજ પ્રમાણે હે ભગવન્! સુવર્ણકુમારોથી લઈને સ્તનિતકુમાર પર્યન્તના ભવનપતિ દેવોના કેટકેટલા આવાસો કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"नवरं जत्थ जत्तिया भवणा" હે ગૌતમ! જે નિકાયમાં જેટલાં લાખ ભવન છે, તે નિકાયમાં એટલાં લાખ ભવન રૂપ આવાસ કહેવા જોઈએ નીચેની બે ગાથાઓમાં પ્રત્યેક ભવનપતિ નિકાયના

દેવોના આવાસોની સંખ્યા બતાવવામાં આવેલ છે. "चउसट्ठी असुराणं" ઈત્યાદિ આ ગાથાઓનો અર્થ નીચે પ્રમાણે છે–અસુરકુમારોના ૬૪ લાખ ભવન છે, અસુરકુમારોના ૩૦ લાખ ભવન ઉત્તર દિશામાં છે અને ૩૪ લાખ ભવન દક્ષિણ દિશામાં છે. નાગકુમારોના ૪૦ લાખ ભવન ઉપર અને ૪૪ લાખ દક્ષિણ દિશામાં છે. આ રીતે તેમના કુલ ૮૪ લાખ ભવન છે. સુવર્ણકુમારોના ઉત્તર દિશામાં ૩૪ લાખ અને દક્ષિણમાં ૩૮ લાખ ભવનો મળીને કુલ ૭૨ લાખ ભવન છે, વાયુકુમારોના ઉત્તરમાં ૪૬ લાખ અને દક્ષિણમાં ૫૦ લાખ ભવનો મળી કુલ ૯૬ લાખ ભવનો છે દ્વીપકુમાર, દિશાકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર અને સ્તનિતકુમાર આ પ્રત્યેકના ઉત્તર દિશામાં ૩૬–૩૬ લાખ અને દક્ષિણ દિશામાં ૪૦–૪૦ લાખ ભવનો મળી કુલ ૭૬–૭૬ લાખ ભવનો છે ઉત્તર દિશાના ભવનોનો કુલ સરવાળો ૩૬૬૦૦૦૦૦ અને દક્ષિણ દિશાના ભવનોનો કુલ સરવાળો ૪૦૬૦૦૦૦૦ થાય છે આ રીતે ભવનપતિઓના દસે નિકાયના દેવોના ભવનોનો કુલ સરવાળો ૭૭૨૦૦૦૦૦ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइयाणं भंते! वाणमंतरावाससयसहस्सा पण्णत्ता" હે ભગવન્! વાનવ્યન્તર દેવોના કેટલા લાખ આવાસો કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! असंखेज्जा वाणमंतरावाससयसहस्सा पण्णत्ता" હે ગૌતમ! વાનવ્યન્તરોના આવાસોની સંખ્યા અસંખ્યાત લાખની કહી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते! किं संखेज्जवित्थडा असंखेज्जवित्थडा" હે ભગવન! વાનવ્યન્તરોના તે અસંખ્યાત લાખ ભવનાવાસો શું સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે?, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा! संखेज्जवित्थडा, नो असंखेज्जवित्थडा" હે ગૌતમ! વાનવ્યન્તરોના તે આવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, અસંખ્યાત યોજનના વિસ્તારવાળા નથી કહ્યું પણ છે કે–" जंबुद्दीवसमा खलु" ઈત્યાદિ-તાત્પર્ય એ છે કે "વાનવ્યન્તરોના જે ક્ષુદ્રાવાસો સૌથી નાના છે, તેઓ ભરત ઐરવત ક્ષેત્રના સમાન છે, મધ્યમ આવાસો મહાવિદેહ ક્ષેત્ર સમાન છે અને તેમનાં જે નગરો છે, તેઓ જંબૂદ્વીપના સમાન છે."

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" संखेज्जेसु णं भंते! वाणमंतरावाससयसहस्सेसु एग

समए णं केवइया वाणमंतरा उववज्जंति ?" હે ભગવન્! સંખ્યાત યોજનના વિસ્તાર-વાળા વાનવ્યન્તરાવાસોમાં એક સમયમાં કેટલા વાનવ્યન્તર દેવો ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहा असुरकुमाराणं संखेज्जवित्थडेसु, तिन्नि गमगा, तहेव भाणियव्वा, वाणमंतराण वि तिन्नि गमगा " હે ગૌતમ! અસુર-કુમારોના સંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસોમાં ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક ત્રણ આલાપકો પહેલાં પ્રકટ કરવામાં આવ્યા છે, એજ પ્રમાણે વાનવ્યન્તરોના પણ સંખ્યાત યોજનના વિસ્તારવાળા વાનવ્યન્તરાવાસોમાં પણ ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક ત્રણ આલાપક કહેવા જોઈએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइयाणं भंते! जोइसियविमाणावाससयस-हस्सा पण्णत्ता " હે ભગવન્! જ્યોતિષિક દેવોના કેટલા લાખ વિમાનાવાસ કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! " હે ગૌતમ! असंखेज्जा जोइसिय-विमाणावाससयहस्सा पण्णत्ता " જ્યોતિષિક દેવોના વિમાનાવાસો અસં-ખ્યાત લાખ કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–ते णं भंते! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा?" હે ભગવન્! જ્યોતિષિકોના વિમાનાવાસો શું સંખ્યાત યોજનના વિસ્તાર-વાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहा वाणमंतराणं तहा जोइसियाण वि तिन्नि गमगा भाणियव्वा, नवरं एगा तेउलेस्सा, उववज्जंति तेसु पण्णत्तेसु य असन्नी नत्थि, सेसं तंचेव " હે ગૌતમ! પહેલા વાનવ્યન્તરોના ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક જેવા ત્રણ આલાપકો કહ્યા છે, એવાં જ જ્યોતિષિકોના ઉત્પાદ ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક ત્રણ આલાપકો કહેવા જોઈએ. તથા " एगसट्ठिभागं काऊण जोयणं " ઇત્યાદિ કથન અનુસાર જ્યોતિષિકોના વિમાનાવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા જ સમજવા વાનવ્યન્તરોના કથન કરતાં અહીં એટલી જ વિશેષતા છે કે વાનવ્યન્તરોમાં ચાર લેશ્યાઓ હોય છે, પરન્તુ જ્યોતિષિકોમાં માત્ર તેજોલેશ્યાનો જ સદ્ભાવ હોય છે. વળી વાનવ્યન્તરોમાં અસંજ્ઞી ઉત્પન્ન થાય છે, પરંતુ જ્યોતિષિકોમાં અસં-જ્ઞીનો ઉત્પાદ કહ્યો નથી બાકીનું સમસ્ત કથન વાનવ્યન્તરોના જેવું જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" सोहम्मेणं भंते! कप्पे केवइया विमाणावाससयस-हस्सा पण्णत्ता" હે ભગવન્! સૌધર્મ દેવલોકમાં કેટલા લાખ વિમાનાવાસ કહ્યા છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! बत्तीसं विमाणावाससयसहस्सा पण्णत्ता " હે ગૌતમ! સૌધર્મ કલ્પમાં ૩૨ લાખ વિમાનાવાસ કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा?" હે ભગવન્ ! સૌધર્મકલ્પના ૩૨ લાખ વિમાનવાસો શું સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે ?

ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "संखेज्जवित्थडा वि असंखेज्जवित्थडा वि." સંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" सोहम्मेणं भंते ! कप्पे बत्तीसए विमाणवाससयसहस्सेसु संखेज्जवित्थडेसु विमाणेसु एगसमएणं केवइया सोहम्मा देवा उववज्जंति" હે ભગવન્ ! સૌધર્મ કલ્પના ૩૨ લાખ વિમાનાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસો છે, તેમાં એક સમયમાં કેટલા સૌધર્મ દેવો ઉત્પન્ન થાય છે ? "केवइया तेउलेस्सा उववज्जंति?" કેટલા તેજોલેશ્યાવાળા ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहा जोइसियाणं तिन्नि गमगा तहेव तिन्नि गमगा भाणियव्वा " હે ગૌતમ ! જ્યોતિષિકોના ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક જેવાં ત્રણ આલાપકો કહેવામાં આવ્યા છે, એવાં જ ત્રણ આલાપકો અહીં પણ કહેવા જોઇએ. " नवरं तिसु वि संखेज्जा भाणियव्वा, ओहिनाणी, ओहिदंसणी य चवावेयव्वा, सेसं तंचेव " જ્યોતિષિકોના ત્રણ આલાપકો કરતાં આ ત્રણ આલાપકોમાં એટલી જ વિશેષતા છે કે ત્યાં ત્રણે આલાપકોમાં " સંખ્યાત પદ વપરાયું છે, તેને બદલે અહીં ' અસંખ્યાત ' પદ મૂકવું જોઈએ. જેમ કે....સંખ્યાત જીવો ત્યાં સૌધર્મ દેવ રૂપે ઉત્પન્ન થાય છે, સંખ્યાત સૌધર્મ દેવો ત્યાંથી ઉદ્વર્ત્તના કરે છે અને ત્યાં સંખ્યાત સૌધર્મદેવો વિદ્યમાન છે. સૌધર્મ કલ્પમાંથી અવધિજ્ઞાની જીવો ત્યાંથી ચ્યુત થાય છે, કારણ કે સૌધર્માદિ કલ્પમાંથી ચ્યુત થયેલા જીવો તીર્થંકરાદિક થાય છે. બાકીનું સમસ્ત કથન જ્યોતિષિકોના કથન જેવું જ સમજવું. " असंखेज्जवित्थडेसु एवं चेव तिन्नि गमगा, नवरं तिसु वि गमएसु असंखेज्जा भाणियव्वा " અસંખ્યાત યોજનના વિસ્તારવાળા જે સૌધર્મકલ્પના વિમાનાવાસો છે, તેમાં સંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસોના જેવાં જ ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક આલાપકો કહેવા જોઈએ, પરન્તુ આ આલાપકોમાં સંખ્યાત પદને બદલે અસંખ્યાત પદનો પ્રયોગ કરવો જોઈએ " અવધિજ્ઞાની અને અવધિદર્શની અહીંથી (અસંખ્યાત યોજનના વિસ્તારવાળા સૌધર્મવિમાનાવાસોમાંથી) અસંખ્યાતની માત્રામાં ચ્યુત થતા નથી, પણ સંખ્યાતની માત્રામાં જ ચ્યુત થાય છે, કારણ કે જે જીવો ત્યાંથી ચ્યવીને તીર્થંકરાદિ રૂપે ઉત્પન્ન થાય છે, તેમની સંખ્યા સંખ્યાત જ છે, અસંખ્યાત નથી બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન અનુસાર જ સમજવું

"एवं जहा सोहम्मे वत्तव्वया भणिया, तहा ईसाणे वि छ गमगा भाणियव्वा" જેવી રીતે સંખ્યાત અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા સૌધર્મવિમાનાવાસોમાં ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તા વિષયક ત્રણ ત્રણ આલાપકો કહેવામાં આવ્યા છે, એવાં જ ત્રણ ત્રણ આલાપકો–કુલ છ આલાપકો–ઈશાનકલ્પના સંખ્યાત અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસોમાં ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાના વિષયમાં પણ કહેવા જોઈએ "सणंकुमारे एवं चेव" સનત્કુમાર કલ્પના સંખ્યાત અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસોમાં ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક ત્રણ ત્રણ આલાપકો–કુલ છ આલાપકો–પણ એજ પ્રમાણે કહેવા જોઈએ. "नवरं इत्थीवेयगा न उववज्जंति" પરન્તુ સૌધર્મ અને ઈશાનના દેવાવાસો કરતાં અહીં વિશેષતા એટલી જ છે કે અહીં (સનત્કુમાર કલ્પમાં) સ્ત્રીવેદી ઉત્પન્ન થતાં નથી, એટલે કે દેવીઓ ઉત્પન્ન થતી નથી કારણ કે સૌધર્મ અને ઈશાન, આ બે દેવલોકમાં જ દેવીઓનો ઉત્પાદ કહ્યો છે ત્યાર પછીના સનત્કુમારાદિ દેવલોકોમાં દેવીઓનો ઉત્પાદ કહ્યો નથી. આ રીતે સનત્કુમાર દેવલોકમાં દેવીઓની ઉત્પત્તિ જ થતી ન હોવાથી, "पण्णत्तेसु य न भण्णंति" પ્રજ્ઞપ્તપદોપલક્ષિત સત્તાવિષયક આલાપકોમાં પણ સ્ત્રીવેદીનો અભાવ જ કહ્યો છે, કારણ કે સનત્કુમારાદિક દેવલોકોમાં દેવીઓની વિદ્યમાનતાનો જ અભાવ કહ્યો છે. સનત્કુમારાદિકોમાં જે દેવીઓ આવે છે, તેઓ અધસ્તન (નીચેના) દેવલોકમાંથી જ આવે છે. તેથી ત્યાં કયારેક દેવીઓની ઉદ્વર્ત્તના થાય છે, તેથી અહીંયા દેવીઓની ઉદ્વર્ત્તનાનો નિષેધ કહ્યો નથી. "असन्नी तिसु वि गमएसु न भण्णंति, सेसं तंचेव" સનત્કુમારાવાસોના ત્રણે આલાપકોમાં અસંજ્ઞી જીવોનું કથન કરવું જોઈએ નહીં, કારણ કે ત્યાં અસંજ્ઞી જીવો ઉત્પન્ન થતા નથી, ત્યાંથી અસંજ્ઞી જીવોની ઉદ્વર્ત્તના થતી નથી અને ત્યાં અસંજ્ઞી જીવો હોતા પણ નથી, કારણ કે સનત્કુમારાદિ દેવોનો ઉત્પાદ સંજ્ઞી જીવોમાંથી જ થાય છે અને ત્યાંથી ચ્યવીને તેઓ સંજ્ઞી જીવોમાં જ ઉત્પન્ન થાય છે. તેથી ત્રણે આલાપકોમાં અસંજ્ઞી જીવોનો સદ્ભાવ કહ્યો નથી. "एवं जाव सहस्सारे" એજ પ્રકારનું કથન માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર અને સહસ્રાર સુધીના કલ્પોમાં પણ સમજવું આ કલ્પોમાં તિર્યગ્યોનિક જીવોનો ઉત્પાદ હોવાથી અસંખ્યાત યોજનના વિસ્તારવાળા આ આવાસોમાં ત્રણે આલાપકોમાં–ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક આલાપકોમાં–અસંખ્યાત તિર્યગ્યોનિકનો સદ્ભાવ કહ્યો છે. "णाणत्तं विमाणेसु लेस्सासु य, सेसं तंचेव" પૂર્વકથન કરતાં આ કથનમાં વિમાનો અને લેશ્યાઓના કથનમાં જ ભિન્નતા છે. તે નીચે પ્રમાણે છે–પહેલા કલ્પમાં ૩૨ લાખ વિમાનાવાસ છે, બીજામાં ૨૮ લાખ, ત્રીજામાં ૧૨ લાખ, ચોથામાં આઠ લાખ, પાંચમામાં ૪ લાખ, છઠ્ઠામાં ૫૦ હજાર, સાતમામાં ૪૦ હજાર, આઠમામાં ૬ હજાર, નવમાં અને દસમામાં ૪૦૦

અને અગિયારમાં અને બારમાં દેવલોકમાં ૩૦૦ વિમાનાવાસ છે. નવગ્રૈવેયકોના પહેલા ત્રિકમાં ૧૧૦, બીજા ત્રિકમાં ૧૦૭ અને ત્રીજા ત્રિકમાં ૧૦૧ વિમાનો છે. આ સિવાય અનુત્તર વિમાનો પાંચ કહ્યા છે. આ રીતે સૌધર્મથી લઇને અનુત્તર વિમાનો પર્યન્તના કુલ વિમાનાવાસો ૮૪૯૭૦૨૩ થાય છે. હવે લેશ્યાઓની અપેક્ષાએ ભિન્નતા પ્રકટ કરવામાં આવે છે–પહેલા અને બીજા કલ્પમાં તેજોલેશ્યાનો, ત્રીજા, ચોથા અને પાંચમાં કલ્પમાં પદ્મલેશ્યાનો, અને ત્યાર પછીનાં બધાં કલ્પોમાં શુકલલેશ્યાનો સદ્ભાવ હોય છે. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન જેવું જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"आणयपाणएसु णं भंते ! कप्पेसु केवइया विमाणावाससया पण्णत्ता ?" હે ભગવન્ ! આનતપ્રાણત કલ્પોમાં કેટલાં સો વિમાનો કહ્યાં છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! चत्तारि विमाणावाससया पण्णत्ता" હે ગૌતમ ! આનતપ્રાણત કલ્પોમાં ૪૦૦ વિમાનાવાસ કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ?" હે ભગવન્ ! તે ૪૦૦ વિમાનાવાસો સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! संखेज्जवित्थडा वि, असंखेज्जवित्थडा वि" હે ગૌતમ ! તેઓ સંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા પણ છે. "एवं संखेज्जवित्थडेसु तिन्नि गमगा, जहा सहस्सारे, असंखेज्जवित्थडेसु उववज्जंतेसु य चयंतेसु य एवंचेव संखेज्जा भाणियव्वा, पण्णत्तेसु असंखेज्जा" આગળ સહસ્રાર કલ્પના સંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસોમાં દેવોના ઉત્પાદ, ઉદ્વર્ત્તના (ચ્યવન) અને સત્તા વિષયક જેવા ત્રણ આલાપકો કહ્યા છે એવાં જ ત્રણ આલાપકો અહીં પણ કહેવા જોઇએ તથા અસંખ્યાત યોજનના વિસ્તારવાળા આનતપ્રાણતના વિમાનાવાસોમાં ઉત્પાદ અને ઉદ્વર્ત્તના વિષયક આલાપકોમાં 'સંખ્યાત' પદનું જ ઉચ્ચારણ થવું જોઈએ પરન્તુ સત્તાવિષયક આલાપકમાં "અસંખ્યાત" પદનું ઉચ્ચારણ થવું જોઈએ જેમ કે...આનતપ્રાણતના સંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસોમાં સંખ્યાત દેવો ઉત્પન્ન થાય છે, તેમાંથી સંખ્યાત દેવોનું ચ્યવન થાય છે અને ત્યાં સંખ્યાત આનતપ્રાણત દેવો વિદ્યમાન હોય છે. આનતપ્રાણતના અસંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનાવાસોમાં એક સમયમાં સંખ્યાત દેવોનો ઉત્પાદ થાય છે, કારણ કે ગર્ભજ મનુષ્યોમાંથી આવીને ત્યાં જીવો ઉત્પન્ન થાય છે અને તેમની સંખ્યા સંખ્યાત પ્રમાણ જ હોય છે. સંખ્યાત યોજનના વિસ્તારવાળા

તે વિમાનાવાસોમાંથી એક સમયમાં સંખ્યાત દેવોનું જ ચ્યવન થાય છે, કારણ કે ત્યાંથી સંખ્યાત દેવો જ ચ્યવન પામીને ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. તેથી ત્યાં એક સમયમાં સંખ્યાત જીવોનો ઉત્પાદ કહ્યો છે અને ત્યાંથી એક સમયમાં સંખ્યાત જીવોનું ચ્યવન કહ્યું છે. પરન્તુ આનતપ્રાણુત કલ્પોના અસંખ્યાત યોજનનાં વિસ્તારવાળા વિમાનાવાસોમાં અસંખ્યાત દેવો વિદ્યમાન હોય છે, કારણ કે તેમનું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોય છે. તેથી તેમના જીવનકાળમાં ત્યાં અસંખ્યાત દેવો ઉત્પન્ન થાય છે, તેથી સત્તા (વિદ્યમાનતા) વિષયક આલાપકમાં અહીં અસંખ્યાત દેવોની પ્રરૂપણા કરવામાં આવી છે. "नवरं नोइंदियोवउत्ता अणंतरोववन्नगा, अणंतरोवगाढगा, अणंतराहारगा, अणंतरपज्जत्तगा य एएसिं जहण्णेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा पण्णत्ता, सेसा असंखेज्जा भाणियव्वा" પરન્તુ પહેલાંના કથન કરતાં અહીં વિશેષતા એટલી જ છે કે આનતપ્રાણુતના વિમાનાવાસોમાં મનોયુક્ત, અનન્તરોપપન્નક, અનન્તરાવગાઢક, અનન્તરાહારક અને અનન્તર પર્યાપ્ત જીવો ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ કહ્યા છે અને વધારેમાં વધારે સંખ્યાત કહ્યા છે. તે સિવાયના બધાં અસંખ્યાત કહ્યા છે. જેમ કે....કેવળ નો ઇન્દ્રિયોપયુક્ત આદિ પાંચ પદોમાં સંખ્યાત જ ઉત્પન્ન થાય છે, કારણ કે તેમના ઉત્પાદના અવસરમાં જ સદ્ભાવ રહે છે. અને ઉત્પત્તિ સંખ્યાતોની જ થાય છે. "आरणच्चुएसु एवं चेव जहा आणयपाणएसु, नाणत्तं विमाणेसु, एवं गेवेज्जगा वि" જેવું કથન આનતપ્રાણુતના વિષે કરવામાં આવ્યું છે, એવું જ કથન આરણ અને અચ્યુત કલ્પોવિષે પણ કરવું જોઇએ પણ વિમાનોની સંખ્યામાં જ ભિન્નતા છે. આ બન્ને કલ્પોમાં ૩૦૦ વિમાનો છે, ત્યારે આનતપ્રાણુતમાં ૪૦૦ વિમાનો છે. ગ્રૈવેયકમાં વિમાનોની સંખ્યા ૩૧૮ ની છે. બાકીનું કથન આનતપ્રાણુતના પ્રમાણે સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कइ णं भंते! अणुत्तरविमाणा पण्णत्ता?" હે ભગવન્! અનુત્તર વિમાનો કેટલાં કહ્યાં છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"पंच अणुत्तरविमाणा पण्णत्ता" હે ગૌતમ! અનુત્તર વિમાનો પાંચ કહ્યાં છે?

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"ते णं भंते! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा?" હે ભગવન્! તે પાંચ અનુત્તર વિમાનો સંખ્યાત યોજનના વિસ્તારવાળાં છે, કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળાં છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! संखेज्जवित्थडे य, असंखेज्जवित्थडा य" હે ગૌતમ! પાંચ અનુત્તર વિમાનોમાંનું એક અનુત્તર વિમાન સંખ્યાત યોજનના વિસ્તારવાળું છે અને બાકીના ચાર અસંખ્યાત યોજનના વિસ્તારવાળાં છે. એટલે કે તેમાં જે મધ્યમ વિમાન છે તે એક લાખ યોજનના વિસ્તારવાળું હોવાથી તેને સંખ્યાત યોજનના વિસ્તારવાળું કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" पंचसु णं भंते! अणुत्तरविमाणेसु संखेज्जवित्थडे विमाणे एगसमएणं केवइया अणुत्तरोववाइया देवा उववज्जंति?" હે ભગવન્! પાંચ અનુત્તર વિમાનોમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા અનુત્તર વિમાનમાં એક સમયમાં કેટલા અનુત્તરૌપપાતિક દેવો ઉત્પન્ન થાય છે? " केवइया सुक्कलेस्सा उववज्जंति? पुच्छा तहेव " તેમાં એક સમયમાં કેટલા શુકલલેશ્યાવાળા દેવો ઉત્પન્ન થાય છે? ઇત્યાદિ પૂર્વોક્ત પ્રશ્નો અહીં પણ સમજી લેવાના છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! पंचसु णं अणुत्तरविमाणेसु संखेज्जवित्थडे अणुत्तरविमाणे एगसमएणं जहण्णेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं संखेज्जा अणुत्तरोववाइया देवा उववज्जंति " હે ગૌતમ! પાંચ અનુત્તર વિમાનોમાંના સંખ્યાત યોજનના વિસ્તારવાળા મધ્યમ વિમાનમાં એક સમયમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત અનુત્તરૌપપાતિક દેવો ઉત્પન્ન થાય છે. " एवं जहा गेवेज्जविमाणेसु संखेज्ज वित्थडेसु " પહેલાં જેવું કથન સંખ્યાત યોજનના વિસ્તારવાળાં ગ્રૈવેયક વિમાનોના દેવોના વિષે કરવામાં આવ્યું છે, એવું જ કથન સંખ્યાત યોજનના વિસ્તારવાળા અનુત્તર વિમાનના દેવો વિષે પણ સમજવું " नवरं किण्हपक्खिया, अभवसिद्धिया, तिसु अन्नाणेसु एए न उववज्जंति, न चयंति न पण्णत्तेसु भाणियव्वा " પરન્તુ નવગ્રૈવેયકોના કથન કરતાં અહીં એટલી જ વિશેષતા છે કે સંખ્યાત યોજનના વિસ્તારવાળા અનુત્તર વિમાનમાં કૃષ્ણપાક્ષિક, અભવસિદ્ધિક અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન, આ ત્રણ અજ્ઞાનોથી યુક્ત જીવોની ઉત્પત્તિ થતી નથી, ચ્યવન પણ થતું નથી અને એવાં જીવો ત્યાં વિદ્યમાન પણ હોતા નથી. આ રીતે સંખ્યાત યોજનના વિસ્તારવાળા અનુત્તર વિમાનમાં સમ્યગ્દૃષ્ટિ જીવોનો જ ઉત્પાદ, થાય છે તે કારણે ત્રણ અજ્ઞાનવાળા કૃષ્ણપાક્ષિક, અને અભવસિદ્ધિક જીવોનો ઉત્પાદ, ચ્યવન અને અસ્તિત્વ વિષયક ત્રણ આલાપકોમાં નિષેધ કરવામાં આવ્યો છે, એમ સમજવું. " अचरिमा वि खोडिज्जंति, जाव संखेज्जा चरिमा पण्णत्ता, सेसं तंचेव " ત્યાં અચરમ જીવોનો ઉત્પાદ થતો નથી, કારણ કે આ મધ્યમ અનુત્તર વિમાનમાં ચરમ જીવોનો જ ઉત્પાદ થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે–જેમનો અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ રૂપે ભવ ચરમ (અન્તિમ) છે, એવા જીવોનો જ ત્યાં ઉત્પાદ થાય છે. જેનો તે ભવ અન્તિમ નથી, એવા જીવોને અચરમ કહે છે. એવા અચરમ જીવોનો ત્યાં ઉત્પાદ થતો નથી જે જીવો ત્યાંથી ચ્યવીને મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરવાના છે, એવાં જીવોનો અને સંખ્યાત ચરમભવવાળા જીવોનો સદ્ભાવ કહ્યો છે. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન પ્રમાણે જ સમજવું.

"असंखेज्जवित्थडेसु वि एए न भण्णंति" અસંખ્યાત યોજનના વિસ્તારવાળાં ચાર અનુત્તર વિમાનોમાં પણ પૂર્વોક્ત કૃષ્ણપાક્ષિક આદિ જીવોનો ઉત્પાદ થતો નથી, ત્યાંથી એવાં જીવોનું ચ્યવન પણ થતું નથી અને ત્યાં એવાં જીવોનું અસ્તિત્વ પણ હોતું નથી. "नवरं अचरिमा अत्थि, सेसं जहा गेवेज्जेसु असंखेज्जवित्थडेसु जाव असंखेज्जा अचरिमा एण्णत्ता" સંખ્યાત યોજનના વિસ્તારવાળા અનુત્તર વિમાનના કથન કરતાં અસંખ્યાત યોજનના વિસ્તારવાળા વિમાનોના કથનમાં એટલી જ વિશેષતા છે કે અહીં અચરિમો (અચરમ ભવવાળા જીવો) પણ ઉત્પન્ન થાય છે, તેથી અહીં તેમનો સદ્ભાવ કહ્યો છે. આ પ્રકારે જેવું કથન અસંખ્યાત યોજનના વિસ્તારવાળા ગ્રૈવેયક વિમાનોમાં કરવામાં આવ્યું છે, એવું જ બાકીનું સમસ્ત કથન અહીં પણ કરવું જોઇએ જેમ કે અસંખ્યાત યોજનના વિસ્તારવાળાં ચાર અનુત્તર વિમાનોમાં અસંખ્યાત શુકલપાક્ષિક આદિ જીવો. અસંખ્યાત ચરમભવવાળા જીવો અને અસંખ્યાત અચરમભવવાળા જીવો, હોય છે, ત્યાં સુધીનું કથન થવું જોઈએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"चोसट्ठीणं भंते! असुरकुमारावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु असुरकुमारावासेसु किं सम्मद्दिट्ठी असुरकुमारा उववज्जंति, मिच्छादिट्ठी" હે ભગવન્! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના જે સંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસો છે તેમાં શું સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારો ઉત્પન્ન થાય છે? કે મિથ્યાદૃષ્ટિ અસુરકુમારો ઉત્પન્ન થાય છે? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અસુરકુમારો ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा रयणप्पभाए तिन्नि आलावगा भणिया, तहा, भाणियव्वा" હે ગૌતમ! આ વિષયને અનુલક્ષીને જેવાં ત્રણ આલાપક રત્નપ્રભા પૃથ્વીમાં કહેવામાં આવ્યા છે, એવાં જ ત્રણ આલાપક અહીં પણ કહેવા જોઈએ એટલે કે રત્નપ્રભા પૃથ્વીમાં સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિના ઉત્પાદ, ઉદ્વર્ત્તના અને સત્તાવિષયક જેવાં ત્રણ પ્રશ્નોત્તર રૂપ આલાપકો કહ્યા છે, એવાં જ અહીં પણ કહેવા જોઈએ "एवं असंखेज्जवित्थडेसु वि, तिन्नि गमगा" એજ પ્રમાણે અસંખ્યાત યોજનના વિસ્તારવાળા અસુરકુમારાવાસોમાં સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્ મિથ્યાદૃષ્ટિઓના ઉત્પાદ, ઉદ્વર્તના અને સત્તા વિષયક ત્રણ આલાપકો પ્રશ્નોત્તરરૂપે કહેવા જોઈએ. "एवं जाव गेवेज्जविमाणेसु वि" એજ પ્રમાણે નાગકુમારાદિ ભવનપતિઓમાં, વાનવ્યન્તરોમાં, જ્યોતિષિકોમાં, સૌધર્મ આદિ વૈમાનિકોના વિમાનાવાસોમાં અને નવગ્રૈવેયક વિમાનાવાસોમાં, સંખ્યાત અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળા આવાસો અથવા વિમાનાવાસોમાં, પ્રશ્નોત્તર રૂપે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિયોના ઉત્પાદ આદિ વિષયક ત્રણ આલાપક કહેવા જોઈએ. "अणुत्तरविमाणेसु एवं चेव" અનુત્તર વિમાનોમાં પણ એજ પ્રકારના ત્રણ આલાપક પ્રશ્નોત્તર રૂપે કહેવા જોઈએ. "नवरं तिसु वि आलावएसु मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी य न भण्णंति, सेसं तंचेव" પરન્તુ સંખ્યાત અને અસંખ્યાત યોજનના વિસ્તારવાળાં અનુત્તર વિમાનોમાં ઉત્પાદ, ચ્યવન અને સત્તાવિષય

આલાપકોમાં મિથ્યાદૃષ્ટિઓ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓનું કથન કરવું જોઈએ નહીં, કારણ કે તે બન્નેનો ત્યાં ઉત્પાદ પણ થતો નથી, તેમનું ત્યાંથી ચ્યવન પણ થતું નથી અને ત્યાં તેમનું અસ્તિત્વ પણ હોતું નથી અનુત્તર વિમાનોમાં તો ગૃહીત સમ્યગ્ દર્શનવાળા જીવો જ ઉત્પન્ન થાય છે, તેથી તેમના સંબંધમાં જ ઉત્પાતાદિ વિષયક ત્રણ આલાપક કહેવામાં આવ્યા છે. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન અનુસાર જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से णूणं भंते! कण्हलेस्से नील जाव सुक्कलेस्से भवित्ता कण्हलेस्सेसु देवेसु उववज्जइ?" હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો જીવ, નીલલેશ્યાવાળો, કાપોતલેશ્યાવાળો, તેજોલેશ્યાવાળો, પદ્મલેશ્યાવાળો અને શુક્લલેશ્યાવાળો થઈને શું કૃષ્ણલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થઈ જાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता गोयमा! एवं जहेव नेरइएसु पढमे उद्देसए तहेव भाणियव्वं" હે ગૌતમ! તેરમાં શતકના પહેલા ઉદ્દેશામાં નારકોના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ કરવું જોઈએ જેમ કે–જીવ કૃષ્ણથી લઈને શુક્લપર્યન્તની લેશ્યાઓવાળો થઈને કૃષ્ણલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. "नीललेस्साए वि जहेव नेरइयाणं" જેવું કથન નીલલેશ્યાવાળા નારકોના વિષયમાં કરવામાં આવ્યું છે, એવું જ કથન નીલલેશ્યાવાળા દેવોના વિષયમાં પણ કરવું જોઈએ. જેમ કે કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા થઈને પણ નીલલેશ્યાવાળા દેવોમાં જીવો ઉત્પન્ન થાય છે. "एवं जहा नीललेस्साए एवं जाव पम्हलेसेसु सुक्कलेस्सेसु एवं चेव" જેવું નીલલેશ્યાવાળાના વિષયમાં કહ્યું એવું જ કાપોતલેશ્યાવાળાઓમાં, તેજોલેશ્યાવાળાઓમાં, પદ્મલેશ્યાવાળાઓમાં અને શુક્લલેશ્યાવાળાઓમાં પ્રતિપાદન કરવું જોઈએ જેમ કે કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા થઈને કાપોતલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા, શુક્લલેશ્યાવાળા થઈને તેજોલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા શુક્લલેશ્યાવાળા થઈને પદ્મલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. જીવ કૃષ્ણથી લઈને શુક્લપર્યન્તની લેશ્યાવાળો થઈને શુક્લલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. હવે તેમાં વિશેષતા દર્શાવવા માટે સૂત્રકાર કહે છે કે–"नवरं लेस्सट्ठाणेसु विसुज्झमाणेसुर सुक्कलेस्सं परिणमंति, सुक्कलेस्सं परिणमइत्ता सुक्कलेस्सेसु देवेसु उववज्जंति" હે ગૌતમ! નારકો કરતાં દેવોમાં એવી વિશેષતા છે કે કૃષ્ણાદિલેશ્યા પ્રકારોમાં વધારેને વધારે વિશુદ્ધતા થતાં થતાં જ્યારે જીવો શુક્લલેશ્યાની પ્રાપ્તિ કરી

લે છે, ત્યારે તેને પ્રાપ્ત કરીને તેઓ શુકલલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થઈ જાય છે. "से तेणट्ठेणं जाव उववज्जंति" હે ગૌતમ! તે કારણ મેં એવું કહ્યું છે કે જીવો કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજો-લેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુકલલેશ્યાવાળા થઈને શુકલલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થઈ જાય છે. "सेवं भंते! सेवं भंते! त्ति" "હે ભગવન્! આપે જે કહ્યું તે સત્ય છે. હે ભગવન્! આપની વાત સર્વથા સત્ય જ છે." આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને ગૌતમ સ્વામી પોતાને સ્થાને બેસી ગયા. ॥સૂ૦૧।

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતી સૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના તેરમાં શતકનો બીજો ઉદ્દેશક સમાપ્ત॥૧૩–૨॥

तीसरे उद्देशे का संक्षिप्त विषय विवरण

—परिचारणावक्तव्यता—

"नेरइयाणं भंते! अणंतराहारा" इत्यादि—

टीकार्थ–બીજા ઉદ્દેશકમાં દેવોની વક્તવ્યતાની પ્રરૂપણા કરવામાં આવી છે. દેવો સામાન્ય રીતે પરિચારણાવાળા હોય છે. (શબ્દાદિ વિષયોનો ઉપયોગ કરવો તેનું નામ પરિચારણા છે) આ સૂત્ર દ્વારા સૂત્રકારે એજ પરિચારણાની પ્રરૂપણા કરી છે–

परिचारण का कथन

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नेरइयाणं भंते! अणंतराहारा, तओ निव्वत्तणया" હે ભગવન્! નારકો શું ઉત્પાત ક્ષેત્રની પ્રાપ્તિ કરતાં જ પ્રથમ સમયમાં આહાર કરવા લાગે છે? અને શું ત્યાર બાદ તેમના શરીરની નિષ્પત્તિ (રચના) થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! एवं" હા, ગૌતમ! એવું જ બને છે. અહીં "परियारणापदं निरवसेसं भाणियव्वं" પરિચારણા પદ (પ્રજ્ઞાપનાનું ૩૪મું પદ, પૂરેપૂરું કહેવું જોઈએ.

"सेवं भंते! सेवं भंते! त्ति" હે ભગવન્! આપે જે કહ્યું તે સત્ય છે. હે ભગવન્! આપની વાત સર્વથા સત્ય જ છે, આ પ્રમાણે કહીને વંદણા નમસ્કાર કરીને ગૌતમ સ્વામી પોતાને સ્થાને બેસી ગયા. ॥સૂ૦૧॥

॥ તેરમાં શતકનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥૧૩–૩॥

ચોથા ઉદ્દેશાનો પ્રારંભ—

તેરમાં શતકના ચોથા ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે–(૧) નરકપૃથ્વીની પ્રરૂપણા–નૈરયિકદ્વાર નિરૂપણ (૨) સ્પર્શ-દ્વારની પ્રરૂપણા (૩) પ્રણિધિદ્વારની પ્રરૂપણા (૪) નિરયાન્તદ્વાર નિરૂપણ (૫) લોકમધ્યદ્વારની પ્રરૂપણા (૬) અધોલોકમધ્યદ્વારની પ્રરૂપણા, (૭) ઉર્ધ્વલોક મધ્યદ્વારની પ્રરૂપણા, (૮) તિર્યગ્લોક મધ્યદ્વારની પ્રરૂપણા (૯) દિગ્વિદિગ્ પ્રવહદ્વારની પ્રરૂપણા, (૧૦) ઐન્દ્રીદિશોનિર્ગમ વકતવ્યતા, (૧૧) આગ્નેયાદિ દિશાઓના નિર્ગમની વક્તવ્યતા (૧૨) લોકપ્રરૂપણા, (૧૩) અસ્તિકાયપ્રવર્ત્તન-દ્વાર પ્રરૂપણા. વળી આ ઉદ્દેશકમાં નીચેના વિષયોનું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે–ધર્માસ્તિકાય આદિ દ્વારા જીવોનાં પ્રવર્તનની પ્રરૂપણા, અસ્તિકાય પ્રદેશ સ્પર્શના દ્વાર વક્તવ્યતા, ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાય આદિ દ્રવ્યના કેટલા પ્રદેશો વડે સ્પર્શિત થાય છે, આ વિષયનું નિરૂપણ એજ પ્રમાણે અધર્માસ્તિકાય આદિની સ્પર્શનાની પણ પ્રરૂપણા, પુદ્ગલા-સ્તિકાયના બે પ્રદેશ, ત્રણ પ્રદેશ, ચાર પ્રદેશ આદિથી લઈને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પર્યન્તના પ્રદેશોનો કેટલાં ધર્માસ્તિકાયાદિ પ્રદેશો દ્વારા સ્પર્શ થાય છે ? ઇત્યાદિ વિષયની પ્રરૂપણા ત્યાર બાદ કાળના એક સમયની પ્રરૂપણા, ધર્માસ્તિકાયદ્રવ્યની વક્તવ્યતા, અધર્માસ્તિકાયદ્રવ્યની વક્ત-વ્યતા, અવગાઢદ્વારની વક્તવ્યતા, જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે, ત્યાં ધર્માસ્તિકાયના બીજા કેટલા પ્રદેશો અવગાઢ થાય છે ? ઇત્યાદિ પ્રશ્નો અને તેમના ઉત્તરો એજ પ્રમાણે અધર્માસ્તિકાય આદિના વિષયમાં પણ અવગાઢસૂત્રની પ્રરૂપણા, એકાદ્ધાસમયની પ્રરૂપણા, એક ધર્માસ્તિકાયની પ્રરૂપણા, એક અધર્માસ્તિકાયની પ્રરૂપણા પૃથ્વીકાયિકની પ્રરૂપણા, અપ્કાયિ-કની પ્રરૂપણા, અસ્તિકાયોમાં નિષદન (બેસવાની ક્રિયા) દ્વાર વકતવ્યતા, ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યોમાં ઉપવેશન માટે શું સમર્થ છે ? ઇત્યાદિ પ્રરૂપણા બહુસમયદ્વારવક્તવ્યતા, લોકવકભાગવકતવ્યતા, અને સંસ્થાનદ્વાર વક્તવ્યતા.

ચૌથે ઉદ્દેશે કી સંગ્રહાર્થ ગાથા

દ્વારગાથા–"નેરઇય૧, ફાસર ઇત્યાદિ 'અત્થીપણસફુસણા" ઇત્યાદિ –

આ ઉદ્દેશકમાં નીચે પ્રમાણે ૧૩ દ્વાર કહ્યાં છે–(૧) નૈરયિક, (૨) સ્પર્શ, (૩) પ્રણિધિ, (૪) નિરયાન્ત, (૫) લોકમધ્ય, (૬) દિશાવિદિશાપ્રવાહ, (૭) અસ્તિકાયપ્રવર્તન, (૮) અસ્તિકાયપ્રદેશ સ્પર્શના, (૯) અવગાહના, (૧૦) જીવાવગાઢ, (૧૧) અસ્તિકાયનિષદન, (૧૨) બહુસમ, (૧૩) લોકસંસ્થાન.

ટીકાર્થ–ચોથા ઉદ્દેશકમાં કયા કયા વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આ ગાથામાં બતાવવામાં આવેલ છે. પહેલા નૈરયિકદ્વારમાં નરકો અને નારક જીવોની પ્રરૂપણા કરવામાં આવી છે બીજા સ્પર્શદ્વારમાં સ્પર્શના સ્વરૂપનુ નિરૂપણ કરવામાં આવ્યું છે ત્રીજા પ્રણિધિદ્વારમાં પ્રણિધિની પ્રરૂપણા કરવામાં આવી છે. નિરયાન્તસ્વરૂપની પ્રરૂપણા કરનારૂં ચોથું નિરયાન્તદ્વાર છે. લોકમધ્યના સ્વરૂપનું નિરૂપણ પાંચમાં લોકમધ્યદ્વારમાં કરવામાં આવ્યુ છે. છઠ્ઠા દિશાવિદિશાપ્રવાહદ્વારમાં દિશાવિદિશાના પ્રવહસ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સાતમાં અસ્તિકાયપ્રવર્તનદ્વારમાં અસ્તિકાયના પ્રવર્તનની પ્રરૂપણા કરવામાં આવી છે. આઠમાં અસ્તિકાયપ્રદેશસ્પર્શના દ્વારમાં અસ્તિકાય પ્રદેશ સ્પર્શનુ નિરૂપણ કરવામાં આવ્યું છે. નવમાં અવગાહનાદ્વારમાં અવગાહનાનું અને દસમાં જીવાવગાઢદ્વારમાં જીવાવગાઢનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અસ્તિકાયનિષદનની પ્રરૂપણા અગિયારમાં અસ્તિકાયનિષદનદ્વારમાં કરી છે. બારમાં બહુસમદ્વારમાં બહુસમવક્તવ્યતાની અને તેરમાં લોકસંસ્થાન દ્વારમાં લોકસંસ્થાનના સ્વરૂપની પ્રરૂપણા કરવામાં આવી છે.

નારક પૃથ્વી સંબંધી કથન

–નારકપૃથ્વીવક્તવ્યતા–

"કઇણં ભંતે ! પુઢવીઓ" ઇત્યાદિ–

ટીકાર્થ–ત્રીજા ઉદ્દેશામાં શબ્દાદિ વિષયોપભોગરૂપ પરિચારણાનું કથન કરવામાં આવ્યું છે. તેને લીધે કર્મોનો બંધ થાય છે તેથી જીવોનું નરકાદિ ગતિમાં ગમન થાય છે. તે કારણે સૂત્રકારે આ ચોથા ઉદ્દેશકમાં સૌથી પહેલાં નરકદ્વારનું નિરૂપણ કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"કઇણં ભંતે ! પુઢવીઓ પણત્તાઓ ?" હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ?

તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–" गोयमा !" હે ગૌતમ ! " सत्त पुढवीओ पण्णत्ताओ " પૃથ્વીઓ (નરકો) સાત કહી છે. " तंजहा " તેમનાં નામ નીચે પ્રમાણે છે–" रयणप्पभा जाव अहे सत्तमा " રત્નપ્રભા, શર્કરા-પ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, અધઃસપ્તમી (તમસ્તમઃપ્રભા.)

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अहे सत्तमाए णं पुढवीए पंच अणुत्तरा महति-महालया जाव अपइट्ठाणे " હે ભગવન્ ! જે સાતમી અધઃસપ્તમી નરક છે તેમાં પાંચ અનુત્તર, મહાવિશાળ કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અને અપ્રતિ-ષ્ઠાન, આ પાંચ નરકાવાસો કહ્યા છે ખરા ?

મહાવીર પ્રભુનો ઉત્તર–હા, ગૌતમ ! ત્યાં તે પાંચ નરકાવાસો આવેલા છે. તે નરકાવાસો છઠ્ઠી તમઃપ્રભા નરકના નરકાવાસો કરતાં લંબાઇ અને પહોળાઇની અપેક્ષાએ ઘણાં જ વધારે વિસ્તારવાળા છે. તે નરકાવાસોમાં નારકોને રહેવાને માટેનું ક્ષેત્ર વિશાળ છે. તેથી તેઓ મહાવકાશતર (છઠ્ઠી નરકના નરકવાસો કરતાં વધારે અવકાશવાળા) છે. પરંતુ તે નરકાવાસોમાં છઠ્ઠી નરકના નરકાવાસો જેટલા અધિક જીવો નથી, તેથી તેઓ મહાપ્રતિરિ-ક્તતર–શૂન્ય–છે. " णो तहा महापवेसणतराचेव१" છઠ્ઠી નરકના નરકાવાસોમાં જેવી રીતે અન્ય ગતિમાંથી આવતાં જીવોનો પ્રવેશ ચાલૂ જ રહ્યા કરે છે, એવી રીતે અહીં તેમનો પ્રવેશ ચાલૂ રહેતો નથી, કારણ કે છઠ્ઠી નરક કરતાં સાતમી નરકમાં નારકોની સંખ્યા અસંખ્યાત ગણી ઓછી છે. તે કારણે અધઃસપ્તમીના નરકાવાસો નારકો વડે અત્યન્ત આકીર્ણતર–સંકીર્ણ રહેતા નથી. તે નરકાવાસો નારકો વડે અત્યન્ત વ્યાપ્ત પણ રહેતા નથી. તે કારણે ત્યાં નારકોમાં એક બીજા સાથે સંઘટ્ટન થતું નથી ભીડને કારણે ત્યાં ધક્કામુક્કી પણ થતી નથી આ પ્રકારની ધક્કામુક્કીને નોદન કહે છે. ત્યાં આ પ્રકારનું નોદન થવાની શક્યતા જ રહેતી નથી કારણ કે ત્યાં નારકોની સંખ્યા અધિક નથી. " तेसु णं नरएसु नेरइया छट्ठीए तमाए पुढवीए नेरइएहिंतो महाकम्मतराचेव१, महाकिरियतराचेव२, महासवतराचेव३, महावेयणतराचेव४ " સાતમી નરકના નરકાવાસોના નારકો છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નારકો કરતાં મહાકર્મતરવાળા હોય છે કારણ કે છઠ્ઠી પૃથ્વીના નારકો કરતાં તે નારકોના જ્ઞાનાવરણીય આદિ કર્મ વધારે પ્રમાણમાં બંધાયેલાં હોય છે. એજ પ્રમાણે તેઓ મહાક્રિયાવાળા પણ હોય છે, કારણ કે તેમની જે કાયિકી આદિ ક્રિયાઓ છે તે મહાન્ હોય છે. ત્યાં શરીરની અવગાહના (ઉંચાઇ) ૫૦૦ યોજનની હોય છે, તેથી ત્યાં કાયની મહાનતા છે અને આગલા ભવમાં તેઓ મહારમ્ભ, મહાપરિગ્રહ આદિવાળા હોય છે, તેથી તેમને મહાક્રિયાવાળા કહ્યા

છે. એજ કારણે છઠ્ઠી નરકના નારકો કરતાં તેમને મહા આસ્રવવાળા કહ્યા છે. છઠ્ઠી નરક કરતાં સાતમી નરકમાં અધિક વેદનાનો અનુભવ કરવો પડે છે. કોઈ પણ નવો જીવ જ્યારે ત્યાં ઉત્પન્ન થાય છે ત્યારે ત્યાંની વેદનાને કારણે પહેલી વખત તો તે ૫૦૦ યોજન સુધી ઊંચે ઉછળે છે. આટલી બધી વેદના ત્યાં વેઠવી પડે છે. પરન્તુ "નો तहा अप्पकम्मतरा चेव१" છઠ્ઠી નરકના નારકોના જેવાં અલ્પતર કર્મવાળા તેઓ હોતા નથી, "नो अप्पकिरियतराचेव" વળી તેઓ છઠ્ઠી નરકના નારકોના જેવાં અલ્પતર કાયાદિ ક્રિયાવાળા હોતા નથી. "नो अप्पास्रवतराचेव३ अप्पवेयणतराचेव" તેઓ અલ્પતર આસ્રવવાળા પણ હોતા નથી અને અલ્પતર વેદનાવાળા પણ હોતા નથી. "अप्पड्ढियतराचेव, अप्पज्जुइयतराचेव" છઠ્ઠી નરકના નારકો કરતાં સાતમી નરકના નારકો અલ્પઋદ્ધિવાળા અને અલ્પદીપ્તિવાળા હોય છે સાતમી નારકના નારકોની અવધિ આદિ ઋદ્ધિ છઠ્ઠી નરકના નારકોની અવધિ આદિ ઋદ્ધિ કરતાં ન્યૂન હોય છે. છઠ્ઠી નરકના નારકોના શરીરની દીપ્તિ કરતાં સાતમી નરકના નારકોની દીપ્તિ ઓછી હોય છે. તેથી જ તેમને અલ્પતર ઋદ્ધિવાળા અને અલ્પતર દીપ્તિવાળા કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—હે ભગવન્ તમઃપ્રભા નામની છઠ્ઠી નરકમાં કેટલા નરકાવાસો કહ્યા છે ? ત્યાં નારકોની હાલત કેવી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"छट्ठीएणं तमाए पुढवीए एगे पंचूणे निरयावाससयसहस्से पण्णत्ते" હે ગૌતમ ! છઠ્ઠી તમઃપ્રભા નરકમાં એક લાખ કરતાં પાંચ ન્યૂન (૯૯૯૯૫) નરકવાસો છે. "तेणं णरया अहे सत्तमाए पुढवीए नरएहिंतो नो तहा महंततराचेव, महावित्थिन्नतराचेव२, महावगासतराचेव३, महापइरिक्कतराचेव४" છઠ્ઠી નરકના નરકાવાસો અધઃસપ્તમીના નરકાવાસો કરતાં મોટા નથી, તે નરકાવાસો અધઃસપ્તમીના નરકાવાસો જેટલા મહાવિસ્તારવાળા પણ નથી, મહાવકાશવાળા પણ નથી અને મહાપ્રતિરિક્ત્તર (શૂન્ય) પણ નથી. "महप्पवेसणतराचेव, आइण्णतराचेव, आउलतराचेव, णोयणतराचेव" સાતમી નરકના નરકાવાસો કરતાં તે નરકાવાસો મહાપ્રવેશનતર, આકીર્ણતર, આકુલતર અને પ્રેરણાત્પર છે. એટલે કે તે નરકાવાસોમાં વધારે નારકોનો પ્રવેશ થયા કરે છે, ત્યાં સંકડાશ રહે છે, ધક્કમુક્કી ચાલે છે અને નારકોનાં શરીરનું સંઘટ્ટન થયા કરે છે. "तेसु णं नरएसु नेरइया अहे सत्तमाए पुढवीए नेरइएहिंतो अप्पकम्मतराचेव१, अप्पकिरियतराचेव२, अप्पास्रवतराचेव३, अप्पवेयणतराचेव" છઠ્ઠી પૃથ્વીના નારકો સાતમી પૃથ્વીના નારકો કરતાં અલ્પકર્મતર,

અલ્પક્રિયાતર, અલ્પ આસ્રવતર, અને અલ્પવેદનાતર હોય છે. "णो तहा महाकम्मतराचेव१, महाकिरियतराचेव, महासवतराचेव३, महावेयणतराचेव४" તેઓ અધઃસપ્તમીના નારકો જેટલા મહાકર્મતર, મહાક્રિયાતર, મહાસ્રવતર અને મહાવેદનતર નથી. "महड्ढियतराचेव१, महाजुइयतराचेव२ नो तहा अप्पड्ढियतराचेव१, अप्पज्जुइयतराचेव२" આ છઠ્ઠી નરકના નારકો સાતમી નરકના નારકો કરતાં અધિક ઋદ્ધિવાળા અને અધિક દ્યુતિવાળા હોય છે, પરન્તુ તેઓ સાતમી નરકના નારકો કરતાં અલ્પ ઋદ્ધિવાળા અને અલ્પ દ્યુતિવાળા હોતા નથી. "छट्ठीए णं तमाए पुढवीए नरगा पंचमाए धूमप्पभाए पुढवीए नेरइएहिंतो महत्तरा चेव१, महाविच्छिन्नतराचेव२, महावगासतराचेव३, महापइरिक्कतराचेव४" છઠ્ઠી નરકના નરકાવાસો પાંચમી ધૂમપ્રભાના નરકાવાસો કરતાં વધારે મોટા, વધારે વિસ્તારવાળા, વધારે અવકાશવાળા અને વધારે પ્રતિરિક્ત (શૂન્ય) છે. "नो तहा महप्पवेसणतराचेव, आइण्णतराचेव, आउलतराचेव, अणोयणतराचेव" પરન્તુ છઠ્ઠી નરકના નરકાવાસો પાંચમી નરકના નરકાવાસો જેટલાં મહાપ્રવેશાન્તર (વધારે નારકોના પ્રવેશવાળા), આકીર્ણતર (સંકડાશવાળા), આકુલતર, અને નોદનતર (ધક્કામુક્કીવાળા) નથી પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નરકાવાસો છઠ્ઠી પૃથ્વીના નરકાવાસો કરતાં મહાપ્રવેશનતર, આકીર્ણતર, આકુલતર અને નોદનતર હોય છે. "तेसु णं नरएसु नेरइया पंचमाए धूमप्पभाए पुढवीए नेरइएहिंतो महाकम्मतराचेव१, महाकिरियतराचेव२, महासवतराचेव३, महावेयणतराचेव४" પાંચમી પૃથ્વીના નારકો કરતાં છઠ્ઠી પૃથ્વીના નારકો મહાકર્મતર, મહાક્રિયાતર, મહાસ્રવતર, અને મહાવેદનતર હોય છે. "नो तहा अप्पकम्मतराचेव१, अप्पकिरियतराचेव२, अप्पासवतराचेव३, अप्पवेयणतराचेव४" પાંચમી પૃથ્વીના નારકો જેટલાં અલ્પતર કર્મવાળા, અલ્પતર ક્રિયાવાળા, અલ્પતર આસ્રવવાળા અને અલ્પતર વેદનાવાળા હોય છે, એટલાં અલ્પતર કર્મવાળા, અલ્પતર ક્રિયાવાળા, અલ્પતર આસ્રવવાળા અને અલ્પતર વેદનાવાળા છઠ્ઠી નરકના નારકો હોતા નથી. "अप्पड्ढियतराचेव१, अप्पज्जुइयतराचेव२, नो तहा महड्ढियतराचेव, महज्जुइयतराचेव" છઠ્ઠી પૃથ્વીના નારકો અલ્પ ઋદ્ધિવાળા અને અલ્પદ્યુતિવાળા હોય છે. પાંચમી નરકના નારકો જેટલી મહાઋદ્ધિ અને મહાદ્યુતિવાળા તેઓ હોતા નથી. "पंचमाए णं धूमप्पभाए पुढवीए तिन्नि निरयावाससयसहस्सा पण्णत्ता" પાંચમી ધૂમપ્રભા નરકનું વર્ણન કરતા મહાવીર પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! પાંચમી નરકમાં ત્રણ લાખ નરકાવાસ

કહ્યા છે "एवं जहा छट्ठीए भणिया, एवं सत्त वि पुढवीओ परोप्परं भण्णंति, जाव रयणप्पभंत्ति, जाव नो महाड्ढियतराचेव, अप्पज्जुइयतराचेव" જે પ્રકારે છઠ્ઠી પૃથ્વીના નરકાવાસાદિના વિષયમાં કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે સાતે પૃથ્વીઓમાં પણ નરકાવાસાદિના વિષયમાં પરસ્પરને લગતું એવું જ કથન કરવું જોઈએ એટલે કે ચોથી પંકપ્રભા, ત્રીજી વાલુકાપ્રભા, બીજી શર્કરાપ્રભા અને પહેલી રત્નપ્રભાનું પણ એવું જ કથન સમજી લેવું. જેમ કે પાંચમી ધૂમપ્રભાના નરકવાસો ચોથી પંકપ્રભાના નરકાવાસો કરતાં મહત્તર, મહાવિસ્તીર્ણતર, મહાવકાશતર, મહાપ્રતિરિક્તતર છે ધૂમપ્રભાના નરકાવાસો પંકપ્રભાના નરકાવાસો જેવાં મહાપ્રવેશનતર, આકીર્ણતર, આકુલતર અને નોદનતર નથી કારણ કે ચોથી પંકપ્રભા નરકના નારકો પાંચમી ધૂમપ્રભાના નારકો કરતાં મહાપ્રવેશનતર, આકીર્ણતર, આકુલતર અને નોદનતર કહ્યા છે. એજ પ્રમાણે ચોથી પૃથ્વીના નારકો કરતાં પાંચમી પૃથ્વીના નારકો મહાકર્મતર, મહાક્રિયાતર, મહાસ્રવતર અને મહાવેદનતર છે. તેઓ ચોથી પંકપ્રભાના નારકો જેટલા અલ્પકર્મતર, અલ્પક્રિયાવાળા, અલ્પઆસ્રવવાળા અને અલ્પવેદનાવાળા નથી. એજ પ્રમાણે પાંચમી પૃથ્વીના નારકો જેવી અલ્પઋદ્ધિવાળા અને અને અલ્પદ્યુતિવાળા છે, એવી અલ્પઋદ્ધિ અને અલ્પદ્યુતિવાળા ચોથી પૃથ્વીના નારકો નથી ચોથી પંકપ્રભાના નારકો પાંચમી ધૂમપ્રભાના નારકો કરતાં મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા છે. એજ પ્રમાણે ચોથી પંકપ્રભાપૃથ્વીના નરકાવાસાદિના વિષયમાં, ત્રીજી વાલુકાપ્રભાના નરકાવાસાદિના વિષયમાં, બીજી શર્કરાપ્રભાના નરકાવાસાદિના વિષયમાં અને પહેલી રત્નપ્રભાના નરકાવાસાદિના વિષયમાં પણ કથન પોતાની જાતે જ સમજી લેવું. હવે છેલ્લો અભિલાપ પ્રકટ કરવામાં આવે છે–" શર્કરાપ્રભા પૃથ્વીના નારકો રત્નપ્રભા પૃથ્વીના નારકો જેટલી મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા હોતા નથી. તેઓ રત્નપ્રભાના નારકો કરતાં અલ્પઋદ્ધિવાળા અને અલ્પદ્યુતિવાળા હોય છે. ॥સૂ૦૧॥

॥ પ્રથમ નૈરયિકદ્વાર સમાપ્ત ॥

स्पर्शद्वार का कथन
(नरकों में बादर अप्कायिक स्पर्श भी देवकृत ही समजना चाहिये)

—स्पर्शद्वारवक्तव्यता—

"रयणप्पभा पुढवि नेरइयाणं भंते!" इत्यादि—

टीकार्थ–सूत्रकारे आ सूत्रमां स्पर्शद्वारनुं प्रतिपादन कर्युं छे. आ विषयने अनुलक्षीने गौतम स्वामी महावीर प्रभुने एवो प्रश्न पूछे छे के– "रयणप्पभा पुढवि नेरइयाणं भंते! केरिसयं पुढविफासं पच्चणुब्भवमाणा विहरंति?" हे भगवन्! रत्नप्रभा पृथ्वीना नारको पृथ्वी संबंधी केवा प्रकारना स्पर्शनो अनुभव करे छे?

महावीर प्रभुनो उत्तर-"गोयमा!" हे गौतम! "अनिट्ठं जाव अमणामं, एवं जाव अहे सत्तमपुढवि नेरइया, एवं आउफासं, एवं जाव वणस्सइफासं" रत्नप्रभा पृथ्वीना नारको अनिष्ट (समस्त जीवोने अरुचिकर होवाने कारणे अवांछनीय), अकान्त (अणगमो प्रेरे तेवा), अप्रिय (द्वेषोत्पादक होवाने कारणे अप्रिय), अमनोज्ञ (सतत दुःखजनक होवाने कारणु अमनोज्ञ), अने अमनोम (मनने प्रतिकूळ होवाने कारणे अमनोम) एवां पृथ्वी संबंधी स्पर्शनो अनुभव करे छे. वळी अहीं अनिष्ट आदि पदोनी साथे "तर–तम" प्रत्ययो लगाडवा जोइओ एटले के तेओ पृथ्वीसंबंधी अनिष्टतर, अनिष्टतम आदि स्पर्शोनो पण अनुभव करे छे. एज प्रमाणे शर्कराप्रभा पृथ्वीना नारको, वालुकाप्रभाना नारको, पंकप्रभाना नारको, धूमप्रभाना नारको, तमःप्रभाना नारको अने अधःसप्तमी पृथ्वीना नारको पण अनिष्ट, अकान्त, अप्रिय, अमनोज्ञ, अने अमनोम आदि रूपे पृथ्वीकायिक स्पर्शनो अनुभव करे छे. एज प्रमाणे रत्नप्रभाथी लईने अधःसप्तमी पर्यन्तनी सात नरकोना नारको अनिष्ट, अकान्त, अप्रिय, अमनोज्ञ अने अमनोम आदि रूपे अप्कायिक संबंधी स्पर्शनो, वायुकायिक संबंधी स्पर्शनो, तेजस्कायिक संबंधी स्पर्शनो अने वनस्पतिकायिक संबंधी स्पर्शनो पण अनुभव करे छे. अहीं आ वात ध्यानमां राखवा जेवी छे के बादर तेजस्कायिक जीवोनो सद्भाव मात्र समयक्षेत्रमां ज छे, बीजे नथी. सूक्ष्म तेजस्कायिक जीवोनो सद्भाव सर्वत्र छे. तेथी नरकोमां पण सूक्ष्म तेजस्कायिक जीवोनो सद्भाव होय छे आ प्रकारे नरकोमां तेमनो सद्भाव होवा छतां पण स्पर्शेन्द्रिय द्वारा तेमना स्पर्शनुं ग्रहण थई शकतुं नथी, कारणु के सूक्ष्म एकेन्द्रिय जीवो कोइ पण इन्द्रिय द्वारा गृहीत थई शकता नथी एवुं सिद्धान्तनुं कथन छे. तेथी नारक जीवो तेमना स्पर्शनो अनिष्टादि रूपे अनुभव करे छे, आ प्रकारनुं कथन अशक्य बनी जाय छे. तेथी एवुं ज कथन युक्तियुक्त लागे छे के सात पृथ्वीना नारको तेजस्कायिक स्पर्श सिवायना पृथ्वीकायिकादिना स्पर्शनो ज अनिष्टादि रूपे अनुभव करे छे. तेथी अहीं 'यावत्' पद द्वारा जे तेजस्कायिकना स्पर्शनुं ग्रहण करवामां आव्युं छे ते योग्य लागतुं नथी छतां पण अहीं "यावत्" पद द्वारा गृहीत तेजस्कायिक स्पर्शद्वारा तैजस्कायिकना जेवी उष्णवस्तु के जे अग्नि जेवी होय छे अने जेनुं परमाधा-

ર્મિક દેવો દ્વારા નિર્માણ થાય છે, તેને ગ્રહણ કરવામાં આવે તો કોઈ પણ દોષનો અવકાશ રહેતો નથી. ॥સૂ૦૨॥

રત્નપ્રભાદિપ્રણિધિ (અપેક્ષા) દ્વાર કા નિરૂપણ

–રત્નપ્રભાદિ પ્રણિધિદ્વાર વક્તવ્યતા–

"इमाणं भंते! रयणप्पभा पुढवी" ઇત્યાદિ––

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે ત્રીજા પ્રણિધિદ્વારનું કથન કર્યું છે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"इमाणं भंते! रयणप्पभा पुढवी दोच्चं सक्करप्पभं पुढविं पणिहाय सव्वमहंतिया बाहल्लेणं, सव्वक्खुड्डिया सव्वंतेसु" હે ભગવન્! રત્નપ્રભા નામની પહેલી પૃથ્વી શું શર્કરાપ્રભા નામની બીજી પૃથ્વી કરતાં પરિધિની (સ્થૂલતાની) અપેક્ષાએ મોટી છે, અને પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિગ્ભાગોમાં લંબાઇ અને પહોળાઈની અપેક્ષાએ નાની છે ખરી?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा जीवाभिगमे बितीये नेरइय उद्देसए" હા, ગૌતમ! એવું જ છે. રત્નપ્રભા પૃથ્વીની સ્થૂલતા આસપાસ જે પૃથ્વીકાયિક, શર્કરાપ્રભા પૃથ્વી કરતાં અધિક છે અને તે ચારે દિશાઓમાં તેની લંબાઈ અને પહોળાઇની અપેક્ષાએ શર્કરાપ્રભા પૃથ્વી કરતાં નાની છે, કારણ કે રત્નપ્રભાનો આયામવિષ્કંભ (લંબાઇ પહોળાઇ) એક રજ્જૂ પ્રમાણ છે અને શર્કરાપ્રભાનો તેના કરતાં અધિક છે. જીવાભિગમ સૂત્રના બીજા નૈરયિક ઉદ્દેશકમાં આ વિષયને અનુલક્ષીને જે કથન કરવામાં આવ્યું છે, તે અહીં ગ્રહણ કરવાનું છે રત્નપ્રભાની સ્થૂલતા એક લાખ એંસી હજાર યોજનની છે. તેથી તે સ્થૂલતાની અપેક્ષાએ સાતે પૃથ્વીઓમાં મોટી છે શર્કરાપ્રભાની સ્થૂલતા એક લાખ બત્રીસ હજાર યોજનની છે. તેથી તે સ્થૂલતામાં રત્નપ્રભા કરતાં નાની છે. રત્નપ્રભાની લંબાઇપહોળાઇ તેનાં કરતાં અધિક છે આ

વિષયને અનુલક્ષીને જીવાભિગમ સૂત્રના બીજા ઉદ્દેશામાં આ પ્રકારનો સૂત્રપાઠ આપ્યો છે. "हंता, गोयमा ! इमाणं रयणप्पभा पुढवी दोच्चं पुढविं पणिहाय जाव सव्वक्खुड्डिया सव्वंतेसु, एवं एएसु अभिलावेणं जाव छट्ठिया पुढवी अहे सत्तमं पुढविं पणिहाय जाव सव्वक्खुड्डिया सव्वंतेसु त्ति" હા, ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી બીજી રત્નપ્રભા પૃથ્વી કરતાં સ્થૂલતામાં મોટી છે અને લંબાઇ પહોળાઈની અપેક્ષાએ સર્વાન્તોમાં (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિગ્ભાગોમાં) નાની છે. રત્નપ્રભા પૃથ્વી સ્થૂલતાની અપેક્ષાએ સાતે પૃથ્વીઓમાં સૌથી મોટી છે, પરન્તુ લંબાઇ પહોળાઈની અપેક્ષાએ સૌથી નાની છે. આ પ્રકારનું કથન સાતમી પૃથ્વી પર્યન્તની પૃથ્વીઓના વિષયમાં પણ સમજી લેવું જોઇએ. અભિલાપ આ પ્રકારનો બનશે-છઠ્ઠી પૃથ્વીની સ્થૂલતા અધઃસપ્તમી પૃથ્વી કરતાં વધારે છે, પરન્તુ આયામવિષ્કંભની અપેક્ષાએ સાતમી પૃથ્વી છઠ્ઠી પૃથ્વી કરતાં મોટી છે અને સાતે પૃથ્વીઓમાં મોટી છે. ॥સૂ૦૩॥

॥ રત્નપ્રભાદિ પ્રણિધિદ્વાર વક્તવ્યતા સમાપ્ત ॥

निरयान्त द्वार का निरूपण

—निरयान्तद्वारवक्तव्यता—

"इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા ચોથા નિરયાન્ત દ્વારની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णिरयपरिसामंतेसु जे पुढविक्काइया०" હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં જે નરકાવાસો છે, તે નરકાવાસોની અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવો છે તેઓ શું મહાકર્મવાળા, મહાક્રિયાવાળા, મહાઆસ્રવવાળા અને મહાવેદનાવાળા છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે-"एवं जहा नेरइय उद्देसए जाव अहे सत्तमाए" હે ગૌતમ ! આ વિષયને અનુલક્ષીને જીવાભિગમ સૂત્રના બીજા નૈરયિક ઉદ્દેશકમાં જે કથન કરવામાં આવ્યું છે, તે કથન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ જીવાભિગમમાં એવું કહેવામાં આવ્યું છે કે– "आउक्काइया, तेउक्काइया, वाउक्काइया, वणस्सइक्काइया तेणं जीवा महावेयणतराचेव ? हंता, गोयमा !" ઇત્યાદિ હે ગૌતમ ! રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને અધઃસપ્તમી પૃથ્વીના નરકાવાસોની આસપાસ જે અપ્કાયિક આદિ જીવો છે, તેઓ મહાકર્મવાળા, મહાક્રિયાવાળા, મહાઆસ્રવવાળા અને મહાવેદનાવાળા છે. ॥સૂ૦૪॥

॥ નિરયાન્તદ્વાર વક્તવ્યતા સંપૂર્ણ ॥

–लोकमध्यद्वारवक्तव्यता–

"कहिणं भंते ! लोगस्स आयाममज्झे पण्णत्ते" इत्यादि—

ટીકાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે લોકદ્વારની પ્રરૂપણા કરી છે આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"कहिणं भंते ! लोगस्स आयाममज्झे पण्णत्ते ?" હે ભગવન્ ! લોકની લંબાઈનો મધ્યભાગ કઈ જગ્યાએ કહ્યો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! इमीसेणं रयणप्पभाए पुढवीए उवासंतरस्स असंखेज्जइभागं ओगाहेत्ता एत्थ णं लोगस्स आयाममज्झे पण्णत्ते" હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીનું જે આકાશાન્તર (આકાશખંડ) છે તે આકાશાન્તરના અસંખ્યાતમાં ભાગનું ઓળંગન કરતા જે સ્થાન આવે છે, તે સ્થાન જ લોકની લંબાઇનો મધ્યભાગ છે. એટલે કે રત્નપ્રભા પૃથ્વીના આકાશખંડના અસંખ્યાતમાં ભાગનું ઉલ્લંઘન કર્યા બાદ જે સ્થાન આવે છે, તે સ્થાન જ લોકની લંબાઈનો મધ્યભાગ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कहिणं भंते ! अहेलोगस्स आयाममज्झे पण्णत्ते" હે ભગવન્ ! અધોલોકની લંબાઈનો મધ્યભાગ કઇ જગ્યાએ કહ્યો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "चउत्थीए पंकप्पभाए पुढवीए, उवासंतरस्स सातिरेकं अद्धं ओगाहित्ता एत्थणं अहे लोगस्स आयाममज्झे पण्णत्ते" પંકપ્રભા નામની ચોથી પૃથ્વીના આકાશખંડના અર્ધ ભાગ કરતાં સહેજ વધુ ભાગને ઓળંગવાથી જે પ્રદેશ આવે છે, તે પ્રદેશને જ અધોલોકની લંબાઇનો મધ્યભાગ કહ્યો છે. એટલે કે મેરુની મધ્યમાં જે રુચકપ્રદેશ છે તે રુચક પ્રદેશની નીચે ૯૦૦ યોજનનું અંતર ઓળંગવાથી અધોલોક આવે છે. તેનો વિસ્તાર સાત રાજૂ પ્રમાણથી અધિક છે. તેનો મધ્યભાગ ક્યાં છે ? ચોથી અને પાંચમી પૃથ્વીની મધ્યનું જે અવકાશાન્તર છે, તે અવકાશાન્તરના અર્ધા કરતા સહેજ વધારે ભાગને ઓળંગવાથી અધોલોકનો મધ્યભાગ આવે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कहे णं भंते ! उड्ढलोगस्स आयाममज्झे पण्णत्ते" હે ભગવન્ ! ઉર્ધ્વલોકની લંબાઇનો મધ્યભાગ કયાં કહ્યો છે ? તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે–"गोयमा ! उप्पिं सणंकुमारमाहिंदाणं कप्पाणं हेट्ठिं बंभलोए कप्पे रिट्ठविमाणे पत्थडे, एत्थ णं उड्ढलोगस्स आयाममज्झे पण्णत्ते" હે ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર નામનાં કલ્પોની ઉપર અને બ્રહ્મલોક કલ્પની નીચે રિષ્ટવિમાન નામનું પ્રતર છે. તેમાં જ ઉર્ધ્વલોકની લંબાઇનો મધ્યભાગ છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે–મેરુની મધ્યના રુચક પ્રદેશથી ૯૦૦ યોજન ઊંચે ઉર્ધ્વલોક આવેલો છે. તેનો વિસ્તાર સાત રાજૂ

પ્રમાણ કરતાં થોડો ઓછો છે. તેનો મધ્યભાગ સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર અને બ્રહ્મલોક કલ્પની નીચે રિષ્ટવિમાન પ્રતરની સમીપમાં છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कहिणं भंते! तिरियलोयस्स आयाममज्झे पण्णत्ते ?" હે ભગવન્! તિર્યગ્લોકની લંબાઈનો ભાગ કયાં કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! હે ગૌતમ! " जंबुद्दीवे दीवे मन्दरस्स पव्वयस्स बहुमज्झदेसभाए इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डागपयरेसु, एत्थ णं तिरियलोगस्स मज्झे अट्ठपएसिए रुयए पण्णत्ते " જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના સમમધ્યભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીની ઉપર નીચેના બે ક્ષુદ્રક પ્રતરોની સમીપમાં તિર્યગ્લોકના મધ્યભાગ રૂપ અષ્ટપ્રદેશિક રુચક આવેલ છે. આ અષ્ટપ્રદેશિક રુચક જ તિર્યગ્લોકની લંબાઈનો મધ્યભાગ છે. લોકનું સંસ્થાન વજ્રના મધ્યભાગ જેવું છે–રત્નપ્રભાના રત્નકાંડમાં સર્વક્ષુદ્રક બે પ્રતર છે. આ બન્ને પ્રતરોમાંનું જે ઉપરનું પ્રતર છે ત્યાંથી લઈને લોકની ઉપર મુખાવૃદ્ધિ થાય છે, અને નીચેનું જે પ્રતર છે ત્યાંથી લઈને લોકના અધોમુખા વૃદ્ધિ થાય છે. તે ઉપરિતન–અધસ્તન બન્ને પ્રતરોની પાસે અષ્ટપ્રદેશિક રુચક છે. તે રુચક જ તિર્યગ્લોકના મધ્યભાગ રૂપ છે. તે રુચક કેવું છે? આ પ્રશ્નનો જવાબ એવો છે કે–આ અષ્ટપ્રદેશિક રુચકમાંથી " इमाओ दस दिसाओ पवहंति, तंजहा–पुरत्थिमा, पुरत्थिमादाहिणा, एवं जहा दसमसए नामधेज्जंति " આ દસ દિશાઓ નીકળી છે–પૂર્વદિશા, પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેની આગ્નેયી વિદિશા (અગ્નિકોણ), દક્ષિણદિશા, દક્ષિણ અને પૂર્વ વચ્ચેની નૈર્ઋત્ય વિદિશા, પશ્ચિમદિશા, પશ્ચિમ અને ઉત્તર વચ્ચેની વાયવ્ય વિદિશા, ઉત્તરદિશા, ઉત્તરદિશા, ઉત્તર અને પૂર્વની વચ્ચેની ઈશાન વિદિશા, ઉર્ધ્વદિશા અને અધોદિશા. આ પ્રમાણે દશમાં શતકના પહેલા ઉદ્દેશામાં દિશાઓનું વર્ણન કરવામાં આવેલું છે. ।।સૂ૦૫।।

।। લોકમધ્યદ્વાર વકતવ્યતા સંપૂર્ણ ।।

દિગ્ વિદિક્ પ્રવાહ દ્વાર કા નિરૂપણ

—दिग्विदिक् प्रवहद्वार वक्तव्यता—

" इंदा णं भंते! दिसा किमाइया " ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં દિક્ વિદિક્ પ્રવહદ્વારનું નિરૂપણ કર્યું છે. ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" इंदा णं भंते! दिसा किमाइया ?" હે ભગવન્! ઐન્દ્રીદિશા (પૂર્વદિશા) શું આદિવાળી છે? એટલે

કે તેની પહેલાં શું છે? આદિપણાનું કથન ઉલ્ટારૂપે થઇ શકે છે. તે માટે જ પૂછવામાં આવ્યું છે કે–(किं पवहा) તેના નિર્ગમનું મૂળ કયાં છે–એટલે કે કયાંથી તેનો આરંભ થાય છે? (कइ पएसाइया) તેની આદિમાં કેટલા પ્રદેશો છે? (कइ पएसुत्तरा) તેની ઉત્તરમાં (વૃદ્ધિમાં) કેટલા પ્રદેશો છે? (कइ पएसिया) તે કેટલા પ્રદેશોવાળી છે? (किं पज्जवसिया) તેનો અન્ત કયાં છે? (किं संठिया पण्णत्ता) તેનો આકાર કેવો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "इंदाणं दिसा रुयगाइया" ઐન્દ્રી દિશા (પૂર્વદિશા)નો પ્રારંભ રુચકથી થાય છે એટલે કે તેની પહેલાં રુચક છે. (रुयगप्पवहा दुप्पएसाइया, दुप्पएसुत्तरा, लोगं पडुच्च असंखेज्जपएसिया, अलोगं पडुच्च अणंतपएसिया) તે રુચકમાંથી નીકળી છે એટલે કે તેનું મૂળ નિર્ગમદ્વાર રુચક છે. તેની આદિમાં બે પ્રદેશ છે અને તે દ્વિપ્રદેશોત્તર છે, એટલે કે તે બે પ્રદેશોની વૃદ્ધિવાળી છે. લોકની અપેક્ષાએ તે અસંખ્યાત પ્રદેશોવાળી છે, અલોકની અપેક્ષાએ તે અનંત પ્રદેશોવાળી છે. તથા લોકની અપેક્ષાએ તે આદિસહિત છે અને અવસાનસહિત છે. અલોકની અપેક્ષાએ તે સાદિ સપર્યવસિત છે. લોકની અપેક્ષાએ તેનો આકાર મૃદંગના જેવો છે. લોક પરિમંડલાકાર હોવાથી દિશામાં મૃદંગાકારતા સંભવી શકે છે, તેથી જ તેનો આકાર મૃદંગના આકાર જેવો કહ્યો છે. અલોકની અપેક્ષાએ તે શકટોધિ આકારવાળી છે. એટલે કે ગાડાની આગળ જે લાકડાનો લાંબો લાંબો ભાગ હોય છે તેને "शकटोधि" કહે છે. પૂર્વદિશાનો આકાર આ શકટોધિ જેવો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अग्गेयीणं भंते! दिसा किमाइगा, किं पवहा, कइपएसाइया, कइपएसवित्थिन्ना, कइ पएसिया, किं पज्जवसिया, किं संठिया पण्णत्ता?" હે ભગવન્! આગ્નેયી વિદિશા (અગ્નિકોણ) કયા આદિવાળી છે? તેનું નિર્ગમસ્થાન–મૂળ–કયાં છે? તે કેટલા પ્રદેશોમાં વિસ્તીર્ણ છે? તે કેટલા પ્રદેશોવાળી છે? તે કયા અન્તવાળી છે? તેનો આકાર કેવો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! હે ગૌતમ! "अग्गेयीणं दिसा रुयगाइया, रुयगप्पवहा, एगपएसाइया, एगपएसवित्थिन्ना, अणुत्तरा, लोगं पडुच्च असंखेज्जपएसिया, अलोगं पडुच्च अणंतपएसिया, लोगं पडुच्च साइया, सपज्जवसिया अलोगं पडुच्च साइया अपज्जवसिया छिण्णमुत्तावली संठिया पण्णत्ता" અગ્નિવિદિશા રુચક આદિ વાળી છે, એટલે કે રુચકથી શરૂ

થાય છે–તેની પહેલાં રુચક છે, તેનું નિર્ગમસ્થાન પણ રુચક છે, એક પ્રદેશ તેનો આદિ છે, તેનો એક પ્રદેશ વિસ્તૃત છે કારણ કે તે અનુત્તરા (વૃદ્ધિરહિત) છે. લોકની અપેક્ષાએ તે અસંખ્યાત પ્રદેશોવાળી છે, અને અલોકની અપેક્ષાએ અનંતપ્રદેશોવાળી છે લોકની અપેક્ષાએ તે આદિ (આદિસહિત) અને સપર્યવસિત (અન્તવાળી) છે અને અલોકની અપેક્ષાએ તે સાદિ અને અન્તરહિત છે, તથા તેનો આકાર વિકીર્ણ મુક્તાવલીના જેવો છે. "जमा जहा इंदा, नेरई जहा अग्गेयी, एवं जहा इंदा तहा दिसाओ चत्तारि, जहा अग्गेयी तहा चत्तारि वि विदिसाओ" પૂર્વદિશાના જેવું જ કથન દક્ષિણ દિશાનું સમજવું અગ્નિ વિદિશાના જેવું જ કથન નૈઋર્ત્ય દિશા વિષે સમજવું આ પ્રકારે જેવું કથન પૂર્વ દિશા વિષે કરવામાં આવ્યું છે, એવું જ કથન બાકીની દિશાઓ–દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશા વિષે સમજવું અગ્નિવિદિશા વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન બાકીની વિદિશાઓ–નૈઋર્ત્ય, વાયવ્ય અને ઈશાન–વિષે સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"विमलाणं भंते! दिसा किमाइया० पुच्छा–जहा अग्गेयीए" હે ભગવન્! વિમલા દિશા (ઉર્ધ્વ દિશા) કયા આદિ વાળી છે? તેના નિર્ગમનું મૂળ કયાં છે? તેની આદિમાં કેટલા પ્રદેશ છે? વૃદ્ધિમાં કેટલા પ્રદેશ છે? તે પોતે કેટલા પ્રદેશોવાળી છે? તેનો અન્ત કયાં છે? તેનો આકાર કેવો છે? આ પ્રકારે જેવા પ્રશ્નો અગ્નિવિદિશા વિષે પૂછવામાં આવ્યા છે, એવા જ પ્રશ્નો ઉર્ધ્વ દિશા વિષે પણ પૂછવામાં આવ્યા છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "विमलाणं दिसा रुयगाइया, रुयगप्पवहा, चउप्पएसाइया, चउप्पएसवित्थिन्ना, अणुत्तरा, लोगं पडुच्च सेसं जहा अग्गेयीए" વિમલા દિશા (ઉર્ધ્વદિશા) રુચક રૂપ આદિવાળી છે, તેના નિર્ગમનું મૂળસ્થાન રુચક છે. ઉર્ધ્વદિશા આદિમાં ચાર પ્રદેશવાળી છે, તેના ચાર પ્રદેશ વિસ્તીર્ણ છે, તે વૃદ્ધિથી રહિત છે લોકની અપેક્ષાએ તે અસંખ્યાત પ્રદેશોવાળી છે અને અલોકની અપેક્ષાએ અનંત પ્રદેશોવાળી છે. લોકની અપેક્ષાએ તે આદિસહિત અને અન્તસહિત છે, અલોકની અપેક્ષાએ તે સાદિ (આદિ સહિત) અને અનન્ત છે. પૂર્વ કથન કરતાં આ કથનમાં એટલી જ વિશેષતા છે કે આ દિશાનો આકાર રુચકના જેવો છે, છિન્ન મુક્તાવલીના જેવો નથી. ઉર્ધ્વદિશાના જેવું જ કથન તમોદિશા (અધોદિશા) વિષે પણ સમજવું એટલે કે અધોદિશા પણ રુચક રૂપ આદિવાળી છે, તે રુચક રૂપ નિર્ગમસ્થાનવાળી છે, તે ચાર પ્રદેશરૂપ આદિવાળી છે, તેના ચાર પ્રદેશો વિસ્તીર્ણ છે, તે વૃદ્ધિ રહિત છે, લોકની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશોવાળી અને અલોકની અપેક્ષાએ અનંત પ્રદેશોવાળી છે. લોકાન્તની અપેક્ષાએ તે સાદિ અને સાન્ત છે, પણ અલોકની અપેક્ષાએ તે સાદિ અનન્ત છે, તથા તેનો આકાર રુચક જેવો છે. ।।સૂ૦૬।।

દિગ્વિદિક્ પ્રવહદ્વાર સંપૂર્ણ

—પ્રવર્ત્તનદ્વારવક્તવ્યતા—

"કિમયં ભંતે! લોએત્તિ પવુચ્ચઇ" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં સાતમાં પ્રવર્ત્તન દ્વારનું કથન કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"કિમયં ભંતે! લોએ ત્તિ પવુચ્ચઇ?" હે ભગવન્! લોક શબ્દનો વાચ્યાર્થ શો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"ગોયમા!" હે ગૌતમ! "પંચત્થિકાયા એસ ણં એવઇએ લોએ ત્તિ પવુચ્ચઇ" આ લોક પંચાસ્તિકાય રૂપ છે. એટલે કે જે પાંચ અસ્તિકાય છે, તેઓ જ લોકરૂપ છે. "તંજહા" તે પાંચ અસ્તિકાયો નીચે પ્રમાણે છે–"ધમ્મત્થિકાએ, અહમ્મત્થિકાએ, જાવ પોગ્ગલત્થિકાએ" (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય અને (૫) પુદ્ગલાસ્તિકાય.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"ધમ્મત્થિકાએ ણં ભંતે! જીવાણં કિં પવત્તઇ" હે ભગવન્! ધર્માસ્તિકાય જીવોની પ્રવૃત્તિમાં કેવી રીતે મદદ રૂપ બને છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"ગોયમા! ધમ્મત્થિકાએ ણં જીવાણં આગમણગમણ–ભાસુમ્મેસમણજોગા, વઇજોગા, કાયજોગા, જે યાવન્ને તહપ્પગારા ચલા ભાવા સવ્વે તે ધમ્મત્થિકાએ પવત્તંતિ" હે ગૌતમ! ધર્માસ્તિકાયના અસ્તિત્વને લીધે જ જીવો ગમનાગમન (અવરજવર) કરી શકે છે. કોઈ જગ્યાએથી આવવાનું અને કોઇ જગ્યાએ જવાનું કાર્ય ધર્માસ્તિકાયનો સદ્ભાવ હોય તો જ થઇ શકે છે. એજ પ્રમાણે ભાષા (વચન બોલવાની ક્રિયા), ઉન્મેષ (નેત્ર ઉઘાડવાની ક્રિયા), મનોયોગ, વાગ્યોગ, કાયયોગ તથા એજ પ્રકારની બીજી પણ જે ચલસ્વભાવરૂપ ભ્રમણ આદિ પર્યાયો છે, તે સઘળી ક્રિયાઓ પણ ધર્માસ્તિકાય હોય તો જ થઈ શકે છે. "ગઇલક્ખણેણં ધમ્મત્થિકાએ" ધર્માસ્તિકાયનો સ્વભાવ ગતિરૂપ છે–તેને લીધે જ ગતિ સંભવી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"અહમ્મત્થિકાએ ણં જીવાણં કિં પવત્તઇ?" હે ભગવન્! અધર્માસ્તિકાયની મદદથી જીવો કેવી પ્રવૃત્તિ કરી શકે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"ગોયમા! અહમ્મત્થિકાએણં જીવાણં ઠાણનિસીયણ–તુયટ્ટણમણસ્સ ય એગત્તીભાવકરણયા જે યાવન્ને તહપ્પગારા થિરા ભાવા, સવ્વે તે અહમ્મત્થિકાએ પવત્તંતિ" હે ગૌતમ! અધર્માસ્તિકાયનો સદ્ભાવ હોવાને કારણે જ ઊભા રહેવારૂપ, બેસવારૂપ, પડખું નહીં બદલવારૂપ, મનને એકાગ્ર

કરવા રૂપ, તથા એજ પ્રકારના બીજાં પણ સ્થિર ભાવો અધર્માસ્તિકાયના સદ્‌ભાવને લીધે જ સંભવી શકે છે, કારણ કે "ઠાણલક્ખણે णं अहम्मत्थिकाए" આ અધર્માસ્તિકાયને સ્થાન (સ્થિતિ) લક્ષણવાળું કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"आगासत्थिकाएणं भंते ! जीवाणं अजीवाण य किं पवत्तइ ?" હે ભગવન્ ! આકાશાસ્તિકાય જીવો અને અજીવોની પ્રવૃત્તિમાં કેવી રીતે મદદરૂપ બને છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"आगासत्थिकाए णं जीवदव्वाण य अजीव दव्वाण य भायणभूए" હે ગૌતમ ! આકાશાસ્તિકાય જીવદ્રવ્યો તથા અજીવદ્રવ્યોના ભાજન (આશ્રયસ્થાન) રૂપ બને છે. "एगेण वि से पुन्ने, दोहि वि पुन्ने सयंपि माएज्जे, कोडिसएण वि पुन्ने कोडिसहस्संपि माएज्जा" કારણ કે જીવાદિક દ્રવ્યોને અવગાહ દેવાનો તેનો સ્વભાવ છે. આકાશના જે એક પ્રદેશમાં એક જ પરમાણુ આદિ અવગાહિત થાય છે (રહે છે), એજ આકાશના એક પ્રદેશમાં બે પુદ્ગલપરમાણુ પણ અવગાહિત થઇ જાય છે, સો પુદ્ગલપરમાણુ પણ અવગાહિત થઈ જાય છે, તથા તે એક જ પ્રદેશમાં કોટિશત અને કોટિ-સહસ્ર પુદ્ગલપરમાણુ પણ સમાઇ જાય છે. જેવી રીતે ઓરડાના આકાશમાં (અવકાશમાં) એક દીપકનો પ્રકાશ પણ સમાઈ જાય છે, બે દીપકનો પ્રકાશ પણ સમાઈ જાય છે અને સો દીપકનો પ્રકાશ પણ સમાઈ જાય છે, તથા ઔષધિવિશેષ દ્વારા સંપાદિત પરિણામના પ્રભાવથી એક તોલા પારામાં સો તોલા સોનાનો સમાવેશ થઇ જાય છે અને તે સોનું પારાના વજનમાં આવી જાય છે તથા પારાનું વજન પણ ઔષધિના પ્રભાવથી ૧૦૦ તોલા બરાબર થઈ જાય છે, એજ પ્રકારે પુદ્ગલપરિણામની પણ કોઈ એવી જ વિચિત્રતા છે એવું કેમ બને છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે "अवगाहनालक्खणेणं आगासत्थिकाए" આ આકાશ અવગાહનાલક્ષણવાળું છે. એટલે કે આકાશા-સ્તિકાયનો સ્વભાવ જ એવો છે કે તે જીવાદિક દ્રવ્યોને પોતાની અંદર રહેવા માટે સ્થાન આપે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जीवत्थिकाए णं भंते ! जीवाणं किं पवत्तइ ?" હે ભગવન્ ! જીવાસ્તિકાય જીવોની પ્રવૃત્તિમાં કેવી રીતે મદદરૂપ બને છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! जीवत्थिकाए णं जीवे अणंताणं आभिणिबोहियनाणपज्जवाणं, अणंताणं सुयनाणपज्जवाणं एवं जहा बितियसए अत्थिकायउद्देसए जाव उवओगं गच्छइ" હે ગૌતમ ! જીવાસ્તિકાયના સદ્‌ભા-વમાં જ જીવો અનંત મતિજ્ઞાનની પર્યાયોના, અનંત શ્રુતજ્ઞાનની પર્યાયોના,

તથા બીજા શતકના અસ્તિકાય ઉદ્દેશકમાં વર્ણવેલી અવધિજ્ઞાન આદિ જ્ઞાનોની પર્યાયોના, જ્ઞાનદર્શનના ઉપયોગને પ્રાપ્ત કરે છે કારણ કે "उवओगलक्खणे णं जीवे" આ જીવાસ્તિકાય ઉપયોગલક્ષણવાળું છે. એટલે કે જીવાસ્તિકાયને ઉપયોગ સ્વભાવવાળું કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"पोग्गलत्थिकाए णं पुच्छा" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાય જીવોની પ્રવૃત્તિમાં કેવી રીતે મદદરૂપ બને છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! पोग्गलत्थिकाए णं जीवाणं ओरालिय-वेउव्विय आहारए तेयाकम्मए, सोइंदिय, चक्खिंदिय, घाणिंदिय, जिब्भिंदिय, फासिंदिय, मणजोग, वयजोगकायजोग आणापाणूणं च गहणं पवत्तइ" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયનો સદ્ભાવ હોવાને લીધે જ જીવો ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણના ગ્રહણમાં તથા શ્રોત્રેન્દ્રિય, નેત્રેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, મનોયોગ, વચનયોગ અને કાયયોગના ગ્રહણમાં પ્રવૃત્ત થાય છે, કારણ કે "गहणलक्खणेणं पोग्गलत्थिकाए" પુદ્ગલાસ્તિકાયનો સ્વભાવ ગ્રહણ કરવાનો છે. એટલે કે ઔદારિક આદિને ગ્રહણ કરવાનો પુદ્ગલાસ્તિકાયનો સ્વભાવ છે તે ઔદારિક આદિ પુદ્ગલમય છે. ।।સૂ૦૭।।

।। प्रवर्त्तनद्वार वक्तव्यता संपूर्ण ।।

स्पर्शना द्वार का निरूपण

—એકાસ્તિકાયપ્રદેશ સ્પર્શદ્વાર વક્તવ્યતા—

"एगे भंते! धम्मत्थिकायपएसे" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં આઠમાં આકાશાસ્તિકાયાદિ પ્રદેશદ્વારનું નિરૂપણ કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"एगे भंते! धम्मत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकाय-पएसेहिं पुट्ठे?" હે ભગવન્! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે? આ પ્રશ્નનો ભાવાર્થ એ છે કે ધર્માસ્તિ-કાયમાં અસંખ્યાત પ્રદેશ કહ્યા છે. અહીં એવો પ્રશ્ન પૂછાયો છે કે ધર્માસ્તિ-કાયનો એક પ્રદેશ તેના જ કેટલા પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થયેલો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! जहन्नपए तिहिं, उक्कोसपए छहिं" હે ગૌતમ ! જઘન્યપદની અપેક્ષાએ તે એક ધર્માસ્તિકાય પ્રદેશ ત્રણ ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. અહીં જઘન્યપદ દ્વારા લોકાન્તકોણ ગ્રહણ કરવો જોઈએ ત્યાં ધર્માસ્તિકાયનો અમુક એક પ્રદેશ ઉપરના એક પ્રદેશ દ્વારા અને આસપાસના બે પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. આ રીતે અતિસ્તોક અન્ય પ્રદેશો વડે તેની સ્પર્શના થવાનું કહેવામાં આવ્યું છે. આ લોકાન્તકોણ ભૂમિની પાસેના કોઠાના ખૂણાના પ્રદેશ જેવો સમજવો જોઈએ. ઉત્કૃષ્ટની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો ધર્માસ્તિકાયનો એક પ્રદેશ પોતાની ચારે દિશાઓના ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા અને ઉપર નીચેના બે પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. આ રીતે ચાર દિશાઓના ચાર પ્રદેશો વડે, ઉપરના એક અને નીચેના એક, એમ છ પ્રદેશો વડે તેની સ્પર્શના થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं अहमत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ? આ પ્રશ્ન પૂછવાનું કારણ એ છે કે જેમ તલમાં તેલ રહેલું હોય છે એમ લોકાકાશમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય સર્વત્ર વ્યાપ્ત હોય છે. તેથી જ્યાં ધર્માસ્તિકાય હોય છે, ત્યાં અધર્માસ્તિકાય આદિ અન્ય અસ્તિકાય પણ રહેલા હોય છે. તેથી જ એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! जहन्नपए चउहिं, उक्कोसपए सत्तहिं" હે ગૌતમ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ચાર પ્રદેશ વડે અને વધારેમાં વધારે સાત પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. ઓછામાં ઓછા ચાર પ્રદેશો વડે નીચે પ્રમાણે સ્પૃષ્ટ થાય છે–ધર્માસ્તિકાયનો તે એક પ્રદેશ અધર્માસ્તિકાયના એક ઉપરના પ્રદેશ વડે, આસપાસના બે પ્રદેશો વડે તથા ધર્માસ્તિકાયના પ્રદેશના સ્થાન પર રહેલા એક પ્રદેશ વડે સ્પૃષ્ટ થાય છે. વધારેમાં વધારે સાત પ્રદેશો વડે આ પ્રકારે તેની સ્પર્શના સમજવી–ધર્માસ્તિકાયના તે એક પ્રદેશની છ દિશાઓના છ પ્રદેશો વડે અને ધર્માસ્તિકાયના પ્રદેશના સ્થાન પર રહેલા એક અધર્માસ્તિકાયના પ્રદેશ વડે સ્પર્શના થાય છે. આ રીતે ધર્માસ્તિકાયના એક પ્રદેશની અધર્માસ્તિકાયના વધારેમાં વધારે સાત પ્રદેશો વડે સ્પર્શના થાય છે. ।૨।

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાયના એક પ્રદેશની આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પર્શના થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ આકાશાસ્તિકાયના સાત પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, કારણ કે લોકાન્તમાં પણ અલોકાકાશના પ્રદેશોનો સદ્ભાવ છે. ।૩।

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! अणंतेहिं " હે ગૌતમ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ જીવાસ્તિકાયના અનંતપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે ધર્માદિક દ્રવ્યોની જેમ જીવ દ્રવ્ય એક નથી તે તો અનંત દ્રવ્યરૂપ છે. તેથી એક ધર્માસ્તિકાયના પ્રદેશ પર અને તેની આસપાસ અનંત જીવોના અનંત પ્રદેશ વિદ્યમાન રહે છે. તેથી અહીં ઉપર મુજબનું કથન કરવામાં આવ્યું છે. ।४।

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइएहिं पोग्गलत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ પુદ્ગલાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अणंतेहिं " હે ગૌતમ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. કારણ કે અનંત પુદ્ગલના અનંત પ્રદેશોનો ધર્માસ્તિકાયના એક પ્રદેશ પર અને તેની પાસે દ્વિદ્રવ્યાદિમાં સદ્ભાવ રહે છે. ।५।

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइएहिं अद्धासमएहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો પ્રદેશ કેટલા અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सिय पुट्ठे, सिय नो पुट्ठे " હે ગૌતમ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ કયારેક અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે અને કયારેક થતો નથી આ કથનનો ભાવાર્થ એવો છે કે–અદ્ધાસમય સમયક્ષેત્ર–અઢી દ્વીપમાં જ છે, તેની બહાર નથી. તેથી સમયક્ષેત્રની અપેક્ષાએ એવું કથન કરવામાં આવ્યું છે કે ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે, પરન્તુ તેની બહારના ક્ષેત્રની અપેક્ષાએ તે સ્પૃષ્ટ થતો નથી એવું કથન કરવામાં આવ્યું છે. " जइ पुट्ठे नियमं अणंतेहिं " જો તે સમય ક્ષેત્રની અપેક્ષાએ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે, તો નિયમથી જ તે અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે, કારણ કે અદ્ધાસમય અનાદિ અને અનંત હોય છે. અથવા–વર્તમાન સમય વિશિષ્ટ અનંત દ્રવ્ય અનંત સમય રૂપ જ છે, આ રીતે પણ તેને અનંત સમયો વડે સ્પૃષ્ટ કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एगे भंते ! अहम्मत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! અધર્માસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! जहन्नपए चउहिं, उक्कोसपए सत्तहिं " હે ગૌતમ ! એક અધર્માસ્તિકાયનો પ્રદેશ ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે સાત ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" केवइएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! એક અધર્માસ્તિકાય પ્રદેશ કેટલા અધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहन्नपए तिहिं, उक्कोसपए छहिं, सेसं जहा धम्मत्थिकायस्स " હે ગૌતમ! અધર્માસ્તિકાયનો એક પ્રદેશ ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે છ અધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે બાકીનું સમસ્ત કથન ધર્માસ્તિકાયના વિષયમાં ઉપર કરેલા કથન અનુસાર સમજવું એટલે કે અધર્માસ્તિયકાયના એક પ્રદેશનો આકાશાસ્તિકાય આદિના પ્રદેશો દ્વારા સ્પર્શ પૂર્વોક્ત એક ધર્માસ્તિકાય પ્રદેશના સ્પર્શ અનુસાર જ સમજવો જોઈએ. ।૬।

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एगे भंते! आगासत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे?" હે ભગવન્! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! सिय पुट्ठे, सिय नो पुट्ठे " હે ગૌતમ! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કયારેક–લોકને આશ્રિત કરીને–ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, અને કયારેક–અલોકને આશ્રિત કરીને–ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થતો નથી. " जइ पुट्ठे, जहन्नपए एक्केण वा दोहिं वा, तीहिं वा, चउहिं वा, उक्कोसपए सत्तहिं " જ્યારે તે ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, ત્યારે ઓછામાં ઓછા એક અથવા બે અથવા ત્રણ અથવા ચાર અને વધારેમાં વધારે સાત ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આકાશાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના એક પ્રદેશ વડે સ્પૃષ્ટ થવાનો ભાવાર્થ આ પ્રમાણે છે–જઘન્યરૂપે ધર્માસ્તિકાયના બાકીના પ્રદેશોમાંથી નિર્ગત થયેલો એવો જે લોકાન્તમાં રહેલો એક ધર્માસ્તિકાય પ્રદેશ છે તેના દ્વારા અલોકાકાશના અગ્રભાગમાં રહેલો એવો લોકાકાશનો એક પ્રદેશ સ્પૃષ્ટ થાય છે. વક્રગત આકાશપ્રદેશ ધર્માસ્તિકાયના બે પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. તથા જે લોકાકાશ પ્રદેશની આગળ, નીચે અને ઉપર ધર્માસ્તિકાયપ્રદેશો છે, તે લોકાકાશપ્રદેશ ત્રણ ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. તથા લોકાન્તમાં ખૂણામાં રહેલો જે આકાશપ્રદેશ છે તે ત્યાં રહેલા એક ધર્માસ્તિકાયપ્રદેશ વડે, તથા ઉપર અને નીચેની બે દિશાઓમાં રહેલા બે પ્રદેશોમાના કોઈ એક પ્રદેશ દ્વારા, તથા આસપાસની બે દિશાઓમાં રહેલા ધર્માસ્તિકાયના બે પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આ રીતે ધર્માસ્તિકાયના ચાર પ્રદેશો વડે તે આકાશાસ્તિકાયનો એક પ્રદેશ સ્પૃષ્ટ થાય છે. જે આકાશનો પ્રદેશ ઉપર નીચેના ધર્માસ્તિકાયના બે પ્રદેશો દ્વારા, આસપાસની બે દિશાઓમાં રહેલા બે ધર્માસ્તિકાયપ્રદેશો દ્વારા અને એજ આકાશપ્રદેશ પર રહેલા એક ધર્માસ્તિકાયપ્રદેશ દ્વારા સ્પૃષ્ટ થાય છે, તે આકાશપ્રદેશને ધર્માસ્તિકાયના પાંચ

પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થયેલું ગણાય છે. જે આકાશપ્રદેશ ઉપર નીચે રહેલા બે ધર્માસ્તિકાયપ્રદેશો વડે, તથા ત્રણ દિશામાં રહેલા ત્રણ ધર્માસ્તિકાયપ્રદેશો વડે અને ત્યાંજ રહેલા એક ધર્માસ્તિકાયપ્રદેશ વડે સ્પૃષ્ટ થાય છે, તે આકાશાસ્તિકાયના એક પ્રદેશને ધર્માસ્તિકાયના છ પ્રદેશો વડે સ્પૃષ્ટ થયેલો માનવામાં આવે છે. તથા જે આકાશાસ્તિકાયનો એક પ્રદેશ ઉપર નીચેના બે ધર્માસ્તિકાયના પ્રદેશો વડે, તથા ચાર દિશામાં રહેલા ચાર ધર્માસ્તિકાયના પ્રદેશો વડે, તથા ત્યાંજ રહેલા એક ધર્માસ્તિકાયના પ્રદેશ વડે સ્પૃષ્ટ થાય છે, તેને સાત ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થયેલો માનવામાં આવે છે. "एवं अहम्मत्थिकायपएसेहिं वि" એજ પ્રમાણે આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કયારેક અધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે અને કયારેક થતો નથી. જો તે આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, તો ઓછામાં ઓછા એક પ્રદેશ વડે અથવા બે પ્રદેશો વડે અથવા ત્રણ પ્રદેશો વડે અથવા ચાર પ્રદેશો વડે અને વધારેમાં વધારે સાત પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા આકાશાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"छहिं" આકાશાસ્તિકાયનો એક પ્રદેશ છ આકાશાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, કારણ કે એક લોકાકાશનો પ્રદેશ અથવા અલોકાકાશનો પ્રદેશ છ દિશાઓમાં રહેલા જ આકાશાસ્તિકાયપ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. તેથી જ છ પ્રદેશો વડે તેની સ્પર્શના કહી છે.

ગૌતમસ્વામીનો પ્રશ્ન–"केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय पुट्ठे, सिय नो पुट्ठे, जइ पुट्ठे नियमं अणंतेहिं" હે ગૌતમ ! એક આકાશાસ્તિકાયનો પ્રદેશ કયારેક જીવાસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતો નથી જો તે તેમના દ્વારા સ્પૃષ્ટ થાય છે તો નિયમથી જ જીવાસ્તિકાયના અનંત પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે જ્યારે લોકાકાશપ્રદેશ વિવક્ષિત થાય છે, ત્યારે તે તેમના દ્વારા સ્પૃષ્ટ થાય છે, પરન્તુ જ્યારે અલોકાકાશ-પ્રદેશવિશેષ વિવક્ષત થાય છે, ત્યારે તે તેમના દ્વારા સ્પૃષ્ટ થતો નથી, કારણ કે ત્યાં જીવોનો સદ્ભાવ જ હોતો નથી અલોકાકાશમાં આકાશ સિવાય બીજા કોઈ દ્રવ્યનો સદ્ભાવ જ હોતો નથી. "एवं पोग्गलत्थिकायपएसेहिं वि, अद्धासमएहिं वि" એજ પ્રમાણે આકાશાસ્તિકાયનો એક પ્રદેશ પુદ્ગલાસ્તિકાય પ્રદેશો દ્વારા કયારેક સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતો નથી. જો તે તેમના દ્વારા સ્પૃષ્ટ થાય છે તો નિયમથી જ અનંત પુદ્ગલાસ્તિકાય-પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. એજ પ્રમાણે આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કયારેક

અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે અને કયારેક તેમના વડે સ્પૃષ્ટ થતો નથી. જો તેમની સાથે સ્પૃષ્ટ થાય તો નિયમથી જ અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે. આ પ્રકારના કથનનું કારણ એ છે કે–અદ્ધાસમયનો સદ્ભાવ અઢી-દ્વીપમાં જ હોય છે, તેની બહારના ક્ષેત્રોમાં હોતો નથી. "આકાશાસ્તિ-કાયનો પ્રદેશ કયારેક અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે." આ કથન સમય-ક્ષેત્રની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. "આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કયારેક અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થતો નથી," આ કથન સમયક્ષેત્ર (અઢી દ્વીપ)ની બહારના ક્ષેત્રોની અપેક્ષાએ કરવામાં આવ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"एगे भंते ! जीवत्थिकायपएसे केवइएहिं धम्म-त्थिकायपएसेहिं पुट्ठे पुच्छा" હે ભગવન્ ! જીવાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયપ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहन्नपए चउहिं, उक्कोसपए सत्तहिं" હે ગૌતમ ! જીવાસ્તિકાયનો એક પ્રદેશ ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે સાત ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે.

શંકા–લોકાન્તખૂણામાં–ઓછામાં ઓછા પ્રદેશોની અપેક્ષાએ–સ્પર્શક પ્રદેશોની સર્વાલ્પતા હોય છે. છતાં આપ શા કારણે એવું કહો છો કે એક જીવાસ્તિકાયપ્રદેશ ઓછામાં ઓછા ચાર ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

સમાધાન–ઉપર અથવા નીચેના એક પ્રદેશ વડે, આસપાસની બે દિશાઓના બે પ્રદેશો વડે, અને એક તે પ્રદેશ વડે કે જ્યાં તે અવગાઢ (રહેલો) હોય છે, આ પ્રકારે ઓછામાં ઓછા ચાર પ્રદેશો વડે તે સ્પૃષ્ટ થતો ગણાય છે.

"एकः जीवास्तिकायप्रदेशः" એવું જે કહેવામાં આવ્યું છે તે કેવલિ-સમુદ્ઘાતની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે, કારણ કે કેવલિસમુદ્ઘાતવાળા જીવનો જ એક આકાશપ્રદેશાદિમાં એક પ્રદેશ હોઈ શકે છે.

"एवं अहम्मत्थिकायपएसेहिं वि" એજ પ્રમાણે જીવાસ્તિકાયનો એક પ્રદેશ ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે સાત અધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! જીવાસ્તિકાયનો એક પ્રદેશ આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सेसं जहा धम्मत्थिकायस्स" હે ગૌતમ ! જેવું કથન ધર્માસ્તિકાયના વિષયમાં કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે બાકીનું જીવાસ્તિકાયના વિષયમાં થવું જોઈએ એટલે કે જેમ એક ધર્માસ્તિકાયનો પ્રદેશ અનંત જીવાસ્તિકાયપ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે, એજ પ્રમાણે એક જીવાસ્તિકાયપ્રદેશ પણ અનંત જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"एगे भंते ! पोग्गलत्थिकायपएसे केवइएहिं धम्म-

त्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે? એજ પ્રમાણે તે કેટલા અધર્માસ્તિકાયાદિકોના પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं जहेव जीवत्थिकायस्स " હે ગૌતમ! આ વિષયને અનુલક્ષીને જેવું જીવાસ્તિકાયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયનું પણ પ્રતિપાદન કરવું જોઇએ. જેમ કે–પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ચાર પ્રદેશો વડે (ઉપર નીચેના ધર્માસ્તિકાય પ્રદેશોમાંના કોઈ એક પ્રદેશ વડે, આસપાસની બે દિશાઓના ધર્માસ્તિકાયના બે પ્રદેશો વડે, અને જ્યાં તે અવગાઢ છે ત્યાંના એક ધર્માસ્તિકાય પ્રદેશ વડે) સ્પૃષ્ટ થાય છે. અહીં ઉપરિ અધોભાગની વિવક્ષા કરવામાં આવી નથી. ઉત્કૃષ્ટની અપેક્ષાએ પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના સાત પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. એજ પ્રમાણે તે પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ અધર્માસ્તિકાયના પ્રદેશો વડે પણ સ્પૃષ્ટ થાય છે. તે સાત આકાશાસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, અનંત જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે અને અનંત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો વડે પણ સ્પૃષ્ટ થાય છે. ॥સૂ૦૮॥

એકાસ્તિકાયપ્રદેશસ્પર્શનાદ્વારવક્તવ્યતા સંપૂર્ણ

દ્વિપ્રદેશાદિ પુદ્ગલાસ્તિકાય સ્પર્શના દ્વાર કા નિરૂપણ

—બે આદિ પ્રદેશોવાળા પુદ્ગલાસ્તિકાય સ્પર્શદ્વાર વક્તવ્યતા—

" दो भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं " ઇત્યાદિ–

ટીકાર્થ–પૂર્વ સૂત્રમાં ધર્માસ્તિકાયાદિક ચાર અસ્તિકાયોના અને પુદ્ગલાસ્તિકાયના એક પ્રદેશની સ્પર્શનાનું કથન કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર આ સૂત્ર દ્વારા પુદ્ગલાસ્તિકાયના બે આદિ પ્રદેશોવાળા સ્કંધોની પ્રરૂપણા કરે છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમસ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" दो भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहन्नपए छहिं, उक्कोसपए बारसहिं " હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો ઓછામાં ઓછા છ અને વધારેમાં વધારે બાર ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણેછે

લોકાન્તમાં દ્વિપ્રદેશિક સ્કંધ તેના એક પ્રદેશને અવગાહિત કરીને રહે છે અને એજ લોકાન્તના એક પ્રદેશમાં ધર્માસ્તિકાયાદિક દ્રવ્યોના પ્રદેશ પણ અવગાહિત થઈને રહે છે, આ રીતે તે લોકાન્તનો એક પ્રદેશ એક હોવા છતાં પણ પ્રતિદ્રવ્ય દ્વારા અવગાહી હોવાને કારણે ભિન્ન જ માનવો પડશે, એવી એક નયની માન્યતા છે. આ મત અનુસાર એક હોવા છતાં પણ તે અવગાહ પ્રદેશ ભિન્ન હોવાને કારણે પુદ્ગલના તે બે પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે. તથા જે તેમની ઉપરનો અથવા નીચેનો પ્રદેશ છે તે પણ પુદ્ગલના બે પ્રદેશો વડે સ્પૃષ્ટ હોવાને કારણે નયમતાનુસાર ભિન્ન છે. તથા પાંસેના બે પ્રદેશ એક એક પરમાણુના પરસ્પરના વ્યવધાનથી સ્પર્શ કરે છે આ રીતે છ ધર્માસ્તિકાય પ્રદેશો વડે બે અણુવાળા સ્કંધની સ્પર્શના થાય છે. તથા– પૂર્વોક્ત નયમતનો જો આધાર ન લેવામાં આવે, તો ઓછામાં ઓછા ચાર જ ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા બે અણુવાળા સ્કંધની સ્પર્શના થાય છે. તે સ્પર્શનાનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–ઉપર નીચેના બે પ્રદેશો વડે અને આસપાસના બે પ્રદેશો વડે, આ પ્રકારે ચાર ધર્માસ્તિકાય પ્રદેશો વડે તે સ્પર્શના થાય છે. અથવા–અહીં જે બે બિંદુઓ છે, તેમને બે પરમાણુ માની લો. તેમાંનો એક તરફનો પરમાણુ એક તરફના ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે, અને બીજી તરફનો પરમાણુ બીજી તરફના ધર્માસ્તિકાયપ્રદેશદ્વારા સ્પૃષ્ટ થાય છે તથા જે બે પ્રદેશોની વચ્ચે બે પરમાણુને સ્થાપિત કરવામાં આવ્યા છે તેઓ અચેતન બે પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે–પહેલા પ્રદેશ વડે પહેલો અને બીજા પ્રદેશ વડે બીજો, આ રીતે ચાર પ્રદેશ થઇ જાય છે અને જ્યાં તે બે પરમાણુ અવગાઢ છે, ત્યાંના બે પ્રદેશોની સ્પર્શના–આ પ્રકારે છ પ્રદેશોની જઘન્ય (ઓછામાં ઓછી) સ્પર્શના થાય છે. ઓછામાં ઓછા ૬ સ્પર્શક પ્રદેશો દ્વારા થતા સ્પર્શની આકૃતિ યંત્રના પેજમાં નં. ૧ ની જોઇ લેવી.

પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશોની ધર્માસ્તિકાયના વધારેમાં વધારે ૧૨ પ્રદેશો વડે સ્પર્શના થાય છે. આ બાબતનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–બે પરમાણુ દ્વારા અવગાહિત થયેલા સ્થાનના બે પ્રદેશ, નીચેના બે પ્રદેશ અને ઉપરના બે પ્રદેશ, પૂર્વપશ્ચિમ તરફના બબ્બે પ્રદેશ, તથા દક્ષિણઉત્તર તરફનો એક એક પ્રદેશ આ રીતે ધર્માસ્તિકાયના વધારેમાં વધારે બાર પ્રદેશો વડે સ્પર્શના થાય છે વધારેમાં વધારે ૧૨ સ્પર્શકપ્રદેશો દ્વારા સ્પર્શનાની આકૃતિ યંત્રપેજમાં નં. ૨ બે ની જોઇ લેવી.

"एवं अहमत्थिकायपएसेहिं वि" એજ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો ઓછામાં ઓછા ૬ અને વધારેમાં વધારે ૧૨ અધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે આ વિષયનું સ્પષ્ટીકરણ ઉપરના સ્પષ્ટીકરણ પ્રમાણે જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपसेहिं पुट्ठा" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"बारसहिं, सेसं जहा धम्मत्थिकायस्स" હે

ગૌતમ ! ૧૨ આકાશાસ્તિકાય પ્રદેશો દ્વારા બે પુદ્ગલાસ્તિકાયપ્રદેશો સ્પૃષ્ટ થાય છે. અહીં જઘન્ય પદનો અભાવ સમજવો, કારણ કે લોકાન્તમાં પણ આકાશપ્રદેશોનો સદ્ભાવ છે. તેથી જ અહીં કેવળ ૧૨ પ્રદેશો વડે જ સ્પર્શના કહેવામાં આવી છે. બાકીનું ધર્માસ્તિકાયને અનુલક્ષીને જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ સમજવું જેમ કે–આ પ્રકારનો અભિલાપક્રમ આગળ સમજવો.–" હે ભગવન્ ! બે પુદ્ગલાસ્તિકાયપ્રદેશો કેટલા જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?" " હે ગૌતમ ! બે પુદ્ગલ સ્તિકાય-પ્રદેશો અનંત જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે." એજ પ્રમાણે બે પુદ્ગલાસ્તિકાયપ્રદેશો અનંત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. અદ્ધા-સમયો દ્વારા તેઓ કયારેક સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતા નથી. જો પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે તો નિયમથી જ અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે. સમયક્ષેત્રમાં (અઢીદ્વીપમાં) જ તેઓ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે, સમયક્ષેત્રની બહારના ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેઓ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થતા નથી, કારણ કે ત્યાં અદ્ધાસમયનો અભાવ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तिन्नि भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा " હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहन्नपए अट्ठहिं, उक्कोसपए सत्तरसहिं, एवं अहम्मत्थिकायपएसेहिं वि" હે ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા આઠ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૧૭ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. એજ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો અધર્માસ્તિકાયના ઓછામાં ઓછા આઠ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૧૭ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આ વિષયમાં નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે-જો કે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ જઘન્ય રૂપે એક પ્રદેશમાં જ અવગાઢ હોય છે, પરંતુ પૂર્વોક્ત નયની માન્યતા અનુસાર તેમને ત્રણ પ્રદેશમાં અવગાઢ થયેલા મનાય છે. આ રીતે ત્રણ પરમાણુઓ દ્વારા અવગાહપ્રદેશ ત્રણ પ્રકારના માની લેવામાં આવે છે અને તેમની નીચેના અથવા ઉપરના ત્રણ પ્રદેશ, અને બે તેમની આજૂબાજૂના પ્રદેશ, આ પ્રકારે ધર્માસ્તિકાયના આઠ પ્રદેશો દ્વારા પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની સ્પર્શના થાય છે. આ જઘન્ય સ્પર્શના સમજવી તેની આકૃતિ યંત્રપૃષ્ઠમાં નં. ૩ અને ૪ માં જોઇ લેવી.

વધારેમાં વધારે ૧૭ ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા ત્રણ પુદ્ગલાસ્તિકાય પ્રદેશોની સ્પર્શનાનું સ્પષ્ટીકરણ–જ્યાં પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ અવગાહિત થઇ રહેલા છે, તે ત્રણ પ્રદેશો તેમના દ્વારા સ્પૃષ્ટ છે. ત્રણ પ્રદેશ ઉપરના અને ત્રણ પ્રદેશ નીચેના તેમના દ્વારા સ્પૃષ્ટ છે. તથા પૂર્વપશ્ચિમ ભાગના ત્રણ ત્રણ પ્રદેશ અને ઉત્તરદક્ષિણ ભાગનો એક એક પ્રદેશ સ્પૃષ્ટ થાય છે. આ રીતે ધર્માસ્તિકાયના વધારેમાં વધારે ૧૭ પ્રદેશો દ્વારા પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની સ્પર્શના થાય છે તેની આકૃતિ યંત્રપૃષ્ઠમાં નં. ૫ માં જોઇ લેવી.

એજ પ્રમાણે અધર્માસ્તિકાયના ઓછામાં ઓછા આઠ અને વધારેમાં વધારે ૧૭ પ્રદેશો વડે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની સ્પર્શના થાય છે, એમ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશો વડે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની સ્પર્શના થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सत्तरसहिं" હે ગૌતમ! આકાશાસ્તિકાયના સત્તર પ્રદેશો વડે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની સ્પર્શના થાય છે. અહીં પણ જઘન્યપદનો અભાવ જ સમજવો, કારણ કે લોકાન્તમાં આકાશપ્રદેશોનો સદ્ભાવ રહે છે. "सेसं जहा धम्मत्थिकायस्स" ત્યાર પછીનું કથન–જીવ, પુદ્ગલ અને અદ્ધાવિષયક કથન ધર્માસ્તિકાયના પૂર્વોક્ત કથન પ્રમાણે જ સમજવું જેમ કે તેમના વિષે આ પ્રકારના પ્રશ્નોત્તરો બનશે–

પ્રશ્ન–પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

ઉત્તર–હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો જીવાસ્તિકાયના અનંત પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. એજ પ્રમાણે તેઓ અનંત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે અદ્ધાસમયો વડે તેઓ કયારેક સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતા નથી જો તેઓ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે તો નિયમથી જ અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે સમયક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેઓ અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે, પરન્તુ સમયક્ષેત્રની બહારના ક્ષેત્રમાં તેઓ તેમના દ્વારા સ્પૃષ્ટ થતા નથી, એમ સમજવું. "एवं एएणं गमेणं भाणियव्वं जाव दस, नवरं जहन्नपदे दोन्नि पक्खिवेयव्वा, उक्कोसपए पंच" એજ પ્રકારે–પૂર્વોક્ત પ્રશ્નોત્તરો દ્વારા ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અને દસ સુધીના પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોની ધર્માસ્તિકાયાદિના પ્રદેશો વડે સ્પર્શનાનું કથન કરવું જોઇએ પરન્તુ વિશેષતા એટલી જ છે કે પ્રત્યેક જઘન્યપદમાં ઉત્તરોત્તર બે પ્રદેશોની અને ઉત્કૃષ્ટ પદમાં પાંચની વૃદ્ધિ કરતા જવું જોઈએ.

તથા–એક, બે, ત્રણ આદિ પરમાણુઓના જઘન્ય પદમાં અને ઉત્કૃષ્ટ પદમાં પ્રત્યેકના કેટલા કેટલા સ્પર્શનાપ્રદેશ હોય છે તે આ પ્રકારે પણ ગણી શકાય છે–જઘન્યપદમાં સ્પર્શકપ્રદેશોની સંખ્યા નક્કી કરવા માટે પરમાણુની જેટલી સંખ્યા આપી હોય તેના બમણાં કરી બે ઉમેરવા જેમ કે એક પરમાણુના બમણા કરવાથી બે આવે અને તેમાં બે ઉમેરવાથી ચાર આવે આ રીતે ઓછામાં ઓછા ચાર સ્પર્શક પ્રદેશો આવે છે, એજ પ્રમાણે બેથી લઇને દસ પર્યન્તના પરમાણુઓના જઘન્ય સ્પર્શક પ્રદેશો પણ ગણી શકાય છે. ઉત્કૃષ્ટ સ્પર્શકોની સંખ્યા નક્કી કરવા માટે પરમાણુના પાંચ ગણાં કરી બે ઉમેરવા જેમ કે એક પરમાણુને પાંચ વડે ગુણવાથી પાંચ પરમાણુ થાય છે. તેમાં બે ઉમેરવાથી સાત સ્પર્શક પ્રદેશો આવે છે એજ પ્રમાણે બેથી

લઇને દસ પર્યન્તના પરમાણુઓનો વધારેમાં વધારે સ્પર્શક પ્રદેશો પણ નક્કી કરી શકાય છે. આ વાત યંત્રના પેજમાં આપેલ નં. ૬ ની આકૃતિથી સ્પષ્ટ થાય છે–

સ્પષ્ટીકરણ–જઘન્ય પદમાં એક પરમાણુના (પ્રદેશના) જે સ્પર્શના પ્રદેશો હોય છે તેમાં બે ઉમેરવાથી બે પરમાણુઓના જઘન્યપદમાં સ્પર્શનાપ્રદેશ આવી જાય છે એજ પ્રમાણે પ્રત્યેક આગળના જઘન્ય સ્પર્શના પ્રદેશોમાં ઉત્તરોત્તર બબ્બે પ્રદેશો ઉમેરવાથી ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અને દસ, પરમાણુઓના જઘન્ય સ્પર્શના પ્રદેશો અનુક્રમે ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦ અને ૨૨ આવશે એજ પ્રમાણે વધારેમાં વધારે સ્પર્શક પ્રદેશો જાણવાની પદ્ધતિ બતાવવામાં આવે છે એક પરમાણુના વધારેમાં વધારે સ્પર્શક પ્રદેશો ૭ છે. તેમાં પાંચ ઉમેરવાથી બે પરમાણુઓના સ્પર્શક પ્રદેશો ૧૨ આવે છે એજ પ્રમાણે પાંચ પાંચની ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા જવાથી ત્રણથી લઇને દસ સુધીના પરમાણુઓના ઉત્કૃષ્ટ સ્પર્શના પ્રદેશો અનુક્રમે ૧૭, ૨૨, ૨૭, ૩૨, ૩૭, ૪૨, ૪૭ અને ૫૨ આવશે આ કથનનો સારાંશ એ છે કે જઘન્ય પદમાં જેટલા પરમાણુ સ્પર્શકોની સંખ્યા જાણવી હોય તેટલા પરમાણુના બમણાં કરી બે ઉમેરવાથી ઓછામાં ઓછા કેટલા સ્પર્શકો હશે, તે જાણી શકાશે પરમાણુઓના પાંચ ગણાં કરી બે ઉમેરવાથી તે પરમાણુઓના ઉત્કૃષ્ટ સ્પર્શકોની સંખ્યા જાણી શકાશે આ વાત જઘન્યપદમાં દશ પ્રદેશાત્મક કોષ્ઠક યંત્રપૃષ્ઠમાં નં. ૭ માં કોઠાની મદદથી પણ સમજી શકાય તેમ છે.

હવે સૂત્રકાર આ વાત વિસ્તારપૂર્વક સમજાવે છે–

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"चत्तारि पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના ચાર પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहन्नपए दसहिं उक्कोसपए बावीसाए" હે ગૌતમ! ઓછામાં ઓછા દસ અને વધારેમાં વધારે બાવીશ ધર્માસ્તિકાયપ્રદેશો વડે ચાર પુદ્ગલાસ્તિકાયપ્રદેશો સ્પૃષ્ટ થાય છે, ઓછામાં ઓછા દસ ધર્માસ્તિકાયપ્રદેશો વડે ચાર પુદ્ગલાસ્તિકાયપ્રદેશોની સ્પર્શનાનો કોઠો યંત્રપેજમાં સાતમા નંબરનો છે તે કોઠો જોઇને સમજી લેવો.

ધર્માસ્તિકાયના વધારેમાં વધારે ૨૨ પ્રદેશો વડે પુદ્ગલાસ્તિકાયના ચાર પ્રદેશોની સ્પર્શના થાય છે આ વાત સ્પષ્ટ કરતો કોઠો યંત્રપેજમાં નં. ૮ માં જોઇને સમજી લેવો.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"पंच पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! પાંચ પુદ્ગલાસ્તિકાયપ્રદેશો કેટલા ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहन्नपए बारसहिं, उक्कोसपए सत्तावीसाए" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના પાંચ પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૧૨ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૨૭ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"छ पोग्गलत्थिकायपएसा०" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના છ પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहन्नपए चोद्दसहिं, उक्कोसपए बत्तीसाए" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના છ પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૧૪ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૩૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सत्त पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा?" હે ભગવન્! સાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहन्नेणं सोलसहिं, उक्कोसेणं सत्ततीसाए" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના સાત પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૧૬ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૩૭ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अट्ठ पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा?" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના આઠ પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहण्णेणं अट्ठारसहिं, उक्कोसेणं बायालीसाए" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના આઠ પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૧૮ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૪૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नव पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा?" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના નવ પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहण्णेणं वीसाए, उक्कोसेणं सीयालीसाए" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના નવ પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૨૦ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૪૭ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે,

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"दस पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा?" હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયના દસ પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहण्णेणं बावीसाए, उक्कोसेणं बावन्नाए" હે ગૌતમ! પુદ્ગલાસ્તિકાયના દસ પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૨૨ પ્રદેશો વડે અને વધારેમાં વધારે ૫૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. "आगासत्थिकायस्स सव्वत्थ उक्कोसगं भाणियव्वं" આકાશાસ્તિકાયનું ઉત્કૃષ્ટ પદ જ સર્વત્ર–એક પ્રદેશિકથી લઈને અસંખ્યાત પ્રદેશિક સુધીમાં–કહેવું જોઈએ–જઘન્ય પદનું કથન કરવું જોઈએ નહીં, કારણ કે તેનો સર્વત્ર સદ્ભાવ રહે છે, અને તે અસંખ્યાત પ્રદેશવાળું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" संखेज्जा भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશો ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहन्नपए तेणेव संखेज्जेणं दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपए तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं " ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશો ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા તે સંખ્યાતના બમણા કરતાં બે અધિક પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે અને વધારેમાં વધારે તે સંખ્યાતના પાંચ ગણાં કરતાં બે અધિક પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આ કથનનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે કરી શકાય–ધારો કે વીસ પ્રદેશિક એક સ્કંધ લોકાન્તમાં એક પ્રદેશમાં રહેલો છે. પૂર્વોક્ત નયમતાનુસાર એવું માનવું જોઇએ કે તે લોકના ૨૦ પ્રદેશોમાં અવગાઢ (રહેલો) છે તેથી જ્યાં તે રહેલો છે ત્યાંના તે ૨૦ પ્રદેશો દ્વારા, તથા એજ નયમતાનુસાર પોતાના ઉપરિતન અથવા અધસ્તન ૨૦ પ્રદેશો દ્વારા અને આજૂબાજૂના બે પ્રદેશો દ્વારા, આ રીતે ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૪૨ પ્રદેશો વડે પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશો જઘન્યપદમાં સ્પૃષ્ટ થાય છે. તે વાત તો પહેલાં સ્પષ્ટ કરવામાં આવી છે કે જઘન્યપદમાં આવેલા પ્રદેશોના બમણા કરીને ગુણાકારમાં બે ઉમેરવાથી સ્પર્શકના પ્રદેશો જાણી શકાય છે. અહીં પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ–૨૦ પ્રદેશ–જઘન્ય પદમાં લેવામાં આવ્યા છે. તેના બમણા કરવાથી ૪૦ આવે છે. પછી ૪૦ માં બે ઉમેરવાથી ૪૨ આવે છે. એટલે કે ૨૦ પ્રદેશોવાળો સ્કંધ ધર્માસ્તિકાયના ઓછામાં ઓછા ૪૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. સંખ્યાત પ્રદેશોવાળા સ્કંધ–ધારો કે ૨૦ પ્રદેશોવાળો સ્કંધ ધર્માસ્તિકાયના વધારેમાં વધારે ૧૦૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આ કથનનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોના પાંચ ગણાં કરી ગુણાકારમાં બે ઉમેરવાથી વધારેમાં વધારે સ્પૃષ્ટ પ્રદેશોની સંખ્યા આવે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે–ઉત્કૃષ્ટ પદમાં ૨૦ સંખ્યાપ્રમાણ સંખ્યાત પરમાણુવાળા પુદ્ગલાસ્તિકાયરૂપ સ્કંધ સ્વાભાવિક ૨૦ અવગાઢ પ્રદેશો દ્વારા, ૨૦ નીચેના પ્રદેશો દ્વારા, ૨૦ ઉપરના પ્રદેશો દ્વારા, અને ૨૦–૨૦ પૂર્વપશ્ચિમની પાસેના પ્રદેશો દ્વારા અને દક્ષિણઉત્તર તરફના બે પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–' केवइएहिं अहम्मत्थिकायपएसेहिं० ?" હે ભગવન્ ! કેટલા અધર્માસ્તિકાય પ્રદેશો વડે સંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव " હે ગૌતમ ! પૂર્વોક્ત ધર્માસ્તિકાય પ્રદેશોની જેમ જ ઓછામાં ઓછા તે સંખ્યાત કરતાં બે અધિક અધર્માસ્તિકાયપ્રદેશો વડે તથા વધારેમાં વધારે તે સંખ્યાત કરતાં પાંચ ગણાં કરતાં બે અધિક અધર્માસ્તિકાય પ્રદેશો વડે તે સંખ્યાત પ્રદેશોવાળું પુદ્ગલાસ્તિકાય સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! સંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો કેટલા આકાશાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं" હે ગૌતમ! સંખ્યાત પ્રદેશોવાળો જે પુદ્ગલસ્કંધ છે તે પાંચ ગણાં સંખ્યાત કરતાં બે અધિક આકાશાસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે. આ કથન ઉત્કૃષ્ટ પદની અપેક્ષાએ કરવામાં આવ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! સંખ્યાત પ્રદેશોવાળો જે પુદ્ગલસ્કંધ છે તે કેટલા જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–'अणंतेहिं" હે ગૌતમ! સંખ્યાત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો અનંત જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं पोग्गलत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! કેટલા પુદ્ગલાસ્તિકાય પ્રદેશો દ્વારા સંખ્યાત પુદ્ગલાસ્તિકાયપ્રદેશ સ્પૃષ્ટ થાય છે?

ઉત્તર–"अणंतेहिं" હે ગૌતમ! અનંત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો વડે સંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશ સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं अद्धासमएहिं पुट्ठा ?" હે ભગવન્! કેટલા અદ્ધાસમયો વડે સંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय पुट्ठे, सिय नो पुट्ठे जाव अणंतेहिं" હે ગૌતમ! સંખ્યાત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો કયારેક અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતા નથી. 'કયારેક સ્પૃષ્ટ થાય છે.' એવું જે કથન કરવામાં આવ્યું છે તે સમયક્ષેત્રની અપેક્ષાએ કરવામાં આવ્યું છે, કારણ કે સમયક્ષેત્રમાં જ અદ્ધાસમયનો સદ્ભાવ છે, સમયક્ષેત્રની બહાર અદ્ધાસમયનો સદ્ભાવ હોતો નથી તેથી ત્યાં તેઓ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થતા નથી. જ્યારે સમયક્ષેત્રમાં તેઓ અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે, ત્યારે નિયમથી જ અનંત અદ્ધાસમયો વડે જ સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"असंखेज्जाणं भंते! पोग्गलकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્! અસંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जहण्णपए तेणेव असंखेज्जएणं दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपए तेणेव असंखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं, सेसा जहा संखेज्जाणं जाव नियमं अणंतेहिं" હે ગૌતમ! અસંખ્યાતના બમણાં કરીને પછી બે ઉમેરવાથી જેટલી સંખ્યા આવે એટલા ઓછામાં ઓછા ધર્માસ્તિ-

કાય પ્રદેશો વડે, અને અસંખ્યાતના પાંચ ગણાં કરીને પછી બે ઉમેરવાથી જેટલી સંખ્યા આવે એટલા વધારેમાં વધારે ધર્માસ્તિકાયપ્રદેશો વડે અસંખ્યાત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો સ્પૃષ્ટ થાય છે બાકીનું સમસ્ત કથન પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશોના સંબંધમાં જે પ્રમાણે કરવામાં આવ્યું છે એજ પ્રમાણે અહીં સમજવું વિશેષતા એટલી જ છે કે અહીં પ્રત્યેક અભિલાપમાં સંખ્યાતને બદલે અસંખ્યાત પદનો પ્રયોગ કરવો જોઇએ આ કથનનો ભાવાર્થ એ છે કે-અસંખ્યાત પુદ્ગલાસ્તિકાયોની ઓછામાં ઓછા અસંખ્યાતના બમણાં કરતાં બે અધિક અધર્માસ્તિકાયપ્રદેશો વડે અને વધારેમાં વધારે અસંખ્યાતના પાંચ ગણાં કરતાં બે અધિક અધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પર્શના થાય છે, તથા અસંખ્યાતના પાંચ ગણાં કરતાં બે અધિક આકાશાસ્તિકાય-પ્રદેશો વડે અસંખ્યાત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો સ્પૃષ્ટ થાય છે. અનંત જીવાસ્તિ-કાયપ્રદેશો દ્વારા, અનંત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો દ્વારા અને જ્યારે અદ્ધાસમયો દ્વારા સ્પર્શના થાય ત્યારે નિયમતઃ અનંત અદ્ધાસમયો દ્વારા અસંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશોની સ્પર્શના થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" अणंता भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?" હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एवं जहा असंखेज्जा तहा अणंता वि निरव-सेसं " હે ગૌતમ ! પહેલાં જે પ્રકારનું અસંખ્યાત પુદ્ગલાસ્તિકાયપ્રદેશોનું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રકારે પુદ્ગલાસ્તિકાયના સમસ્ત અનંત પ્રદેશોનું કથન પણ સમજવું પરન્તુ અહીં એવી વિશેષતા છે કે-જેવી રીતે અહીં જઘન્ય પદમાં નીચેના અથવા ઉપરના અવગાહ પ્રદેશ ઔપચારિક હોય છે. એજ પ્રમાણે ઉત્કૃષ્ટ પદમાં પણ નીચેના અથવા ઉપરના તે અવ-ગાહપ્રદેશો ઔપચારિક હોય છે, કારણ કે અવગાહની અપેક્ષાએ આકાશ-પ્રદેશ-લોકાકાશપ્રદેશ-ઔપચારિકતા વિના અનંત હોતા નથી, કારણ કે લોકાકાશના પ્રદેશ સિદ્ધાન્તકારોએ અસંખ્યાત જ કહ્યા છે. તેથી અવગાહની અપેક્ષાએ આકાશપ્રદેશ વાસ્તવિક રૂપે અનંત હોતા નથી. એજ વાત આ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત થઈ છે-" धम्माइपएसेहिं " ઇત્યાદિ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"एगे भंते ! अद्धासमए केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! એક અદ્ધાસમય કેટલા ધર્માસ્તિકાયપ્રદેશ વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सत्तहिं" હે ગૌતમ ! સાત ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે. અહીં "अद्धासमय" આ પદ વર્તમાન સમયવિશિષ્ટ, સમયક્ષેત્રમધ્યવર્તી (અઢી દ્વીપના) પરમાણુ જ ગૃહીત કરવા જોઇએ, નહીં તો અદ્ધાસમયની સાત ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પર્શના સંભવી શકતી નથી અહીં જઘન્ય પદનો અભાવ સમજવો, કારણ કે અદ્ધાસમયનો મનુષ્યક્ષેત્રમાં જ સદ્ભાવ છે, જઘન્ય પદનો સદ્ભાવ તો લોકાન્તમાં જ છે. સાત ધર્માસ્તિકાય પ્રદેશો દ્વારા અદ્ધાસમયની સ્પર્શના આ પ્રકારે થાય છે–અદ્ધાસમયવિશિષ્ટ પરમાણુદ્રવ્ય ધર્માસ્તિકાયના એક પ્રદેશમાં અવગાઢ છે, ધર્માસ્તિકાયના બીજાં ૬ પ્રદેશો તેની છ દિશાઓમાં છે, આ રીતે સાત ધર્માસ્તિકાયપ્રદેશો વડે સ્પર્શના થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! એક અદ્ધાસમય કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं चेव" હે ગૌતમ ! સાત અધર્માસ્તિકાયના પ્રદેશો વડે એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે. તેનું સ્પષ્ટીકરણ પણ ઉપર મુજબ જ સમજવું. "एवं आगासत्थिकायपएसेहिं वि" એજ પ્રમાણે સાત આકાશાસ્તિકાયપ્રદેશો વડે એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! એક અદ્ધાસમય કેટલા જીવાસ્તિકાયપ્રદેશ વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंतेहिं, एवं जाव अद्धासमएहिं" એક અદ્ધાસમય અનંત જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે, એજ પ્રમાણે અનંત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો વડે એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે અને અનંત અદ્ધાસમયો વડે એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે. અદ્ધાસમય વિશિષ્ટ પરમાણુદ્રવ્ય રૂપ એક અદ્ધાસમય અનંત જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે કારણ કે તેઓ એક પ્રદેશમાં પણ અનંત હોય છે. એજ પ્રમાણે અનંતપુદ્ગલાસ્તિકાય પ્રદેશો વડે એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે, કારણ કે એક દ્રવ્યના સ્થાનમાં તથા તેની આજૂબાજૂમાં અનંત પુદ્ગલોનો સદ્ભાવ રહે છે. અનંત અદ્ધાસમયો વડે એક અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે–અદ્ધાસમય–વિશિષ્ટ અનંત પુદ્ગલપરમાણુ દ્રવ્ય અદ્ધાસમય રૂપે કથિત થયેલ છે. તેથી તે અદ્ધાસમય રૂપે વિવક્ષિત પરમાણુ તેના સ્થાનમાં તથા તેની આસપાસમાં અનંત રહે છે આ રીતે ધર્માસ્તિકાયાદિકોના પ્રદેશની અપેક્ષાએ સ્પર્શનાનું કથન કરીને હવે દ્રવ્યની અપેક્ષાએ તેમની સ્પર્શનાનું કથન કરવામાં આવે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય કેટલા આકાશાસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"असंखेज्जेहिं" હે ગૌતમ ! અસંખ્યાત આકાશાસ્તિકાયપ્રદેશો વડે ધર્માસ્તિકાયદ્રવ્ય સ્પૃષ્ટ થાય છે, કારણ કે ધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશ રૂપ લોકાકાશ બરાબર કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય કેટલા જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंतेहिं" અનંત જીવાસ્તિકાય પ્રદેશો વડે ધર્માસ્તિકાય દ્રવ્ય સ્પૃષ્ટ થાય છે, કારણ કે જીવાસ્તિકાયના પ્રદેશોને વ્યાપ્ત કરીને જ ધર્માસ્તિકાય દ્રવ્ય રહેલું છે. જીવાસ્તિકાયને અનંત કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય કેટલા આકાશાસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"असंखेज्जेहिं" હે ગૌતમ ! અસંખ્યાત આકાશાસ્તિકાયપ્રદેશો વડે ધર્માસ્તિકાયદ્રવ્ય સ્પૃષ્ટ થાય છે, કારણ કે ધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશ રૂપ લોકાકાશ બરાબર કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય કેટલા જીવાસ્તિકાયપ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंतेहिं" અનંત જીવાસ્તિકાય પ્રદેશો વડે ધર્માસ્તિકાય દ્રવ્ય સ્પૃષ્ટ થાય છે, કારણ કે જીવાસ્તિકાયના પ્રદેશોને વ્યાપ્ત કરીને જ ધર્માસ્તિકાય દ્રવ્ય રહેલું છે. જીવાસ્તિકાયને અનંત કહ્યું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइएहिं अद्धासमएहिं पुट्ठे ?" હે ભગવન્ ! કેટલા અદ્ધાસમયો દ્વારા ધર્માસ્તિકાય દ્રવ્ય સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय पुट्ठे, सिय नो पुट्ठे, जइ पुट्ठे नियमा अणंतेहिं" હે ગૌતમ ! ધર્માસ્તિકાયદ્રવ્ય અદ્ધાસમયો દ્વારા કયારેક સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતું નથી. સમયક્ષેત્રની અપેક્ષાએ સ્પૃષ્ટ અને સમયક્ષેત્રની બહારના ક્ષેત્રની અપેક્ષાએ અસ્પૃષ્ટ કહ્યું છે. જયારે તે અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે ત્યારે નિયમથી જ અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अहम्मत्थिकायए णं भंते ! केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! અધર્માસ્તિકાય દ્રવ્ય ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जेहिं " હે ગૌતમ ! ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો વડે અધર્માસ્તિકાય સ્પૃષ્ટ થાય છે,

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे ?" હે ભગવન્ ! અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે અધર્માસ્તિકાય સ્પૃષ્ટ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" णत्थि एक्केण वि, सेसं जहा धम्मत्थिकायस्स " હે ગૌતમ ! અધર્માસ્તિકાયદ્રવ્ય અધર્માસ્તિકાયના એક પણ પ્રદેશ વડે સ્પૃષ્ટ થતું નથી, કારણ કે સંપૂર્ણ અધર્માસ્તિકાયને અનુલક્ષીને અહીં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. તેથી તેનાથી ભિન્ન એવા અન્ય અધર્માસ્તિકાય પ્રદેશનું સ્વતંત્ર અસ્તિત્વ સંભવી શકતું નથી. બાકીનું સમસ્ત કથન ધર્માસ્તિકાયના કથન અનુસાર જ સમજવું જેમ કે-આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો વડે અધર્માસ્તિકાય સ્પૃષ્ટ થાય છે, અનંત જીવાસ્તિકાય પ્રદેશો દ્વારા અધર્માસ્તિકાય સ્પૃષ્ટ થાય છે, અનંત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો દ્વારા અધર્માસ્તિકાય સ્પૃષ્ટ થાય છે, તથા અદ્ધાસમયો વડે કયારેક તે સ્પૃષ્ટ થાય છે અને કયારેક સ્પૃષ્ટ થતું નથી જો તે તેમના દ્વારા સ્પૃષ્ટ થતું હોય, તો નિયમથી જ અનંત અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે.

" एवं एएणं गमएणं सव्वे वि सट्ठाणए नत्थि एक्केण वि पुट्ठा, परट्ठाणए आदिल्लएहिं तिहिं असंखेज्जेहिं भाणियव्वं पच्छिल्लएसु तिसु अणंता भाणियव्वा, जाव अद्धासमयो त्ति " એજ પ્રકારે પૂર્વોકત પદ્ધતિ અનુસાર આકાશાસ્તિકાયના ૬, જીવાસ્તિકાયના ૬, પુદ્ગલાસ્તિકાયના ૬, અને અદ્ધાસમયના ૬ અભિલાપ (પ્રશ્નોત્તરો) કહેવા જોઇએ જ્યાં કેવળ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો તેમના પ્રદેશોની સાથે સ્પર્શનાનો વિચાર થાય છે, તે સ્થાનકનું નામ સ્વસ્થાનક છે, તથા અન્ય દ્રવ્યોના પ્રદેશોની સાથે સ્પર્શનાનો વિચાર થતો હોય, તે સ્થાનકનું નામ પરસ્થાનક છે. સમસ્ત ધર્માસ્તિકાયાદિક દ્રવ્ય "સ્વસ્થાનકમાં એક પણ પ્રદેશ વડે સ્પૃષ્ટ થતું નથી," એવો પત્યુત્તર સમજવો જોઈએ પરસ્થાનમાં પહેલાં ત્રણમાં-ધર્માસ્તિકાય આદિ ત્રણમાં અસંખ્યાત પ્રદેશો વડે સ્પૃષ્ટ છે, એવું કથન કરવું જોઇએ, કારણ કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશોવાળાં છે, તથા તેમના દ્વારા સંસ્પૃષ્ટ આકાશ પણ અસંખ્યાત પ્રદેશોવાળું છે. છેલ્લા ત્રણ અભિલાપોમાં-જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયના અભિલાપોમાં-અનંત પ્રદેશો વડે સ્પૃષ્ટ કહેવું જોઈએ કારણ કે જીવાસ્તિકાયાદિક અનન્ત પ્રદેશોવાળાં છે. અહીં આકાશાસ્તિકાયના અભિલાપમાં એવી વિશેષતા છે કે આકાશાસ્તિકાય ધર્માસ્તિકાયના પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ પણ છે અને અસ્પૃષ્ટ પણ છે જે આકાશાસ્તિકાય સ્પૃષ્ટ છે તે ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ હોય છે તથા જીવાસ્તિકાય આદિ ત્રણના અનંત પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ હોય છે. આ રીતે અદ્ધાસમયના ગમક પર્યન્તના ધર્માસ્તિકાયાદિક છ ગમકનું કથન કરવું

જોઈએ છેલ્લા અદ્ધાસમય વિષયક પ્રશ્નોત્તરો આ પ્રમાણે સમજવા-અદ્ધા-સમય કેટલા ધર્માસ્તિકાયાદિકના પ્રદેશો દ્વારા સ્પૃષ્ટ થાય છે ? આ પ્રકારે છએ પ્રશ્નો જાતે બનાવી લેવાં.

અદ્ધાસમય કેટલા અદ્ધાસમયો વડે સ્પૃષ્ટ થાય છે ? આ સ્વસ્થાન વિષયક પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે-" नत्थि एक्केण वि " હે ગૌતમ ! અદ્ધા-સમય એક પણ અદ્ધાસમય વડે સ્પૃષ્ટ થતો નથી, ધર્માસ્તિકાયના, અધર્મા-સ્તિકાયના અને આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો વડે અને છેલ્લા બે અસ્તિકાયોના (જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો વડે અદ્ધાસમય સ્પૃષ્ટ થાય છે. નિરૂપચરિત અદ્ધાસમય એક જ હોય છે કારણે તેની સમ-યાન્તરની સાથે સ્પર્શના થતી નથી, કારણ કે અતીત (ભૂત) અને અનાગત (ભવિષ્ય) સમયનું વિનષ્ટ અને અનુત્પન્ન હોવાને કારણે અસ્તિત્વ જ માનવામાં આવ્યું નથી ॥સૂ૦૬॥

॥ દ્વિપ્રદેશિકાદિ પુદ્ગલાસ્તિકાય સ્પર્શદ્વાર વક્તવ્યતા સંપૂર્ણ ॥

અવગાહના દ્વાર કા નિરૂપણ

—અવગાહદ્વાર વક્તવ્યતા—

"जत्थ णं भंते ! एगे धम्मत्थिकायपएसे" ઇત્યાદિ—

ટીકાર્થ-સૂત્રકારે આ સૂત્ર દ્વારા નવમાં અવગાહદ્વારનું નિરૂપણ કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમસ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-" जत्थ णं भंते ! एगे धम्मत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ?" હે ભગવન્ ! જે સ્થાન પર ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત હોય છે-એટલે કે આકાશના જે પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહેલો હોય છે-ત્યાં ધર્માસ્તિકાયના બીજા કેટલા પ્રદેશો અવગાઢ (રહેલા) હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" नत्थि एक्को वि " હે ગૌતમ ! જે પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત હોય છે, તે પ્રદેશમાં ધર્માસ્તિકાયનો બીજો એક પણ પ્રદેશ અવગાહિત હોતો નથી, કારણ કે તે ત્યાં અવિદ્યમાન રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया अहम्मत्थिकायपएसा ओगाढा ?" હે ભગવન્ ! જે સ્થાન પર ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત (સ્થિત) છે, તે સ્થાન પર અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાહિત હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एक्को " હે ગૌતમ ! જે સ્થાન પર ધર્મા-

સ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત હોય છે, ત્યાં-એક ધર્માસ્તિકાય પ્રદેશની અવગાહના સ્થાન પર અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત હોય છે, કારણ કે ધર્માસ્તિકાય પ્રદેશના સ્થાન પર અધર્માસ્તિકાયનો એક પ્રદેશ વિદ્યમાન રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया आगासत्थिकायप्पएसा ओगाढा ?" હે ભગવન્! એક ધર્માસ્તિકાયપ્રદેશના અવગાહના સ્થાનમાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાહિત હોય છે ?

ઉત્તર-" एक्को " તે સ્થાન પર આકાશાસ્તિકાયનો એક જ પ્રદેશ અવગાહિત હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया जीवत्थिकायप्पएसा ओगाढा ?" હે ભગવન્! એક ધર્માસ્તિકાય પ્રદેશના અવગાહના સ્થાનમાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાહિત હોય છે ?

ઉત્તર-" अणंता " હે ગૌતમ! ત્યાં જીવાસ્તિકાયના અનંત પ્રદેશો અવગાહિત હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया पोग्गलत्थिकायपएसा ?" હે ભગવન્! એક ધર્માસ્તિકાયપ્રદેશના અવગાહના સ્થાનમાં પુદ્ગલાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાહિત હોય છે ?

ઉત્તર-" अणंता " હે ગૌતમ! ત્યાં પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો અવગાઢ હોય છે. જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશોનો એક એક ધર્માસ્તિકાય પ્રદેશના સ્થાનમાં સદ્ભાવ હોય છે તેથી તે પ્રત્યેકના અનંત પ્રદેશો તે ધર્માસ્તિકાયના પ્રદેશને વ્યાપ્ત કરે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया अद्धासमया ?" હે ભગવન્! જે સ્થાનમાં ધર્માસ્તિકાયનો એકપ્રદેશ અવગાહિત હોય છે, તે સ્થાનમાં કેટલા અદ્ધાસમય અવગાહિત (સ્થિત) હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" सिय ओगाढा, सिय नो ओगाढा, जइ ओगाढा अणंता " હે ગૌતમ! તે સ્થાન પર કયારેક અદ્ધાસમય અવગાહિત હોય છે અને કયારેક અવગાહિત હોતા નથી જો તેઓ તે સ્થાન પર અવગાહિત હોય, તો અનંત અદ્ધાસમયો જ ત્યાં અવગાહિત હોય છે. કારણ કે મનુષ્યલોકમાં જ અદ્ધાસમયોનો સદ્ભાવ હોય છે, મનુષ્યલોકની બહાર તેમનો સદ્ભાવ નથી તે કારણે ધર્માસ્તિકાય પ્રદેશના સ્થાનમાં તેમની અવગાહના હોય છે પણ ખરી અને નથી પણ હોતી જ્યાં હોય છે ત્યાં અનંત રૂપે જ તેમનો સદ્ભાવ રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" जत्थ णं भंते ! एगे अहम्मत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा ?" હે ભગવન્! જે સ્થાન પર એક અધર્માસ્તિકાયપ્રદેશ અવગાઢ (સ્થિત) હોય છે, ત્યાં કેટલા ધર્માસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एक्को " હે ગૌતમ! ત્યાં એક ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય છે તેનું સ્પષ્ટીકરણ પહેલાં થઇ ચુકયું છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया अहम्मत्थिकायप्पएसा अवगाढा?" હે ભગવન્! જ્યાં એક અધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય છે, તે સ્થાન પર કેટલા અધર્માસ્તિકાયના બીજા પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"नत्थि एक्को वि" હે ગૌતમ! તે સ્થાન પર બીજો એક પણ અધર્માસ્તિકાયપ્રદેશ અવગાઢ હોતો નથી, કારણ કે પોતાના જ અવગાહસ્થાનમાં પોતાના જ અન્ય પ્રદેશની અવગાહના થવાનો અભાવ રહે છે. "सेसं जहा धम्मत्थिकायस्स" જેવું ધર્માસ્તિકાયના પ્રકરણમાં આકાશાસ્તિકાયના પ્રદેશના અવગાહવિનું કથન કરવામાં આવ્યું છે, એવું જ બાકીનું કથન અહીં અધર્માસ્તિકાયના વિષયમાં પણ સમજવું એટલે કે જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે, ત્યાં આકાશાસ્તિકાયનો પણ એક પ્રદેશ અવગાઢ હોય છે. જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે. ત્યાં જીવાસ્તિકાયના પણ અનંત પ્રદેશો અવગાઢ છે, જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે ત્યાં પુદ્ગલાસ્તિકાયના પણ અનંત પ્રદેશો અવગાઢ છે, જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે, ત્યાં અદ્ધાસમયો કયારેક અવગાઢ હોય છે અને કયારે અવગાઢ હોતા નથી જો તેઓ તે સ્થાન પર અવગાઢ હોય છે તો અનંત રૂપે જ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जत्थ णं भंते! एगे आगासत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा?" હે ભગવન્! જ્યાં એક આકાશાસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય છે, તે પ્રદેશ પર કેટલા ધર્માસ્તિકાય-પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय ओगाढा, सिय नो ओगाढा, जइ ओगाढा एक्को" હે ગૌતમ! આકાશાસ્તિકાય પ્રદેશના અવગાહના સ્થાન પર કયારેક ધર્માસ્તિકાયના પ્રદેશ અવગાઢ હોય છે અને કયારેક અવગાઢ હોતા નથી જો અવગાઢ હોય છે તો ધર્માસ્તિકાયનો એક જ પ્રદેશ ત્યાં અવગાઢ હોય છે. કારણ કે લોકાલોક રૂપ આકાશ હોય છે અને ધર્માસ્તિકાયનો અવગાઢ લોકાકાશમાં જ છે-અલોકાકાશમાં નથી કારણ કે અલોકાકાશમાં ધર્માસ્તિકાયનો અભાવ છે. "एवं अहम्मत्थिकायपएसा वि" ધર્માસ્તિકાય પ્રદેશના અવગાહની જેમ જ અધર્માસ્તિકાયના પ્રદેશ પણ કયારેક ત્યાં અવગાઢ હોય છે અને કયારેક અવગાઢ હોતા નથી જો તેઓ ત્યાં અવગાઢ હોય છે તો એક જ અધર્માસ્તિકાયનો પ્રદેશ ત્યાં અવગાઢ હોય છે તેનું સ્પષ્ટીકરણ પણ ઉપર મુજબ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया आगासत्थिकायपएसा ओगाढा?" હે ભગવન્! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે, ત્યાં આકાશાસ્તિકાયના બીજા કેટલા પ્રદેશો અવગાઢ (સ્થિત) હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"नत्थि एक्को वि" હે ગૌતમ! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે, ત્યાં આકાશાસ્તિકાયનો બીજો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી, કારણ કે પોતાના જ સ્થાનોમાં પોતાના જ અન્ય પ્રદેશોની અવગાહના અસંભવિત છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया जीवत्थिकायपएसा ओगाढा ?" હે ભગવન્! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ (રહેલો) છે, ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાહિત હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय ओगाढा, सिय नो ओगाढा, जइ ओगाढा अणंता" હે ગૌતમ! ત્યાં જીવાસ્તિકાયના પ્રદેશ કયારેક અવગાઢ હોય છે અને કયારેક અવગાઢ હોતા નથી. જો તેઓ ત્યાં અવગાઢ હોય છે તો અનંત માત્રામાં જ અવગાઢ હોય છે. કારણ કે આકાશાસ્તિકાય લોકાલોક રૂપ હોય છે. જીવાસ્તિકાયનો સદ્ભાવ લોકમાં જ હોય છે અલોકમાં તેનો અભાવ છે. "एवं जाव अद्धासमया" એજ પ્રમાણે આકાશાસ્તિકાયપ્રદેશના અવગાઢ સ્થાનમાં પુદ્ગલાસ્તિકાય પ્રદેશનો અવગાઢ કયારેક હોય છે પણ બધા અને કયારેક નથી પણ હોતો, જો તેઓ ત્યાં અવગાઢ હોય છે, તો અનંતમાત્રામાં જ હોય છે એજ પ્રમાણે ત્યાં અદ્ધાસમય પણ કયારેક અવગાઢ હોય છે અને કયારેક અવગાઢ હોતા નથી જો તેઓ ત્યાં અવગાઢ હોય છે, તો અનંત માત્રામાં જ અવગાઢ હોય છે તેનું કારણ એ છે કે સમયનો સદ્ભાવ મનુષ્યક્ષેત્રોમાં જ હોય છે, મનુષ્યક્ષેત્રની બહારના ક્ષેત્રોમાં તેનો સદ્ભાવ કહ્યો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जत्थ णं भंते ! एगे जीवत्थिकायपएसे ओगाढे' तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा ?" હે ભગવન્! જ્યાં જીવાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં કેટલા ધર્માસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एक्को एवं अहम्मत्थिकायपएसा, एवं आगासत्थिकायपएसा वि" હે ગૌતમ! ત્યાં એક ધર્માસ્તિકાયપ્રદેશ એક અધર્માસ્તિકાય પ્રદેશ અને એક આકાશાસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया जीवत्थिकायपएसा ओगाढा ?" હે ભગવન્! તે જીવાસ્તિકાયપ્રદેશના અવગાહના સ્થાનમાં જીવાસ્તિકાયના અન્ય કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंता, सेसं जहा धम्मत्थिकायस्स" હે ગૌતમ! ત્યાં અનંત જીવાસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે બાકીનું કથન, ધર્માસ્તિકાયના જેવુ જ આ જીવાસ્તિકાયના વિષયમાં પણ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जत्थ णं भंते ! एगे पोग्गलत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मत्थिकायपएसा०" હે ભગવન્! જ્યાં એક પુદ્ગલાસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा जीवत्थिकायपएसे तहेव निरवसेसं" હે ગૌતમ! પહેલાં જીવાસ્તિકાયપ્રદેશના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયનું પણ સંપૂર્ણ રૂપે કથન કરવું જોઈએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जत्थणं भंते ! दो पोग्गलत्थिकायपएसा ओगाढा, तत्थ केवइया धम्मत्थिकायपएसा०?" હે ભગવન્ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय एक्को, सिय दोन्नि, एवं अहम्मत्थिकायस्स वि, एवं आगासत्थिकायस्स वि, सेसं जहा धम्मत्थिकायस्स" હે ગૌતમ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં કયારેક ધર્માસ્તિકાયનો એક પ્રદેશ પણ અવગાઢ હોય છે અને કયારેક ધર્માસ્તિકાયના બે પ્રદેશો પણ અવગાઢ હોય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે–જ્યારે એક આકાશપ્રદેશમાં બે અણુવાળો સ્કંધ અવગાઢ હોય છે, ત્યારે ત્યાં એક જ ધર્માસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય છે, અને જ્યારે બે આકાશપ્રદેશોમાં બે અણુવાળો સ્કંધ અવગાઢ હોય છે, ત્યારે ત્યાં બે ધર્માસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે એજ પ્રમાણે ત્યાં કયારેક અધર્માસ્તિકાયનો પણ એક પ્રદેશ અવગાઢ હોય છે અને કયારેક બે પ્રદેશો અવગાઢ હોય છે. આકાશાસ્તિકાયના અવગાઢના વિષયમાં પણ એવું જ કથન છે આ કથન સિવાયનું બાકીનું જે કથન છે, એટલે કે જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય વિષયક જે કથન છે, તે ધર્માસ્તિકાયપ્રદેશની વક્તવ્યતામાં કરેલા કથન અનુસાર સમજવું એટલે કે આ ત્રણેના વિષયમાં પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશોની વક્તવ્યતા ધર્માસ્તિકાયના પ્રદેશની પૂર્વોક્ત વક્તવ્યતા અનુસાર સમજવી એટલે કે પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો જ્યાં અવગાઢ હોય છે, ત્યાં આ ત્રણેના અનંત પ્રદેશો અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जत्थ णं भंते ! तिन्नि पोग्गलत्थिकायपएसा ओगाढा, तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा ?" હે ભગવન્ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"सिय एक्को, सिय दोन्नि, सिय तिन्नि" હે ગૌતમ ! ત્યાં કયારેક એક ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય છે, કયારેક બે ધર્માસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે અને કયારેક ત્રણ ધર્માસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે–જ્યારે ત્રણ પરમાણુ એકજ આકાશ પ્રદેશમાં અવગાઢ હોય છે, ત્યારે ત્યાં એક ધર્માસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય છે જ્યારે બે આકાશપ્રદેશમાં ત્રણ પરમાણુ અવગાઢ હોય છે, ત્યારે ત્યાં બે ધર્માસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય છે જ્યારે ત્રણ આકાશપ્રદેશોમાં ત્રણ પુદ્ગલપરમાણુ અવગાઢ હોય છે, ત્યારે ત્યાં ત્રણ ધર્માસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે, "एवं अहम्मत्थिकायस्स वि, एवं आगासत्थिकायस्स वि सेसं जहा दोण्हं" ધર્માસ્તિકાયની જેમ જ અધર્માસ્તિકાયનો પણ કયારેક એક પ્રદેશ, કયારેક બે પ્રદેશ અને કયારેક ત્રણ પ્રદેશ ત્યાં અવગાઢ હોય છે,

આકાશાસ્તિકાયના પ્રદેશોની ત્યાં અવગાહના વિષે પણ એવું જ કથન સમજવું જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય, આ ત્રણેના પ્રદેશોની ત્યાં અવગાહનાના વિષયમાં બે પુદ્ગલાસ્તિકાયપ્રદેશોની અવગાહનાના વક્તવ્યમાં કહ્યા પ્રમાણે જ કથન સમજવું એટલે કે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો જ્યાં અવગાઢ હોય છે, ત્યાં અનન્ત જીવાસ્તિકાયપ્રદેશો, અનંત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો અને અનન્ત અદ્ધાસમયો અવગાઢ હોય છે અદ્ધાસમયોમાં જે અનંતતા કહી છે, તે સમયક્ષેત્રની અપેક્ષાએ કહી છે. ' एवं एक्केक्को वड्ढियव्वो पएसो आइल्लएहिं तिहिं अत्थिकाएहिं, सेसं जहेव दोण्हं, जाव दसण्हं, सिय एक्को, सिय दोन्नि, सिय तिन्नि, जाव सिय दस " આ રીતે પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર આદિના ત્રણ અસ્તિકાયોના-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના-એક એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઈએ જેવી રીતે પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની અવગાહનાના કથનમાં ધર્માસ્તિકાયાદિ ત્રણના એક એક પ્રદેશની વૃદ્ધિ કરવાનું કહેવામાં આવ્યું છે, એજ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયના ચાર પ્રદેશોની અવગાહનાની વક્તવ્યતામાં પણ તેમના એક એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઇએ જેમ કે-

પ્રશ્ન-હે ભગવન્! જ્યાં પુદ્ગલાસ્તિકાયના ચાર પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-હે ગૌતમ! ત્યાં કયારેક એક, કયારેક બે, કયારેક ત્રણ અને કયારેક ચાર ધર્માસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે એવું કથન અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પ્રદેશોની ત્યાં અવગાહના વિષે સમજવું જીવ, પુદ્ગલ અને અદ્ધાસમય વિષયક જે અભિલાપ છે, તે પુદ્ગાસ્તિકાયના બે પ્રદેશોના સંબંધમાં પ્રકટ કરેલા અભિલાપ પ્રમાણે જ સમજવા એજ પ્રમાણે પાંચ, છ, સાત, આઠ, નવ અને દસ પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોના વિષયમાં પણ કથન કરવું જોઇએ પુદ્ગલાસ્તિકાયના દસ પ્રદેશોના વિષયમાં નીચે પ્રમાણે પ્રશ્નોત્તરો બનશે-" હે ભગવન્! જ્યાં પુદ્ગલાસ્તિકાયના દસ પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?"

ઉત્તર-" હે ગૌતમ! ત્યાં કયારેક ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, કયારેક બે પ્રદેશ, કયારેક ત્રણ પ્રદેશ, કયારેક ચાર પ્રદેશ કયારેક પાંચ પ્રદેશ, કયારેક છ પ્રદેશ, કયારેક સાત પ્રદેશ, કયારેક આઠ પ્રદેશ કયારેક નવ પ્રદેશ અને કયારેક દસ પ્રદેશ અવગાઢ હોય છે. " संखेज्जाणं सिय एक्को, सिय दोन्नि, जाव सिय दस, सिय संखेज्जा " જ્યાં પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ કયારેક અવગાઢ હોય છે, કયારેક બે પ્રદેશ, કયારેક ત્રણ પ્રદેશ, કયારેક ચાર, કયારેક પાંચ, કયારેક છ, કયારેક સાત, કયારેક આઠ કયારેક નવ, કયારેક દસ અને કયારેક

સંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. "असंखेज्जाणं सिय एक्को, जाव सिय असंखेज्जा, जहा संखेज्जा एवं अणंता वि" જ્યાં પુદ્ગલાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયનો કયારેક એક પ્રદેશ કયારેક બે પ્રદેશ એજ પ્રમાણે દસ સુધીના પ્રદેશો, કયારેક સંખ્યાત પ્રદેશો અને કયારેક અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે જે પ્રકારે અસંખ્યાત પુદ્ગલાસ્તિકાય પ્રદેશોનું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અનંત પુદ્ગલાસ્તિકાયનું કથન પણ કરવું જોઈએ જેમ કે આ પ્રકારના પ્રશ્નોત્તરો–"હે ભગવન્! જ્યાં પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

ઉત્તર–હે ગૌતમ! ત્યાં કયારેક ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, કયારેક બે પ્રદેશ, કયારેક ત્રણ પ્રદેશ એજ પ્રમાણે કયારેક અસંખ્યાત પર્યન્તના પ્રદેશો પણ અવગાઢ હોય છે આ પ્રકારે આ કથનમાં ધર્માસ્તિકાયના અસંખ્યાત પર્યન્તના પ્રદેશોની ત્યાં અવગાહના સમજવી જોઈએ કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ સિદ્ધાંતકારોએ કહ્યા છે–અનંત પ્રદેશો કહ્યા નથી તેથી જ ત્યાં ધર્માસ્તિકાયના અનંત પ્રદેશો કયારેક અવગાઢ હોય છે, એવું કથન કરવામાં આવ્યું નથી જીવ, પુદ્ગલ અને અદ્ધાસમય, આ ત્રણમાં અનંત પ્રદેશ હોય છે, કારણ કે તેઓ અનંત હોય છે.

હવે સૂત્રકાર અન્ય પ્રકારે અવગાહનાદ્વારની પ્રરૂપણા કરે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जत्थ णं भंते! एगे अद्धासमए ओगाढे, तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा?" હે ભગવન્! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एक्को" હે ગૌતમ! ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया अहम्मत्थिकायपएसा ओगाढा?" હે ભગવન્! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય છે, ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एक्को" હે ગૌતમ! ત્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया आगासत्थिकायपएसा ओगाढा?" હે ભગવન્! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય છે, ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

ઉત્તર–"एक्को" હે ગૌતમ! ત્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया जीवत्थिकायपएसा ओगाढा?" હે ભગવન્! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય છે, ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે?

ઉત્તર-" अणंता " હે ગૌતમ ! ત્યાં જીવાસ્તિકાયના અનંત પ્રદેશો અવગાઢ હોય છે. " एवं जाव अद्धासमया " એજ પ્રમાણે ત્યાં અનંત પુદ્ગલાસ્તિકાયપ્રદેશો અવગાઢ હોય છે પરન્તુ જ્યાં એક અદ્ધાસમય અવગાઢ છે, ત્યાં એક પણ અન્ય અદ્ધાસમય અવગાઢ હોતા નથી કારણ કે સ્વસ્થાનમાં અવગાહનાનો સદ્ભાવ કહ્યો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" जत्थ णं भंते ! धम्मत्थिकाए ओगाढे तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा ? " હે ભગવન્ ! જ્યાં ધર્માસ્તિકાય અવગાઢ છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" नत्थि एक्को वि " હે ગૌતમ ! ત્યાં ધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી, કારણ કે ધર્માસ્તિકાય ત્યાં પોતાના સમસ્ત પ્રદેશોનો સંગ્રહ કરીને અવગાઢ થયેલું હોય છે. તેથી તેનો અન્ય કોઈ એવો પ્રદેશ નથી કે જે ત્યાં અલગ રૂપે અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया अहम्मत्थिकायपएसा ओगाढा ? " હે ભગવન્ ! ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जा " હે ગૌતમ ! ત્યાં અધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया आगासत्थिकायपएसा ओगाढा ? " હે ભગવન્ ! ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जा " હે ગૌતમ ! ત્યાં આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશના અસંખ્યાત પ્રદેશો હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया जीवत्थिकायपएसा ओगाढा ? " હે ભગવન્ ! ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ? તેનો ઉત્તર આપતાં મહાવીર પ્રભુ કહે છે-" अणता एवं जाव अद्धासमया " હે ગૌતમ ! જીવાસ્તિકાય અનંત પ્રદેશવાળું છે એજ પ્રમાણે ત્યાં પુદ્ગલાસ્તિકાયના પણ અનંત પ્રદેશો હોય છે એજ પ્રમાણે ત્યાં અનંત અદ્ધાસમયો અવગાઢ હોય છે, કારણ કે અદ્ધાસમયો પણ અનંત હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" जत्थ णं भंते ! अहम्मत्थिकाए ओगाढे, तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा ? " હે ભગવન્ ! જ્યાં અધર્માસ્તિકાય અવગાઢ છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जा " હે ગૌતમ ! ત્યાં ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ અવગાઢ હોય છે, કારણ કે ધર્માસ્તિકાયના પ્રદેશ અસંખ્યાત છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया अहम्मत्थिकायपएसा ओगाढा ? " હે ભગવન્ ! ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"नत्थि एक्को वि" હે ગૌતમ ! ત્યાં અધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી કારણ કે "અધર્માસ્તિકાય" આ પદ દ્વારા તેના સમસ્ત પ્રદેશોનો સંગ્રહ થઈ જાય છે તેથી અલગ અધર્માસ્તિકાય પ્રદેશ સંભવી શકતો નથી 'सेसं जहा धम्मत्थिकायस्स" બાકીના આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય વિષયક પ્રશ્નોત્તરો, ધર્માસ્તિકાયના વિષયમાં જેવા પ્રશ્નોત્તરો આપ્યા છે, એવા જ સમજવા.

"एवं सव्वे सट्ठाणे नत्थि एक्को वि भाणियव्वं, परट्ठाणे आदिल्लगा तिन्नि असंखेज्जगा भाणियव्वा, पच्छिल्लगा तिन्नि अणंता भाणियव्वा, जाव अद्धासमयो त्ति जाव केवइया अद्धासमया ओगाढा, नत्थि एक्को वि" એજ પ્રમાણે પૂર્વોક્ત પદ્ધતિ પ્રમાણે ધર્માસ્તિકાયથી લઈને અદ્ધાસમય પર્યન્તના દ્રવ્યનું કથન થવું જોઇએ આ વિષયનું સ્પષ્ટીકરણ પહેલા થઇ ચુકયું છે. પરસ્થાનમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય રૂપ પહેલાં ત્રણના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે, તેમ કહેવું જોઈએ અને છેલ્લા ત્રણ દ્રવ્યો જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયને અનંત કહેવા જોઇએ અદ્ધાસમય સુધી એવું કથન થવું જોઈએ એટલે કે "જ્યાં અદ્ધાસમયો અવગાઢ હોય છે, ત્યાં અન્ય એક પણ અદ્ધાસમય અવગાઢ હોતો નથી." આ છેલ્લા પ્રશ્નનો ઉત્તર છે. અહીં "यावत्" પદ એ સૂચિત કરે છે કે અદ્ધાસમયના અભિલાપકમાં છ પદ છે જેમ કે જ્યાં અદ્ધાસમય અવગાઢ હોય છે ત્યાં અસંખ્યાત ધર્માસ્તિકાય, અસંખ્યાત અધર્માસ્તિકાય, અને અસંખ્યાત આકાશાસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય છે અને અદ્ધાસમય દ્વારા અવગાહિત સ્થાનમાં અનંત જીવાસ્તિકાય પ્રદેશો અને અનંત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય છે, પરન્તુ સ્વસ્થાનમાં અવગાહનાનો અસદ્ભાવ હોવાને લીધે અદ્ધાસમય જ્યાં અવગાઢ હોય છે, ત્યાં એક પણ અન્ય અદ્ધાસમયની અવગાહના થતી નથી, કારણ કે નિરૂપચરિત રૂપે અદ્ધાસમય એક જ કહ્યો છે. ॥સૂ૦૧૦॥

॥ અવગાહના દ્વાર વક્તવ્યતા સંપૂર્ણ

—જીવાવગાઢ દ્વાર વક્તવ્યતા—

"जत्थ णं भंते ! एगे पुढवीकाइए ओगाढे" ઇત્યાદિ—

ટીકાર્થ-આ સૂત્ર દ્વારા સૂત્રકારે દસમાં જીવાવગાઢ દ્વારનું નિરૂપણ કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-"जत्थ णं भंते एगे पुढविकाइए ओगाढे, तत्थ णं केवइया पुढविकाइया ओगाढा ?" હે ભગવન્! જે સ્થાન પર એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ (સ્થિત) હોય છે, ત્યાં કેટલા પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जा " હે ગૌતમ ! જ્યાં એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે. તે અવગાહના સ્થાનમાં અસંખ્યાત સૂક્ષ્મ પૃથિવીકાયિક જીવો અવગાઢ હોય છે. કહ્યું પણ છે કે-" जत्थ एगो तत्थ नियमा असंखेज्जा " " જ્યાં એક હોય છે, ત્યાં નિયમથી જ અસંખ્યાત હોય છે."

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया आउक्काइया ओगाढा ?" હે ભગવન્ ! જે સ્થાન પર એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, તે અવગાહના સ્થાનમાં કેટલા અપ્કાયિક જીવો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जा " હે ગૌતમ ! જ્યાં એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, તે સ્થાન પર અસંખ્યાત સૂક્ષ્મ અપ્કાયિક જીવો અવગાઢ હોય છે તેનું સ્પષ્ટીકરણ પહેલાના સ્પષ્ટીકરણ અનુસાર જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया तेउकाइया ओगाढा ?" હે ભગવન્ ! જ્યાં એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, ત્યાં કેટલા તેજસ્કાયિક જીવો અવગાઢ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" असंखेज्जा " હે ગૌતમ ! જ્યાં એક પૃથ્વીકાયિક અવગાઢ હોય છે, ત્યાં અસંખ્યાત સૂક્ષ્મ તેજસ્કાયિક જીવો અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" केवइया वाउकाइया ओगाढा ?" હે ભગવન્ !

જે સ્થાન પર એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, તે અવગાહના સ્થાન પર કેટલા વાયુકાયિક જીવો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"असंखेज्जा" હે ગૌતમ! જે સ્થાન પર એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, તે સ્થાન પર અસંખ્યાત સૂક્ષ્મ વાયુકાયિક જીવો અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया वणस्सइकाइया ओगाढा?" હે ભગવન્! એક પૃથ્વીકાયિક જીવ જ્યાં અવગાઢ હોય છે, ત્યાં કેટલા વનસ્પતિકાયિક જીવો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अणंता" હે ગૌતમ! જ્યાં એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, ત્યાં અનંત વનસ્પતિકાયિક જીવો અવગાઢ હોય છે, કારણ કે વનસ્પતિકાયિક જીવ અનંત કહ્યા છે. આ કથનનો ભાવાર્થ એ છે કે એક પૃથ્વીકાયિક જીવના અવગાહના સ્થાનમાં અસંખ્યાત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો, અસંખ્યાત સૂક્ષ્મ અપ્કાયિક જીવો, અસંખ્યાત સૂક્ષ્મ તેજસ્કાયિક જીવો, અસંખ્યાત સૂક્ષ્મ વાયુકાયિક જીવો અને અનંત વનસ્પતિકાયિક જીવો અવગાઢ (સ્થિત) હોય છે.

હવે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–'जत्थणं भंते! एगे आउकाइए ओगाढे" હે ભગવન્! જે સ્થાન પર એક અપ્કાયિક જીવ અવગાઢ હોય છે, તે અવગાહના સ્થાન પર "केवइया पुढविकाइया ओगाढा?" કેટલા પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે? તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે–"असंखेज्जा" હે ગૌતમ જ્યાં એક અપ્કાયિક જીવ અવગાઢ હોય છે, ત્યાં અસંખ્યાત પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"केवइया आउकाइया ओगाढा?" હે ભગવન્! એક અપ્કાયિક જીવના અવગાહના સ્થાનમાં કેટલા અપ્કાયિક જીવો અવગાઢ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"असंखेज्जा" હે ગૌતમ! ત્યાં અસંખ્યાત અપ્કાયિક જીવો અવગાઢ હોય છે. "एवं जहेव पुढवीकाइयाणं वत्तव्वया तहेव सव्वेसिं निरवसेसं भाणियव्वं" પહેલાં જેવી વક્તવ્યતા પૃથ્વીકાયિક જીવોની કહી છે, એજ પ્રકારની વક્તવ્યતા સંપૂર્ણ રૂપે અપ્કાયિકાદિ ચારે પ્રકારના જીવો વિષે કહેવી જોઇએ એજ વાતને વધુ સ્પષ્ટ કરવા માટે સૂત્રકાર "जाव वणस्सइकाइयाणं, जाव केवइया वणस्सइकाइया ओगाढा अणंता" આ સૂત્રને પ્રશ્નોત્તર રૂપે પ્રકટ કરે છે–તેમાં તેઓ કહે છે કે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિકની વક્તવ્યતા પૃથ્વીકાયિક જીવોની વક્તવ્યતા જેવી જ છે, તે વાત જાતે જ સમજી લેવી તે પ્રત્યેકના પાંચ પાંચ પ્રશ્નોત્તરો પૃથ્વીકાયિકના પ્રશ્નોત્તરો જેવાં જ સમજી લેવા છેલ્લો અભિલાપ આ પ્રકારનો છે—

પ્રશ્ન–હે ભગવન્! જે સ્થાન પર એક વનસ્પતિકાયિક જીવ અવગાઢ હોય છે, તે સ્થાન પર કેટલા વનસ્પતિકાયિક જીવો અવગાઢ હોય છે?

ઉત્તર-હે ગૌતમ ! તે સ્થાન પર અનંત વનસ્પતિકાયિક જીવો અવગાઢ હોય છે. ॥ સૂ૦૧૧॥

॥ જીવાવગાઢદ્વાર વક્તવ્યતા સમાપ્ત ॥

અસ્તિકાય પ્રદેશ નિષદન દ્વાર કા નિરૂપણ

—અસ્તિકાય પ્રદેશ નિષદન દ્વાર વક્તવ્યતા—

' एयंसि णं भंते ! धम्मत्थिकायंसि " ઇત્યાદિ—

'ટીકાર્થ– સૂત્રકારે આ સૂત્ર દ્વારા અગિયારમાં અસ્તિકાયપ્રદેશનિષદન દ્વારનું કથન કર્યું છે–આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–" एयंसि णं भंते ! धम्मत्थिकायंसि, अहम्मत्थिकायंसि, आगासत्थिकायंसि चक्कियाकेई आसइत्तएवा, निसीइत्तएवा, तुयट्टित्तएवा " હે ભગવન્ ! આ ધર્માસ્તિકાયમાં, અધર્માસ્તિકાયમાં અને આકાશાસ્તિકાયમાં, શું કોઇ પુરુષ બેસવાને, ઉઠવાને, નીચે બેસવાને અથવા પડખું બદલવાને–સૂવાને " चक्किया " સમર્થ હોઇ શકે છે ખરો ? (" चक्किया " ગામઠી શબ્દ છે.)

મહાવીર પ્રભુનો ઉત્તર–" णो इणट्ठे समट्ठे " હે ગૌતમ ! એવું બની શકતું નથી એટલે કે ધર્માસ્તિકાયાદિકમાં કોઇ પણ પુરુષ બેસવા, ઉઠવાદિ ક્રિયાઓ કરવાને સમર્થ નથી, કારણ કે ધર્માસ્તિકાયાદિકાદ્ર યો અમૂર્ત છે. પરન્તુ "अणंता पुण तत्थ जीवा ओगाढा " અનંત જીવો ત્યાં અવગાઢ (સ્થિત) હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન– ' से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, एयंसि णं धम्मत्थिकायंसि जाव आगासत्थिकायंसि णो चक्किया केई आसइत्तए वा जाव ओगाढा " હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે ધર્માસ્તિકાયાદિક ત્રણમાં કોઈ પણ પુરુષ ઉપવેશન આદિ ક્રિયાઓ કરવાને સમર્થ નથી પરન્તુ અનંત જીવો ત્યાં અવગાઢ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! से जहा नामए कूडागारसाला सिया " હે ગૌતમ ! ધારો કે કોઇ એક પર્વતના શિખર જેવા આકારની કૂટાગારશાલા છે. અહીં " नाम " આ પદ વાકયાલંકારમાં વપરાયું છે. " दुहओ लित्ता, गुत्ता, गुत्तदुवारा, जहा रायप्पसेणइज्जे जाव दुवारवयणाइं पिहेइ " હે ગૌતમ ! તે કૂટાગારશાલા અંદર અને બહાર છાણ આદિ વડે લીપેલી છે, ચારે દિશાઓમાં આચ્છાદિત છે, તેના ગવાક્ષ, દરવાજા આદિ બંધ છે. આ વિષયને અનુલક્ષીને જેવું કથન રાજપ્રશ્નીય સૂત્રમાં કરવામાં આવ્યું છે, એવું જ તેનું વર્ણન અહીં પણ કરવું જોઈએ આ વિશેષણોવાળી કૂટાગારશાલાનું પ્રવેશદ્વાર કોઇ વ્યકિત બંધ કરી દે. " पिहित्ता तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए जहन्नेणं एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं पदीवसहस्सं

पलीवेज्जा " अंधकरीने, તે તેની અંદર મધ્યભાગમાં ઓછામાં ઓછા એક, બે અથવા ત્રણ દીપક અને વધારેમાં વધારે એક હજાર દીપક પ્રકટાવે. " से णूणं गोयमा ! ताओ पदीपलेस्साओ अन्नमन्नं संबद्धाओ अन्नमन्न पुट्ठाओ जाव अन्नमन्न घडत्ताए चिट्ठंति " તો હે ગૌતમ ! હવે વિચાર કરો શું તે હજાર દીપકોની પ્રભા પરસ્પરમાં સંસકત થઈને, પરસ્પરની પ્રભાને સ્પર્શીને, અને એક બીજીમાં સંબદ્ધ-સ્પૃષ્ટ થઈને પરસ્પરમાં એક રૂપ થઈને રહે છે કે નહીં ?

ગૌતમ સ્વામીનો ઉત્તર-" हंता, चिट्ठंति " હા, ભગવન્ ! એવું જ ત્યાં બને છે. તે દીપકોની પ્રભા એક બીજા સાથે એક રૂપ થઈને જ રહે છે.

મહાવીર પ્રભુનો પ્રશ્ન-" चक्किया णं गोयमा ! केई तासु पदीवलेस्सासु आसइत्तए वा जाव तुयट्टित्तए वा " હે ગૌતમ ! તે પ્રદીપપ્રભાઓની ઉપર શું કોઈ વ્યકિત બેસવાને, ઊભા રહેવાને, નીચે બેસવાને અથવા પોતાનું પડખું બદલવાને સમર્થ હોય છે ખરી ?

ગૌતમ સ્વામીનો ઉત્તર-" भगवं ! णो इणट्ठे समट्ठे " હે ભગવન્ ! એવું સંભવી શકતું નથી. ત્યારે મહાવીર પ્રભુ કહે છે-" अणंता पुण तत्थ ओगाढा " પરન્તુ ત્યાં અનંત જીવો અવગાઢ હોય છે. " से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जाव ओगाढा " હે ગૌતમ ! તે કારણે મેં એવું કહ્યું છે કે આ ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યોમાં કોઇ પણ પુરુષ બેસી શકતો નથી ઊઠી શકતો નથી, ઊભો રહી શકતો નથી અને પડખું બદલી શકતો નથી કારણ કે તે ત્રણે દ્રવ્યો અમૂર્ત છે એવું હોવા છતાં પણ અનંત જીવો તેમાં અવગાઢ (સ્થિત) છે ॥સૂ૦૧૨॥

બહુસમદ્વાર કા નિરૂપણ

—બહુસમદ્વાર વક્તવ્યતા—

" कहिणं भंते ! लोए बहुसमे " ઇત્યાદિ—

ટીકાર્થ-સૂત્રકારે આ સૂત્ર દ્વારા લોકના બહુસમદ્વારનું નિરૂપણ કર્યું છે-ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-" कहिणं भंते ! लोए बहुसमे, कहि भंते ! लोए सव्वविग्गहिए पण्णत्त ?" હે ભગવન્ ! કયા સ્થાને લોક અત્યન્ત સમભાગવાળો કહ્યો છે ? એટલે કે લોકની કોઇ સ્થાને વૃદ્ધિ થઈ છે, કોઈ સ્થાને હાનિ થઇ છે, પરન્તુ તે બન્નેથી રહિત-પ્રદેશની હાનિવૃદ્ધિથી રહિત એવો બહુસમભાગયુકત લોક કયા સ્થાનમાં કહ્યો છે ?

તથા હે ભગવન્! કયા સ્થાને લોક સર્વવિગ્રહિક છે? જેમાં વિગ્રહ (વક્રતા) છે તેનું નામ વિગ્રહિક છે જે તદ્દન વિગ્રહિક હોય છે તેને સર્વવિગ્રહિક કહે છે. તેનો અર્થ સર્વથા સંક્ષિપ્ત એટલે કે અત્યંત સંકીર્ણ થાય છે. એવો અત્યંત સંકીર્ણ લોકભાગ કયા સ્થાને છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डागपयरेसु. एत्थ णं लोए बहुसमे, एत्थ णं लोए सव्व-विग्गहिए पण्णत्ते" આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરિમ (ઉપરના) અધસ્તન (નીચેના) પ્રતરો કે જે બાકીના પ્રતરો કરતાં લઘુતર છે, જેમની પહોળાઈ એક રાજૂપ્રમાણ છે અને જે તિર્યંગ્લોકનો મધ્યવર્તી ભાગ છે, તથા જે ઉપરિમ લઘુતર પ્રદેશથી લઈને ઉર્ધ્વમાં પ્રતરવૃદ્ધિ થાય છે અને અધસ્તન પ્રતરથી લઈને અધોભાગમાં પ્રતરવૃદ્ધિ થાય છે, તે લઘુતર ઉપરિમ, અધસ્તન પ્રતરોમાં લોકનો અત્યન્ત સમભાગ કહ્યો છે. તથા તેમની અંદર જ લોકનો સર્વવિગ્રહિક–અત્યંત સંકીર્ણ લોકભાગ કહ્યો છે,

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"कहिणं भंते! विग्गहविग्गहिए लोए पण्णत्ते?" હે ભગવન્! લોક રૂપ શરીરનો વક્રતાયુક્ત ભાગ કયા સ્થાને કહ્યો છે? 'વિગ્રહ' પદ વક્રના અર્થમાં પણ વપરાય છે અને શરીરના અર્થમાં પણ વપરાય છે. વક્રતાયુક્ત છે વિગ્રહ જેનો તેને વિગ્રહવિગ્રહિક કહે છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! विग्गहकंडए–एत्थ णं विग्गहविग्गहिए लोए पण्णत्ते" વિગ્રહ (વક્ર) જે કંડક છે–તેને વિગ્રહકંડક કહે છે એટલે કે વિગ્રહરૂપ જે કંડક છે તેને વિગ્રહકંડક કહે છે તે વિગ્રહકંડકમાં–બ્રહ્મદેવલોકમાં (તે બ્રહ્મદેવલોક લોક રૂપ શરીરની કોણી જેવો ભાગ છે અહીં પ્રદેશની હાનિ અને વૃદ્ધિથી વક્ર અવયવ થાય છે) વિગ્રહ-વિગ્રહિક લોક કહ્યો છે. આ વિગ્રહકંડક પ્રાયઃ લોકાન્તમાં છે. એટલે કે જ્યાં વિગ્રહકંડક છે, ત્યાં લોકરૂપ શરીર વક્રતાયુક્ત છે. ॥સૂ૦૧૩॥

લોક સંસ્થાન દ્વાર કા નિરૂપણ

—लोकसंस्थानद्वार वक्तव्यता—

"किं संठिए णं भंते! लोए पण्णत्ते" इत्यादि—

ટીકાર્થ-સૂત્રકારે આ સૂત્ર દ્વારા તેરમાં લોકસંસ્થાન દ્વારની પ્રરૂપણા કરી છે તેને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"किं संठिए णं लोए पण्णत्ते" હે ભગવન્! લોકનો આકાર કેવો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "सुपइट्ठियसंठिए लोए

पण्णत्ते" લોકનો આકાર સુપ્રતિષ્ઠિકના આકાર જેવો છે. ઊંધા રાખેલા એક શકોરા પર બીજા શકોરાને ઉર્ધ્વમુખ રાખીને ગોઠવવાથી જેવો આકાર થાય છે, તેવા આકારને સુપ્રતિષ્ઠિક કહે છે એવો જ લોકનો આકાર કહ્યો છે. "हेट्ठा वित्थिन्ने, मज्झे जहा सत्तमसए पढमुद्देसे जाव अंतं करेंति" આ આકાર આ પ્રકારનો છે–નીચે લોક વિસ્તીર્ણ છે, મધ્યમાં સંક્ષિપ્ત છે, ઇત્યાદિ જેવું કથન સાતમાં શતકના પહેલા ઉદ્દેશામાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં પણ તેનું પ્રતિપાદન થવું જોઈએ તે પ્રતિપાદન કયાં સુધી કરવું જોઈએ તે હવે પ્રકટ કરવામાં આવે છે–"जाव अंतं करेंति" આ સૂત્રપાઠ પર્યન્તના કથનનું અહીં પ્રતિપાદન કરવું જોઈએ અહીં 'यावत्' પદ વડે "सिध्यन्ति, बुध्यन्ते, मुच्यन्ते, सर्वदुःखानाम्" આ પદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

હવે અલ્પબહુત્વના વિષયમાં ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે–"एयस्सणं भंते! अहेलोगस्स, तिरियलोगस्स, उड्ढलोगस्स कयरे कयरेहिंतो जाव विसेसाहिया?" હે ભગવન્! પૂર્વોક્ત અધોલોક, તિર્યગ્લોક અને ઉર્ધ્વલોકમાં કયો લોક કયા લોક કરતાં નાનો છે? કયો લોક કયા લોક કરતાં મોટો છે? કયો લોક કયા લોકની બરાબર છે? અને કયો લોક કયા લોકથી વિશેષાધિક છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "सव्वत्थोवे तिरियलोए, उड्ढलोए असंखेज्जगुणे, अहेलोए विसेसाहिए" તિર્યગ્લોક સૌથી નાનો છે, કારણ કે તેનો આયામ (લંબાઈ) અઢાર સો યોજનની છે. તેના કરતાં ઉર્ધ્વલોક અસંખ્યાત ગણો મોટો છે, કારણ કે તેની ઉંચાઈ સાત રાજુ કરતાં થોડી ઓછી છે. ઉર્ધ્વલોક કરતાં અધોલોક વધુ મોટો છે, કારણ કે તેની ઉંચાઈ સાત રાજૂપ્રમાણ કરતાં અધિક છે.

મહાવીર પ્રભુના વચનોને પ્રમાણભૂત ગણીને ગૌતમ સ્વામી કહે છે–"सेवं भंते! सेवं भंते! त्ति" હે ભગવન્! આપનું આ કથન સર્વથા સત્ય છે. હે ભગવન્! આપનું આ કથન યથાર્થ જ છે. ॥સૂ૦૧૪॥

॥ લોકસંસ્થાનદ્વાર વક્તવ્યતા સમાપ્ત ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતી સૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના તેરમા શતકનો ચોથો ઉદ્દેશકસમાપ્ત ॥૧૩–૪॥

પાંચમા ઉદ્દેશાનો પ્રારંભ—

તેરમાં શતકના પાંચમાં ઉદ્દેશકમાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે વિષયનું સંક્ષિપ્ત વિવેચન–" શું નારકો સચિત્તાહારી હોય છે? કે અચિત્તાહારી હોય છે ? કે મિશ્રાહારી હોય છે ? " " નારકો સચિત્તાહારી પણ નથી, મિશ્રાહારી પણ નથી, પરન્તુ અચિત્તાહારી છે. એજ પ્રમાણે અસુરકુમારાદિના વિષયમાં પણ સમજવું.

—નારકોની વક્તવ્યતા—

" नेरइयाणं भंते ! किं सचित्ताहारा अचित्ताहारा" ઇત્યાદિ–

ટીકાર્થ–ચોથા ઉદ્દેશામાં લોકના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું. લોકમાં જ નારકાદિનો સદ્ભાવ હોય છે. આ પ્રકારના પહેલાના ઉદ્દેશક સાથેના સંબંધને લીધે હવે સૂત્રકાર નારકાદિના આહારનું કથન કરે છે–

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"नेरइयाणं भंते ! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा ?" હે ભગવન્ ! નારકો સચિત્ત આહારવાળા છે ? કે અચિત્ત આહારવાળા છે ? કે મિશ્ર આહારવાળા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! नो सचित्ताहारा, अचित्ताहारा, नो मीसाहारा " હે ગૌતમ ! નારકો સચિત્તાહારી પણ નથી, મિશ્રાહારી પણ નથી, પરન્તુ અચિત્તાહારી જ છે. " एवं असुरकुमारा, पढमो नेरइय उद्देसओ निरवसेसो भाणियव्वो " એજ પ્રમાણે અસુરકુમારો પણ સચિત્તાહારી નથી, મિશ્રાહારી નથી, પરન્તુ અચિત્તાહારી છે. નારકાદિના સચિત્ત હાર આદિના વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ નૈરયિક ઉદ્દેશકનું ૨૮મું આહાર પદ અહીં સંપૂર્ણ રૂપે કહેવું જોઈએ પ્રજ્ઞાપનામાં ત્યાં એવું જ કહ્યું છે કે–" नेरइयाणं भंते ! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा ?" गोयमा ! " नो सचित्ताहारा, अचित्ताहारा, नो मीसाहारा " ઇત્યાદિ–

ગૌતમ સ્વામી મહાવીર પ્રભુના વચનને પ્રમાણભૂત ગણીને કહે છે–" सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું છે તે સર્વથા સત્ય છે હે ભગવન્ ! આપની વાત સર્વથા સત્ય જ છે. ॥સૂ૦૧॥

॥ તેરમાં શતકનો પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૩–૫॥

॥ સમાપ્ત ॥